# કીર્તન માધુરી

**કાવ્ય પ્રસંગ • કાવ્ય કૃતિ • આસ્વાદ**

લેખન : રમેશ સોની

સંકલન : પૂજ્યશ્રી નારાયણભાઈ ઠક્કર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૧૧

આદ્ય સંસ્થાપક : અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

નારણપુરા, અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નોઃ**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ- સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતારહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

# કીર્તન માધુરી

* કાવ્ય પ્રસંગ
* કાવ્ય કૃતિ
* આસ્વાદ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૧

**રમેશ સોની**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**અમદાવાદ - ૩૮૦ ૦૦૯**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
* પ્રકાશન સમિતિ *
: પ્રેરક - માર્ગદર્શક:
* અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)


*દ્વિતીય આવૃત્તિ*
પ્રત : ૨૦૦૦
૧૯૯૯, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૫ મહા વદ અમાસ

*સેવા મૂલ્ય* : રૂ. ૨૦/-

*પ્રકાશક :*
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

*મુદ્રક :*
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ

"સકલ શ્રુતિ દધી મથિકે પાયો, સાર એક સ્વામિનારાયણ"
— પ્રેમસખી પ્રેમાનંદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા **શ્રી સ્વામિનારાયણ** ભગવાનના આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા-આ રીતે સમગ્ર માનવકુળ પર મહદ્ ઉપકાર કરનાર


પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત -સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી,

આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ -સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિ જયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૯
અમદાવાદ

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# નિવેદન

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશને આદરેલા અભિનવ આધ્યાત્મિક અભિયાનના એક ભાગરૂપ "સર્વજીવહિતાવહ ગ્રંથમાળા"નો આ અગિયારમો મણકો છે. અમારું આ અગિયારમું પ્રકાશન– 'કીર્તનમાધુરી' સાહિત્યિક તેમ જ સ્વામિનારાયણ સંપ્રદાયની ધાર્મિક ચેતનાની દૃષ્ટિએ એક અનોખું પ્રદાન છે.

આ ગ્રંથમાળાના આ અગિયારમાં પ્રકાશનમાં કાંઈક નાવિન્ય છે. પરાત્પર મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપ, તેમનાં ઉપદેશામૃતો, તેમનાં કલ્યાણકારી લીલા ચરિત્રોને આલેખતાં, ભક્ત કવિવરો અ. મુ. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, અ. મુ. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, અ. મુ. સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી (જેમનું તખલ્લુસ 'પ્રેમસખી' પ્રસિદ્ધ છે.) આદિ કવિઓએ અસંખ્ય કીર્તન રચ્યાં છે. આ ગ્રંથ એ કીર્તનોના આત્મા, તે કીર્તનોના ધબકાર વિષે એક સુંદર ગદ્ય-કાવ્ય છે, તેના અંગે થોડો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય.

ભગવાનની નવધા ભક્તિમાં કીર્તન ભક્તિનું સ્થાન બહુ ઊંચું છે, કારણ કે તેનું લક્ષ્ય પરમાત્માના દિવ્ય સ્વરૂપમાં જોડાવું એ છે. સ્વયં શ્રીજીમહારાજે વચનામૃતમાં આ અંગે ઘણે ઠેકાણે ઉલ્લેખ કર્યો છે. તેમાંથી નીચે એક અવતરણ લઈએ.

"ત્યાં (ગોલોકમાં) ભગવાનના અનંત પાર્ષદ દીઠા તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે. તે તો સ્થિર સરખા જણાણા અને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે. તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય, તેમ કીર્તન ગાય ને ડોલે, પછી અમે પણ

એ ગાવતા હતા તે ભેળા જઈને ભળ્યા ને કીર્તન ગાવા લાગ્યા...."

(ગઢડા મધ્ય પ્રકરણ ૧૯)

કીર્તન ભક્તિ દ્વારા પરમાત્માના સ્વરૂપની ઉપાસના થાય અને ભાગવતીતનુ પ્રાપ્ત થાય તેનો એવો મોટો મહિમા શ્રીજીમહારાજે કહ્યો છે. આવાં કીર્તનોની ફૂલવાડીમાંથી એક ગુચ્છ ચૂંટી લેવામાં આવ્યો. તે કીર્તન ક્યા સંજોગોમાં રચાયાં, કેટલી ભવ્ય ભાવનાનું એ પ્રતિબિંબ હતું, ભક્તપતિ ભગવાનનો તેનાથી કેવો રાજીપો થયો, ભક્તકવિનો ઊભરાતો આનંદ શબ્દે શબ્દે કેવો ટપકવા લાગ્યો, કવિની કવિત્વ પ્રતિભા કેવી ગગનચુંબી હતી, એ બધી વાતો આ ગ્રંથમાં કહેવામાં આવી છે.

સાહિત્યકારો તેમ જ સંગીતકારોએ સ્વામિનારાયણ ભગવાનના ભક્ત કવિઓની પૂરેપૂરી પ્રશંસા કરી છે. તે ગુજરાતી સાહિત્યનાં પુસ્તકોમાં જોવા મળે છે. આ ગ્રંથમાં આ પ્રશંસાનાં પ્રમાણો મળે છે. સંગીતશાસ્ત્ર, કવિતા, શબ્દલાલિત્ય, ભક્તિરસ, જ્ઞાનોપદેશ ઇત્યાદિ પાસાંઓ જોતાં એક ઉજ્જવળ પ્રતિમા ઉપસે છે. અને તે પ્રતિમા છે ભક્તિરસની, તે ઉપસાવવા માટે આ ગ્રંથ દ્વારા એક ઉપયોગી દ્વાર ખૂલ્યું છે. તેમાંથી ભક્તોને ભક્તિ, સાહિત્ય રસિકોને કાવ્ય માધુરી, સંગીતના રસિકોને સંગીતશાસ્ત્રનાં ઊંડાણોની ઝણઝણાટી અનુભવાય છે.

શ્રીજી સમકાલિન નંદસંતકવિઓનાં આ કીર્તનો સત્સંગપ્રેમીઓ તો નિત્યે ઘેર ગાતા-સાંભળતા હશે, છતાં પણ આ કીર્તનોનું જે ગર્ભિત અવ્યક્ત માધુર્ય છે એને ફક્ત કીર્તન ગાવાથી નિઃશેષપણે માણી ન શકાય! કાવ્યનું જે વ્યક્ત માધુર્ય હોય છે એ તો કાવ્યના પઠન-ગાયન સાથે જ તત્કાળ નિષ્પન્ન થતું હોય છે, પરંતુ કાવ્યની શબ્દ-રચનાની ભીતરમાં પેલી પાર જે ગહન અવ્યક્ત માધુર્ય છુપાયેલું હોય છે એના આસ્વાદ માટે વિસ્તૃત

વિવેચનની જરૂર રહે છે. અહીં આ 'કીર્તનમાધુરી' દ્વારા એ અવ્યક્ત કાવ્ય-માધુર્યનો વિશદ આસ્વાદ કાવ્ય-પ્રસંગના કથાનક સાથે રજૂ કરી લેખકે 'કીર્તનમાધુરી' નામને સાર્થક કર્યું છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશને આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૮૮માં પ્રકાશિત કરી સત્સંગનાં સર્વ અંગોઃ આચાર્ય, સંતો, સત્સંગીજનો તેમ જ સાહિત્ય જગતના અભ્યાસીઓ સમક્ષ એક ભક્તિમાર્ગનો ગ્રંથ રજૂ કર્યો હતો. વાચકોને આ ગ્રંથમાં પ્રભુભક્તિની અનેરી મસ્તીનો ખ્યાલ આવે છે. આ ગ્રંથની ભાષા કાવ્ય વિવેચનને અનુરૂપ સાહિત્યિક હોવાથી સામાન્ય વાચકને કદાચ એ અઘરી લાગે તો સમજવામાં સુગમ પડે એ આશયથી પરિશિષ્ટ-૬માં શબ્દાર્થબોધ સૂચિ આપવામાં આવી છે.

આ ગ્રંથનું લેખન-સંપાદન પ. ભ. શ્રી રમેશભાઈ સોનીએ કર્યું છે. શ્રીજીમહારાજ તથા નંદસંતોની સદાય એમના પર પ્રસન્નતા રહે અને શ્રીજીકૃપાથી દિનપ્રતિદિન વધુ ને વધુ સાહિત્ય સેવા આ પ્રકારે તેઓ કરતા રહે એવી શ્રીહરિને અભ્યર્થના.

આ ગ્રંથની લોકચાહનાને માન આપી અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની દિવ્ય પ્રેરણાથી, તેની દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

૧૯૯૯, ૧૬ ફેબ્રુઆરી<br>સં. ૨૦૫૫, મહા વદ અમાસ

પ્રકાશન સમિતિ<br>શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન<br>અમદાવાદ

☆ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની દિવ્ય સ્મૃતિમાં આ પુસ્તક તેઓશ્રીના જન્મદિને [તા.૧૬ ફેબ્રુઆરી] પ્રકાશિત કરવામાં આવ્યું છે.

# અનોખું બિલ્વપત્ર

## (પ્રસ્તાવના)

સ્વામિનારાયણ સંપ્રદાયની સામાજિક, સાહિત્યિક અને આધ્યાત્મિક સેવા અદ્‌ભુત અને પ્રભાવક છે. ૧૯ વર્ષના યુવાન ઘનશ્યામ મોક્ષાર્થી બની પરિવ્રાજક તરીકે સમગ્ર દેશમાં ઘૂમે છે, ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય રામાનંદ સ્વામી પાસે ભાગવતી દીક્ષા લે છે, સદ્‌ગુરુ રામાનંદ પણ અધિકારી શિષ્ય પ્રાપ્ત થતાં પ્રસન્ન ચિત્તે નાની વયના નીલકંઠવર્ણીને આચાર્ય તરીકે સ્થાપે છે. ઘનશ્યામમાંથી સહજાનંદ સ્વામી બનેલા આ વિરલ કોટિના અવતારી પુરુષ પછી તો શુદ્ધિકાર્યનો મહાયજ્ઞ આરંભે છે અને ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં સામાજિક વહેમો, અંધશ્રદ્ધા વગેરેમાં સબડતી અનેક કોમોને સદુપદેશ, સત્સંગ અને સદાચાર દ્વારા ઉગારે છે. શ્રી સહજાનંદ સ્વામીના લોહચુંબકીય પ્રભાવશાળી વ્યક્તિત્વથી આકર્ષાઈને અનેક મોક્ષાર્થીઓ સંસારત્યાગ કરી સત્સંગી બની, તેમનું ચિત્તશાંતિપ્રદાતા વત્સલ શરણું સ્વીકારે છે. તેમની આસપાસ પાર્ષદો અને સાધુઓનું મંડળ મધુકરની જેમ ગુંજતું થાય છે. સ્વામિનારાયણ તેમની દિવ્ય દૃષ્ટિથી તેજસ્વી વૃંદની સુષુપ્ત શક્તિને ઓળખે છે, પ્રેરક વચનો દ્વારા ઢંઢોળે છે અને પ્રેમપૂર્ણ આદેશ દ્વારા કવિતાના માધ્યમથી સંપ્રદાયસેવા કરવાનું સૂચવે છે. મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમસખી, નિષ્કુળાનંદ, દેવાનંદ, મંજુકેશાનંદ, ભૂમાનંદ વગેરે શ્રીજીના અંતેવાસી પ્રમુખ કવિઓ સ્વામિનારાયણને પ્રગટ પુરુષોત્તમ તરીકે જોતા અને અનુભવતા હોવાથી તેમના નયનાકર્ષક રૂપવૈભવનો, અંગેઅંગનાં સુરેખ ચિહ્નોનો, ધારણ કરેલા અલંકારોનો મહિમા અત્યંત સૂક્ષ્મતાથી અને વિગતે ગાય છે. તેમાં તેઓએ શ્રીજીની નિત્યક્રિયાઓને અને અદ્‌ભુત લીલાપ્રસંગોને સાહજિકતાથી વણી

લીધા છે, તેમનું અનાદિ શ્રીકૃષ્ણરૂપ સ્વીકારી શૃંગારભાવને રસિકતાથી પણ સંયત સ્વરૂપે ગાયો છે.

શ્રી સહજાનંદ સ્વામીનું જીવન તો અનેકવિધ વ્યતિકરોથી સમૃદ્ધ છે. તેમનો મહિમા અપરંપાર છે. તેમની વિવિધ લીલાઓને વર્ણવતા અને ગુણસંકીર્તન કરતા અનેક ચરિત્રગ્રંથો લખાયા છે; પણ શ્રીજીભગવાન જેટલો જ તેમના અંતેવાસી નિકટતમ સાધુ ભક્તોનો મહિમા છે. સહજાનંદ સ્વામી લોકકલ્યાણ અર્થે પરિભ્રમણ કરતાં કરતાં જે અધિકારી શિષ્યોના પરિચયમાં આવ્યા તેમને ખૂબ વત્સલતાથી અપનાવી લીધા છે અને સંપ્રદાયસેવાના મહાયજ્ઞમાં જોતરી દીધા છે.

મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતસ્વામીઓ એક સમયે સંસારી પરિવેશમાં ઉચ્ચ કક્ષાના આત્માઓ હતા. સહજાનંદ પારસમણિસ્પર્શે તેમનું સુવર્ણમાં નહિ, ખુદ પારસમણિમાં રૂપાંતર થાય છે. શ્રીજીપ્રબોધિત કડક આચારસંહિતા પ્રમાણે તેઓ અત્યંત સાદું અને સંયમિત જીવન જીવે છે અને શ્રીજીની દિવ્ય પ્રેરણાથી વિપુલ પ્રમાણમાં પદો રચે છે. સ્વામિનારાયણ કુશળ હીરાપારખુ હોવાથી આ પ્રમુખ સંતોમાં નૈસર્ગિક કવિપ્રતિભા નિહાળી તેઓને યોગ્ય પ્રોત્સાહન આપી કાવ્યરચના માટેનું સાનુકૂળ વાતાવરણ સર્જી આપે છે. તેઓશ્રી પોતાનાથી ઉંમરમાં મોટી વયના એવા મુક્તાનંદ સ્વામીને વધુ શાસ્ત્રીય અભ્યાસ માટે સુવિધાઓ કરી આપે છે.

બ્રહ્માનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ચારણપુત્ર (લાડુ બારોટ) હોવાથી તથા ભુજની પાઠશાળામાં પિંગળ અને અલંકારશાસ્ત્રને આત્મસાત્ કર્યા હોવાથી તેમનું છંદો પરનું પ્રભુત્વ પ્રશસ્ય ગણાતું. આ શીઘ્રકવિ પ્રતિદિન અમુક સંખ્યામાં પદો રચાયાં પછી જ જમવું, તેવી પ્રતિજ્ઞા લે છે. સદ્‌ગુરુ સહજાનંદ તેમની આ શક્તિને લોકકલ્યાણ અર્થે તેમ જ અભ્યુદય અને આત્મોન્નતિના માર્ગે વાળે છે અને તેમની પાસેથી

ગુજરાતી સાહિત્યને કેટલીક ઉત્તમ કોટિની રચનાઓ પ્રાપ્ત થાય છે.

પ્રેમાનંદ સ્વામી બાલ્યવયમાં નિરાધાર અવસ્થામાં વૈરાગીઓની ટોળીમાં ભમતા અને કુદરતે બક્ષેલ સુંદર દેહાકૃતિ અને મધુર કંઠથી સૌને પ્રસન્ન કરતા. આ કિશોર સંજોગવશાત્ સહજાનંદ સ્વામીના સંપર્કમાં આવે છે. દૃષ્ટોદૃષ્ટ મળતાં આવરણભંગ થાય છે. ભવોભવની ઓળખ તાજી થાય છે. ભગવાન સહજાનંદને પરમકૃપાળુ પરમાત્માથી અભિન્ન રૂપે અનુભવતાં આ કિશોર સાષ્ટાંગ દંડવત્ કરે છે. શ્રીજી તેમની પ્રેમભક્તિને સહર્ષ સ્વીકારે છે. પ્રેમાનંદ સ્વામીમાં રહેલી કુદરતી સંગીતશક્તિને યોગ્ય માવજત દ્વારા સંપૂર્ણપણે ખીલવી શકાય તે માટે તેઓશ્રી તેમના માટે શાસ્ત્રીય સંગીત અને વિવિધ રાગરાગિણીઓ શીખવા માટેનો સુંદર પ્રબંધ કરી આપે છે.

સહજાનંદે કચ્છયાત્રા વખતે ભોમિયા તરીકે લાલજી સુતારને સાથે રાખેલા, પણ તેમની ઉત્તમ પ્રકારની દાસ્યભક્તિ અને વૈરાગ્યનો પાકો રંગ જોઈ શ્રીજી પોતે તેમના 'ભોમિયા' બની જાય છે અને લાલજીને નિષ્કુળાનંદ સ્વામીનું સાંકેતિક નામ આપે છે. સહજાનંદ સ્વામી પાસે આવા અનેક અધિકારી અને સર્જકપ્રતિભાવાળા એકાંતિક ભક્તિને વરેલા શિષ્યો હતા. સહજાનંદે તેમની સ્વભાવગત સર્જકચેતનાને પ્રાણવંતી બનાવવાનું મહત્ત્વનું કાર્ય બજાવ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ કવિઓનો મોટો વર્ગ સાધુ -બ્રહ્મચારીઓનો છે. તેઓએ તેમના જીવનમાં શ્રીજીના આદેશને તંતોતંત વણી લીધો છે. તેનો સીધો પડઘો તેમની કવિતામાં પડ્યો છે. સહજાનંદ સ્વામીનાં ગુણસંકીર્તનો હોય કે જ્ઞાનવૈરાગ્યનાં પદો, આરતી હોય કે થાળ, વિવિધ ઉત્સવોનાં રસમય વર્ણનો હોય કે પ્રિયતમાભાવે કરેલું પ્રભુભજન, ગઝલ હોય કે ઊર્મિગીત.... આ સર્વમાં વ્યર્થ વાણીવિલાસ વર્તતો નથી, અનુભૂતિની સચ્ચાઈની પ્રતીતિ થાય છે. આ પ્રભુમસ્ત ભક્તોએ કાવ્યસર્જનને એક સાધન તરીકે સ્વીકાર્યું છે, સાધ્ય તો તેમના આરાધ્ય પ્રગટ પુરુષોત્તમ

સ્વામિનારાયણની પ્રીતિ છે. આ બધી રચનાઓ શ્રીજીની પ્રસન્નતાર્થે, નિજાનંદે કે લોકહિતાર્થે થયેલી છે. વળી તેમાંના મોટા ભાગના કવિઓ સંગીતજ્ઞ હોવાથી તેમની કવિતાને લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનો સારો લાભ મળ્યો છે. વિષયની દૃષ્ટિએ તેમાં પુનરાવર્તન થતું હોવા છતાં ઊર્મિસંવેદનને અભિવ્યક્ત કરવાની વિવિધ છટાઓને લીધે આ રચનાઓ ધ્યાનાર્હ બની છે, પણ કમનસીબે ગુજરાતી સાહિત્યમાં આ વિપુલ સામગ્રીની યથાયોગ્ય નોંધ લેવાઈ નથી કે તેના પર વિસ્તૃત વિવેચન થયું નથી.

એવે તબક્કે શ્રી રમેશ સોનીનું આ પુસ્તક 'કીર્તનમાધુરી' અનેક રીતે આવકાર્ય બને છે. તેઓએ સંપ્રદાયનાં કીર્તનોને વિશિષ્ટ પદ્ધતિથી રજૂ કરી નવો ચીલો પાડ્યો છે.

આપણે ત્યાં સંતમહાત્માના જીવનમાં બની ગયેલા અનેક લાક્ષણિક અને ચમત્કારિક પ્રસંગો પુસ્તક આકારે પ્રગટ થયેલા છે. સંતકવિઓની રચનાને આર્ષવાણી તરીકે સ્વીકારી તેનાં વિવિધ સંપાદનો પણ થયેલાં છે. ગમતી કાવ્યરચનાઓને કેન્દ્રમાં રાખી તેના આસ્વાદમૂલક ગ્રંથો પણ લખાયા છે, પણ શ્રી રમેશ સોનીના પ્રસ્તુત પુસ્તકનો ઉપક્રમ સૌ કરતાં નોખો અને વિશિષ્ટ પ્રકારનો છે. ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં અને ૧૯મી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય કવિઓની કૃતિઓ તો અહીં સંગ્રહસ્થ થઈ છે, પણ તેની પૂર્વે, કાવ્યરચના ઉદ્‌ભવી તેની પાછળ જે પ્રેરક પ્રસંગ કારણભૂત હતો તેનું રસમય આલેખન થયું છે અને અંતમાં કાવ્યકૃતિનો પ્રાસાદિક શૈલીમાં આસ્વાદ કરાવવામાં આવ્યો છે. આમ પ્રસંગ, કાવ્યકૃતિ અને આસ્વાદ -એમ બિલ્વપત્રની જેમ અનેક સ્થળે એક તંતુ બની શોભાયમાન બન્યાં હોય તેવો અનોખી દૃષ્ટિથી સર્જાયેલો ઉપક્રમ એ રમેશભાઈની સમજભરી સૂઝનો ચમત્કાર છે. મારા જાણવા મુજબ ગુજરાતી સાહિત્યમાં આવા ત્રિવિધ ઉપક્રમથી રચાયેલું આ સૌ પ્રથમ પુસ્તક છે.

દરેક ધર્મ કે સંપ્રદાયમાં તેમનું આગવું કીર્તનસાહિત્ય હોય છે. ભક્તો તેને કંઠસ્થ કરી વિવિધ પ્રસંગોએ મધુર કંઠથી ગાતા હોય છે અને ભાવવિભોર બનતા હોય છે, પણ બહુધા આ પ્રક્રિયામાં શુકપાઠ થતો હોય તેવું વિશેષ સંભવતું હોય છે; પણ શબ્દરચના પાછળ રહેલા અર્થગર્ભને સમજવાનો, પામવાનો અને તેમાં અવગાહન કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે તેમ લયમાધુર્યની સાથે કાવ્યતત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે. શ્રી રમેશ સોનીએ તો દરેક કાવ્યની પૂર્વે જે તે પ્રસંગનું ઉમળકાથી અને વિસ્તારથી શબ્દચિત્ર દોર્યું હોવાને કારણે કાવ્યકૃતિ સુધી પહોંચતાં પહોંચતાં એક દિવ્ય વાતાવરણ ખડું થઈ જાય છે. પછી ભાવકનો કાવ્યરચનામાં પ્રવેશ થાય છે. કાવ્યરચના બાદ રમેશભાઈએ તેનો રસમય બાનીમાં આસ્વાદ કરાવ્યો છે. આથી સંપ્રદાયનો કોઈ પણ ભક્ત કે સામાન્ય ભાવક તેના હાર્દને સરળતાથી પામી શકે છે. દા.ત. એકત્રીસમા ક્રમમાં આવતું પદ 'ક્યારે હવે દેખું હરિ હસતા' પર આસ્વાદમૂલક ભાષ્ય રચતાં શ્રી સોની લખે છેઃ 'પ્રેમસખી પ્રેમાનંદ સંગીતના મરમી હતા, સાથે સાથે એમની પાસે પ્રેમીનું હૈયું પણ હતું. એ હૈયામાં પ્રભુ માટે પારાવાર પ્રેમની લહેરો ઊઠતી હતી. આવા પ્રેમોત્સુક સંગીતજ્ઞ કવિ અમાસની અંધારી રાતે વિરહાકુળ થઈને હૈયાની વલોપાતને આરતભરી વાણીમાં વ્યક્ત કરે છે.' (પૃ. ૨૪૬) લેખક-સંપાદકે પ્રત્યેક પદની કાવ્યતત્ત્વ-કલાતત્ત્વની ખૂબીઓ દર્શાવી તેમાં શબ્દમાધુર્ય અને નાદવૈભવની સદષ્ટાંત વાત કરી છે અને કાવ્યના મુખ્યભાવને કેવી રીતે ઉપકારક બને છે તે સમજાવ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓની સંખ્યા નોંધપાત્ર છે અને તેની પદરચનાઓ અગણિત છે, પણ લેખકે ઔચિત્યવિવેક વાપરી અગ્રગણ્ય કવિઓની અતિ પ્રચલિત કાવ્યગુણસભર રચનાઓને સ્થાન આપ્યું છે. સ્વામી અવિનાશાનંદે પુરોગામી કવિઓનું મૂલ્યાંકન કરતાં એક સ્થળે ગાયું છેઃ

'બ્રહ્મમુનિ કવિ ભાનુસમ, પ્રેમ મુક્ત દોઉં ચંદ;
ઔર કવિ ઉડુગણસમ, કહે કવિ અવિનાશાનંદ.'

લેખકે અહીં બ્રહ્માનંદ સ્વામીની ૮, પ્રેમાનંદ સ્વામીની ૧૪, મુક્તાનંદ સ્વામીની ૬, ભૂમાનંદ સ્વામીની ૨, નિષ્કુળાનંદ સ્વામીની ૧, કૃષ્ણાનંદ સ્વામીની ૧, દયાનંદ સ્વામીની ૧, દેવાનંદ સ્વામીની ૧, સુખાનંદ સ્વામીની ૧, પૂર્ણાનંદ સ્વામીની ૧ અને મંજુકેશાનંદ સ્વામીની ૧ એમ કુલ ૩૭ રચનાઓ પસંદ કરી છે. કદાચ ગ્રંથમેદ વધી ના જાય તે માટે પણ સંપાદકને આવું વ્યવહારુ પગલું ભરવું પડ્યું હશે. શ્રી સોનીએ ગુજરાતી તેમ જ વ્રજ, રાજસ્થાની, હિન્દી ભાષામાં રચાયેલી આ કૃતિઓને પ્રસંગ સંદર્ભે યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપી ઉત્તમ પ્રસાદીનો રસાસ્વાદ કરાવ્યો છે.

આ પ્રકારનું લાક્ષણિક ચયન આપી શ્રી રમેશ સોનીએ માત્ર સ્વામિનારાણ સંપ્રદાયની જ નહિ, પણ ગુજરાતી સાહિત્યની અનુકરણીય સેવા કરી છે. લેખક શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગી શિષ્ય હોવાથી તેમ જ સંપ્રદાય સાહિત્યનું વિશાળ વાચન ધરાવતા હોવાથી તેમના ચિત્તમાં બીજાં અનેક પ્રસંગો અને તત્‌વિષયક પદો રમી રહ્યાં છે. મને ખાતરી છે કે આ પુસ્તકને સાનુકૂળ પ્રતિભાવ સાંપડશે અને શ્રી રમેશ સોની અન્ય બિલ્વપત્રની લાક્ષણિક ભેટ આપશે.

ડૉ. લવકુમાર મ. દેસાઈ
(એમ.એ., પીએચ.ડી.)
રીડર, ગુજરાતી વિભાગ,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા

૧૫ જુલાઈ, ૧૯૮૮

# ઉપોદ્‌ઘાત

ભારતીય સંસ્કૃતિ અને સનાતન હિન્દુધર્મમાં પરમાત્મા પ્રત્યેની ભક્તિને પરાપૂર્વથી બહુ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. છેક ઋગ્વેદની ઋચાઓમાં આ પરાત્પર ભક્તિનાં મૂળ જોવા મળે છે. જ્ઞાન, કર્મ અને ઉપાસના એ વૈદિક ભક્તિનાં ત્રણ અંગો છે.

વૈદિક ભક્તિધારા કાળાનુક્રમે ઉપનિષદમાં વધુ પ્રોજ્જ્વલપણે પ્રકાશે છેઃ रसं हि अयं लब्ध्वा आनंदी भवति । (તૈ૦ ૭-૨) 'રસરૂપ પરમાત્માને પ્રાપ્ત કરીને સાધક આનંદમય બની જાય છે.' આ પછી લખાયેલ 'નારદ ભક્તિ સૂત્ર'માં ભક્તિનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવેલું છે. એમાં નારદે ભક્તિના સૂત્રને સ્પષ્ટ સમજાવી એને 'પરમ પ્રેમરૂપા' કહી તેનું પ્રધાન લક્ષણ 'ઈશ્વરમાં પરાનુરુક્તિ' ગણ્યું છે. નારદે ઈશ્વરને સગુણ સાકાર મૂર્તિમાન માની જ્ઞાન અને કર્મની સરખામણીએ પ્રેમ અને શ્રદ્ધા પર વિશેષ ભાર મૂક્યો છે. કાળાનુક્રમે હિન્દુધર્મમાં અનેક મતમતાંતરો અસ્તિત્વમાં આવતા વિવિધ સંપ્રદાયો દ્વારા તેમ જ અનેક આચાર્યો ને વિદ્વાનો દ્વારા ભક્તિની વિવિધ વ્યાખ્યાઓ અસ્તિત્વમાં આવી.

શાંડિલ્ય ભક્તિસૂત્ર અનુસાર પ્રભુમાં પ્રેમ એ જ પરાભક્તિ છે. એ પ્રીતિ પણ પ્રભુના પરમ અનુરાગમાંથી જન્મી હોય છે. જ્યારે નારદ ભક્તિસૂત્ર મુજબ પરમ પ્રેમરૂપી ભક્તિ એ જ અમૃત સ્વરૂપા છે. આ પ્રેમ પાંગરે છે આસક્તિથી, તેથી આસક્તિનો ઉદ્‌ભવ એ પ્રેમનું મૂળ છે. પરાશર 'પૂજાદિમાં અનુરાગ'ને ભક્તિ ગણે છે, જ્યારે ગર્ગમુનિ 'હરિકથામાં અનુરાગ'ને ભક્તિ માને છે. લિંગ પુરાણમાં 'મન, વચન અને કર્મે કરીને ઈશ્વરની સેવા કરવી' એને ભક્તિ કહી છે. જ્યારે સનતકુમાર સંહિતામાં 'સર્વ પ્રકારનાં દુઃખો સહન કરવા' એ તિતિક્ષાને જ ભક્તિ ગણી છે. આ સિવાય વિવિધ

સંપ્રદાયના આચાર્યોએ પણ પોતાની આગવી શૈલીમાં ભક્તિની વ્યાખ્યા આપી છે.

શ્રી રામાનુજાચાર્યે અને શ્રી માધવાચાર્યે ભક્તિમાં ધ્યાન અને ઉપાસનાને અનોખું મહત્ત્વ આપ્યું છે. શ્રી નિમ્બર્કાચાર્ય અને શ્રી વલ્લભાચાર્ય ભક્તિમાં પ્રેમલક્ષણાને પ્રાધાન્ય આપે છે. તો વળી ચૈતન્ય ભક્તિમાં માધુર્યનું તત્ત્વ ઉમેરી એને વધુ ભાવપૂર્ણ બનાવે છે. પરંતુ ભક્તિની આ પરંપરાને જો કોઈએ સર્વાંગ સંપૂર્ણ સ્વરૂપ આપ્યું હોય તો એ ભગવાન શ્રી સ્વામિનારાયણે!

ભગવાન સ્વામિનારાયણે નવધા ભક્તિને પ્રમાણ ગણી તો છે પણ એમાં અતિ સ્નેહયુક્ત માહાત્મ્યજ્ઞાને સહિત પતિવ્રતાની ટેકવાળી નિષ્કામ ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે. શ્રીજી સ્વયં શિક્ષાપત્રીમાં લખે છેઃ "माहात्म्यज्ञान युग्मभूरिस्नेहो भक्तिश्च माधवे।" (શ્લોકઃ ૧૦૩).... "ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી..."

પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમ પાછળ એક મૂળગામી તત્ત્વ છુપાયેલું છે, ને તે છે પરમાત્મા પ્રત્યેની અનન્ય નિષ્ઠા! અનન્ય નિષ્ઠા વિના અનન્ય પ્રેમ ક્યારેય ન સંભવે. પરંતુ પરમાત્મા પ્રત્યે અનન્ય નિષ્ઠા ઉત્પન્ન કરવા માટે પરમાત્મા વિષે માહાત્મ્યજ્ઞાન હોવું અત્યંત જરૂરી છે. પરમાત્માનો પરમ મહિમા જાણ્યા વિના પ્રેમ અપૂર્ણ રહે છે. સારંગપુરના પાંચમા વચનામૃતમાં તેથી જ શ્રીહરિએ શ્રીમુખે કહ્યું છે કે સ્નેહ તો હોય પણ જો માહાત્મ્યજ્ઞાન રહિત હોય, તો તે ભક્તિ અંતે નાશ થઈ જાય છે. વચનામૃતમાં ઠેર ઠેર શ્રીજીમહારાજે ભક્તિના સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપની વિશદ છણાવટ કરી છે. એમાં પરા અને અપરા બન્ને ભક્તિને મહારાજે માન્ય રાખી છે. સકામ અને નિષ્કામ ભક્તિમાં નિષ્કામ ભક્તિને પ્રાધાન્ય આપતાં મહારાજ ભક્તિના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકાર બતાવે છે. શ્રીહરિને મતે પ્રત્યક્ષ પરમાત્માની ભક્તિ શ્રેષ્ઠતમ છે. પ્રત્યક્ષની ભક્તિ એટલે સર્વ

અવતારોના કારણ અવતારી પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની માહાત્મ્યજ્ઞાને યુક્ત નિષ્કામ ભક્તિ!

પ્રગટ પરમાત્માની પ્રત્યક્ષ ભક્તિમાંથી જ સ્વામિનારાયણીય સંત કવિઓની સંતવાણી પ્રગટી છે! તેથી જ ખ્યાતનામ લેખક શ્રી કિશોરલાલ મશરૂવાળા એ સંત કવિઓ વિષે લખતાં એમ જણાવે છે કે, 'તેઓ ભક્તિ કરતાં કરતાં કવિતામાં સરી પડ્યા હતા.' શ્રી કિશોરલાલનું વિધાન વાજબી છે, કારણ કે એ સંતોને મન પ્રગટની પ્રત્યક્ષ ભક્તિ એ જ સર્વ કાંઈ હતું; કવિતા તો એ ભક્તિની આડ પેદાશ હતી.

કેટલીક વાર એ સંત કવિઓએ સ્વેષ્ટ શ્રી સહજાનંદ સ્વામી મહારાજની પ્રેરણા અનુસાર પ્રગટની લીલા પરોક્ષ અવતારોનાં કીર્તનો રચીને ગાઈ છે, એમાં પણ એ કવિઓનો ઉદ્દેશ તો ફક્ત શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કરી એમની અવિચ્છિન્ન પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો જ હતો. સ્વામિનારાયણીય અષ્ટછાપના કવિઓ પૈકીના સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી જ્ઞાની કવિ છે, બ્રહ્મમુનિ સખા છે, તો પ્રેમસખી પ્રેમાનંદે સખીભાવે શૃંગારભક્તિની રસિક કવિતાઓ રચી છે. નિષ્કુળાનંદ વૈરાગી કવિ છે, દલપતગુરુ દેવાનંદ અને મંજુકેશાનંદે પણ નિષ્કુળાનંદ સ્વામીની જેમ વૈરાગ્યપ્રેરક ઉપદેશાત્મક કાવ્યો ગાયાં છે. ભૂમાનંદ અને દયાનંદ શૃંગારરસના રસિક કવિ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ અષ્ટાનંદી કવિઓનો બહુ મોટો ફાળો છે. તેથી જ આ કવિવરોને બિરદાવતાં મહાકવિ ન્હાનાલાલ લખે છે:

"ફૂલ જેમ સુગંધથી પરખાય, સંપ્રદાય એમ એની કવિતાથી પરખાય. આ યુગના કોઈ પણ નવા સંપ્રદાયમાં હજી નથી જન્મી એવી અને એટલી સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતા છે. દયારામનાં તનમનાટ, તાલાવેલી, ઉછળાટ ને આવેગ એમાં તાદશ્ય ખડાં છે. નરસિંહના ભરવેગ ભાવપૂર, મીરાંનું લાડસોહામણું લાવણ્ય, ભોજાના ચાબખા, અખાના હથોડા, ધીરાની કાફીઓ, રત્નાના મહિના, રાજેનો

તલસાટ: કવિતાના એ સૌ રસ પ્રકારો સ્વામિનારાયણીય કવિતા ભંડારે ભરેલા છે." (કવિ શ્રી ન્હાનાલાલ રચિત સમશ્લોકી શિક્ષાપત્રીની પ્રસ્તાવના: પૃ. ૨૪)

એ સંત કવિઓની કવિતાની મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા એ છે કે એ સંતકવિઓનો સ્વાનુભવજન્ય આધ્યાત્મિક આનંદ જ એમની કવિતાનો ઉદ્દ્ગમ હતો. એ સંતોએ પોતાના પ્રિયતમ સ્વેષ્ટ શ્રી સહજાનંદ સ્વામી સાથે ફાગવસંતના ઉલ્લાસભર્યા ઉત્સવો ઉજવ્યા હતા, ઘેલા ને ગોમતીમાં જળ ક્રીડાઓ કરી હતી, સમૈયાઓ માણ્યા હતા ને ચાંદની રાતે રાસ ખેલ્યા હતા! પ્રેમાસ્પદ પ્રભુના દિવ્ય સાંનિધ્યમાં ગાળેલી એ રમણીય ક્ષણોનાં સ્પંદનોએ એમના અંતરમાં જે સ્વાનુભવજન્ય અલૌકિક આનંદના તરંગો પ્રગટાવ્યા, એ તરંગોમાંથી ઉદ્દ્ભવી આવતું સંગીત કમનીય કવિતાનું રૂપ ધરી લેતું!

કાવ્ય તો સૌ રચે છે, પણ એ કાવ્ય સાર્થક તો ત્યારે જ થાય જ્યારે એ જેના અર્થે રચવામાં આવ્યું હોય; જેના અંગે રચવામાં આવ્યું હોય એ એને સ્વીકારે તથા રચનારનું પ્રસન્નતાપૂર્વક અભિવાદન કરી એને મોજ આપે. પ્રસંગે પ્રસંગે પરમાત્માની પ્રત્યક્ષ પ્રેરણા પામીને રચેલાં કાવ્યો જ્યારે એ સંતો સમયાનુસાર શાસ્ત્રીય રાગ -રાગિણીમાં ગાતા ત્યારે સન્મુખ બેઠેલા શ્રીજી પ્રસન્ન થઈ ખસતા ખસતા એ ગાનાર સંત પાસે આવી પ્રેમપૂર્વક એ સંતકવિને શિરપાવ આપતા. આને કારણે જ સ્વામિનારાયણ સંત-કવિતા સાર્થક-કવિતા બની છે.

આવી 'સાર્થક સંત-કવિતા' પૈકીની કેટલીક કવિતાઓને, એની રચના જે ઐતિહાસિક પ્રસંગે થયેલી એ કાવ્ય-પ્રસંગના સંદર્ભ સાથે મૂકી એ કાવ્યનું આસ્વાદમૂલક વિવરણ આપીને -એ ત્રણેનો સુભગ સમન્વય સાધી આ 'કીર્તનમાધુરી'નો મધુપર્ક તૈયાર કરી સમસ્ત સત્સંગ સમાજ તથા કાવ્યપ્રેમી સાહિત્ય રસિકો સમક્ષ મૂકતાં અત્યંત આનંદ અનુભવું છું. કાવ્ય-પ્રસંગને એના ઐતિહાસિક તત્ત્વમાં કોઈ

પણ પ્રકારના ફેરફાર વિના નાટ્યાત્મક શૈલીમાં વર્ણવી, એની સાથે પ્રાસંગિક કવિતા મૂકી, એનું આસ્વાદમૂલક વિવરણ આપીને અહીં સાહિત્યિક દૃષ્ટિએ એક નૂતન અભિગમ અપનાવવાનો યથેચ્છ પ્રયત્ન કર્યો છે.

મારા મુરબ્બી મિત્ર અને ખ્યાતનામ સાહિત્યકાર ડૉ. લવકુમાર દેસાઈ આ અભિગમને 'અનોખું બિલ્વપત્ર' કહી બિરદાવે છે. ડૉ. દેસાઈએ 'કીર્તનમાધુરી'ની પ્રસ્તાવના લખી મને ઉપકૃત કર્યો છે એ બદલ હું એમનો અત્યંત ઋણી છું. આ ગ્રંથના લેખનમાં જરૂરી સૂચનો દ્વારા સહાય કરવા બદલ પરમ ભગવદીય વિદ્વાન પ્રોફેસરો ડૉ. હરિલાલ ગોહિલ, ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી અને ડૉ. હરિપ્રસાદ ઠક્કર તથા મિશનની પ્રકાશન સમિતિનો હું અત્યંત આભારી છું. વિશેષે કરીને જેમના કુશળ માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની પ્રકાશન સમિતિ સુંદર અભિનવ પ્રકાશનો પ્રસિદ્ધ કરી રહી છે તેમ જ આ ગ્રંથની રચનામાં શરૂથી જ જેમની સતત પ્રેરણા, પ્રેમભરી ઉષ્મા ને સચોટ માર્ગદર્શન મળતાં રહ્યાં છે એ સાચા આધ્યાત્મિક માર્ગદર્શક, વિનમ્રતાની મૂર્તિસમા, અ. મુ. શ્રી નારાયણભાઈ ઠક્કર પરત્વે આભારદર્શન ને ઉપકારની ઊંડી લાગણી વ્યક્ત કરતાં ધન્યતા અનુભવું છું.

હવે આ ગ્રંથ અંગે કેટલીક સ્પષ્ટતાઓ કરી લઉં. મોટાભાગનાં પ્રકરણોમાં કાવ્ય-પ્રસંગનો સંદર્ભ જે તે પ્રસંગની નીચે પરિચ્છેદમાં આપેલો છે. પરંતુ આ સિવાયના કેટલાક પ્રસંગો સંપ્રદાયના વિદ્વાન સંતો પાસેથી સાંભળેલી પરંપરાગત વાતોને આધારે રચ્યા છે, એમાં સંદર્ભ આપેલ નથી. ક્યારેક એવું બને છે કે એક જ પ્રસંગે બે કીર્તનો રચાયાં હોય છે. આવા એક પ્રસંગે 'કીર્તનમાધુરી'માં એક જ પ્રકારના ઐતિહાસિક સંદર્ભ સાથે બે અલગ અલગ કીર્તનોને દર્શાવ્યાં છે. દા.ત. ક્ર. ૧૯ દરદ લગાડી.... અને ક્ર. ૨૭ નેણાંમાં રાખું રે... આ બન્ને કીર્તનોની પશ્ચાદ્ભૂ એક જ પ્રકારની હોવાની માન્યતાને આધારે બન્ને

શક્યતાઓને અલગ અલગ પ્રકરણમાં દર્શાવી છે. સુજ્ઞવાચક એક જ પ્રસંગના નિરૂપણ સાથે બે અલગ અલગ કીર્તનો વાંચીને દ્વિધા ન અનુભવે એ કારણે આ સ્પષ્ટતા કરવી યોગ્ય માની છે.

આ પ્રસંગે એટલું જરૂર કહીશ કે આ તો દિવ્ય માધુકરી છે, મધુ સંચય છે. આમાં જે કાંઈ શ્રેષ્ઠ રીતે અભિવ્યક્તિ પામ્યું છે એ બધું શ્રીજી પ્રેરિત છે, ને એમાં જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય એ મારી અણ-આવડતને કારણે છે.

આ ગ્રંથના લેખન પાછળ જેમની અંતઃપ્રેરણા, અમોઘ આશીર્વાદ ને દિવ્ય સંકલ્પ કારણભૂત છે એના આધારે જેમના અદ્ભુત જીવન ને કવનની ઝાંખી આલેખવા હું કિંચિત્ નિમિત્તમાત્ર બન્યો છું, એ મહાસમર્થ, દિવ્યમૂર્તિ નંદ-સંતોને કોટાનુકોટી દંડવત્ પ્રણામ સહ આ પુણ્યકાર્યનો અર્ધ્ય અર્પતાં વિરમું છું.

૧૨/એ, સુદામાપુરી સોસાયટી — રમેશ બી. સોની
માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૧૧
૧૯૮૮, પંદર ઑગસ્ટ

# પદાનુક્રમ


| અનુ. | કાવ્ય | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જય સદ્ગુરુ સ્વામી... સહજાનંદ દયાળુ | સ.ગુ. મુક્તાનંદ સ્વામી | ૨ |
| ૨. | વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે... | સ.ગુ. પ્રેમાનંદ સ્વમી | ૧૬ |
| ૩. | ધન્ય આજની ઘડી રે, ધન્ય આજની ઘડી... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૨૪ |
| ૪. | જમો થાળ જીવન જાઉં વારી... | સ.ગુ. ભૂમાનંદ સ્વામી | ૩૦ |
| ૫. | મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ... | સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી | ૩૯ |
| ૬. | તેરી બોલની મધુરી માનું જાદુસે ભરી... | સ.ગુ. દેવાનંદ સ્વામી | ૫૦ |
| ૭. | ઘનશ્યામ રે મેરી સૂધ હરિ લીની... | સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી | ૬૦ |
| ૮. | છબિ સલોનિ સુખકંદની, મન મોદ બઢાવે... | સ.ગુ. દયાનંદ સ્વામી | ૬૭ |
| ૯. | સાંવરો હરિ ખેલત હોરી... | સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી | ૭૪ |
| ૧૦. | નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૮૪ |
| ૧૧. | એક વાત સૂણો ગઢપુરવાસી રે... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૯૬ |
| ૧૨. | મેં તો ગુનેગાર તેરા રે... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૦૩ |
| ૧૩. | ભજો ભાવ શું અખંડ જપમાળા રે.... | સ.ગુ. મુક્તાનંદ સ્વામી | ૧૧૧ |
| ૧૪. | સખી પંચાળા ગામના ચોકમાં રે... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૧૧૮ |
| ૧૫. | બન બન બોલત મોર... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૨૬ |

| | | |
|---|---|---|
| ૧૬. સહજાનંદકે દર્શન કરકે... | સ.ગુ. સુખાનંદ સ્વામી | ૧૩૨ |
| ૧૭. સર્વે સખી જીવન જોવાને ચાલો રે... | સ.ગુ. ભૂમાનંદ સ્વામી | ૧૪૧ |
| ૧૮. વ્હાલા રમઝમ કરતા રાજ મારે ઘેર આવોને... | સ.ગુ. મુક્તાનંદ સ્વામી | ૧૪૫ |
| ૧૯. દરદ લગાડી રહ્યા દૂર છો, રસિયા વાલમ... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૫૧ |
| ૨૦. છાંડી કે શ્રીહરિકૃષ્ણ દેવ... | સ.ગુ. મુક્તાનંદ સ્વામી | ૧૫૭ |
| ૨૧. પિયા પાયા તો ફિર ક્યા સોના... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૬૧ |
| ૨૨. રે સગપણ હરિવરનું સાચું... | સ.ગુ. મુક્તાનંદ સ્વામી | ૧૬૫ |
| ૨૩. આશકોંદી યારી વે, માશૂક ન જાના ભૂલી... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૭૦ |
| ૨૪. સોનેરી મોળિયું, સુંદર સોનેરી મોળિયું... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૭૭ |
| ૨૫. ચંદન ચરચિત નીલ કલેવર સુંદર... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૮૨ |
| ૨૬. શ્રીહરિને ગમવાને ઇચ્છો માનુની... | સ.ગુ. મુક્તાનંદ સ્વામી | ૧૮૯ |
| ૨૭. નેણાંમાં રાખું રે, નાથજીને જતન કરીને... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૧૯૬ |
| ૨૮. તેરી સાંવરી સૂરત પર હો વારિયાં.... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૨૦૧ |
| ૨૯. તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે.... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૨૦૫ |
| ૩૦. ક્યારે હવે દેખું રે હરિ હસતાં... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૨૧૧ |
| ૩૧. લગાડી તેં પ્રીતિ લાલ રે... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૨૧૬ |
| ૩૨. માણકીએ ચડ્યા રે ઘનશ્યામ સુખકારી... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૨૨૨ |
| ૩૩. ભરી સભામાં શ્રીહરિજી તમે, થયા છો માડી મારી રે... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૨૨૯ |
| ૩૪. આજ મારે ઓરડે રે... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૨૩૭ |

| | | |
|---|---|---|
| ૩૫. પ્રાણ સનેહી ઘરું આવો અબ પિયરા... | સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી | ૨૪૮ |
| ૩૬. સજની શ્રીજી મુજને સાંભર્યા રે... | સ.ગુ. પ્રેમાનંદ સ્વામી | ૨૫૮ |
| ૩૭. મેલ્યાં એકલડાં અલબેલ... | સ.ગુ. પૂર્ણાનંદ સ્વામી | ૨૬૪ |
| પરિશિષ્ટ– ૧ : | સ.ગુ. દેવાનંદ સ્વામી... | ૨૭૩ |
| પરિશિષ્ટ– ૨ : | ગવૈયા સંત કવિઓ... | ૨૭૫ |
| પરિશિષ્ટ– ૩ : | સ્વયંભૂ સંગીત... | ૨૭૭ |
| પરિશિષ્ટ– ૪ : | પૂનમિયો કૂવો.... | ૨૭૮ |
| પરિશિષ્ટ– ૫ : | ચૌલાદેવીનું મૃદંગ... | ૨૭૯ |
| પરિશિષ્ટ– ૬ : | શબ્દાર્થબોધ.... | ૨૮૧ |
| પરિશિષ્ટ– ૭ : | સંદર્ભગ્રંથસૂચિ... | ૨૯૮ |

# 'કીર્તન માધુરી'

સ્વામિનારાયણ સંપ્રદાયના
મધ્યકાલીન
નંદસંત કવિઓની
પ્રાસંગિક
અમર
કાવ્યરચનાઓનું
ઐતિહાસિક સંદર્ભ સાથે
આસ્વાદ મૂલક
વિવરણ

'સંતો શ્રીજીના સાજ હતા ને શ્રીજી કીર્તન હતા'
-મહાકવિ શ્રી નાનાલાલ

*"મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઇત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયા જેવું છે, ને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે, તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામ-રટણ કરવું તથા નારાયણ-ધૂન કરવી, ઇત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું."*

**— ભગવાન શ્રી સ્વામિનારાયણ**

(વચનામૃત : ગ. પ્ર. પ્ર. ૨૨)



કાલવાણીમાં ખાખરાના વનમાં રામાનંદ સ્વામીએ દિવ્ય દર્શન આપી મુક્તાનંદને જે મર્મની વાત સમજાવી તેનાથી મુક્તમુનિના દિલમાં દીવો થઈ ગયો અને જ્ઞાનના એ દીપ-રશ્મિમાં એમણે સહજાનંદ સ્વામીના પૂર્ણ પુરુષોત્તમ અવતારી સ્વરૂપને ઝળહળતું નિહાળ્યું ત્યારે એમનું અંતર આરતભરી વાણી સહજભાવે પોકારી ઊઠ્યું: 'જય સદ્‌ગુરુ સ્વામી...'

# ૧. જય સદ્‌ગુરુ સ્વામી... સહજાનંદ દયાળુ

"મુક્તાનંદ! અમે તો ભાવિ નટના આગમનની ડુગડુગી વગાડનારા છીએ, ખરો ખેલ ભજવનારા તો હવે આવશે." સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ મુક્તાનંદજીને સં. ૧૮૪૨ની વસંતપંચમીએ સૌરાષ્ટ્રના લોજ ગામે ભાગવતી દીક્ષા આપી ત્યારે મર્મમાં આ શબ્દો કહેલા, પણ મુક્તમુનિ ગુરુ રામાનંદજીને જ ભગવાન માનતા હતા; તેથી ગુરુની માર્મિક વાણીનું હાર્દ એ પૂરેપૂરું સમજી ન શક્યા! એને કારણે કેટલાક વિષાદમય વિસંવાદ સ્વામી મુક્તાનંદજીના સાધુ જીવનમાં આવ્યા, પણ કાળક્રમે મુક્તમુનિને પરમ સત્ય સમજાઈને જ રહ્યું!

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની નરનાટ્યલીલાના દ્વિતીય સોપાનરૂપ* વનવિચરણને અંતે સં. ૧૮૫૬ના અંત ભાગમાં જ્યારે નીલકંઠવર્ણીરૂપે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને ગિરનાર પાસે આવેલા પીપલાણા ગામમાં મળ્યા ત્યારે પણ ઉપરોક્ત

* ભગવાન સ્વામિનારાયણની નરનાટ્યલીલાનાં પાંચ સોપાન આ પ્રમાણે છેઃ

| | |
|---|---|
| પ્રથમ સોપાન – | સં. ૧૮૩૭ ચૈત્ર સુદ ૯ થી ૧૮૪૯ અષાઢ સુદ ૧૦- ઘનશ્યામ નામે ધર્મભક્તિને ઘરે છપૈયા–અયોધ્યામાં રહ્યા. |
| દ્વિતીય સોપાન – | સં. ૧૮૪૯ અષાઢ સુદ ૧૧ થી ૧૮૫૬ શ્રાવણ વદ ૬- નીલકંઠ વર્ણી રૂપે તપશ્ચર્યા અને વનવિચરણ. |
| તૃતીય સોપાન – | સં. ૧૮૫૬ શ્રાવણ વદ ૭ થી ૧૮૫૭ જેઠ વદ ૧૨- સરજુદાસ નામે લોજમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા. |
| ચતુર્થ સોપાન – | સં. ૧૮૫૭ જેઠ વદ ૧૩ થી ૧૮૫૮ માગસર સુદ૧૩- સહજાનંદ સ્વામી બની ગુરુ રામાનંદ સ્વામી પાસે રહ્યા. |
| પંચમ સોપાન – | સં. ૧૮૫૮ માગસર સુદ ૧૪ થી ૧૮૮૬ જેઠ સુદ૧૦- ભગવાન સ્વામિનારાયણરૂપે સત્સંગમાં વિચરી સંપ્રદાય સ્થાપી ધર્મપ્રવર્તન કર્યું. |

વચનોની ગુરુએ મુક્તાનંદ સ્વામીને ફરી યાદ કરાવી કહેલું કે "જેની હું વર્ષોથી રાહ જોતો હતો એ જ ખેલના ભજવનારા નટવર આ વર્ણીરૂપે આજે આપણે આંગણે પધાર્યા છે." ત્યારબાદ ચાતુર્માસ પૂરા કરી પીપલાણામાં સં. ૧૮૫૭ની પ્રબોધિની એકાદશીએ રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા આપી સહજ આનંદના સંદેશક "સહજાનંદ" નામે નવાજ્યા. બરાબર એક વર્ષ પછી એ જ દિવસે એટલે કે સં. ૧૮૫૮ની પ્રબોધિનીએ જેતપુરમાં ગુરુએ શ્રી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી ત્યારે ભરી સભામાં રામાનંદ સ્વામીએ ફરી ફરીને એ જ વાત યાદ કરાવીને કહ્યું: "હું તમને બધાને ઘણાં વર્ષોથી કહેતો આવ્યો છું કે હું તો માત્ર ડુગડુગી વગાડનાર છું, ખરો ખેલ ભજવનાર તો પછી આવશે. મેં તો સાત માળના મકાનનું ચણતર કરવા ફક્ત બે જ ઈંટો મૂકી છે અને સારાય મકાનનો સાચો કારીગર તો હવે પ્રગટ થશે.... મેં ધર્મની ડુગડુગી વગાડી તમને બધાને એક જગ્યાએ ભેગા કરી દીધા અને ખેલ ભજવનાર નારાયણ પણ આવી પહોંચ્યા છે. માટે સર્વે એમની અનુજ્ઞામાં રહી એમને ભજશો તો તમારા લીધેલા ભેખ લેખે લાગશે ને અમારો દાખડો (પ્રયત્ન) સફળ થાશે." આ પછી એકાદ મહિનામાં જ સં. ૧૮૫૮ના માગસર સુદ તેરશે ફણેણી ગામે ગુરુવર્ય રામાનંદ સ્વામી વીસ વર્ષના જ્યોતિર્ધર શ્રી સહજાનંદ સ્વામીને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સોંપી સ્વધામ પધાર્યા. રામાનંદ સ્વામીની પાછળ શ્રી સહજાનંદ સ્વામીએ સર્વે સત્સંગી હરિભક્તોને તેડાવી એક વિદ્વાન બ્રાહ્મણ પાસે ભાગવતની પારાયણ કરાવી ને દ્વાદશા તથા શ્રાવણી શ્રાદ્ધ વિધિપૂર્વક કર્યાં, ચૌદમાને દિવસે ભદ્રા નદીના કાંઠે સભા કરીને સૌને પહેલી જ વાર 'સ્વામિનારાયણ' નામનો મહામંત્ર આપ્યો અને તેનો મહિમા કહ્યો. સદ્‌ગુરુ રામાનંદ

સ્વામી 'રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ, હરે રામ ગોવિંદ...' એ ધૂન કરાવતા હતા એને બદલે શ્રી સહજાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન શરૂ કરાવી તથા એ જ મહામંત્રનો જાપ કરવાની આજ્ઞા આપી.* શ્રી સહજાનંદ સ્વામીના મધુર વચને ધર્મોપદેશ સાંભળી સર્વેના અંતરમાંથી શોક ટળી ગયો. એ દિવસથી જ સૌએ શ્રી સહજાનંદ સ્વામીને 'શ્રીજીમહારાજ' એવા હુલામણા નામથી સંબોધવાનું શરૂ કર્યું. ત્યાર પછી શ્રીજીમહારાજે સાધુઓનાં ત્રણ મંડળ બાંધ્યાં. તેમાં પ્રથમ મુક્તાનંદ સ્વામીનું મંડળ બાંધીને તેને ભુજ મોકલ્યું. બીજું મંડળ રામદાસજીનું બાંધીને જેતલપુર મોકલ્યું અને ત્રીજું મંડળ રઘુનાથદાસજીનું બાંધી તેને અમદાવાદ પ્રતિ રવાના કર્યું.

મધ્યભારતના ઝરણાપરણા ગામના શીતળદાસ નામના એક મુમુક્ષુ સંન્યાસી ભગવાનની શોધમાં નીકળ્યા હતા. કોઈકે તેમને સૌરાષ્ટ્રમાં સદ્દગુરુ રામાનંદ સ્વામી પાસે જવાની સલાહ આપી. તે ફરતા ફરતા ફણેણી આવ્યા. પણ રામાનંદ સ્વામી તો સ્વધામ પધારી ગયા હતા તેથી તે હતાશ થઈ ગયા. નિરાશ વદને તે પાછા ફરતા હતા ત્યારે મહારાજે તેને પાસે બોલાવી આશ્વાસન આપતાં કહ્યું: "રામાનંદ સ્વામી તમને દર્શન આપે તો તમે અહીં રહો ખરા?" શીતળદાસ તો આ સાંભળી દિગ્મૂઢ થઈ ગયા. ત્યાં તો મહારાજે તેમને હાથ પકડી પાસે બેસાડતા, કહ્યું: "આજનો દિ' અહીં રોકાઈ જાઓ ને 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ કરો. સ્વામી તમને જરૂર દર્શન દેશે. કાલે બપોર પછી જવું હોય તો જજો." શીતળદાસ ત્યાં રોકાઈ ગયા. સિદ્ધાસને બેસી તેમણે તરત જ 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ શરૂ કર્યો. થોડીવાર થતાં તો એ દેહભાન ગુમાવી પડી ગયા, આજુબાજુ બેઠેલાં બધાં ગભરાઈને

* શ્રીહરિની અદ્દભુત વાર્તાઓ. લે. : શ્રી અદ્દભુતાનંદ સ્વામી, પૃ. ૩૯.

પાસે દોડી આવ્યા. મહારાજે સૌને શાંત પાડતાં કહ્યું: "કોઈ ગભરાશો માં, એમને 'સમાધિ' થઈ છે." શીતળદાસે સમાધિમાં દિવ્ય સુખ માણ્યું, અક્ષરધામમાં શ્રીહરિનાં દિવ્ય દર્શન કર્યાં તથા રામાનંદ સ્વામીને ત્યાં શ્રીજીની સેવામાં જોયા. સમાધિ ઉતરતાં જ શીતળદાસ મહારાજનાં ચરણોમાં લોટી પડ્યા, શ્રીહરિમાં અનન્યનિષ્ઠા થતાં એ શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત બની ગયા. મહારાજે તેમને દીક્ષા આપી અને 'વ્યાપકાનંદ' એવું નામ આપ્યું.*

આ પ્રસંગથી મહારાજે સમાધિ પ્રકરણનો પ્રારંભ કર્યો. પછી તો સમાધિની ઘટના શ્રીજીમહારાજના સાંનિધ્યનો એક ભાગ બની ગઈ. મહારાજના દર્શનથી, સ્પર્શથી, સંકલ્પથી, અરે.... એમની ચાખડીના 'ચટ...ચટ' અવાજથી પણ આબાલવૃદ્ધ સૌને સમાધિ થવા માંડી અને એ સમાધિ પણ કેવી? ન ભૂતો ન ભવિષ્યતિ! સમાધિમાં કોઈને વૈકુંઠમાં લક્ષ્મીનારાયણનાં દર્શન થતાં; તો કોઈને ગોલોકમાં મુરલીમનોહર શ્રીકૃષ્ણની ઝાંખી થતી. મુસ્લિમ બિરાદરો સમાધિમાં એમના પયગંબરોના દીદાર કરતા, તો જૈનોને એમનાં તીર્થંકરોનાં દર્શન થતાં, એટલું જ નહિ પણ એ સૌને સમાધિમાં એમના ઇષ્ટ આરાધ્ય દેવો શ્રી સહજાનંદ સ્વામીની પૂજા-આરાધના કરતા દૃષ્ટિગોચર થતા. આ જોઈને નવા આદરવાળા તો સ્તબ્ધ થઈ જતા. કેટલાક અજ્ઞાનીજનો તો આમ લોકોને સમાધિ થતી જોઈને ગભરાઈ જતા ને ભગવાન સ્વામિનારાયણને 'જાદુગરા' કહીને એમનાથી દૂર ભાગતા. સત્સંગ બહાર તો ઠીક, ખુદ સત્સંગમાં પણ કેટલાકને મહારાજનું આ પ્રકરણ નહોતું સમજાતું. મહારાજ તો ફક્ત મનુષ્યોને જ નહિ, પશુ-પક્ષીઓને પણ સમાધિ કરાવતા હતા. એમને તો અનંત

* હરિલીલામૃત : કળશ : ૫, વિશ્રામ-૩.

જીવોને સમાધિ દ્વારા પોતાના પૂર્ણ પુરુષોત્તમ અવતારી સ્વરૂપની દઢ પ્રતીતિ કરાવવી હતી!

ફણેણીથી ધોરાજી થઈ મહારાજ માંગરોળ આવ્યા, ત્યાં માણાવદરથી મયારામ ભટ્ટ મહારાજના દર્શને આવેલા. એમને પણ આ સમાધિ પ્રકરણ જોઈ સંકલ્પ થવા માંડ્યો કે 'મહારાજે આ નવી પ્રથા પાડી રામાનંદ સ્વામીના વખતની શુદ્ધ પ્રણાલિ બગાડી નાંખી.' મયારામ ભટ્ટે ત્યાંથી સીધા ભુજ જઈ મુક્તાનંદ સ્વામીને બધી વાત કરી. મુક્તાનંદ સ્વામીને પણ સમાધિની વાતમાં પ્રતીતિ આવી નહિ. એમને થયું, 'કળિયુગમાં કંઈ સમાધિ શક્ય છે? સમાધિના નામે પાખંડ ધર્મ પોષાય એ સત્સંગમાં ન શોભે.' મુક્તમુનિને સત્સંગ વિષે અતિશય મમત્વ હતું. તેથી સત્સંગ પ્રત્યેની આત્મબુદ્ધિથી પ્રેરાઈને તેઓ મહારાજને ઠપકો દેવાના ઉદ્દેશથી ભુજથી સહસા મેઘપુર આવ્યા. ત્યાં મહારાજને એકાંતમાં બોલાવીને એમણે કહ્યું: "મહારાજ! સત્સંગમાં આવા ફેલ ન ચાલે! સમાધિ તો યોગીઓનેય દુર્લભ છે; તે જેને તેને થાય એ વાત હું કેમ માનું?"* મહારાજ તો કરુણાના સાગર! નમ્રતાની મૂર્તિ! એમણે નમ્રતાથી કહ્યું: "સ્વામી! ભક્તો રામાનંદ સ્વામીનું ભજન કરે છે અને તેમને સમાધિ થાય છે. તમને વિશ્વાસ ન આવતો હોય તો આ સંતદાસજીને પૂછો." મુક્તાનંદ સ્વામીના શિષ્ય સંતદાસજી ત્યાં જ બેઠા હતા, મહારાજે તેમના સામે દૃષ્ટિ કરી ત્યાં તો સંતદાસજી સમાધિમાં ઊંડા ઊતરી ગયા. મહારાજે મુક્તમુનિને કહ્યું: "સ્વામી! તમે તો નાડીપરીક્ષા જાણો છો.

---

* 'મહારાજ દિયો પાખંડ મેલી, સત્સંગમાં ન થાવું ફેલી;
સમાધિ કાંઈ નથી સોયલી, મોટા યોગીને પણ દોયલી,
તે તો જેને તેને કેમ થાય, બીજા માને અમે ન મનાય.'
ભક્તચિંતામણિ– પ્રકરણ ૪૯.

સંતદાસજીની નાડી જુઓ ને ઊઠી શકે તો ઉઠાડો." મુક્તાનંદ સ્વામીએ નાડી જોઈ, ઘણા પ્રયત્ન કર્યા પણ સંતદાસજી તો મૃતપ્રાય થઈ ગયા હતા. મુક્તાનંદ સ્વામીએ પરવશપણે મહારાજ સામે જોયું. મહારાજે ચપટી વગાડી એટલામાં તો સંતદાસજી આંખો ચોળતા ઊભા થયા. સમાધિમાંથી ઊઠતાં જ એમણે મુક્તાનંદ સ્વામીને ચેતવ્યાઃ "સ્વામી! ભ્રમણામાં ન પડો, આ બેઠા એ મહારાજ પંડે જ ભગવાન છે– પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. અને રામાનંદ સ્વામી તો એમના સેવક માત્ર જ છે. મેં આ સમાધિમાં નજરોનજર નિહાળ્યું છે એટલે કહું છું. રામાનંદ સ્વામીએ મને સમાધિમાં કહ્યું પણ ખરું કે 'મુક્તાનંદને કહેજો કે કેમ માનતા નથી? અમારા શબ્દો ભૂલી ગયા?' આ સાંભળી મુક્તાનંદ સ્વામીનો ઉદ્વેગ વધી ગયો. તેમના મનનું સમાધાન કોઈ રીતે થતું નહોતું. મહારાજ એમના મુખભાવ જોઈને પામી ગયા કે સંતને હજી શ્રદ્ધા બેઠી નથી.

મેઘપુરથી મહારાજ અને સંતો કાલવાણી ગયા. ત્યાં રાત્રે સભા કરીને મહારાજે ઘણી વાતો કરી. સવારે વહેલા ઊઠીને મહારાજ સંત હરિભક્તો સાથે નદીએ નાહવા ગયા. મુક્તાનંદ સ્વામી પર્વતભાઈને સાથે લઈને નદી તરફ ગયા. નદીને આરે વસ્ત્ર બદલાવી પાણીની તુંબડી ભરીને મુક્તાનંદ સ્વામી ખાખરાના વનમાં બહિર્ભૂમિ જવા ચાલ્યા. રસ્તામાં ચાલતાં ચાલતાં મુક્તમુનિ ગુરુ રામાનંદજીને મનોમન પ્રાર્થના કરવા લાગ્યા કે 'હે રામાનંદ સ્વામી! તમે ભગવાન છો કે આ સહજાનંદ સ્વામી ભગવાન છે તે સંશય કૃપા કરીને મટાડો.'* થોડેક દૂર ગયા હશે ત્યાં તો મુક્તમુનિએ રામાનંદ સ્વામીને સામેથી આવતા જોયા. મુક્તાનંદજીએ તુંબડું બાજુએ મૂકી રામાનંદ સ્વામીને દંડવત્

* શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ- પૃ૦ ૨૦૯. (ભા-૧)

પ્રણામ કર્યા. રામાનંદ સ્વામીએ તેમને હાથ પકડીને ઊભા કરી કહ્યું: "મુક્તાનંદ! આટલા થોડા વખતમાં જ મારા શબ્દો ભુલાઈ ગયા? મેં નો'તું કહ્યું કે હું તો માત્ર ડુગડુગી વગાડનાર છું, ખરો ખેલ ભજવનાર તો હજી હવે આવશે. એ ખેલ ભજવનારા આવી પૂગ્યા ને તમે ઓળખી પણ ન શક્યા? આ સહજાનંદ સ્વામી જ સાક્ષાત્ ભગવાન છે, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે! સમાસ અર્થે એમણે મને ગુરુ બનાવ્યો હતો પણ હકીકતમાં તો હું એમનો એક સેવક માત્ર જ છું!" આટલું કહીને રામાનંદ સ્વામી અંતર્ધાન થઈ ગયા. ગુરુનાં અમૃત સરખાં કલ્યાણકારક વચનો સાંભળી મુક્તમુનિનો સંશય ટળી ગયો. એમની ભ્રમણા ભાંગી ગઈ ને એમના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. શ્રી સહજાનંદ સ્વામીનો મહિમા સમજાતાં એમનું હૈયું સહજ આનંદના હિલોળે ચડ્યું. આનંદના ઉમળકામાં એમનું અંતર ગાવા લાગ્યું:

**"ભ્રમણા ભાંગી રે હૈયાની, વાત કેને નથી રે કહ્યાની;**
**વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઈર્ષ્યા આણે."**

સ્વામી બહિર્ભૂમિ જઈને પાછા વળ્યા ત્યારે એમના પ્રફુલ્લિત મુખભાવ જોઈને જ મુક્તરાજ પર્વતભાઈ પામી ગયા કે મુક્તમુનિને ખાખરાના વનમાં જરૂર કોઈ પરચો મળ્યો લાગે છે!

પછી તો નદીમાં સ્નાન કરી સ્વામીએ ખાખરાના વનમાંથી પુષ્પો ચૂંટ્યાં અને પોતાની મેળે એનો હાર ગૂંથ્યો. ઉતારે આવી એમણે પહેલાં રામાનંદ સ્વામીનો ગાદી-તકિયો ઉતરાવ્યો, પછી મહારાજ પાસે આવી એમને હાથ પકડીને રામાનંદ સ્વામીની ગાદી ઉપર બેસાડ્યા. મહારાજ ના ના પાડતા રહ્યા તો યે સ્વામીએ પરાણે મહારાજને રામાનંદ સ્વામીની પાદુકા પહેરાવી. આજે એમની ભ્રમણા ભાંગી ગઈ હતી, એમને પરમ સત્ય

સમજાઈ ચૂક્યું હતું! પછી મુક્તમુનિ ગદ્‌ગદભાવે મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા કરતા બે હાથ જોડીને અશ્રુભરી આંખે પ્રાર્થના કરી કહેવા લાગ્યા: 'હે મહારાજ! મને જૂનાપણાના (Seniority) માનને કારણે તમારું વચન મનાયું નહિ,[૧] વળી તમારા સમાધિ પ્રકરણમાં પણ આસ્થા ન આવી! રામાનંદ સ્વામીમાં ભગવાનપણાની નિષ્ઠા હોવાથી આપને હું ઓળખી ન શક્યો. પ્રભુ! મારો અપરાધ ક્ષમા કરી મારી સેવા અંગીકાર કરો." ત્યારે મહારાજ કહે: "તમે હવે સમજ્યા?" મુક્તમુનિ મહારાજનાં ચરણોમાં માથું મૂકી બોલ્યા: "હા મહારાજ! જેમ છે તેમ મને હવે સમજાયું છે!" મહારાજ કહે: "ત્યારે તો ઠીક!" પછી સ્વામીએ ચંદનનો કટોરો લઈને મહારાજને કપાળમાં ચંદન ચર્ચી, પૂજા કરી, પુષ્પનો હાર પહેરાવ્યો તથા પાઘમાં પુષ્પના તોરાં ધરાવ્યાં ને ધૂપ દીપ કરી આરતીની તૈયારી કરી. મુક્તમુનિ એક કુશળ નૃત્યકાર હતા, આજે એમની કલાને સાર્થક કરવાનો અવસર સાંપડતાં સ્વામીએ પગમાં નૂપુર બાંધી નૃત્ય કરતા કરતા શ્રીહરિની પ્રગલ્ભ સ્વરે આરતી ઉતારી. નગારાં અને ઝાલરના ઘોષ વચ્ચે પણ મુક્તાનંદ સ્વામીનો મૃદુ સ્વર આરતીના કાવ્ય દ્વારા શ્રી સહજાનંદ સ્વામીનો ગૌરવવંત મહિમા ગાઈ રહ્યો:

**"જય સદ્‌ગુરુ સ્વામી.... પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી....**
**સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી...."**

આરતીના શબ્દે શબ્દે મુક્તમુનિના ભાવુક હૃદયની માહાત્મ્યજ્ઞાન-સહિત-ભક્તિ પ્રગટતી હતી. મહારાજે એમને પ્રગાઢ આલિંગન આપી અંતરના આશિષ આપ્યા.[૨]

૧. શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ- વાત ૧૦૧, પૃ. ૨૧૧ (ભા-૧)

૨. શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર -લે.: બ્ર. આત્માનંદ સ્વામી (વડતાલ) પૃ. ૩૭૭ (વાત-૨૫૯)

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ શીઘ્ર આરતીનું આ કાવ્ય રચીને સંપ્રદાયને એક અમર પ્રશસ્તિ કાવ્યનું પ્રદાન કર્યું છે, જે નિત્ય પ્રત્યેક સ્વામિનારાયણ મંદિરમાં ત્યારથી ગવાય છે અને સદાકાળ ગવાતું રહેશે.

કાવ્યકૃતિ :

**જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;**
**સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી.... જય૦ ટેક**
**ચરણસરોજ તમારાં વંદું કર જોડી;**
**ચરણે શિશ ધર્યાથી દુ:ખ નાખ્યાં તોડી.... જય૦ ૧**
**નારાયણ નરભ્રાતા દ્વિજકુળ તનુ ધારી;**
**પામર પતિત ઉધાર્યા અગણિત નરનારી.... જય૦ ૨**
**નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી;**
**અડસઠ તીરથ ચરણે કોટિ ગયા કાશી.... જય૦ ૩**
**પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે;**
**કાળકર્મથી છૂટી કુટુંબ સહિત તરશે.... જય૦ ૪**
**આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી;**
**મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી.... જય૦ ૫**

**આસ્વાદ :**

અશ્રદ્ધાને સ્થાને જે શ્રદ્ધા પ્રગટ કરે છે તેનાં મૂળ ખૂબ ઊંડા હોય છે. સંશયના સમાધાન પછીની શ્રદ્ધા જ શાશ્વતગામિની હોય છે. મનનો આ મૂળગત સ્વભાવ છે. મુક્તાનંદ સ્વામીના અંતરમાં સંશયનું સમાધાન થતાં શ્રદ્ધાએ જે રૂપ ધર્યું એ સત્સંગમાં ઉદાહરણરૂપ બની ગયું.

એકવાર શ્રીજીમહારાજે પોતાનો રૂમાલ બતાવીને મુક્તાનંદ સ્વામીને પૂછ્યું: "સ્વામી! આ શું છે?" "મહારાજ! એ રૂમાલ છે." બે હાથ જોડીને મુક્તમુનિએ જવાબ આપ્યો. "સ્વામી! આ રૂમાલ ક્યાં છે? આ તો તલવાર છે." મહારાજે કહ્યું.

"હા પ્રભુ! એ તલવાર છે." મુક્તમુનિએ ફરી હાથ જોડીને શ્રીહરિની વાતને અનુમોદન આપતાં કહ્યું.

સભામાં પાછળ બેઠેલા સુરાખાચર ઇત્યાદિ હરિભક્તો આ સાંભળીને હસવા લાગ્યા. એટલે મહારાજ પણ મુખ આડો રૂમાલ દઈને હસતાં હસતાં કહે "સ્વામી! આ બધા તમારા ઉપર હસે છે. તમે રૂમાલને તલવાર કેમ કહો છો?" મુક્તાનંદ સ્વામી તો નિર્માનીપણાની મૂર્તિ હતા, એમણે નમ્રતાથી કહ્યું: "મહારાજ! સાધન ગમે તે હોય એની પાછળનું સંકલ્પબળ જ કામ કરે છે ને? આપ ઇચ્છો તો આપના રૂમાલના સપાટાથી પણ ભલભલાનાં મસ્તક પડી જાય. રૂમાલ તલવારનું કામ કરે તો એને તલવાર કહેવામાં શો વાંધો?"

મુક્તમુનિનો આ ઉત્તર સાંભળીને આખી સભા દંગ થઈ ગઈ.* આવી દૃઢ શ્રદ્ધા સહજભાવે પ્રગટે ત્યારે જ મન પ્રભુની આરતી ગાવા તત્પર બને છે.

પ્રસ્તુત આરતીનું કાવ્ય એ મુક્તાનંદ સ્વામીના આરતભર્યા અંતરની મીઠી અભિવ્યક્તિ છે. એમાં શબ્દે શબ્દે કવિ પ્રગટ પરબ્રહ્મ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનો મહિમા મર્મભરી વાણીમાં ગાય છે. ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનો જયજયકાર કરતાં કવિ કહે છે: "હે સદ્‌ગુરુ સ્વામી! આપનો સદાય જય હો! આપ તો દયાના સાગર છો, બળવંત છો. આપની શક્તિ-આપનું ઐશ્વર્ય અમાપ છે, અસીમ છે. પ્રભુ!

* શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ- વાત-૨૧૪

આપ બહુનામી છો. આપની જીવનલીલાના વિવિધ સોપાને આપે વિવિધ નામ ધારણ કર્યાં છે જેવાં કે, બાલ્યકાળમાં ઘનશ્યામ, હરિકૃષ્ણ, વનવિચરણ દરમિયાન નીલકંઠવર્ણી, ત્યાર બાદ સરજુદાસ; ગુરુ પાસે દીક્ષા લીધા બાદ સહજાનંદ અને નારાયણમુનિ ઇત્યાદિ નામો દ્વારા આપ યશસ્વી છો! તેથી આ વિશ્વ આપને દયાળુ તથા બહુનામી નામે આરાધે છે એ યથાર્થ જ છે. આપ આ પૃથ્વી પર પધાર્યા ત્યારથી આપે જે નિત્ય નવીન લીલા ચરિત્રો આચર્યાં તેના સ્તવન માત્રથી અગણિત જીવોનું વગર આયાસે આત્યંતિક કલ્યાણ થઈ ગયું, એવો આપનો અપરંપાર મહિમા સમજીને હું આપના ચરણારવિંદને બે હાથ જોડીને વારંવાર વંદન કરું છું. આપનાં ચરણોમાં- આપના સ્વરૂપમાં ચિત્તના આમૂલ આરોપણથી આધિ, વ્યાધિ ને ઉપાધિ ઇત્યાદિ સમગ્ર દુ:ખમાત્રની નિવૃત્તિ થઈ જાય છે. આપનું શરણ સ્વીકારતાં જ જન્મમરણના બંધનરૂપ સઘળાં દુ:ખ ટળી જાય છે."

કવિ શ્રીજી માટે 'નારાયણ' અને 'નરભ્રાતા' એ બે નામ અહીં પ્રયોજે છે એ યથાર્થ જ છે! શ્રીજીમહારાજ સદાય સંતોના સમૂહમાં રહેતા. ભગવાનને સંતપુરુષો બહુ વહાલા છે. નાર એટલે સંતોનો સમૂહ, એની વચ્ચે રહેનારા એ નારાયણ! ભગવાન સદાય દુ:ખમાં, ચિંતામાં, આરતમાં ભક્તની (નરની) પડખે રહે છે તેથી એમને કવિ 'નરભ્રાતા' કહે છે. મુક્તમુનિ પ્રભુની મહિમા પ્રશસ્તિ ગાતા કહે છે: "હે નારાયણ! આપે દ્વિજકુળમાં-ધર્મકુળમાં જન્મ ધરીને આ ધરાના અપરંપાર પામર પતિત જીવોનું કલ્યાણ કર્યું છે. હે અવિનાશી! આપની લીલા મને નિત્ય નવીન લાગે છે, એનું ચિંતવન કરતાં એમાંથી પ્રતિદિન-પ્રતિક્ષણ નવીન આનંદ નીપજે છે. સકલ તીર્થયાત્રાનું ફળ એકમાત્ર આપનાં ચરણોની સેવાથી

જ ભક્તજનોને પ્રાપ્ત થઈ શકે છે. કરોડોવાર કાશી ગયાનું પુણ્યફળ આપનાં દર્શન માત્રથી જ મળી જાય છે, એવો અપરંપાર આપનો મહિમા છે! આપ પ્રગટ પુરુષોત્તમરૂપે પૂર્ણ કળાએ, શીતળ સુખના દયાવંત દાતારૂપે પ્રકાશ્યા છો તેથી આપના જે કોઈ જીવ દર્શન કરશે તે કાળ અને કર્મનાં બંધનોમાંથી મુક્ત થઈને પોતાના પરિવાર સહિત સંસાર સાગર તરી જશે."

સમગ્ર આરતીના હાર્દ રૂપ અંતિમ બે પંક્તિઓ કવિ મર્મસ્પર્શી વેધ કરતા ગાય છેઃ

**'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી;**
**મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી.'**

"હે સદ્‌ગુરુ સ્વામી સહજાનંદ! અદ્યાપિ આ પૃથ્વી ઉપર આપના સંકલ્પથી પ્રગટ થયેલા અનેક અવતારો આવ્યા, પણ એ સર્વે આત્યંતિક કલ્યાણ કરવાને અસમર્થ હોવાથી આ સમયે આપે કૃપા કરીને વ્યતિરેક સ્વરૂપે સ્વયં પધારીને અપાર કરુણા કરી છે. કારણ કે આપશ્રી વિના આપના અક્ષરાતીત સ્વરૂપનું સર્વોચ્ચ જ્ઞાન સમજાવવા કોઈ સમર્થ નથી.* આપે એ દુર્લભ જ્ઞાન સમાધિ દ્વારા ક્ષણમાત્રમાં અનુભૂત કરાવી અસંખ્ય જીવોને આપના દિવ્ય સુખની પ્રાપ્તિ કરાવી છે. પ્રભુ! આપે આ વેળાએ આવો કરુણાનો શીતળ સાગર રેલાવીને 'મુક્તિ' જે ખૂબ દુર્લભ હતી તેને સુગમ કરી દીધી છે." સ્વામિનારાયણ સંપ્રદાયમાં અક્ષરધામ સ્થિત ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક સ્વરૂપમાં રસબસ રહીને દિવ્યાનંદમાં નિમગ્ન રહેવું એને 'મુક્તિ' માનવામાં આવી છે. આવી મુક્તિ જે ઋષિ-મુનિઓ તથા તપસ્વીઓને પણ અતિ દુષ્કર છે તે ભગવાન શ્રી સ્વામિનારાયણે એમના અનન્ય આશ્રિત ભક્તજનોને માટે સરળ રીતે પ્રાપ્ય કરી

* શ્રીજીમહારાજે 'વચનામૃત'માં પોતાના અક્ષરાતીત સ્વરૂપનું જ્ઞાન સમજાવ્યું છે.

છે! એટલે જ કવિ પંક્તિએ પંક્તિએ ભગવાન સ્વામિનારાયણનો અપાર મહિમા ગાઈને તેમનો જયજયકાર કરે છે.

આરતી એ સમૂહગીત હોવાથી એ કર્ણપ્રિય નીવડે એ દૃષ્ટિએ કવિએ એમાં પ્રાસ, રવમાધુર્ય અને ગેયતા પર વિશેષ લક્ષ્ય આપ્યું છે. સંપ્રદાયમાં આ આરતી નિત્ય મંદિરમાં ધામધૂમથી ગવાય છે. એ સમયે જામતા મંગલમય વાતાવરણના અવિસ્મરણીય દર્શનનો ઉલ્લેખ કરતાં મહાકવિ ન્હાનાલાલ લખે છે: "…..અને ત્રીજું અણલોપાતું દર્શન છે એ સંપ્રદાયની સાયં આરતીનું, વૃન્દપૂજાનું એવું કવિતાસોહામણું ભવ્ય દર્શન અન્યત્ર દીઠું નથી."* મુક્તાનંદ સ્વામી રચિત આ આરતી એ સ્વામિનારાયણ સંપ્રદાયનું શાશ્વત ગીત છે!

* શિક્ષાપત્રી સમશ્લોકી પ્રસ્તાવના. પૃ. ૧૭-૧૮



પ્રેમસખીના પ્રેમાર્દ્ર અંતરમાંથી સહજભાવે પ્રગટેલી વંદના 'વંદુ સહજાનંદ રસરૂપ' સાંભળીને શ્રીહરિએ સ્વયં ભરી સભામાં એ સંતના ભરપેટ વખાણ કરતાં કહેલું કે "જેને આવી રીતે નિરંતર પ્રભુ સ્મરણ રહેતું હોય એ સંત તથા એના માતા-પિતા ધન્ય છે....ને એમને તો ઊઠીને દંડવત્ પ્રણામ કરવાનું મન થાય છે." આમ આવા ભક્તની મહત્તા ક્યારેક ભગવાન પણ ગાય છે.

# ૨. વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સાર ને રે....

સં. ૧૮૮૦ની સાલની વાત છે. માઘ માસના કૃષ્ણ પક્ષની તેરસનો દિવસ હતો. ગઢડામાં શ્રીજીમહારાજ પ્રાતઃકાળે સ્નાનાદિ નિત્યકર્મ પતાવીને દાદાખાચરના દરબારમાં વાસુદેવનારાયણના ઓરડા પાસે સભા કરીને બિરાજમાન થયા હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી ઇત્યાદિ સંતો તથા દાદાખાચર, સુરાખાચર, પર્વતભાઈ વગેરે હરિભક્તો સભામાં બેઠા હતા. એ વખતે જોગાનુજોગ શંખલપુરનો વિજયશંકર નામનો એક બ્રાહ્મણ દેવીભક્ત ત્યાં આવી ચડ્યો. એણે કપાળે સિંદૂરની આડ કરી હતી, હાથમાં ત્રિશૂળ રાખ્યું હતું અને માથે લાલ રંગનો રૂમાલ બાંધ્યો હતો. દૂરથી જ દંડવત્ પ્રણામ કરતો કરતો એ મહારાજ પાસે આવ્યો. પછી મહારાજની સન્મુખ આસન જમાવતાં એ બોલ્યોઃ "હે સહજાનંદ સ્વામી! આપ તો ભગવાન છો. આપ જો આજ્ઞા આપો તો માતાજીનો એક ગરબો આપને ગાઈ સંભળાવું."

મહારાજે એનો ભાવ જોઈ હસતાં હસતાં કહ્યુંઃ "ભલે સંભળાવો."

માઈભક્તે તો મહારાજની આજ્ઞા મળતાં જ લહેકા સાથે ગાવા માંડ્યુંઃ

'મા તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ.
મા તારે ડુંગરડે ચડવું તે, અતિ ઘણું દોહ્યલું રે લોલ.'

દેવીભક્ત ખૂબ ભાવથી ગાઈ રહ્યો હતોઃ

'માડી તારા મુખની મરોડતા જોઈ,
લોભાણું મુખ ચંદા તણું રે લોલ.

માડી તારું મુખડું જોવાને કાજ,
આવે છે કુંવર નંદનો રે લોલ.'

એની ગાવાની હલકથી, ગરબાના ઢાળથી મહારાજ પ્રસન્ન થયા અને તેને શિરપાવ અપાવ્યો. મહારાજને ફરી દંડવત્ પ્રણામ કરીને તે ગયો. પછી મહારાજે સૂચક નજરે સભામાં બેઠેલા પ્રેમાનંદ સ્વામી તરફ જોતાં કહ્યું: 'સ્વામી! કેવો લાગ્યો ગરબો? ઢાળ બહુ સુંદર છે, નહિ? એના રચનારે બહુ ભાવથી એમાં દેવીનો મહિમા ને એના સ્વરૂપનું વર્ણન કર્યું છે. આવું કંઈક રચવું જોઈએ!"

પ્રેમાનંદ સ્વામી મહારાજના કહેવાનું તાત્પર્ય સમજી ગયા. તેરસની રાત્રે જ પ્રેમસખીએ શ્રીહરિની પ્રત્યક્ષ પ્રેરણા ઝીલીને, એમની મૂર્તિમાં તલ્લીન બનીને 'વંદુ સહજાનંદ રસરૂપ' એ 'ધ્યાનની ગરબી'ની રચના કરી નાખી.

બીજે દિવસે એટલે કે સં. ૧૮૮૦ના મહાવદી ચૌદશને શિવરાત્રિને દિવસે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને તુલસીની નવી શ્વેત કંઠીઓ કંઠમાં પહેરી હતી તથા પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદ આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. એ સભામાં શ્રીજીમહારાજે કીર્તન ગાવાની આજ્ઞા કરી એટલે પ્રેમાનંદ સ્વામી ઊભા થયા. એમના હાથમાં સારંગી હતી. એમણે મહારાજને વંદન કરીને ગરબી ઉપાડી:

**'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સાર ને રે લોલ;**
**જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પાર ને રે લોલ.'**

સૌ પ્રથમ શ્રીહરિની વંદના કરી પ્રેમસખી ધીરે ધીરે શ્રીજીમહારાજના અંગોની શોભાનું બહુ બારીકાઈથી વર્ણન કરતા

ગયા. મહારાજના નખશિખ સ્વરૂપનું ધ્યાન સહેજે થાય એ રીતે સ્વામી માહાત્મ્યજ્ઞાન સહિત ભાવપૂર્વક એક પછી એક પદ ગાતા ગયા. સાંભળનાર સર્વે એ રસિક રૂપનિરૂપણનું શ્રવણ કરતા કરતા અલૌકિક પ્રેમની રસ-સમાધિમાં લીન થઈ ગયા. સૌને થયું કે અમે તો રોજ દર્શન કરીએ છીએ પણ પ્રેમાનંદે પ્રભુને જે રીતે નિહાળ્યા છે તે રીતે અમે ક્યારેય અવલોક્યા નથી. પ્રેમસખીએ તો સાચે જ પ્રભુને નીરખીને નેણાંમાં ઉતારી લીધા છે, હૃદયમાં સંઘરી લીધા છે. એકેક કરતાં આઠ પદ પૂરાં થતાં મહારાજે એમને બિરદાવ્યા ત્યારે સભામાં આનંદની હેલી ઊતરી આવી. સૌ એકી અવાજે બોલી ઊઠ્યાઃ 'સહજાનંદ સ્વામી મહારાજની જય!'

આશીર્વાદનો વરદ હસ્ત સભાની સામે ધરીને મહારાજે કહ્યુંઃ "બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ અને જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થાતું હોય ને એવી વાસનાએ યુક્ત જો દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં આવવું પડે જ નહિ અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ એ પરમપદને પામ્યો જ છે... અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી." આજે તો મહારાજ પ્રેમાનંદ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા હતા, તેથી 'પ્રેમસખી' સામે જોઈ મહારાજ વળી આગળ બોલ્યાઃ "જેને એ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ ને માયાના પાશ થકી મુકાણો છે અને જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો તેનાં માબાપ પણ કૃતાર્થ થયાં જાણવાં.*

* વચનામૃત : ગ. મ. પ્ર. ૪૮

કાવ્યકૃતિઃ

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ. ૧
સમરું પ્રગટરૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ત્રમુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ. ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ. ૪

આસ્વાદ :

પ્રેમસખી પ્રેમાનંદે 'ધ્યાનના અંગની આ ગરબી' શ્રી સહજાનંદ સ્વામીના વ્યક્તિત્વની પ્રત્યક્ષ પ્રેરણા ઝીલીને રચી છે. કવિએ પોતાના ઇષ્ટ આરાધ્ય ભગવાન સ્વામિનારાયણની રસિક રૂપમાધુરીમાં રસલીન બનીને, હૈયામાં સાકાર થતા ઉત્કટ સ્નેહ તેમજ વિવિધ ભાવસંવેદનોની પરંપરા આ રસાત્મક પદમાળામાં અભિવ્યક્ત કરી છે. આ પદમાળા સાંભળીને અત્યંત પ્રસન્નપણે શ્રીજીમહારાજે ભરી સભામાં કવિને બિરદાવતાં કહેલું કે "બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ." (વચનામૃત ગ. મ. પ્ર. ૪૮) સ્વયં ભગવાન ઊઠીને ભક્તને દંડવત્ પ્રણામ કરવાનું વિચારે ત્યારે ભક્તની પ્રેમલક્ષણા ભક્તિની પરાકાષ્ઠા આવી જાય છે.

પ્રસ્તુત પદાવલિમાં સ્વેષ્ટ સ્વામી સહજાનંદજીના અનુપમ અંગોપાંગનું રસિક રૂપનિરૂપણ કવિએ એવી ખૂબીથી કર્યું છે કે

એમાં ઊર્મિનું સાતત્ય એવું તો અનુભવાય છે કે સાંભળતાં જ દિવ્યરસમાં રસલીન થઈ જવાય!

**'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.'**

કવિ સૌ પ્રથમ શ્રી સહજાનંદ મહાપ્રભુજીને વંદના કરે છે. એ સહજાનંદ પ્રભુ કેવા છે? તો કવિ કહે છે, એ સહજાનંદ રસરૂપ છે, આસ્વાદ્ય છે. ઉપનિષદો જેને रसो वै सः। કહે છે તે જ આ પરમાત્મા છે. સર્વે રસ પરમાત્માની મૂર્તિમાં સમાયેલા છે. ભગવાનની મૂર્તિ અનુપમ છે. સંસારભરમાં એવું કોઈ રૂપ નથી જેની સાથે એ મૂર્તિની શોભાને સરખાવી શકાય. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિના સારરૂપે પરમાત્માની પ્રાપ્તિ થાય છે, પરમાત્મા સારરૂપ છે. આવા રસરૂપ, અનુપમ સારરૂપ પ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને ભજતાં અજ્ઞાનરૂપ આવરણ આપોઆપ ટળી જતાં જીવ ભવસાગર તરી જાય છે. કારણ શરીરરૂપ માયા વજ્રસાર જેવી છે, જીવમાં રસાયેલો એ અનાદિનો ફાંસો છે. પરમાત્માના સ્વરૂપ ધ્યાનથી આ અજ્ઞાનમય કારણદેહ બળીને ભસ્મસાત્ થઈ જાય છે! અને એ જ મુક્તિનું પ્રથમ સોપાન છે. અનાદિની અજ્ઞાનતા ટળતાં જીવ બ્રહ્મરૂપે પરબ્રહ્મની ભક્તિ કરી મોક્ષના પંથે વળે છે.

સહજાનંદ પ્રભુ પ્રગટ સુખના ધામરૂપ છે. 'સુખ'ની સાચી વ્યાખ્યા હજી સુધી તો આ સંસારમાં સમજવામાં નથી આવી. કારણ કે સંસારનાં સુખો હકીકતમાં ઇચ્છાપૂર્તિ સિવાય કાંઈ નથી. અહીં 'એ સુખ'ની વાત નથી. આ તો શાશ્વત દિવ્ય સુખની વાત છે. પરંતુ એ સુખ જેણે પણ ભોગવ્યું છે યા ચાખ્યું છે એની વાણી મૌનના મહાસાગરમાં ખોવાઈ ગઈ છે. પરિણામે એ 'સુખ'ની કલ્પના પણ કલ્પનાતીત છે. આવા પ્રગટ સુખધામરૂપ પ્રભુના અનુપમ નામને સ્મરીને શંકર, બ્રહ્માદિક મોટા દેવો પણ

નિષ્કામ થાય છે. એ હરિ તો અક્ષરબ્રહ્મના પણ આધારરૂપ છે, એનો પાર કોઈ પામી શકતું નથી. ભગવાન સ્વામિનારાયણનો મહિમા અપાર છે, અગાધ છે. પોતાના સહસ્ત્ર મુખથી સદાકાળ શેષજી એમનો મહિમા ગાય છે, છતાંય એનો અંત ક્યારેય આવતો નથી અને આવશે પણ નહિ. તેથી જ વેદાંત એમને માટે नेति नेति- न इति न इति એ આ નહિ -આ નહિ એમ કહીને જ અટકી જાય છે. ભગવાનની મહત્તાનો તાગ મેળવવો એ આકાશના અંતનો તાગ મેળવવા બરાબર છે. છતાંય એવા પ્રગટ સુખધામરૂપ પ્રભુ ભક્તવત્સલ બનીને કૃપા કરી પૃથ્વી ઉપર મનુષ્યરૂપે અવતરી સહજાનંદરૂપે સત્સંગમાં સાંપડ્યા છે એ એમની કરુણાનો આવિષ્કાર છે! પ્રેમસખી ભગવાન શ્રી સહજાનંદ પ્રભુના સુંદર અનુપમ મનુષ્યદેહ સ્વરૂપના પ્રત્યેક અંગોપાંગનું રસિક રૂપનિરૂપણ કરતાં પહેલાં એ પ્રભુના જુગલ ચરણમાં વંદના કરી ગદ્‌ગદ કંઠે પ્રભુને પ્રાર્થના કરે છે કે "હે નાથ! આપનું નખશિખ સ્વરૂપ સદાય મારા અંતરમાં રમી રહો!"

આ પદમાં કવિની પ્રેમલક્ષણા ભક્તિની પ્રબળ ભાવોર્મિનો ઉત્કટ આવિષ્કાર થયો છે, તેથી એમાં મૂળગત પ્રણયસભર દીપ્તિ સહેજે અનુભવાય છે. અહીં ભક્તિ શૃંગારની પોતાની માર્મિક અનુભૂતિ કવિએ કુશળતાથી દર્શાવી છે. પ્રત્યેક પંક્તિને છેડે સમૂહમાં ગાવાને અનુકૂળ ગેયતાવર્ધક શબ્દ 'લોલ' મૂકીને કવિએ પદમાળામાં લય, માધુર્ય અને રંજકતાનો સમન્વય સાધ્યો છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રત્યેક મંદિરમાં સંધ્યા આરતી બાદ પ્રેમાનંદ સ્વામી રચિત પ્રભુની 'સ્વાભાવિક ચેષ્ટા'નાં પદો ગવાય છે. પ્રભુની સ્વાભાવિક ચેષ્ટાઓ યાને નિત્યના લીલા ચરિત્રો સંભારવાથી મન નિર્મળ બને છે. મનની શાંતિ અને

અંતઃકરણની શુદ્ધિ વિના ધ્યાનનું સુખ આવતું નથી. 'સ્વાભાવિક ચેષ્ટા'ના ગાનને અંતે થોડીવાર ધ્યાન કર્યા બાદ એના અનુસંધાનમાં 'વંદુ સહજાનંદ રસરૂપ' એ ધ્યાનની ગરબી ગાવામાં આવે છે. એમાં વર્ણવેલા શ્રીહરિના નખશિખ સ્વરૂપનિરૂપણથી મન એ સુખધામરૂપ સ્વરૂપમાં રસલીન બને છે અને એ જ સ્વામિનારાયણ સંપ્રદાયની આધ્યાત્મિક સાધનાનો પાયો છે.



જે વિરલ ક્ષણે અંતર પ્રભુને ઓળખે છે, એ ક્ષણ પણ ધન્ય થઈ જાય છે! આવી કોઈક વિરલ ઘડીએ સહજાનંદને નીરખતાં અંતરમાં વ્યાપેલા આનંદને રાજકવિ લાડુદાને કાવ્યમાં તો કથિત કરી નાંખ્યો, તેમ છતાંય એ આનંદ તો અવર્ણનીય જ રહ્યો!

## ૩. ધન્ય આજની ઘડી રે, ધન્ય આજની ઘડી...

"આવો આવો લાડુદાનજી!" ગઢડામાં એભલ ખાચરના દરબારગઢમાં લીંબતરુ નીચે બેઠેલા સ્વામી શ્રી સહજાનંદજી મહારાજે ભાવનગરથી વજેસિંહ બાપુનું રાજસન્માન પામીને આવેલા રાજકવિ લાડુદાનજીને ઉષ્માભર્યો આવકાર આપતાં કહ્યું અને પછી પોતાના ગળામાં પહેરેલો ગુલાબનો હાર તેમને પહેરાવ્યો. ગઢડા આવતા માર્ગમાં કરેલા પોતાના સંકલ્પ સત્ય થતા જોઈને લાડુદાનજીને એમ લાગવા માંડ્યું કે આ તો સાગરનો તાગ લેવા નીકળેલી મીઠાની ભરેલી કોથળી સાગરના પાણીમાં ઓગળતી જાય છે!

લાડુદાનજીની કવિત્ત્વશક્તિથી પ્રભાવિત થઈને ભાવનગરના મહારાજા વજેસિંહજીએ કવિનું રાજસન્માન કર્યું હતું. કવિને માટે સુવર્ણ આભૂષણો બનાવવાનાં હતાં, તેથી રાજુલાવાળા નાગદાન સોનીને મહારાજાએ બોલાવ્યા. સોની સત્સંગી હતા અને તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયનું ઊર્ધ્વપુંડ્ર તિલક કુમકુમના ચાંલ્લા સહિત કર્યું હતું. આ નવીન તિલક જોઈને કવિને આશ્ચર્ય થયું. તેમણે સોનીને પૂછી નાખ્યું: "મહાજન! આ વળી કયા સંપ્રદાયનું ટીલું કર્યું છે?" મહાજને નમ્રતાથી જવાબ વાળ્યો "કવિરાજ! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્યરૂપે પ્રગટ થયા છે. હું એમનો આશ્રિત છું." આ સાંભળી લાડુદાનજી કહે "આવા તો વિશ્વમાં કેટલાંય ધતિંગ ચાલે છે. અમે ચારણ એમ ખાતરી કર્યા વિના લોલેલોલ કરીને કોઈને ભગવાન ન માની લઈએ." તે વખતે વજેસિંહ મહારાજે પણ તેમાં સૂર પુરાવતાં કહ્યું: "કવિરાજ! અમારા રાજ્યમાં આ તરફ સણોસરથી આથમણી દિશામાં સાત ગાઉ છેટે

ગઢડા ગામ છે ત્યાં આ સ્વામીનો મુકામ છે, તમે ત્યાં જઈને ખાતરી કરી આવો કે ખરેખર ભગવાન છે કે ધતિંગ છે?" કવિ તરત જ ઉત્સાહમાં આવી જઈ બોલ્યા: "ભલે બાપુ! હું ગઢડા જઈ પાકી ખાતરી કરી ત્રણ દિ'માં પાછો આવું છું. પણ જો સાચું હશે તો શેષ જીવન ત્યાં જ વિતાવીશ."

મહાકવિરાજ સભામાંથી ઊઠી ગઢડા જવા તૈયાર થયા ત્યારે વૃદ્ધ સોની ભક્ત મર્મમાં બોલ્યા કે "કવિરાજ! એક કહેવત છે કે મીઠાની કોથળી સમુદ્રનો તાગ લેવા જાય તો તે પાછી આવે ખરી? સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે. માટે સમાગમ કરજો, ઓળખજો અને પછી આ ઘરડા સોનીને યાદ કરજો."

કવિરાજ કહે: "એ તો ખરે ખબર પડશે!"

લાડુદાન ગઢડા જવા ઊપડ્યા ત્યારે તેમના મામા અભયદાનજી* તેમને મળવા રાજસ્થાનથી આવ્યા હતા, તેમને પણ કવિએ પોતાની સાથે લીધા. ગઢડાના પાદરમાં લાડુદાને ચાર સંકલ્પ કર્યા.

(૧) જો સ્વામિનારાયણ ભગવાન હોય તો હું એમની પાસે જાઉં ત્યારે મારી આજ સુધીની જીવનકથની કહી સંભળાવે.

(૨) એમનાં ચરણોમાં સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણેનાં સોળ ચિહ્નો હોવા જોઈએ.

(૩) અત્યારે ગુલાબની મોસમ નથી છતાં હું જાઉં ત્યારે એમણે ગુલાબનો હાર પહેર્યો હોય અને તે મને પહેરાવે.

(૪) વળી હું જાઉં ત્યારે કાળા કામળા પર શ્રીમદ્ ભાગવતનું પુસ્તક પૂર્વાભિમુખ બેસી વાંચતા હોય. આ સંકલ્પો સાચાં પડે તો ભગવાન માનવા.

* વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવે લાડુદાનને વડોદરા રાજના રાજકવિ તરીકે રાખવા માટે માનપૂર્વક આમંત્રણ આપ્યું હતું, તે સંદેશો લઈને તેમના મામા અભયદાનજી આવ્યા હતા.

ગઢડામાં એભલ ખાચરના દરબારમાં પ્રવેશતાં જ કવિરાજના સંકલ્પ એક પછી એક સત્ય થવા લાગ્યા. કવિએ જોયું કે કાળા કામળા પર રાખેલું ભાગવતનું પુસ્તક વંચાતું હતું. લાડુદાનને જોતાં જ તેમનું નામ લઈને મીઠો આવકાર આપીને શ્રી સહજાનંદ સ્વામીએ પોતે પહેરેલો ગુલાબનો હાર કવિને પહેરાવ્યો. પછી કવિને પોતાની પાસે બેસાડીને શ્રીહરિએ એભલબાપુને કહ્યું: "બાપુ! આ લાડુદાનજી બહુ મોટા રાજકવિ છે. કચ્છમાં ચૌદ વર્ષ રહીને પિંગળ શીખી એ ઉત્તમ કવિ બન્યા છે. ત્યારબાદ તેઓ ત્યાંના મહારાવનો સરપાવ પામ્યા. ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ અને ભાવનગરના રાજવીઓને પણ તેમની કાવ્યશક્તિથી તેમણે મુગ્ધ કરી દીધા છે. હાલમાં તેઓ ભાવનગરથી આવ્યા છે. વજેસિંહબાપુએ એમને મોકલ્યા છે. માટે રાજવીને છાજે તેવી રીતે તેમની બરદાસ્ત કરજો." લાડુદાનજી તો સ્થિર હૈયે આ બધું સાંભળી રહ્યા. શ્રીહરિની નયનરમ્ય મૂર્તિના અનિમેષ નેત્રે એ દર્શન કરી રહ્યા. થોડીવારે શ્રીજીએ તકિયે અઢિંગણ દઈને બેસતાં પોતાના બન્ને ચરણ પ્રસાર્યા. ત્યારે કવિરાજે પ્રભુનાં બંને ચરણો બહુ બારીકાઈથી નીરખ્યાં. બન્ને ચરણોમાં સોળ ચિહ્નો બહુ સ્પષ્ટ દેખાતાં હતાં. કવિના અંતરમાં પ્રકાશ થઈ ગયો. માતાના ગર્ભમાં હતા ત્યારથી અત્યાર સુધી પોતાના દૃષ્ટિપથમાં જે દિવ્ય પ્રતિમા નિરંતર દેખાયા કરતી તે જ આ પ્રગટ સ્વામિનારાયણ પ્રભુ છે, એવો અંતરમાં નિશ્ચય થતાં કવિના હૈયામાં ધન્યભાવ વ્યાપી ગયો. એમના અંતરની આંખ સહજાનંદને નિહાળીને ઠરી અને એ સાથે જ એમનું કવિ હૃદય ગાઈ ઊઠ્યું:

**'આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;**
**મેં નીરખ્યા, સહજાનંદ, ધન્ય આજની ઘડી.'**

કવિનું દેહાભિમાન ઓગળી ગયું. સહજાનંદના સ્વરૂપમાં ચિત્ત સમાધિસ્થ થઈ ગયું. રમણીય ઘડીની ધન્યતાનું એ ગાન હતું. એ

ગાન ગાતા, 'લાડુ સહજાનંદ નીરખતાં ઠરી આંખડી' એ અંતિમ પંક્તિ તો સહજાનંદ સ્વામી સામે જોઈ ઊંચો સ્વર કરી કરીને વારે વારે પોકારી કવિએ પ્રેમની ઉત્કટ ઊર્મિ ઠાલવી. લાંબા કાળના વિયોગ પછી પ્રિયજનની પ્રાપ્તિ થાય તે સમયના જેવો હર્ષોન્માદ કવિના હૃદયનો જોઈ ત્યાં બેઠેલા સર્વજનો આશ્ચર્યથી ચકિત થઈ ગયા. પછી તો એમણે ગદ્‌ગદ કંઠે પ્રભુનું પૂજન કર્યું અને એમનો અનન્ય આશ્રય કરી સાધુ થયા. મહારાજે પહેલાં એમનું નામ શ્રીરંગદાસજી પાડેલું, પણ એકવાર સ્વામીનું બ્રહ્મમસ્ત ભક્તકવિરૂપ જોઈને શ્રીજી બોલી ઊઠ્યા: "વાહ બ્રહ્માનંદ! તમે તો ખૂબ જ બ્રહ્મનો આનંદ માણો છો." ત્યારથી કવિનું નામ 'શ્રીરંગ'માંથી 'બ્રહ્માનંદ' થયું. કવિને પણ એ નામ કાવ્યાન્તે છંદરચનામાં ગોઠવવામાં અનુકૂળ આવવાથી વધુ સ્વીકાર્ય લાગ્યું.*

કાવ્યકૃતિ : (રાગ: ખમાચ)

**આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;**
**મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી... ટેક**
**કામ ક્રોધ ને લોભ વિષે, રસ ન શકે નડી;**
**શ્રીહરિજીની મૂર્તિ, મારા હૃદયમાં ખડી રે... ધન્ય૦ ૧**
**જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;**
**સદ્‌ગુરુની દૃષ્ટિ થાતાં, વસ્તુ એ જડી રે... ધન્ય૦ ૨**
**ચોરાસી ચહુ ખાણમાં, હું તો થાક્યો આથડી;**
**અંતર હરિ શું એકતા તારે, દુગ્ધા દૂર પડી રે... ધન્ય૦ ૩**
**જ્ઞાન કૂંચી ગુરુ ગમસે, ગયાં તાળાં ઉઘડી;**
**લાડુ સહજાનંદ નીરખતાં, ઠરી આંખડી રે... ધન્ય૦ ૪**

* સંદર્ભ : શ્રી બ્રહ્મસંહિતા. (પ્ર. ૩, અ-૨)

આસ્વાદ :

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રથમ દર્શન વેળા, એ જ ક્ષણે– "આજની ઘડી રે, ધન્ય આજની ઘડી"ના ઉમંગસભર ઉદ્‌ગાર અતિ સહજભાવે ગાનાર બ્રહ્માનંદ, મધ્યકાલીન સાહિત્યના ગણમાન્ય શીઘ્રકવિ હતા, જે એમની સર્જનપ્રતિભાની આગવી વિશેષતા છે.

કવિએ ગઢડામાં શ્રી સહજાનંદ સ્વામીને પ્રથમ વાર જોયા એ સાથે જ એમને તે જ સાક્ષાત્ પ્રભુ હોવાની પ્રતીતિ થતાં એ રમ્ય પળે એમના અંતરમાં જે ધન્યતાનો ભાવ વ્યાપી ગયો, એ ભાવને મુખરિત કરતું આ પદ છે. જે ક્ષણે પ્રભુ ઓળખાયા એ ક્ષણ પણ ધન્ય થઈ ગઈ. હવે કામ, ક્રોધ, લોભ કે વાસના નહિ નડી શકે, કારણ કે હવે શ્રીહરિજી (સહજાનંદ)ની મૂર્તિ હૃદયમાં પ્રત્યક્ષ છે. કવિ કહે છેઃ

**"જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;**
**સદ્‌ગુરુની દૃષ્ટિ થાતાં, વસ્તુ એ જડી રે."**

જીવની પરિમિત બુદ્ધિ બ્રહ્મના મૂળ સ્વરૂપને જાણી શકતી નથી, એ મોટી અડી-અડચણ (અવરોધ) છે. પણ સદ્‌ગુરુની કૃપાદૃષ્ટિ થાય ત્યારે એ અમૂલ્ય વસ્તુ પ્રાપ્ત થાય છે, મૂળ બ્રહ્મસ્વરૂપ ઓળખાય છે, એથી આ ઘડી ધન્ય છે. જીવ ચોરાશી લાખ યોનિમાં ચાર પ્રકારની ખાણ (સ્વેદજ, જરાયુજ, ઉદ્‌ભિજ્જ, અંડજ)માં ભ્રમણા કરે છે પરંતુ અંતઃકરણમાં ઈશ્વર સાથેની એકતા સિદ્ધ થાય ત્યારે આ જન્મજન્માંતરની પીડા (દુગ્ધા) ટળે છે. જ્ઞાન કૂંચી મળી અને તે કેમ લાગુ કરવી એ બાબતમાં સદ્‌ગુરુનું માર્ગદર્શન મળ્યું, એટલે બધાં તાળાં ઊઘડી ગયાં. બધાં રહસ્યો સમજાઈ ગયાં. લાડુને હવે સહજાનંદ સ્વામીનું દર્શન થયું તેથી એની આંખડી ઠરી છે. હવે નજર પ્રભુ પર જ

કેન્દ્રિત થઈ છે અને પરમ શાંતિનો અનુભવ થયો છે. આંખડી ફરી ઘણે ઠેકાણે, નજર રખડી ઠેર ઠેર, પણ હવે ઠરી તો સહજાનંદ પર જ. કવિનું માન મીણની જેમ ઓગળી ગયું. સહજાનંદના સલૂણાં સ્વરૂપમાં મન મોહી ગયું, એ રમણીય ઘડીની ધન્યતાનું આ ગાન છે.

કવિની પ્રાસરચના સહજ સિદ્ધ છે ને ગેયતાનો પરિતોષ કરનારી છે. બ્રહ્માનંદનાં પદોમાં ખીલી ઊઠેલા ભાષાસૌંદર્યથી પ્રભાવિત થઈને સ્વ. કનૈયાલાલ મુનશી પોતાના "Gujarat and its literature" નામના ગ્રંથમાં લખે છે: "All these Poets or Sadhus sang about Sahajanand's amours, rhymed moral teachings and bewailed the futility of life in the best style of the age. In beauty of language, Brahmananda, surpasses all his contemporaries except Dayaram."

(Page : 268)

# ૪. જમો થાળ જીવન જાઉં વારી...

જામનગર તાલુકાના કેશિયા ગામના કડિયા રૂપજી રામજી બહુ સારા ભક્ત કવિ હતા. સત્તર વર્ષની કિશોર અવસ્થાએ રૂપજીભાઈ સદ્‌ગુરુની શોધમાં ઘરેથી નીકળી ગયેલા. કેશિયાથી સીધા તેઓ કચ્છ ગયા. કચ્છમાં છ વર્ષ રહ્યા બાદ રાજકોટ, વાંકાનેર, મુળી વગેરે ગામ ફરતાં ફરતાં વઢવાણ પાસે ખારવા નામે ગામે રોકાયા.

એક દિવસ રૂપજીભાઈ ખારવા ગામના ગોંદરે આવેલા તળાવની પાળે બેઠા હતા ત્યારે સુંદર નૈસર્ગિક વાતાવરણમાં એમને એક કાવ્ય સ્ફૂર્યું અને એકાએક એમના મુખમાંથી શબ્દો સરી પડ્યા:

**'ન કરો પરણ્યા કેરું કામ, કદી ચૂડો ભાંગે;**
**રાખો હરિસંગે હેત, ચૂડો અમર રાખે.**
**પહેરો સંતની વરમાળ, જમ પાસે નવ આવે;**
**સોંપો તન મન ધન, હરિ તેડવા આવે.'**

તળાવ કાંઠે ધનારાબા નામના એક સત્સંગી ભાઈ રહેતા હતા, તેમના કાને રૂપજીભાઈના ઉપરોક્ત શબ્દો પડ્યા. એમને થયું માનો ન માનો, આ કોઈ ભક્તકવિ લાગે છે. ધનારાબા તેમની સમીપે પહોંચ્યા અને સત્સંગ કર્યો. ધનારાબાએ રૂપજીને કહ્યું: "તમે ભગવદ્‌ ભક્ત છો અને કવિ પણ છો, છતાં પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ નહિ થાય."

રૂપજીભાઈ કહે: "અત્યારે કળિયુગમાં પ્રગટ ભગવાન ક્યાંથી હોય?"

"મને પ્રગટ ભગવાન મળ્યા છે." ધનારાબાએ છાતી

ઠોકી ગૌરવભેર કહ્યું.

પણ રૂપજીભાઈ એમ કાંઈ માને! એ કહે: "હું નજરે દેખું તો જ માનું."

ધનારાબા રૂપજીભાઈને લઈને સમૈયા ઉપર ગઢડા ગયા, ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન થતાં જ રૂપજી કડિયાના કવિહૃદયમાં એ કાવ્યમય કરુણાકરની મનમોહક મૂર્તિ વસી ગઈ. કવિએ તત્કાળ સંસાર તજી ભગવી કંથા ધારણ કરી ને ભુધરાનંદ બન્યા. કાવ્યાન્તે ભુધરાનંદ નામ બરાબર પ્રાસમાં બેસતું ન હોવાથી અંતે શ્રીજીમહારાજે એમને 'ભૂમાનંદ' નામ આપ્યું.[૧]

સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામી 'શ્રી હરિચરિત્રામૃત'માં સંતકવિ ભૂમાનંદ સ્વામી વિષે નોંધતા લખે છે:

**"ભૂમાનંદ સ્વામી ભલા ભક્ત, નામ રૂપો હરિમાં આસક્ત;**
**રહેતા ખારવા ગામમાં ખાંતે, ઘરત્યાગ કર્યો સુણી વાતે.**
**કવિતા કરતા અતિ કાજુ, જગજીવનમાં હેત ઝાઝું;**
**થયા ત્યાગી મૂકી જગફંદ, નામ ધરાવ્યું ભુધરાનંદ.**
**નામ કાવ્યમાં મળતું ના'વ્યું, ત્યારે શ્રીજીએ આપે ફેરાવ્યું;**
**પાડ્યું ભૂમાનંદ ભયહારી, કાવ્યમાં મળતું સુખકારી."[૨]**

કવીશ્વર દલપતરામને પણ સત્સંગમાં લાવવાનું પુણ્ય કાર્ય ભૂમાનંદ સ્વામીએ કર્યું હતું. તેઓ કવિ દલપતરામના દીક્ષાગુરુ હતા. ભૂમાનંદ સ્વામી સાથેનો દલપતરામનો પ્રથમ મેળાપ મુળીમાં થયેલો.[૩] એ પ્રસંગનું મહાકવિ ન્હાનાલાલે બહુ જીવંત વર્ણન કર્યું છે: "મુળીમાં સંતોને આસને કિશોર દલપતરામ જતા અને પ્રશ્નો

૧. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો. (વાત-૪૫૩)
૨. શ્રીહરિચરિત્રામૃત- (અ. ૬૫, શ્લોક ૧૯ થી ૨૧)
૩. સ. ગુ. ભૂમાનંદ સ્વામી સાથે કવિ દલપતરામનો પ્રથમ મેળાપ મુળીમાં સં. ૧૮૯૦ની વસંતપંચમીના સમૈયા વખતે થયેલો.

પૂછતા. ફરતાં ફરતાં દલપતરામ ભૂમાનંદ સ્વામીને આસને ગયા. ત્યાં કીર્તન ગવાતું હતું: 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...' કીર્તન પૂરું થયું ને ભૂમાનંદ સ્વામીની કથા ચાલી, 'અરે ભાઈ! જીવનું કલ્યાણ મનુષ્ય દેહમાં જ છે. માટે મનુષ્ય દેહ મોંઘેરો કહ્યો છે. ચોરાશીના ફેરામાં બીજે મોક્ષ નથી. દેવલોક પુણ્ય માણવાને છે, 'ક્ષિણે પુણ્યે લોકે વિશંતી.' મારે તમને ખોટું કહેવાનું કારણ શું હોય? સ્ત્રી ધનનો અમારે ત્યાગ છે, મન માને તો માનજો, ઊગ્યો કહીએ તો જ અજવાળાં આપશે. શ્રીજીમહારાજ ક્યાં જન્મેલા? ક્યાંથી આ દેશમાં આવ્યા? લાખોની વૃત્તિઓ કેવી રીતે ખેંચી લીધી? એ બધાંય આશ્ચર્યો નથી?.... કોઈને શંકા રહેતી હોય ને પૂછવું હોય તો ભલે પૂછે.' ત્યારે વઢવાણના જુવાન છોકરડા દલપતરામે પ્રશ્ન પૂછ્યો કે "ઈશ્વરને અવતાર ધરવાનું કારણ શું? વગર અવતાર ધર્યે તે પોતાનું કાર્ય ન કરી શકે? અમારાં આગળનાં ધર્મશાસ્ત્રો શું ખોટાં છે?"

ભૂમાનંદ સ્વામીએ કિશોર દલપતરામના સર્વ પ્રશ્નોના શાંતિથી જવાબ આપી અંતે સમજાવ્યું: "ભગવાનની ભાષા મૌનની છે. ઋષિમુનિનાં અંતર દ્વારા ભગવાનની વાણી પ્રગટ થાય છે, તો ય તે પડદાની વાતો પડદા પાછળથી કરે છે. કેટલાય કળા અવતાર, અંશ અવતાર થયા; આ તો અવતારોના અવતારી આંગણે આવ્યા છે. અગમ્યને ને અગોચરને ઓળખાવવા સારુ ભગવાન અવતાર લે છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું જ છે કે: 'संभवामि युगे युगे' એટલે કળિયુગમાં પણ પ્રભુનો પ્રાદુર્ભાવ શક્ય છે. સકલ ધર્મશાસ્ત્રો હરિની જ પ્રેરણા છે. ધર્મશાસ્ત્રનો મર્મ પામીને તેને અનુસરવામાં કલ્યાણ જ હોય. શ્રુતિ ત્રિકાળ પર છે, પરંતુ સ્મૃતિ યુગે યુગે બદલાતી રહે છે. સ્વામિનારાયણ આજના ધર્મનો બોધ આપવા કાજે અવતર્યા

હતા. એમની શિક્ષાપત્રી એ ધર્મશાસ્ત્ર જ છે.*

દલપતરામ પર સ્વામી ભૂમાનંદના વ્યક્તિત્વનો અને તેમની વાણીનો અદ્ભુત પ્રભાવ પડ્યો. એમણે નોંધ્યું છે તેમઃ 'પ્રથમ તો વાતો કરનાર સ્વામીનો ચહેરો જોઈને તથા આંખો જોઈને જ વાતો સાંભળનારના મનને શાંતિ થઈ જાય. વચન તો પછી નીકળે.' (કવિશ્વર દલપતરામ, ભાગ-૧, પૃ. ૧૨૪)

ભૂમાનંદ સ્વામીના ઉપદેશે દલપતરામને ધર્મબાણ વાગ્યાં. દલપતરામ સ્વયં કહે છે 'ઉપદેશ, જેમ બાણ વાગે તેમ છાતીમાં ઊતરી ગયો, અંતઃકરણ પીગળી ગયું, નેત્રમાં આંસુ આવી ગયાં.' (કવિશ્વર દલપતરામ, ભાગ-૧, પૃ. ૧૨૫) દલપતરામે ભૂમાનંદ સ્વામી પાસે કલ્યાણનો માર્ગ માગ્યો, ભૂમાનંદે તેમને પંચવર્તમાનની સ્વામિનારાયણની ધર્મદીક્ષા દીધી.

શ્રીજીમહારાજ સંતોને હંમેશાં લોક કલ્યાણાર્થે ગામડાંઓમાં સતત ફરતા રાખતા, જેથી ગરીબ, અભણ અને પછાત કોમના લોકોમાં આધ્યાત્મિક અભિરુચિ વિકસે. એ રીતે સત્સંગનો પ્રચાર ને પ્રસાર થતો ને સાંસારિક માયામાં બદ્ધ જીવોને પ્રગટ પ્રભુને પામવાનો કલ્યાણકારક માર્ગ મળતો.

ભૂમાનંદ સ્વામી પણ આ રીતે એક વાર ગામડાંઓમાં ફરતા હતા ત્યારે કુસંગીઓના ગામમાં ભીક્ષા ન મળતાં તેમને સતત ચાર દિવસના ઉપવાસ થયા. પાંચમે દિવસે સવારે બીજા ગામડાંમાં ફરતા સંતો શ્રીજીમહારાજની ઇચ્છાથી ત્યાં આવી ચડ્યા ત્યારે ભૂમાનંદ સ્વામીની હાલત જોઈ તેઓ ચોંકી ગયા. સંતો પાસે બીજું તો કાંઈ હતું નહિ. થોડો ઘઉંનો પોંક પડ્યો હતો તે સ્વામી આગળ ધર્યો. સ્વામી એ પરિસ્થિતિમાં બહુ ગદ્‌ગદ થઈ ગયા. શ્રીજીમહારાજની અપાર કરુણાની પ્રતીતિ થતાં સ્વામીની આંખો

* કવિશ્વર દલપતરામ– કવિ ન્હાનાલાલ

ઊભરાઈ આવી. ક્ષણવાર તો એમનું અંતર પ્રભુ પ્રત્યે અહોભાવથી એટલું તો ભરાઈ ગયું કે ગળે ડૂમો બાઝી ગયો ને આંખો હર્ષાશ્રુથી છલકાઈ જવા માંડી. સ્વામીનું હૈયું પ્રભુને પ્રાર્થી રહ્યું: 'વાહ પ્રભુ! તારી કરુણા અપાર છે. દેશકાળ તો એવા છે કે મૂઠી ધાન પણ મળે તેમ નથી, એવા સંજોગોમાં પ્રભુ! તેં સંતોને પ્રેરણા આપી, અહીં મોકલી, આજે આ દેહની રક્ષા કરી. વ્હાલા! આજે ચાર દિવસે આપને જમાડવાની મને તક મળી, એ માટે પ્રભુ, તને કોટાનુકોટિ પ્રણામ! મહારાજ, આજે આપને ભાવથી જે જમાડું એ હેતથી જમો મારા નાથ!' અને અંતરની એ પ્રાર્થના પૂરી કરી સ્વામી ભાવાવેશમાં શ્રીજીમહારાજને પોંક જમાડતા ગયા. એ વખતે પ્રેમાર્દ્ર હૃદયમાંથી જે ભાવોર્મિ પ્રગટી તેના ભાવસભર શબ્દોએ 'થાળ'ના કાવ્યનું મનહર રૂપ ધરી લીધું.

**"જમો થાળ જીવન જાઉં વારી..."**

શ્રીજી પ્રત્યેના અનન્ય પ્રેમને કારણે ભૂમાનંદે અહીં શ્રીજીમહારાજ માટે જે શબ્દ 'જીવન' વાપર્યો છે તે કેટલો યથાર્થ ને સૂચક છે!

ભૂમાનંદ પાસે તો એ વખતે પ્રભુને જમાડવા ફક્ત ઘઉંનો પોંક જ હતો પણ એમણે મનોમન હૃદયના શુદ્ધ ભાવો દ્વારા પ્રભુને ઘઉંની પોળી, કેરીનો રસ, ગળ્યા સાટા, ઘેબર, ફૂલવડી, દૂધપાક, માલપૂવા, કઢી, પૂરી, અથાણાં, શાક, દહીં, ભાત, સાકર વગેરે વાનગીઓ જમાડી અંતે મનગમતા મુખવાસ પણ આપ્યા. શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે તેમ દેહે કરીને યાંત્રિક રીતે બાહ્યદૃષ્ટિએ કરેલી પૂજા કરતાં માનસી પૂજા દ્વારા અંતર્દૃષ્ટિથી કરેલી આરાધના વધુ ઉપકારક અને ફળદાયી નીવડે છે. અહીં થાળની વિવિધ વાનગીઓ દ્વારા ભૂમાનંદની ભવ્ય ભાવોર્મિઓ જ અભિવ્યક્ત થાય છે. મનની ભાવના દ્વારા આ રીતે

ભગવાનને ધરવામાં આવેલો થાળ પ્રભુએ પ્રેમપૂર્વક સ્વીકારેલો એ વાતની સાક્ષી ઈતિહાસ પૂરે છે.*

ગામડાં ગામમાંથી ફરતાં ફરતાં ભૂમાનંદ સ્વામી જ્યારે ગઢડા પહોંચ્યા ત્યારે સવારે લગભગ દશ વાગ્યાનો સુમાર હતો. શ્રીજીમહારાજના જમવાનો સમય હતો. મહારાજને ખબર પડી કે ભૂમાનંદ સ્વામી આવ્યા છે, એટલે મહારાજ જમતા જમતા ઊભા થઈને સ્વામીને તેડવા સામે દોડ્યા. સ્વામી સજળ નેત્રે શ્રીહરિને મળ્યા ને તે વખતે નેત્રમાંથી અષાઢી મેઘ છૂટ્યા. મહારાજ પણ સ્વામીને એકદમ ભેટી પડ્યા. તે વખતે મહારાજ પણ ગદ્‌ગદ થઈ ગયા. પછી મહારાજ હાથ પકડીને સ્વામીને પોતાની સાથે દાદાના દરબારમાં લઈ ગયા. ત્યાં સ્વામીને પાસે બેસાડી મહારાજે કહ્યું: “સ્વામી! તમે તો એ દિવસે અમને ભાવથી ખૂબ જમાડ્યા. તમારો થાળ તો ફરી ફરીને સાંભળવાનું મન થાય એવો છે.” સ્વામી તો આ સાંભળી સજળ નેત્રે બે હાથ જોડી અંતર્યામી પ્રભુના શ્રીચરણમાં ઝૂકી પડ્યા. પછી શ્રીજીમહારાજ જમવા બેઠા તે વખતે એ જ થાળ ચાર પાંચ વખત સ્વામી પાસે ગવડાવી એમાં એટલું અમૃત રેડ્યું કે હજી પણ એ થાળ પ્રસાદીનો ગણી સત્સંગમાં પ્રતિદિન મંદિરમાં તેમ જ હરિભક્તોના ઘરમાં ભાવપૂર્વક ગવાય છે.

**કાવ્યકૃતિ :**

**જમો થાળ જીવન જાઉં વારી;**
**ધોઉં કર ચરણ કરો ત્યારી. જ૦ ટેક**

* પૂ. નંદકિશોરદાસજી નોંધે છે: ‘જમો થાળ જીવન જાઉં વારી’ એ થાળ પ્રસંગે મહારાજે સાક્ષાત્ દર્શન દઈ જે જે વસ્તુઓનાં નામ થાળ બોલતી વખતે સ્વામીએ દીધાં તે સર્વ વસ્તુઓ સ્વામી દેખે એમ જમ્યા.... ને પછી અંતર્ધાન થઈ ગયા.’ પાન નં.૭ (શ્રી ભૂમાનંદ સ્વામીનું જીવનચરિત્ર- શ્રી ઘનશ્યામલીલામૃત સાગર.)

બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી,
કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો થાળ. ૧
કરી કાઠા ઘઉંની પોળી
મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો થાળ. ૨
ગળ્યાં સાટા ઘેબર ફૂલવડી,
દૂધપાક માલપૂવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી. જમો થાળ. ૩
અથાણાં શાક સુંદર ભાજી,
લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી. જમો થાળ. ૪
ચળુ કરો લાવી હું જળઝારી,
એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી. જમો થાળ. ૫
મુખવાસ મનગમતા લઈને,
પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને. જમો થાળ... ૬

આસ્વાદ :

થાળના આ પદમાં સ. ગુ. ભૂમાનંદ સ્વામીના હૈયાના હેતે કથનનું સ્વરૂપ લીધું છે.

પ્રથમ પંક્તિમાં કવિ શ્રીજીમહારાજને જમવા માટે આહ્વાન આપી, પ્રભુના હાથ પગ ધોવાની મનિષા વ્યક્ત કરે છે. પ્રભુના દેવ-દુર્લભ ચરણ પ્રક્ષાલવાની અમૂલ્ય તક કવિ કાંઈ એમ જ જતી કરે ખરા? એટલે જ કવિ પ્રભુને

પ્રાર્થના કરે છે- 'ધોઉં કર ચરણ કરો ત્યારી.' પ્રભુના હાથ પગ ધોયા બાદ કવિ પ્રભુને બેસવા માટે બાજોઠ આપી, કંચનના કટોરા તથા થાળીમાં થાળ પીરસવાની તૈયારી કરે છે.

થાળની તૈયારીમાં પ્રથમ બરોબર ધોયેલા ચંબુમાં શીતળ જળ ભરીને શ્રીજીની સમીપમાં મૂકવામાં આવે છે. પછી વિવિધ વાનગીઓ જેવી કે ઘૃત સાકરમાં બોળેલી કાઠા* ઘઉંની પોળી, કેરીનો રસ, ગળ્યા સાટા, ઘેબર, ફૂલવડી, દૂધપાક, માલપૂવા, કઢી, ઘીમાં તળેલી પોચી પૂરી, અથાણાં, શાક, તાજી તાજી ભાજી, દહીં, ભાત, સાકર વગેરે કવિ ભાવપૂર્વક શ્રીહરિને પીરસતા જાય છે. જમ્યા પછી ચળુ કરાવી કવિ પ્રભુને એલચી, લવિંગ, સોપારી વગેરે મનગમતો મુખવાસ પણ આપવાનું ચૂકતા નથી. મનગમતો મુખવાસ આપીને કવિ કાંઈ બેસી રહે ખરા? હવે તો એમનું ખરું કામ શરૂ થાય છે. પ્રભુના થાળની પ્રસાદી સ્વામી સામેથી માંગીને લે છે કારણ કે એ દેવોને પણ દુર્લભ પ્રસાદીનો અનન્ય મહિમા સ્વામી સારી પેઠે સમજે છે. શ્રીજીમહારાજના થાળની પ્રસાદી લેવા તો દેવોના રાજા ઇન્દ્ર પણ કાગડો થઈને આવ્યા હતા. ઇન્દ્રને એ પ્રસાદીનો કિંચિત્ પણ અધિકાર પ્રાપ્ત કરવા કાગડો બનવું પડ્યું અને એ કાગડા રૂપે આવી બેઠા ત્યારે પ્રભુએ એમનો ખપ જોઈ ટુકડો રોટલો નાંખ્યો, એવો એ પ્રસાદીનો મહિમા છે. પ્રભુના પ્રસાદનો મહિમા કવિએ અહીં કેટલી ખૂબીથી ગાઈ નાખ્યો છે!

પ્રસ્તુત થાળનું કાવ્ય વિશદ અને સુગેય છે. તેમાં શબ્દની

*કાઠા ઘઉં એટલે અત્યારે આપણે જેને ભાલિયા કે દાઉદખાની ઘઉં કહીએ છીએ તે ઘઉં.

રંજકતા અને લયાનુસારી વર્ણનને લીધે થાળનું માધુર્ય યથાવત્ જળવાયું છે. તેના લોકભોગ્ય ઢાળને કારણે જ સંપ્રદાયમાં આબાલવૃદ્ધ સૌની જીભે આજે પણ આ થાળ એટલો જ લોકપ્રિય રહ્યો છે. આ થાળ ભૂમાનંદ સ્વામીની ભાવવાહી હૈયાની ઊર્મિનો દ્યોતક છે.

# ૫. મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ...

"લાલજી! અહીંથી અમારે કચ્છ તરફ જવું છે, પણ આગળ રણનો પ્રદેશ છે એટલે જો કોઈ તમારા જેવો ભોમિયો મળી જાય તો સુગમ પડે!" સં. ૧૮૬૦[1] ની વસંતપંચમીએ શ્રીજીમહારાજ શેખપાટ પધાર્યા હતા ત્યારે ત્યાં વસંતપંચમીનો ઉત્સવ ઉજવ્યા બાદ ત્યાંના ભક્ત લાલજી સુતાર પાસે મહારાજે કચ્છ તરફ જવાની પોતાની ઇચ્છા દર્શાવતાં કહ્યું. લાલજીને થયું: મહારાજને હમણાં ભોમિયાની જરૂર છે અને એ પણ મારા જેવા ભોમિયાની[2]! તો પછી એ કામ મારે જ શા માટે ન કરવું? એમણે તત્કાળ મહારાજને કહ્યું: "મહારાજ! હું જ આપની સાથે આવીશ." મહારાજ લાલજીની સમયસૂચકતા જોઈ બહુ રાજી થયા. મહારાજની મરજી પણ લાલજીને જ સાથે લઈ જવાની હતી, પણ આ તો લાલજીની અનુવૃત્તિ સાચવવાની સમજણની કસોટી કરવા જ મહારાજે આમ પૂછ્યું હતું.

લાલજી સુતાર મૂળ તો શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય! તેઓ નિયમાનુસાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના દર્શન કરવા સં. ૧૮૫૭માં કચ્છમાં ગયા ત્યારે સ્વામીએ ટકોર કરતાં કહેલું: "લાલજી! અમે તમને લોજમાં નવા બ્રહ્મચારી આવ્યા છે તેમના દર્શન કરીને અહીં આવવાનું કહ્યું હતું ને? અહીં સીધા કેમ આવ્યા!" જવાબમાં લાલજીએ કહ્યું: "સ્વામી! આપ સ્વયં અહીં બિરાજો છો ને લોજમાં નવા બ્રહ્મચારીના દર્શન કરવા જવાનું શું કારણ?" ત્યારે સ્વામી કહે: "અરે! એ બ્રહ્મચારી તો બહુ જ મોટા છે."

---

૧. ભક્તચિંતામણિ– પ્ર. ૫૫.

૨. લાલજી સુતારનું સાસરું કચ્છમાં હોવાથી તેઓ એ પંથકના સારા ભોમિયા હતા.

લાલજી ઉત્કંઠાપૂર્વક ગુરુને પૂછે છે: "સ્વામી! એ વર્ણી કેવા મોટા છે? રઘુનાથદાસ જેવા?" ત્યારે સ્વામી કહે: "ભગત! રઘુનાથદાસ તો શું તેમની પાસે! અરે, આ મુક્તાનંદ પણ શું અને અમે પોતે પણ એમની પાસે શી ગણતરીમાં? એ બ્રહ્મચારી તો બહુ જ મોટા છે."[૧] ગુરુના વચનનો મર્મ સમજાતાં લાલજી સુતાર ધીરે ધીરે શ્રીજીમહારાજનો મહિમા સંપૂર્ણપણે સમજી ચૂક્યા હતા. અને સમજે જ ને? એ કાંઈ સામાન્ય પુરુષ થોડા હતા? લાલજીના પિતા રામભાઈને એમના ગુરુ રામાનંદ સ્વામીએ એમની નિર્લેપ ભક્તિથી પ્રસન્ન થઈને આશીર્વાદ આપેલા કે 'તમારે ત્યાં એક સમર્થ મુક્ત પુરુષ અવતાર લેશે અને તે અનેક મહાન કાર્યો કરીને મહાકીર્તિ મેળવશે.' ગુરુના શુભાશિષથી રામભાઈને ત્યાં એમનાં ધર્મપત્ની અમૃતબેનની કૂખે સં. ૧૮૨૨ના વસંતપંચમીના મંગલકારી દિવસે લાલજીનો જન્મ થયો હતો. રામભાઈ ગુર્જર સુતાર હતા. તેમનો મૂળ વસવાટ તો સૌરાષ્ટ્રના હાલાર પ્રદેશમાં આવેલા લતીપુર ગામમાં હતો, પરંતુ એ ગામના લોકો રામાનંદ સ્વામીના દ્વેષી હોવાથી રામભાઈને વિના કારણ પજવતા, તેથી એમણે નજીકમાં આવેલા શેખપાટ નામના ગામમાં જઈને રહેવાનું રાખ્યું હતું. બાળપણથી જ લાલજીનું અંતર વિરાગમય ભાવોથી પ્લાવિત થયેલું હતું, છતાંય માતાપિતાના અત્યાગ્રહને વશ થઈ એમણે કંકુબાઈ સાથે સંસાર માંડેલો. દાંપત્ય જીવનની ફલશ્રુતિરૂપે લાલજી ભક્તને માધવજી અને કાનજી નામે બે પુત્રો થયા. પોતાના પિતાની કોઢ[૨]માં બેસી કુળ વ્યવસાય સુતારી કામ શીખ્યા હતા અને વાંસલા, વીંધણા લઈ ઘાટ ઘડી જાત જાતની કલાત્મક વસ્તુઓ બનાવતા.

૧. સ. ગુ. નિર્ગુણદાસજી સ્વામીની વાતો- (વાત-૯૫)
૨. કોઢ = સુતારની દુકાન

લાલજી પૈસેટકે સુખી હતા. ગામમાં ઘર, દશબાર ભેંસો, ગાડું, બળદ, ઘોડું વગેરે સંપત્તિ તો હતી જ પણ સાથે સાથે ગામમાં પાંચ જણ મળીને એમને પૂછે એવી પ્રતિષ્ઠા પણ વરેલી. સં. ૧૮૪૩માં લાલજીએ રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકારી તેમની પાસે વર્તમાન-દીક્ષા લીધી હતી. લાલજીએ એકવાર રામાનંદ સ્વામીને ચરણે પડી પ્રાર્થતાં કહેલું: "સ્વામી! મને હવે આ સંસારનાં બંધન કઠે છે. મારે તો ભાગવતી દીક્ષા લઈ આપની સેવામાં રહેવું છે." રામાનંદ સ્વામીએ એ વખતે લાલજી સુતારને ધીરજ દેતાં કહ્યું હતું: "લાલજી! હજી સમય પાક્યો નથી. હમણાં તો ઘેર જાઓ. વખત આવ્યે હું તમને તેડાવી લઈશ." આજે એ વખત આવી ગયો હતો, તેથી જ ગુરુ રામાનંદ સ્વામીના વચન સત્ય કરવા શ્રીજીમહારાજ સ્વયં શેખપાટ પધાર્યા હતા. મહારાજની ઇચ્છા લાલજીની છેલ્લી કસોટી કરી તેમને હવે પોતાના સંતમંડળમાં ભેળવવાની હતી. તેથી જ તેમણે લાલજીને કચ્છ જવામાં ભોમિયા તરીકે પોતાની સાથે લઈ લીધા.

કચ્છનો માર્ગ વિકટ હતો. લાલજીએ આથી અગમચેતી વાપરી વાટમાં મહારાજને જમાડવા માટે ભાથું સાથે લઈ લીધું. એક 'બતક'માં પાણી પણ ભરી લીધું અને વિશેષ જરૂર પડે તો ખર્ચી માટે બાર કોરી* પણ લીધી. લાલજીમાં હજી પરિગ્રહની વૃત્તિ થોડે અંશે રહી હતી, એટલે જ સર્વાવતારી પ્રભુ પોતાની સાથે હોવા છતાં એમણે રૂપા નાણું લીધું ને લૂંટારાના ત્રાસથી બચવા માટે એ પગરખામાં સંતાડ્યું. આ બધી તૈયારી કરી લાલજી સુતાર મહારાજ પાસે આવ્યા. તેમને આ સરંજામ સાથે જોઈ મહારાજે હસતાં હસતાં પૂછ્યું: "લાલજીભાઈ! આ બધું શું છે?" લાલજીભાઈ ખુશ થતાં કહે: "મહારાજ! એ તો

* એ વખતે ચાલતું કચ્છી ચલણ.

અન્નપાણીની જોગવાઈ કરી છે. રણનો રસ્તો છે, વાટે જરૂર પડે તો ક્યાં શોધવા જવું?" મહારાજ આ સાંભળી મર્મમાં મલકાયા. લાલજી ભગત ને મહારાજ શેખપાટથી નીકળ્યા અને ભીલા ગામે રાત રોકાઈ બીજા દિવસે ત્યાંથી આગળ ચાલ્યા. વાટે ચાલતાં એક ભિક્ષુક મળ્યો, એણે અન્નની યાચના કરી. મહારાજ તો દરિયાવ દિલના હતા, વળી એમને પરિગ્રહવૃત્તિ જરાય નહોતી ગમતી. લાલજી પાસે જે ભાતું હતું એ બધુંય એમણે પેલા ભૂખ્યાને અપાવી દીધું. આગળ ચાલતાં રસ્તે લૂંટારા મળ્યા. તેમણે મહારાજનાં કપડાં તપાસ્યાં પણ કંઈ મળ્યું નહિ. લાલજી પાસેથી પણ કાંઈ ન મળ્યું. નિરાશ થઈ એ લોકો જતા હતા ત્યાં જ મહારાજે એમને રોક્યા ને કહ્યુંઃ "ભલા માણસો! તમને લૂંટતાં જ ક્યાં આવડે છે? આ ભગતનાં પગરખાં તો જુઓ, કંઈક મળી આવશે." લૂંટારાઓએ લાલજીની બાર કોરીઓ જોડામાંથી કાઢી લીધી. મહારાજે તો એક કાંકરે બે પક્ષી માર્યાં. લાલજીને આ રીતે અપરિગ્રહનો પાઠ પણ ભણાવી દીધો અને સાથે સાથે લાલજીને ભાથું અને નાણાં વગરના કરી દઈને બીજા એક મહત્ત્વના કાર્ય માટેની પૂર્વભૂમિકા પણ બાંધી દીધી.

શ્રીહરિ અને લાલજી એ પ્રમાણે એ માર્ગે થોડા દિવસ ચાલ્યા અને ગામ પાળિયા પધાર્યા. ત્યાં વિશ્રામ કરી ત્યાંથી આગળ ચાલ્યા. રણનો રસ્તો હતો. સખત તાપ ને ધૂળની ડમરીઓ વચ્ચે રસ્તે ચાલતાં તેમને એક તરસ્યો માણસ મળ્યો. લાલજી પાસે પાણીની બતક જોઈ એણે પાણી માગ્યું. મહારાજે બતકમાંથી બધું જ પાણી એને પીવડાવી બતક ખાલી કરી નાંખી. હવે લાલજી પાસે કાંઈ જ ન રહ્યું. ધોમ ધખતા તડકામાં આગળ ચાલતાં લાલજીને તરસે ગળું સુકાવા લાગ્યું. પાણી વિના તેમના પ્રાણ તરફડવા લાગ્યા. મહારાજે એક જગા બતાવી કહ્યુંઃ

"અહીં વીરડો ગાળો, પાણી નીકળશે." લાલજી નિરાશ વદને કહેઃ "મહારાજ! આ વાટે ફરતા આટલી ઉંમર કાઢી છે. અહીં કોઈ ઠેકાણે મીઠું પાણી નીકળતું જ નથી. બધે ખારું પાણી જ નીકળે છે." મહારાજ કહેઃ "તમે જુઓ તો ખરા, થોડું ખોદો ને પાણી ચાખી જુઓ." લાલજીએ થોડો ખાડો ખોદ્યો. ત્યાં તો મીઠા પાણીની સરવાણી ફૂટી. પાણી ગાળી બતકમાં ભરી પ્રથમ મહારાજને પીવડાવી પછી લાલજીએ પીધું.

રેતાળ પ્રદેશની ખારી જમીનમાંથી મીઠા જળની સરવાણી પ્રગટાવી શ્રીહરિએ લાલજીના અંતરમાં પ્રેમલક્ષણા ભક્તિના ભાવનો ઉદય કર્યો. વૈરાગ્યમૂર્તિ લાલજીના અંતરમાં પ્રેમભાવની ભીનાશ પ્રગટી. રણના રેતાળ પ્રદેશમાં બાવળિયાના કાંટાની શૂળો પવનના સુસવાટાથી આખે રસ્તે પડેલી હતી. રેતીમાં ઢંકાયેલી આ શૂળો અડવાણે પગે ચાલતા શ્રીજીમહારાજના પગમાં પેસી જતી. માર્ગમાં એક ઝાડ નીચે મહારાજ થોડો આરામ લેવા આડા પડ્યા. લાલજી મહારાજના પગમાંથી કાંટા કાઢતા હતા. ત્યાં એમની નજર શ્રીજીના ચરણમાં અષ્ટકોણ, સ્વસ્તિક, ઊર્ધ્વરેખા ઇત્યાદિ સામુદ્રિક શાસ્ત્રમાં વર્ણવેલાં સોળ ચિહ્નો પર પડી. લાલજીનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં. એમના અંતરમાં ખૂંપેલા સંશયના કાંટા શ્રીજીએ કૃપા કરીને આજે કાઢી નાખી, એમને નિઃસંશય કરી, પોતાનો સર્વોપરી સ્વરૂપ-નિશ્ચય દૃઢ કરાવ્યો. એટલામાં મહારાજે એકાએક કહ્યું: "લાલજી! આપણે હવે ચાલશું?" તરત જ લાલજી ભગત ઊઠ્યા. બન્ને ચાલવા લાગ્યા. એમ કરતાં આધોઈ ગામ આવ્યું. મહારાજ ગામને પાદર ઝાડ નીચે બેસી ગયા. લાલજીને તેમણે કહ્યું: "લાલજી! અમને ભૂખ બહુ લાગી છે." લાલજી કહેઃ "મહારાજ! એટલા માટે તો મેં સાથે ભાતું લીધું હતું, એ તમે પેલા ભિક્ષુકને અપાવી દીધું. હવે

હું તમને શું આપું?" મહારાજ કહે: "તો આ ગામમાં જઈને ભિક્ષા માગી લાવો."

સદાય મહારાજની અનુવૃત્તિમાં રહેનારા લાલજી સુતાર હવે મુંઝાયા: 'ભિક્ષા માગું? હું? એ તો સાધુ-સંન્યાસીનું કામ, મેં ક્યાં ભેખ લીધો છે? એમાંય વળી આ તો સસરાનું ગામ, અટાણે કંકુ ને બે દીકરાય અહીં છે. કોઈ મને ઓળખી જાય તો કેવું લાગે?' લાલજીને મૂંઝવણમાં પડેલા જોઈ મહારાજે મુખ આડો રૂમાલ દઈ હસતાં હસતાં પૂછ્યું: "શું વિચારો છો, ભગત?" લાલજીએ મનનો ખમચાટ પ્રગટ કર્યો: "મહારાજ! આ આધોઈ તો મારા સસરાનું ગામ. કોઈ મને ઓળખી જાય તો?" આ સાંભળી મહારાજ વળી હસ્યા. તેમણે કહ્યું: "ઓહો....એમ વાત છે! તો તો અમે તમને કોઈ ઓળખે નહિ એવા કરી દઈએ તો?" લાલજી ભક્ત તો આ સાંભળી વિચારમાં પડી ગયા. એટલામાં મહારાજે ત્યાં જ લાલજીની મૂછ અને ચોટલી કાપી નંખાવી તેમને કૌપીન અને અલફી પહેરાવ્યાં અને પછી તેમની સામે જોઈ મર્મમાં મલકીને બોલ્યા: "લાલજી મહારાજ! અમારે વાસ્તે ભિક્ષા માગતાં તમને કુળની લાજ નડતી હતી ને? લો આજે અમે તમને નિષ્કુળ કરી દીધા. તમે હવે લાલજી મટી ગયા ને 'નિષ્કુળાનંદ' થઈ ગયા. હવેથી તમારું કુળ અમે અને અમારા સંત હરિભક્તો જ છે! હવે તમે સદાય અમારી સાથે અમારા સંતમંડળ ભેળા જ રહેશો."

લાલજી સુતારમાંથી નિષ્કુળાનંદ બનેલા એ વિરાગી સંતે પછી મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી ગામમાં સાધુવેશે માધુકરી કરવા ઊપડ્યા. નિષ્કુળાનંદ બીજાં ઘરોની જેમ સસરાને ઘરે પણ ભિક્ષા માગવા ગયા. ત્યાં જઈ મોટેથી 'નારાયણ હરે! સચ્ચિદાનંદ પ્રભો!' કહીને સ્વામી ઊભા રહ્યા. ઘરમાંથી એમના સાસુ બહાર આવ્યાં. એમણે સાધુવેશમાં પણ જમાઈને

ઓળખી લીધા. એમના પેટમાં ફાળ પડી. ઘરમાં દોડતાં જઈ એમણે દીકરીને કહ્યું: "કંકુ! બેટા, જમાઈ તો વેરાગી થઈને આવ્યા છે. તું બહાર જા અને એમને મનાવીને અંદર લેતી આવ." કંકુબા બે ય દીકરાઓને લઈને બહાર આવ્યાં. પતિને સાધુના વેશમાં જોઈ એ રડી પડ્યાં. રોતાં રોતાં કહે "આ શું સૂઝ્યું તમને? કાઢી નાખો આ વેશ." પરંતુ સ્વામી તો નીચી દૃષ્ટિ કરી ઊભા જ રહ્યા. છતાં કંકુબા તો ત્યાં જ ઊભા રહ્યાં ત્યારે સ્વામીએ પોતાની તળપદી ભાષામાં કહ્યું: "ભેંશ હોય તે તેની પાડી કે પાડા સારુ પારસો મૂકે. પણ આ તો પાડો છે. માટે હવે તારી બધી આશા ફોગટ છે. જો ભગવાનને રાજી કરવા હોય તો તેમના સારુ કાંઈક ભિક્ષા આપો." કંકુબા બધું સમજી ગયાં. તેમણે તરત જ રસોડામાં જઈને બે ત્રણ ઊના રોટલા બનાવી અંદર ઘી-ગોળ નાખી બહાર આવી સ્વામીની ઝોળીમાં નાખ્યા! સ્વામી ભિક્ષા લઈ મહારાજ પાસે આવ્યા અને બધી વાત કરી. તે સાંભળી મહારાજે તેમનો વાંસો થાબડી શાબાશી આપતાં કહ્યું: "શાબાશ નિષ્કુળાનંદ શાબાશ! આવું તો તમે જ કરી શકો. તમને યાદ છે, સ્વામી? રામાનંદ સ્વામીએ તમને કહ્યું હતું કે સમય આવશે ત્યારે અમે તમને બોલાવી લઈશું. આજે એ સમય આવ્યો એટલે જ અમે તમને બોલાવી લીધા." આ સાંભળી નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિને ચરણે નમી પડ્યા.

થોડા સમય પછી તેમના પૂર્વાશ્રમના સાસુ-સસરા એમને સમજાવી સંસારમાં પાછા લઈ જવા આવ્યા. પણ સ્વામીને તો હવે સ્વપ્નમાં પણ સંસાર ગમતો નહોતો. એમણે સ્પષ્ટ સંભળાવી દીધું:

**'મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ'**

આ સ્વામીની શીઘ્ર રચના હતી. પોતાનો મનોભાવ એમણે

કાવ્ય દ્વારા વ્યક્ત કર્યો. સ્વામીનો તીવ્ર વૈરાગ્ય જોઈ એમના સાસુ -સસરા નિરાશ થઈ પાછા વળી ગયા.

નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રસંગે 'મેં હું આદિ અનાદિ', અને 'મને સ્વપ્ને ન ગમે સંસાર' એમ બે કાવ્યો રચીને સભામાં સંભળાવ્યાં હતાં. મહારાજ તેમનો વૈરાગ્ય જોઈને અતિ પ્રસન્ન થયા હતા.

કાવ્યકૃતિ :

મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;
સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.... ટેક

કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા;
જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મીટ ગયા સર્વે ચાળા.
મેં હું આદિ અનાદિ... ૧

કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત.
મેં હું આદિ અનાદિ... ૨

નહિ રહ્યા મેં નહિ ગયા મેં, નહિ સુધર્યા નહિ બીગડા;
હમેં હમારા કુળ સંભાર્યા, મત કરના કોઉ ઝઘડા.
મેં હું આદિ અનાદિ... ૩

પાનીમેંસે પુરુષ બનાયા, મળમૂત્રકી ક્યારી;
મિલિયા શ્રીજી ને સર્યા કામ, અબ ન રહી કોઉસેં યારી,
મેં હું આદિ અનાદિ... ૪

આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત્ કામા;
તે કારણ આ નરતન ધરિયા, સો જાનત ઘનશ્યામા.
મેં હું આદિ અનાદિ... ૫

**જે કારન આ નરતન ધરિયા, વે સરિયા હૈ કામ;**
**નિષ્કુળાનંદ કહે પ્રગટ મિલે મોહે, ટળ્યા નામ'રૂ ઠામ.**
**મેં હું આદિ અનાદિ... ૬**

**આસ્વાદ :**

સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય સંતકવિઓરૂપી સૂર્યમંડળમાં વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીનું સ્થાન શુક્રતારા જેવું અચળ, આગવું ને તેજસ્વી છે. એમના એક આત્મલક્ષી પદમાં પોતે કહ્યું છે તેમ 'અન્ન, ધન, ધામ, ધરણી અને છોટાં છોટાં છોકરાં'વાળા સંસારી દૃષ્ટિએ સુખી એવા પૂર્વાશ્રમના એ લાલજી સુથારે, એને જુવાનીમાં જ 'જ્ઞાનવૈરાગ્યે ગળે ઝાલ્યો' હોઈ, શ્રી સહજાનંદ સ્વામીના શબ્દ માત્રે ભેખ લઈ નિષ્કુળાનંદ બનતાંની સાથે એમના આદેશથી કલમ પકડી પૂરી પાકટ વયે દેહ છોડ્યો ત્યાં સુધીમાં ત્રણ હજાર જેટલાં પદો અને નાની-મોટી ચોવીસેક કૃતિઓની રચના કરી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓમાં નિષ્કુળાનંદ સ્વામી એમની જ્ઞાનવૈરાગ્યની કવિતાથી જાણીતા થયેલા છે. ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના' એ તો એમનું ખૂબ જાણીતું બનેલું પદ છે.

નિષ્કુળાનંદની આ પદરચનામાં ઊંડા આત્મજ્ઞાનની વાત સાથે કવિએ પોતાના વૈયક્તિક જીવનના ગહન રહસ્યને પણ માર્મિક શૈલીથી અભિવ્યક્ત કર્યું છે. કવિની સર્જક પ્રતિભાનો ચમકારો પણ આ રચનામાં વરતી શકાય છે.

હું આદિ-અનાદિ છું અને આ બધું મને જે વળગેલું છે, મારી સાથે સ્થૂળ રીતે જોડાયેલું છે એ સર્વે ઉપાધિરૂપ છે ને એ ઉપાધિ અનાદિ સદ્‌ગુરુ સહજાનંદ પ્રભુના આગમનથી ટળી ગઈ છે. પદના ઉપાડમાં જ ઉપાધિનો સ્વીકાર, ઉપાધિની

સ્થિતિ અને ઉપાધિમાંથી મુક્તિનો ઉપાય કવિ સૂચવી દે છે. પછી પ્રત્યેક અંતરામાં એ જ વાતને વિધવિધરૂપે કવિએ બહેલાવી છે.

કુળ, કુટુંબી, માત, તાત, ભાઈ, ભગિની એ બધા સંબંધોની મર્યાદા કવિ ઓળંગી ગયા છે. 'બ્રહ્મ હમારી જાત' એમ હવે તેમને સમજાઈ ગયું છે.

તો શું આ જાણ થઈ અને સંબધોના બંધનથી મુક્ત થઈ ગયા એટલે સુધરી ગયા? કે બગડી ગયા? શું થયું? તો કવિ કહે છેઃ 'નહિ રહ્યા મેં નહિ ગયા મેં, નહિ સુધર્યા નહિ બીગડા, હમે હમારા કુળ સંભાર્યા....' કોઈ સુધર્યા–બગડ્યાની ચિંતા કરશો નહિ, સંસારમાં રહ્યા-ગયાના ઝઘડામાં પડશો નહિ. અમે માત્ર અમારા અસલ કુળને સંભાર્યું છે ને એને અનુસર્યા છીએ. હવે અમારે કોઈની સાથે કશી લેવા-દેવા નથી. અમારે તો 'મિલ્યા શ્રીજી ને સર્યા કામ', બસ.

કવિ હવે પોતાના વૈયક્તિક જીવનના ગહન રહસ્યનો ઘટસ્ફોટ કરતાં કહે છેઃ

**આગે તપસી તપસા કરતાં રહી ગઈ કિંચિત્ કામા;**
**તે કારણ આ નર-તન ધરિયા સો જાનત ઘનશ્યામા.'**

પ્રભુ બધું જાણે છે. આગળ પણ અમે ભક્તિમાર્ગે જ હતા. તપમાં જ હતા પણ કોઈ કિંચિત્ કામના રહી ગઈ હશે તે આ શરીર ધારવાનું આવ્યું ને જે કારણે આ શરીર ધાર્યું છે એ કામ- એ હેતુ પણ હવે રહ્યો નથી; કારણ કે અમને તો સાક્ષાત્ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનું દર્શન થયું છે, સાક્ષાત્ પ્રભુ પ્રગટ બ્રહ્મસ્વરૂપે મળ્યા છે. કવિ કહે છે, હવે હું તો સદંતર ઓગળી જ ગયો છું ને નામ-ઠામનો ભાર પણ ટાળ્યો છે. અહીં 'નામ ઠામ'માં 'નામ અરૂ ઠામ'ના 'અરૂ'ને

બદલે 'અ'ને અધ્યાહાર રાખીને માત્ર 'રૂ' મૂકીને લય જાળવવાની સાથે એમનો ભાષા પરના પ્રભુત્વનો ખ્યાલ પણ આપણને મળે છે.

પદ હિન્દી હોવા છતાં એમાં તળ ગુજરાતીપણું મ્હેંકે છે. સહજ રીતે અને મધુરતાથી ભર્યો ભર્યો આ દ્વિભાષિક વિનિયોગ વિષયને, કથ્યને વધુ જીવંત બનાવે છે.

## ૬. તેરી બોલની મધુરી માનું જાદુસે ભરી....

"બેટા દેવીદાન! હું લાંબે ગામતરે જાઉં છું, તો હું પાછો આવી પૂગું નહિ ત્યાં લગી દીકરા, સાંકળેશ્વર મહાદેવની પૂજા કરવા જવાનું રખે ચૂકતો, બાપ!" લાંબે ગામતરે* જવા સારુ પરિયાણ કરતાં બળોલના મારુચારણ ગઢવી જીજીભાઈએ હાક મારી; દીકરા દેવીદાનને ઓરો બોલાવી માથે માયાળુ હાથ ફેરવી; સાંકળેશ્વર મહાદેવની પૂજાનો નીમ જાળવવા ભલામણ કરતાં કહ્યું.

"ભલે બાપુ, તમે તમારે નચિંત જાવ! હું મા'દેવજીની પૂજા હારુ રોજ જાઈશ." મરકતા હોઠે દેવીદાને જવાબ વાળ્યો. દિલ ઠરે એવા દીકરાના વેણ સૂણી ગઢવીએ હૈયે ધરપત ધરી સીમ ભણી ડગ માંડ્યાં.

દેવીદાનને તો બસ ભાવતું તું એ વૈદે કહ્યું.

રોજ એના બાપુ સાથે એ બળોલના સીમાડે ને ધીંગડાની સીમમાં આવેલા સાંકળેશ્વર મહાદેવના મંદિરે પૂજા કરવા જતો; ત્યારે ઘરડો ગઢવી જે પૂજન-અર્ચન કરતો એ આ બાળચારણ કલાકો સુધી બેસીને નીરખ્યા કરતો. એને હૈયે પણ ક્યારેક એવાં પૂજન પોતાની મેળે કરવાના ઉમંગ ઊઠતા દિવસોથી દિલમાં ધરબી રાખેલી એ હોંશ અટાણે પૂરી કરવાનો એને મોકો મળ્યો હતો.

બીજે દહાડે પો ફાટતાં પહેલાં જ એ ઊઠી ગયો. નાહીધોઈ પરવારી, મોં સૂઝણું થતાં જ પૂજાપા સાથે દેવીદાન મહાદેવના મંદિરે પહોંચી ગયો. એને અંતરે આજે અનોખા ઓરતા જાગ્યા, એને થયું: સદાશિવની પૂજા કરવી તો એવી કરવી, શિવજી પંડે

* ગામતરે =બહારગામ (ચારણી શબ્દ છે.)

એનો સ્વીકાર કરે! અને....થયું પણ એમ જ. બાળહૃદયના પવિત્ર પ્રેમથી પ્રભુ પ્રસન્ન થયા ને પ્રગટ થઈ વર માગવાનું કહ્યું. ભોળાદેવના દર્શનથી દેવીદાનનું દલડું ભાવાર્દ્ર થઈ ઊઠ્યું, ગદ્‌ગદ કંઠે ને રોમાંચિત ગાત્રે એણે પ્રભુને સાષ્ટાંગ પ્રણામ કર્યા ને આત્યંતિક કલ્યાણની યાચના કરી. મહાદેવે આશિષ દેતાં કહ્યું: 'દેવીપુત્ર! આપ તો પૂર્વના મુક્ત છો. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણ નામે પ્રગટ થયા છે; તે તમારે ગામ આવશે. તમે એમનો આશ્રય કરજો. એ અવતારી પ્રભુનો અનન્ય આશ્રય એ જ આત્યંતિક કલ્યાણનું પરમ કારણ છે.'

"પરંતુ કૃપાનાથ! હું એમને ઓળખીશ શી રીતે?"

"વત્સ! એ સર્વાવતારી નારાયણ પ્રભુ તમારે ગામ આવી એક અમાનુષી લીલા કરશે. એમની જીભ કોણીએ અડશે એ એંધાણી યાદ રાખજો."

ભોળા શંભુ આટલું કહી અંતર્ધાન થઈ ગયા.

ચારણભક્ત દેવીદાન એ દિ'થી માંડીને સદાશિવે આપેલી એંધાણીને અંતરમાં સંઘરીને અવતારી પ્રભુના આગમનની ઘડીઓ ગણવા લાગ્યો.

સં. ૧૮૬૫માં જેતલપુરમાં જગન (યજ્ઞ) કરી સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ત્યાંથી ચાલીને બળોલ ગામે પટેલ રયા ખટાણને ઘેર પધાર્યા. મોટા મહાત્મા આવ્યા છે એમ ખબર પડતાં ગામ આખુંય શ્રીજીના દર્શને ઊમટ્યું, મહારાજને ભક્તોએ જમીને જવાનો આગ્રહ કર્યો પણ મહારાજ કહે 'અટાણે અમે ઉતાવળમાં છીએ; માટે જે હાજર હોય તે લાવો.'

રયાએ જમવામાં તાંસળામાં થૂલી પીરસી. રયાની માએ પૂછ્યું: 'મહારાજ! થૂલીમાં દૂધ લેશો કે દહીં?'

મહારાજ કહે: 'બેય લેશું.'

ડોસીએ તો દૂધ દહીં બન્નેથી તાંસળું છલકાવી દીધું અને સાથે કેરડાંનું અથાણું પણ આપ્યું. તાંસળું કાંઠા સુધી એવું છલોછલ ભરેલું કે ઊંચું કરે તો ઢોળાય. તેથી મહારાજ એમાંથી ખોબે ખોબે પીવા લાગ્યા પણ એમ કરતાં એના રેલા કોણીએ ઊતરવા લાગ્યા. એ ટાણે સૌ સાથે દેવીદાન પણ ત્યાં કૌતુક પેખતો ઊભો'તો. દર્શને આવેલા લોકો ઓસરીની જાળીને આડાં ઊભાં હોવાથી ઓસરીમાં અંધારું પડતું હતું. તેથી ઓસરીમાં બેઠેલા શ્રીજી બોલ્યાઃ 'રઈયા! અહીં તો અંધારું પડે છે તેથી અમારે ફળિયામાં ગાડા ઉપર બેસીને અજવાળે જમવું છે.'

રયો કહે 'ભલે મહારાજ! આપ ફળિયામાં પધારો. હું ગાડામાં ખાટલો મૂકી એમાં ગાદલું નાંખી દઉં છું.

મહારાજ ફળિયામાં આવી; ગાડામાં રાખેલ ખાટલામાં બેસી થૂલી જમવા લાગ્યા. હવે અજવાળે સૌને મહારાજના સ્પષ્ટ દર્શન થતાં હતાં. દેવીદાન તો અનિમેષ નેત્રે એ રસિક મૂર્તિને નીરખી રહ્યો. અંગરખાની બાંય કોણીએ ચડાવી મહારાજ થૂલી ખોબે ખોબે જમતા હતા ને કોણીએ ઊતરેલા દૂધના રેલાને જીભ વડે ચાટ્યે જતા હતા. આ જોઈ ટોળે વળેલા લોકોમાં કોઈકને હસવું આવ્યું, કોઈકે ટીકા કરી ને.... 'આ તો કો'ક ગાંડો બાવો લાગે છે...' એમ બડબડાટ કરતાં સૌ વિખરાવા લાગ્યાં. પણ એક ખૂણામાં ઊભેલા દેવીપુત્રની અંતરઆંખ શ્રીજીની આ અમાનુષી ચેષ્ટા જોઈ ફટ કરતી ખૂલી ગઈ. એને થયું મનુષ્યની જીભ કોણીને અડકી શકે જ નહિ. નક્કી આ કોઈક અલૌકિક મૂર્તિ છે! અરે.... હા! શિવજીએ આપેલી એંધાણી પ્રમાણે આ જ સ્વયં પ્રભુ છે! દેવીદાન દોડતા પ્રભુ પાસે પહોંચી એમના ચરણમાં લોટી પડ્યા ને પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા 'પ્રભુ! કે દિ'થી આપની જ વાટ જોતો'તો. હારે રાખો તો આવવા ઇચ્છા છે, મહારાજ!'

આ સાંભળી મહારાજ મરક્યા, દેવીદાનને હાથ પકડી ઊભા કરતાં બોલ્યાઃ 'દેવીપુત્ર! અમે તમને તેડવા જ આવ્યા છીએ.' એ દિ' ને એ ઘડીએ જ દેવીદાન ઘરબાર છોડી મહારાજ સાથે ચાલી નીકળ્યા. કેટલાક દિવસ મહારાજ સાથે ધોળે લૂગડે ફર્યા પછી ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેમને દીક્ષા આપી સાધુ કર્યા ને 'અભેદાનંદ' નામ આપ્યું.

ગઢવી કુટુંબોમાં કાવ્યની અને સંગીતની કુદરતી બક્ષિસ છૂટથી મળેલી હોય છે. દેવીદાનમાંથી અભેદાનંદ બનેલા એ સાધુમાં એવી ઈશ્વરદત્ત બક્ષિસ પારખીને મહારાજે એમને 'બ્રહ્મપડછંદા' ગજવનાર સંત-કવિ શિરોમણિ બ્રહ્માનંદ સ્વામી પાસે પિંગળ શીખવા મૂક્યા. બ્રહ્માનંદ સ્વામી પાસે એ કાવ્ય દીક્ષા પામ્યા ને સંપ્રદાયના અષ્ટકવિઓમાંના એક લેખાયા. કહેવાય છે કે કાવ્યમાં અભેદાનંદ નામ બરોબર બંધબેસતું ન હોવાથી શ્રીજીએ જ એમનું નામ 'દેવાનંદ' પાડ્યું હતું.

સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી દેવાનંદ સ્વામી મુળી મંદિરના મહંત બન્યા. એમણે આજીવન મુળી મંદિરની મહંતાઈ કરી, ઉત્તમ સાધુતા દાખવી. દેવાનંદ મહાન સિતારવાદક હતા. એમની અનોખી કલા સિતારવાદનમાં ઝળકી ઊઠતી. કહેવાય છે કે સ્વામી જ્યારે કીર્તન ગાયન આરંભે ત્યારે તદ્‌વિદોના મતે 'રાગરાગિણીઓ મૂર્તિમાન' થઈ હોય એવી આભાપ્રભા ચોમેર પ્રસરી જતી. મહારાજની સાથે તથા એમની આજ્ઞાથી ઠેર ઠેર ફરીને એમણે હજારો કીર્તનો રચ્યાં અને સરળ, ભાવ નીતરતી, મધુર પદાવલિઓથી ભક્તહૃદયોને ભાવભીનાં કર્યાં. એમનાં કીર્તનો સમય જતાં રાવણહથ્થા જોડે ગાતા ભરથરીના કંઠે ચડ્યા અને સંપ્રદાયની બહાર પણ ખ્યાતિ પામ્યાં. અર્વાચીન ગુજરાતી કવિતાને ક્ષેત્રે પ્રથમ પદાર્પણ કરનાર કવીશ્વર

દલપતરામના તેઓ કાવ્યગુરુ હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી સહજાનંદ સ્વામીની હયાતીમાં એક એવી પ્રથા પ્રસ્થાપિત થયેલી કે જે સંતકવિના કીર્તન સાંભળી શ્રીજી પ્રસન્ન થઈ તેને કવિ તરીકે સન્માનિત ન કરે ત્યાં સુધી તે કવિ જાહેરમાં પોતાની કોઈ રચના ગાતા નહોતા. મહારાજે સૌ પ્રથમ મુક્તાનંદ સ્વામીને અને પછી બ્રહ્માનંદ સ્વામીને કવિ તરીકે સન્માનિત કરેલા. ત્યાર બાદ મહારાજે પ્રેમાનંદ સ્વામીને કાવ્ય રચવાની પ્રેરણા આપી કીર્તન રચતા કર્યા ને તેમને તથા નિષ્કુળાનંદને કવિ તરીકે પ્રમાણિત કર્યા. ત્યાર બાદ નવા જે કવિઓ હતા તેમને મહારાજે સં. ૧૮૮૫માં આસો સુદ ૧૨ના દિવસે ગઢપુરમાં ગોપીનાથજી દેવની પ્રતિષ્ઠા હતી તેની આગલી રાતે એકાદશીના જાગરણની મહાસભામાં એમનાં કાવ્યો સાંભળી પ્રમાણિત કર્યા. એ સભામાં નવા કવિઓમાં મુખ્ય કવિ દેવાનંદ હતા. મહારાજે એમનાં સ્વરચિત કાવ્યો સાંભળી પ્રસન્ન થઈ તેમને કવિ તરીકે સન્માનિત કર્યા હતા. ત્યાર પછી એમનાં કીર્તનો સંપ્રદાયમાં ગાવાવા લાગ્યાં. આ ઐતિહાસિક પ્રસંગને સંપ્રદાયના બે સંતકવિઓએ એમના ગ્રંથોમાં અચૂક નોંધ્યો છે.

સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામીએ એમના ગ્રંથ 'શ્રીહરિ ચરિત્રામૃતમ્' (અધ્યાય-૫૯)માં નોંધ્યું છેઃ

**"પછી સભા કરી સુખધામ, બેઠા સંત સભા મધ્યે ઘનશ્યામ.**
**પછી બોલાવ્યા કવિને પોતે, સરવે સભાસદને જોતે.**
**કાવ્ય સુણી નવા કવિ કેરી, હરિ રાજી થયા દ્રગ હેરી.**
**નોતાં કાવ્યમાં મળતાં નામ, નવાં પાડ્યાં પોતે સુખધામ.**
**પછી પોતે કર્યા પરમાણ, આ તો કવિ છે સારા સુજાણ.**
**દેવાનંદ ભૂમાનંદ દેખો, ધ્યાનાનંદ દયાનંદ લેખો."**

સંત કવિ દયાનંદ પણ પોતાના ગ્રંથ 'શ્રીહરિ ચરિત્ર

ચિંતામણિ'માં (પાન નં. ૧૨૮) નોંધતાં લખે છેઃ

**"નવા કવિનું કર્યું પ્રમાણ રે,**
**દેવાનંદ ભૂમાનંદ સ્વામી રે."**

જે સભામાં શ્રીજીએ દેવાનંદને કવિ તરીકે સન્માનિત કરેલા એ મહાસભામાં શ્રીજી સન્મુખ દેવાનંદે પોતાનું સ્વરચિત કાવ્ય ગાતા આલાપેલુંઃ

**"તેરી બોલની મધુરી માનું જાદુસે ભરી,**
**મેરો જીયરા ફિરાયો તોસે મન લલચાયો."**

**કાવ્યકૃતિ :**

**તેરી બોલની મધુરી માનું જાદુસે ભરી,**
**મેરો જીયરા ફિરાયો, તોસે મન લલચાયો. તેરી૦**
**બતિયાં સુનત મેરી છતિયાં ઊલટ ગઈ,**
**ચિત્ત ચોરી લીનો તનસૂધ બીસરી. તેરી૦**
**નયનકે બાને મારી હસીકે બોલાઈ નાથ,**
**ભરનકું ભૂલી ગઈ જલગગરી. તેરી૦**
**કહાં જાનું તુમ કહા કર દીનો મોકું,**
**છેલ તેરી છબી દેખી ભઈ બાવરી. તેરી૦**
**દેવાનંદ કહે પ્યારે પરવશ કર દીની,**
**તેરે પીછે પીછે ડોલું તજી સાવ રે. તેરી૦**

**આસ્વાદ :**

હિન્દીના મધ્યકાલીન સગુણ ભક્તિ સાહિત્યમાં 'અષ્ટછાપ' કવિઓનું જે સ્થાન છે, એવું જ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્વામિનારાયણ સંપ્રદાયના 'સંતકવિઓ'નું ગણી શકાય. એ સંતકવિઓની કવિતામાં ભક્તિ, સંગીત અને કાવ્યત્વની ત્રિવેણી

પ્રવાહિત છે. આ 'અષ્ટસખા' સંતકવિઓમાં સ. ગુ. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી - 'પ્રેમસખી', નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, મંજુકેશાનંદ તથા દયાનંદનો સમાવેશ થાય છે.

'સ્વામી' સંપ્રદાયના પ્રમુખ સંતકવિ સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય દેવાનંદ પણ પોતાના ગુરુની જેમ પ્રમુખતયા આત્મલક્ષી ઊર્મિપ્રધાન પદકવિ છે. તેથી જ એમના કવનમાં માહાત્મ્યજ્ઞાનેયુક્ત મધુર પ્રેમભક્તિની ભાવાત્મક અભિવ્યક્તિના કલાઉન્મેષો સહેજે ઝિલાયા છે. હૃદયની પ્રેમ પ્રોજ્જવળ ઊર્મિ ભાવાત્મક અભિવ્યક્તિ દ્વારા શબ્દદેહ પામે ત્યારે જ તે કમનીય કવિતાનું મનોહર રૂપ ધરે છે!

'તેરી બોલની મધુરી માનું જાદુસે ભરી' જેવા મનમોહક ઉપાડ સાથે આરંભાતી પ્રસ્તુત પદાવલિમાં કવિ શ્રીજીની મધુરપભરી વાણીના મુક્તકંઠે વખાણ કરે છે.

દેવાનંદનું કવિ માનસ પ્રેમભક્તિથી પ્લાવિત થયેલું છે. કવિએ ગોપીભાવે સહજાનંદજી પ્રત્યેની પ્રણયરસિક ઊર્મિનો તનમનાટ સમર્યાદપણે અભિવ્યક્ત કર્યો છે.

સ્વેષ્ટ સહજાનંદ સ્વામીની લીલાને ગોપીભાવે જ્યારે સંપ્રદાયના સંતકવિઓ કાવ્યમાં કથિત કરે છે ત્યારે ઘડીભર તો કાવ્યરસિકને એમ લાગે કે શ્રી સ્વામિનારાયણ અને શ્રીકૃષ્ણ વચ્ચે કોઈ ભેદરેખા એ કવિઓ ભાળતા હોય એમ લાગતું નથી. સહજાનંદ સ્વામી અને શ્રીકૃષ્ણને તેઓ અભેદ કલ્પે છે! પરંતુ ખરેખર એમ નથી. એ સંતકવિઓને મન તો સ્વેષ્ટ સહજાનંદ જ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સર્વોપરી ભગવાન છે. પરંતુ એ વખતના દેશકાળ અનુસાર સર્વદેશીય ઉદ્દેશથી શ્રી સહજાનંદ સ્વામીના

સૂચનથી ને આજ્ઞાથી જ એ સાધુ-કવિઓએ 'પ્રગટની લીલા (સહજાનંદજીની લીલાઓ) પરોક્ષના (શ્રીકૃષ્ણના) કીર્તનમાં' ગાવાની ચેષ્ટા કરી છે. આ હકીકતને સંપ્રદાયના ઘણા પ્રસંગો સાક્ષી પૂરે છે.

એક વખત ગઢડામાં સભા કરીને શ્રીજીમહારાજ બિરાજ્યા હતા ને સંતો કીર્તન ગાતા હતા. થોડી વારે કીર્તન બંધ રખાવીને મહારાજે વાત કરી: "જ્યારે સભામાં શ્રીકૃષ્ણની લીલાનાં પદો ગવાય છે ત્યારે ગોપ-ગોપાંગનાઓ તથા ગોકુળ અને વૃંદાવન વગેરેનાં વર્ણન આવે છે, તેમજ શ્રીકૃષ્ણની લીલાની વાતો આવે છે ત્યારે સર્વનું મન તે સ્થળે જતું રહે છે; તેથી અમો એકલા સભામાં બેસી રહીએ છીએ તેવું લાગે છે. પણ કીર્તન બનાવનારે તો પ્રત્યક્ષ ભગવાન, પ્રત્યક્ષ સંતો, હરિભક્તો, ગઢડા, ઘેલા નદી, વડતાલ વગેરે સ્થળોનાં તથા જે તે સ્થળોએ કરેલા અમારાં લીલા ચરિત્રો કીર્તનમાં ગાયાં છે, માટે પરોક્ષભાવ નહિ લાવતા પ્રત્યક્ષભાવ સમજવો."*

દેવાનંદને શ્રી સહજાનંદ સ્વામીની મધુરી વાણી જાદુભરી લાગે છે. ભગવાનની વાણી તો અનાહત વાણી છે, પરાવાણી છે. કહે છે કે સ્વામી સહજાનંદજીની વાણીમાં એટલી બધી મીઠાશ હતી કે સાંભળનારના હૃદયમાં એ સોંસરી ઊતરી જતી. એમનો અવાજ પણ એટલો મધુર હતો કે તેમને બોલતા સાંભળનાર એની મધુરપને જિંદગીભર ભૂલી શકતા નહિ. કવીશ્વર દલપતરામે એમની આઠ વર્ષની ઉંમરમાં ગઢડામાં મહારાજને ફક્ત એટલું જ બોલતા સાંભળ્યા હતા 'ભગુજી! ઘોડીને પાવરો ચડાવજો.' એટલા શબ્દો પણ કવીશ્વર એ વાતને સીત્તેર વર્ષ થઈ ગયાં તો ય ભૂલ્યા નહોતા, એમ તેમના પુત્ર મહાકવિ ન્હાનાલાલે પિતાની

* બ્રહ્મસંહિતા (પાના નં. ૩૦૭)

જીવનકથામાં નોંધ્યું છે.

શ્રીમુખની વાણી સાંભળી દેવાનંદનું હૈયું હચમચી ઊઠે છે. એમનું મન શ્રીહરિની રૂપરસિકતા જોવા વારંવાર લલચાય છે. કવિ કહે છે 'બતિયાં સુનત મેરી છતિયાં ઊલટ ગઈ.' શ્રીજીની મધુર વાણીમાં એમની દિવ્ય અને પ્રભાવક વાતો સાંભળી કવિનું કાળજું કોરાઈ જાય છે, હૃદય પ્રેમપ્લાવિત થઈ જાય છે. પ્રભુની વાણી ચિત્તચોર છે, એ સાંભળી દેવાનંદને દેહભાન પણ રહેતું નથી. એટલે જ તો કવિ એ વાણીને 'જાદુસે ભરી' કહે છે.

કવિ સ્વેષ્ટ પ્રભુ પ્રત્યેના પોતાનાં ભાવ-સંવેદનો ગોપાંગનાઓની પ્રેમ ચેષ્ટાઓ દ્વારા અભિવ્યક્ત કરે છે. 'નયનકે બાને મારી હસીકે બોલાઈ નાથ, ભરનકું ભૂલી ગઈ જલગગરી.' પરમાત્માના કૃપાકટાક્ષ જેના ઉપર પડે છે એ આત્મા, અજ્ઞાન ટળતાં ને પ્રભુના સ્વરૂપમાં ધ્યાન મસ્ત બનતા, સંસારની મોહમાયાથી અલિપ્ત થઈ જાય છે. 'જલગગરી'ની જેમ પંચવિષય પ્રત્યેની આસક્તિ પછી તો પળવારમાં છૂટી જાય છે.

શ્રીહરિના કૃપા કટાક્ષથી ઘેલા થયેલા સંતો મધુર ઉપાલંભ આપતાં શ્રીહરિને કહે છે : 'પ્રભુ ખબર નથી પડતી; આપે અમને શું કરી નાખ્યું છે? આપના દર્શન કર્યા છે ત્યારથી અમે તો બાવરા થઈ ગયા છીએ. આપના પ્રત્યેના પ્રબળ પ્રેમાકર્ષણે અમને પરવશ કરી નાંખ્યા છે! તેથીજસ્તો પ્રભુ, અમે સઘળું તજીને તમારી પાછળ ફરીએ છીએ!' શ્રીજીમહારાજની પાછળ હજારો સંત-સાધુઓ ઘરબાર, સંસાર સર્વ છોડીને ફરતા હતા, તે કાંઈ અમસ્થા થોડા ફરતા'તા? મહારાજની મોહિની એવી હતી કે જે વ્યક્તિ એક વાર એમની મોહક નજરનો ભોગ બની જતી એ પછી હંમેશ માટે એમની જ થઈ જતી.

કવિએ પોતાના પ્રેમી-હૃદયને મુખરિત કરી પ્રણયાનુકૂળ

વાતાવરણ સર્જીને ઉપાલંભ, આક્રોશ, હર્ષ ઇત્યાદિ મનોભાવોને સહજ રીતે આત્માનુભૂતિથી ઘૂંટી ઘૂંટીને અહીં અભિવ્યક્ત કર્યો છે. વ્રજ-હિન્દી ભાષા પર તેમજ પ્રાસ, લય આદિ પરની કવિની પ્રભુતા પણ અહીં સ્પષ્ટ જોવા મળે છે. કાવ્યમાં પ્રાસાદિકતા નખશિખ પ્રસરી રહે છે. પદ સુગેય છે. સહેજે ય સાચા કાવ્યરસિકને આકર્ષે એવી પ્રસ્તુત પદાવલિમાં દેવાનંદ સ્વામીનું કવિત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે.

# ૭. ઘનશ્યામ રે મેરી સૂધ હરિ લીની...

હુતાશનીનો ઉત્સવ કરવા માટે એકવાર શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા. મહારાજે નરનારાયણદેવના સાંનિધ્યમાં હુતાશનીનો ઉત્સવ ઊજવ્યો. ધૂળેટીના દિવસે વડોદરાના નાથભક્તે ઘેબરની રસોઈ કરાવી હતી તે સંતોને જમાડીને શ્રીજી સભા મંડપમાં પાટ ઉપર બિરાજ્યા; ત્યાં સંતો રંગનાં ભરેલાં પાત્રો લાવ્યાં. શ્રીહરિએ એમાંથી રંગ ઉડાડી સભામાં સર્વને આનંદ રસ પમાડી રંગમાં રસબસ કરી દીધાં. સંત હરિભક્તોએ પણ શ્રીજી ઉપર રંગ ઉડાડ્યો, પછી રંગભીના વસ્ત્ર સહિત મહારાજ અશ્વ ઉપર બેસી સંતો સાથે સાબરમતી નદીમાં સ્નાન કરવા ચાલ્યા. કાછિયાવાડીમાં ઘાટ બાંધેલો હતો ત્યાં પ્રભુ સખાસહિત પધાર્યા ને ત્યાં સ્નાન કરવા ઊતર્યા. મહારાજ જ્યાં સ્નાન કરતા ત્યાં સ્નાન કરવાનો મહિમા ભક્તોમાં ખૂબ વધી જતો. મહારાજ નહાતા હતા એટલામાં ત્યાં એક જુવાન સાધુ બાંધેલા ઘાટ ઉપર આવી કૂદીને નદીમાં પડ્યો. મહારાજે આ જોયું, એમને સાધુનું આ અઘટિત વર્તન ન રુચ્યું; એટલે એ સંતને બોલાવડાવી ઠપકો આપતાં કહ્યું: 'સાધુરામ! આમ અમારી અને વયોવૃદ્ધ સંતોની મર્યાદા મૂકીને અઘટિત રીતે કેમ નાહવા પડ્યા?' સાધુ કંઈ જવાબ આપે એ પહેલાં ત્યાં ઊભેલા બ્રહ્માનંદ સ્વામી બોલ્યા: 'મહારાજ! એ તો બહુ પ્રેમને લીધે મર્યાદાનું ભાન ન રહ્યું. **કવિજનો પ્રેમમાં મર્યાદા માનતા નથી.**' એ જુવાન સાધુ કવિ હતા ને શ્રીહરિ પ્રત્યેના પ્રગાઢ પ્રેમના આવેગમાં મર્યાદા મૂકી એ પ્રભુના ચરણામૃતનું પાન કરવાના શુભાશયથી પડ્યા હતા. બ્રહ્મમુનિના વચન સાંભળી શ્રીજી હસ્યા ને પછી એ પ્રેમી સંતને

પોતાની પાસે બોલાવી કહ્યું: 'સ્વામી! અમે તો લોકની રીતે કહ્યું, લોક પ્રેમ દેખતા નથી. માટે લોકમાં અપકીર્તિ થાય એવું કામ પ્રેમના આવેગમાં પણ ક્યારેય ન કરવું.' એ સંત કવિએ શ્રીજી આજ્ઞા શિરોમાન્ય ગણી જીવનપર્યન્ત એનું પાલન કર્યું. મહારાજના પ્રેમાળ ઠપકા સાથે એમના અમૂલ્ય આશિષ પામનાર એ પ્રેમી સંત કવિ હતા સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય અષ્ટકવિઓ પૈકીના એક કવિ શ્રી મંજુકેશાનંદ સ્વામી.*

શ્રી મંજુકેશાનંદ સ્વામીનો જન્મ સોરઠ જિલ્લાના માણાવદર ગામમાં થયો હતો. તેમના પૂર્વાશ્રમના માતા પિતાનું નામ જેતબાઈ અને વાલાભાઈ પટેલ હતું. વાલાભાઈ અને જેતબાઈ બન્ને સ્વામિનારાયણ ભગવાનના અનન્ય આશ્રિત હતા. સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ'માં એમનો ઉલ્લેખ કરતાં લખ્યું છે:

**"બાળ જોબન વૃદ્ધ સમિષ્ઠ, સરવે જન સમાધિનિષ્ઠ.**
**ભાવી ભક્ત વાલો જેતબાઈ...'**

(ભ. ચિં. પ્ર. ૧૧૩)

મંજુકેશાનંદ સ્વામીના મોટાભાઈનું નામ ભીમભાઈ હતું. તેઓ પણ શ્રીહરિના પરમ ભક્ત ને મહામુક્ત હતા. મંજુકેશાનંદનું પૂર્વાશ્રમનું નામ જાણી શકાયું નથી. જેતબાઈને પોતાના નાના બાળમુક્ત ઉપર વિશેષ પ્રેમ હતો. શાંત વૃત્તિ, નિર્મળ સ્વભાવ, ઊંચી સમજણ તથા આજ્ઞાકારિત્વ વગેરે ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત પુત્રને જોઈને મા હરખાતી, એ મનોમન વિચારતી કે અત્યારે ભગવાન સ્વામિનારાયણ ગામે ગામે વિચરણ કરી એકાંતિક ધર્મનું સ્થાપન કરી રહ્યા છે, મારો આ નાનો બાળ પણ જો પ્રભુની સેવામાં જોડાઈ એમના એ દિવ્ય કાર્યમાં

* શ્રીહરિચરિત્રામૃતસાગર (પૂર ૨૮, તરંગ ૧૦૭)

સહાયરૂપ થાય તો એનું ને અમારું જીવન ધન્ય બની જાય. જેતબાઈએ આવા જ શુભાશયથી પુત્રમાં બાળપણથી જ સત્સંગના ઉચ્ચ સંસ્કાર રેડ્યા હતા.

છેક બાલ્યકાળથી જ ઈશ્વરાભિમુખ વૃત્તિ સાથે ઉછરેલો એ મુમુક્ષુ યુવાન હંમશાં સંત પુરુષોના સત્સંગ સમાગમ અને પ્રગટ પ્રભુના દર્શન માટે આતુર રહેતો. જેને જેવું ગમતું હોય છે, એને એવું જ વાતાવરણ મળી રહેતું હોય છે!

બન્યું એવું કે સ. ગુ. સ્વયંપ્રકાશાનંદ સ્વામી સોરઠ પ્રદેશમાં વિચરણ કરતા કરતા એકવાર માણાવદરમાં આવી પહોંચ્યા. આવા સમર્થ સંત પધારે એટલે સત્સંગી હરિભક્તોની ભીડ જામે એ તો સ્વાભાવિક છે, પણ ભક્તોની ભારે ભીડમાં એક ખૂણામાં બેસીને એકાગ્ર ચિત્તે સંતવાણી સાંભળતા તેજસ્વી યુવાનની મુખની આભા જોઈને સ્વામી પારખી ગયા કે આ તો ચીંથરે વીંટાયેલું રત્ન છે. સ્વામીએ એને પાસે બોલાવી થોડાક પ્રશ્નો પૂછી એની મુમુક્ષુતા તપાસી. હૃદયને ઠારતી ને સંકલ્પોને શાંત કરતી સ્વામીની વાતો સાંભળી યુવાનની વૈરાગ્યવૃત્તિ પ્રબળ બની, એણે સ્વામીને પગ પકડી આજીજી કરી કે 'સ્વામી! હવે તો હૈયું હાથ નથી રહેતું, કૃપા કરી મને આપની પાસે રાખો ને પ્રગટ પ્રભુનાં દર્શન કરાવો.' જેતબાઈએ પણ હસતે મુખે અનુજ્ઞા આપી એટલે સ્વયંપ્રકાશાનંદ સ્વામી એ મુમુક્ષુ યુવાનને પોતાની સાથે લઈ ગઢડા આવ્યા ને શ્રીજીમહારાજ પાસે એને મહાદીક્ષા અપાવી સાધુ કરાવી 'મંજુકેશાનંદ' નામ રખાવ્યું. શ્રી મંજુકેશાનંદ સ્વામી સ. ગુ. સ્વયંપ્રકાશાનંદ સ્વામીના મંડળમાં હતા. એ મંડળમાં ૬૦ (સાઠ) સંતો હતા તેથી એ 'સાઠી મંડળ' કહેવાતું.

શ્રી મંજુકેશાનંદ સ્વામીને ગુજરાતી ભાષાનું પ્રાથમિક શિક્ષણ માણાવદરમાં જ મળ્યું હતું અને મહાદીક્ષા લીધા પછી વિદ્વત્વર્ય સ.

ગુ. નિત્યાનંદ સ્વામી પાસે સંસ્કૃત ભણવા રહ્યા. તેમણે ખાસ કરીને વ્યાકરણ, કાવ્ય, પુરાણો અને મહાભારત વગેરેનો અભ્યાસ કર્યો. તે પછી ગોસ્વામી તુલસીદાસજી અને સૂરદાસજી આદિ ભક્ત કવિઓના સાહિત્યનું અધ્યયન કરીને હિન્દી ભાષામાં પણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. આ જ રીતે મરાઠી ભાષામાં પણ કુશળતા મેળવી. પ્રખર બુદ્ધિમત્તા, સૂક્ષ્મ ગ્રહણશીલતા, સતત વાચન-મનન જેવાઉચ્ચ ગુણોને લીધે થોડા જ સમયમાં સ્વામીશ્રીએ એક પ્રૌઢ પંડિત અને મેધાવી કવિ તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી લીધી.

સ. ગુ. શ્રી મંજુકેશાનંદ સ્વામી શ્રેષ્ઠ વિદ્વાન, ઉત્તમ કવિ, કુશળ વક્તા, સત્સંગનો ઉત્કર્ષ સાધવામાં ઉત્સાહી, નિ:સ્વાર્થી અને પરોપકારપરાયણ એક આદર્શ સંતપુરુષ હતા. 'નંદનામમાળા' નામની તેમની એક પુસ્તિકામાં સ્વામીએ પોતાના વ્યક્તિત્વને સુચારુ શબ્દોમાં અભિવ્યક્ત કરતાં લખ્યું છે:

**"મંજુકેશાનંદ તે પંડિત, રૂડા ગુણે કરી મંડિત;**
**જેણે કીધા છે ભાષાના ગ્રંથ, કીધો કીર્તન મોક્ષનો પંથ."**

સ્વામીએ ધર્મપ્રકાશ, નંદનામમાળા, ઐશ્વર્યપ્રકાશ, હરિગીતા, એકાદશી માહાત્મ્ય ઇત્યાદિ લઘુ ગ્રંથો રચ્યા છે.

શ્રી મંજુકેશાનંદ સ્વામીનાં પદોની સંખ્યા ૪૦૦૦ની કહેવાય છે. તેમનું મુખ્ય અંગ વૈરાગ્યનું જ છે. સંસારની અસારતા બતાવી, વૈરાગ્યનો ઉપદેશ આપનારી તેમની વાણી જોમવાળી પણ સાદી છે. તેમની લેખન પદ્ધતિ ઉપદેશકને વધારે મળતી આવે છે અને શૈલી પોતે વાંચનાર સાથે કે સાંભળનાર સાથે પ્રત્યક્ષ વાત કરતા હોય તે પ્રકારની હોઈ ઘણી જ સરળ છે. કાવ્યદોહનકાર સ્વ. ઇચ્છારામ દેસાઈ કહે છે કે 'દુ:ખિયાને દુ:ખ વેળા ધૈર્ય પ્રેરવામાં તેમનાં પદોની શક્તિ અજબ છે.'*

* અ. નિ. ઈશ્વરલાલ મશરૂવાલા.

સં. ૧૮૭૨માં શ્રીહરિએ વડતાલમાં ફૂલડોલોત્સવ ખૂબ ધામધૂમથી ઊજવ્યો હતો. એનું આબેહૂબ વર્ણન "એક સમે શ્રીહરિ આવિયા, વડતાલે સુખકંદ" એ પદમાં મંજુકેશાનંદે બહુ ખૂબીથી કર્યું છે. શ્રીજીમહારાજે પંચાળામાં રાસોત્સવ કરેલો એ લીલાનું રસિક નિરૂપણ બ્રહ્માનંદ, પ્રેમાનંદ, દેવાનંદ ઇત્યાદિ સંત કવિઓએ એમનાં કાવ્યોમાં કર્યું છે, એનાથી અનોખી ભાત પાડતું લીલાત્મક નિરૂપણ મંજુકેશાનંદે 'સખી દુર્ગનગરને ચોક રમે ઘનશ્યામ' એ પદમાં ગઢપુરમાં શ્રીજીએ ખેલેલી રાસ લીલાનું રસિક બ્યાન આપી કર્યું છે. ગઢડામાં દાદાખાચરના દરબારમાં મહારાજ ઘણીવાર વસંતોત્સવ તેમજ હુતાશનીના ઉત્સવ પ્રસંગે રંગલીલા રમેલા, એવી જ એક રંગલીલાનું અત્યંત મધુર બાનીમાં ગાન મંજુકેશાનંદે 'ઘનશ્યામ' છબીરો હોરી ખેલત હો, ખેલત રે ગઢપુરમાં શ્રી ગોપાલ.' એ પદમાં પ્રગલ્ભપણે કર્યું છે. આવા તો હોળીનાં કેટકેટલાંય પદ કવિએ પ્રસંગે પ્રસંગે પ્રગટ પ્રભુ પાસેથી પ્રેરણા પામીને રચ્યાં છે. એવું જ એક મંજુકેશાનંદની પ્રાસાદિક કલમના ઉત્તમ કસબ સમું પદ કવિએ રંગોત્સવ પ્રસંગે રચેલું ને સંધ્યાકાળના ઘેરા ગુલાલમય વાતાવરણમાં શ્રીહરિના રંગમાં રસબસ થઈને પંચમસૂરે પ્રાણ પૂરતા આલાપેલું: "ઘનશ્યામ રે મેરી સૂધ હરિ લીની..."

કાવ્યકૃતિ :

**ઘનશ્યામ રે મેરી સૂધ હરિ લીની ટેક૦**
**હોરી ખેલત ભયે ચતુર નાથરો,**
**કેસુર રંગમે રસબસ કીનિ. ઘનશ્યામ૦**
**અબીલ ગુલાલ ધૂમ મચાવત,**
**ગ્રહી પિચકારી હાથ નવિનિ. ઘનશ્યામ૦**

એક ઓર શ્રી ઘનશ્યામ સલૂણો,
એક ઓર સબહી સખી રંગભીની. ઘનશ્યામ૦
મંજુકેશાનંદ કે પ્રીતમ,
પરસસે મગન કરી દિની. ઘનશ્યામ૦

આસ્વાદ :

'હોળી'ના પ્રસ્તુત પદમાં સંત કવિ શ્રી મંજુકેશાનંદે હોળી ખેલન ક્રીડાનો ઉલ્લાસ, ગતિ-સ્ફૂર્તિ તેમજ સલૂણાં ઘનશ્યામ શ્રી સહજાનંદના રૂપવર્ણનનું અંકન સમુલ્લાસભેર કર્યું છે.

કાવ્યનો ઉપાડ આકર્ષક છે. પ્રેમની પરાકાષ્ઠાએ આવિર્ભાવ પામતી ઉપાલંભયુક્ત ફરિયાદથી એનો પ્રારંભ થાય છે. વળી ખૂબીની વાત એ છે કે એ જ કડી કાવ્યની ધ્રુવ યાને ટેક પંક્તિ બને છે. કાવ્ય રચનાનો મધ્યવર્તી સચોટ વિચાર કે ભાવ એની ટેક પંક્તિમાં ઝિલાય છે. અહીં જે ટેક પંક્તિ છે– 'ઘનશ્યામ રે મેરી સૂધ હરિ લીની' એની ચારુતા હૃદયસ્પર્શી છે. કાવ્યની આ મહત્ત્વપૂર્ણ ને આકર્ષક ધ્રુવપંક્તિની સુશ્લિષ્ટ રચનામાં કવિએ આત્માનુભૂત ઊર્મિના ઘુંટાણનું આવિષ્કરણ કર્યું છે. એમાં પણ 'રે' જેવા તાલ પ્રેરક અને ગીત પોષક શબ્દનો યથાસ્થાને પ્રયોગ કરીને કવિએ ભાવનું તીવ્ર સ્પંદન પ્રગટાવ્યું છે.

શ્રી સહજાનંદ સ્વામીની રંગોત્સવ લીલાનું દર્શન યા શ્રવણ -મનન ભાવુક હૃદયને જગતના પ્રપંચથી અલિપ્ત કરી એમના દિવ્ય તેજોમય સ્વરૂપમાં આકૃષ્ટ કરે એવાં છે. એક વાર પણ જેની હૃદય-આંખે એ રસિક રંગ-લીલા નીરખી છે, એ આંખો પછી ક્યારેય જગતનાં પ્રલોભનોમાં નથી લોભાતી. દિવ્ય રંગલીલા કરીને જગતના જાત જાતના રાગ પ્રત્યેની મનની અભિમુખતા પ્રભુ હરી લે છે. પછી મન સાંસારિક ભાન ગુમાવે છે. સચરાચર

વિશ્વમાં; પછી તો એ આંખો પ્રભુની દિવ્ય રંગલીલા જ નિહાળે છે. તેથી જ કવિ વારંવાર એક જ ભાવને ઘૂંટતા ગાય છે કે 'ઘનશ્યામ રે મેરી સૂધ હરિ લીની.' કવિની એ ફરિયાદમાં રોષ કરતાં હૃદયના વિશુદ્ધ પ્રેમનો પમરાટ વિશેષ છે.

કાવ્યની શેષ પંક્તિઓમાં શ્રીહરિએ કેવી રીતે સૂધબૂધ હરી લીધી તેના કારણ પરત્વે કવિ શ્રીહરિની રંગોત્સવ લીલાનું વર્ણન કરે છે. હોળી ખેલતો શામળિયો કવિને ચતુર લાગે છે, કારણ કે સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સામે શ્રીજી એકલા હોવા છતાં એવી ચતુરાઈથી રમે છે કે સર્વને કેસરવર્ણા કેસૂડાંના રંગમાં રંગીને રસબસ કરી નાખે છે. અબીલ ગુલાલની ધૂમ મચી છે. નવી જ પિચકારી લઈને પ્રભુ સર્વેને રંગી રહ્યા છે. અવતારના અવતારી પહેલી જ વાર બ્રહ્માંડમાં પધાર્યા હોય ત્યારે એમની ભક્તોને વશ કરવાની રીત ને સાધન નીત નવાં ને નિરાળાં જ હોય ને! એક બાજુ સ્વયં પ્રભુ શ્રી ઘનશ્યામ છે ને બીજી બાજુ શ્રીજીના રંગે રંગાઈને રસબસ થઈ ગયેલા સંતો છે ને રંગોત્સવની ધૂમ મચી છે. મંજુકેશાનંદનું ભાવુક હૃદય મહારાજની આ રસિક લીલા નિહાળીને આનંદ મગ્ન બની નાચી ઊઠે છે અને તન-મનની સૂધબૂધ ખોઈ બેસી શ્રીજીના સ્વરૂપમાં લીન થઈ જાય છે.

પદ સુગેય છે. કાફી હોરી રાગમાં એની તરજ બાંધી કવિએ ગાયું છે. વૈરાગ્યપ્રેરક કવિ મંજુકેશાનંદે માહાત્મ્યજ્ઞાનેયુક્ત ભક્તિ-ભાવવાળા કાવ્યો પણ બહુ સુંદર રચ્યાં છે, એનું આ પદ એક ઉજ્જવળ દૃષ્ટાંત છે.

## ૮. છબિ સલોનિ સુખકંદની, મન મોદ બઢાવે...

કેટલાક કવિની કોઈક કૃતિ એટલી ચોટદાર હોય છે કે એ એક જ કૃતિથી એ કવિ લોકહૈયામાં સદાય માટે વસી જાય છે. પ્રાચીન ભક્ત કવિઓમાંથી પ્રીતમનો આખો કાવ્યસંગ્રહ પ્રાપ્ય છે, પણ તેમાંથી 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' એ એક જ ગીત પ્રીતમને આપણા ઉત્તમ ભક્ત કવિઓની હરોળમાં મૂકવા માટે બસ છે. પ્રેમળદાસનું 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે' અને દાસ રણછોડનું 'દિલમાં દીવો કરો' એ બંને પદો પણ એવા જ અમર કાવ્યકૃતિવાળાં ઉજ્જવળ દૃષ્ટાંતો છે. મધ્યકાલીન યુગમાં આવા જ એક સંત કવિ સ્વામિનારાયણ સંપ્રદાયને સાંપડેલા કે જેની એક મધુર મનભાવન કૃતિ સત્સંગમાં સર્વને ભાવી ગઈ અને આજે પણ એમની અસંખ્ય રચનાઓ પ્રસિદ્ધ હોવા છતાં એમની એ એક જ કૃતિથી એ સંત કવિ સંપ્રદાયના સર્વ સત્સંગ પ્રેમીઓના અંતરમાં અનોખું સ્થાન ધરાવે છે. એ સંત કવિ છે 'શ્રીહરિચરિત્ર ચિંતામણિ'ના રચયિતા સ્વામી દયાનંદ!

**રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી રે!**
**ચોખા દાળ જતન કરી જોયાં;**
**નિર્મળ નીરે ધીરે ધોયાં,**
**મધુરે મધુરે તાપે માખણ શી ચડી રે!**
**....દયાનંદ કહે દિલમાં ધારી;**
**પ્રસાદી આપો હિતકારી,**
**શ્રીહરિવર સંગાથે મુજને મોજ મળી રે!**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાંજે વાળુના થાળમાં ખીચડી

સામાન્ય રીતે હોય છે. વૈરાગ્યવાન નંદ સંતોની તપસ્વી આચારસંહિતાની એ પરંપરા છે. દયાનંદ સ્વામીએ પ્રેમપૂર્વક–દિલથી એનો મહિમા ગાયો છે અને એ પણ માખણ જેવી ખીચડી જેવા જ મુલાયમ શબ્દ અનુપ્રાસોથી! જીભે રમી રહે, હૃદયમાં ગુંજ્યા કરે એવું આ થાળનું કાવ્ય સત્સંગમાં સર્વત્ર ગવાય છે.

સંત કવિ દયાનંદનો જન્મ ગુજરાતના નળકાંઠાના રેથળ ગામમાં સં. ૧૮૪૫માં લુહાણા કોમના સુંદરજીભાઈને ત્યાં થયેલો. પિતા સુંદરજી અને માતા અમૃતબાઈએ બાળક લાલજીને બહુ પ્રેમપૂર્વક ઉછેરેલો, પણ લાલજીના અંતરમાં બાલ્યકાળથી જ અનાયાસે પ્રગટેલો સંસાર પ્રત્યેનો વૈરાગ્ય યુવાન વય થતાં પ્રબળ બનતા માતાપિતાના અવસાન બાદ લાલજીએ ઘર છોડ્યું.

ધોળકાથી પશ્ચિમે પાંચ માઈલ દૂર ગોધનેશ્વર મહાદેવના મંદિરની બહુ પ્રાચીન જગ્યા છે. કહેવાય છે કે પાંડવોએ આ લિંગની સ્થાપના કરેલી. આ મંદિરમાં રહીને લાલજી શંકરની આરાધના કરવા લાગ્યા. એમની ઉગ્ર તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને શિવજીએ એમને દર્શન દઈને કહ્યું: "લાલજી! પ્રગટ પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ નામે આ બ્રહ્માંડમાં પ્રગટ થઈ ચૂક્યા છે. થોડા જ સમયમાં એમનાં દર્શન તમને તમારા ગામની નજીક આવેલા મછિયાવ ગામે થશે.' શિવજીની આર્ષવાણી સાંભળી લાલજી ઘેર પાછા આવ્યા.

સં. ૧૮૬૫ના ફાગણ માસમાં શ્રીજીમહારાજ ગઢપુરથી જેતલપુર જવા નીકળેલા. વચમાં મછિયાવ આવતાં મહારાજ ત્યાંના દરબાર સુરસિંહજીના આમંત્રણને માન આપીને એમના મહેલમાં રોકાયા. ત્યાં મહારાજે ફૂલડોલનો મોટો ઉત્સવ કર્યો. હજારો સત્સંગીઓ ગામેગામથી આવ્યા. રેથળથી લાલજી પણ આ પ્રસંગે મછિયાવ આવ્યા અને મહારાજ સાથે એમનો અહીં પહેલો

મેળાપ થયો. મહારાજે તો પહેલી નજરમાં જ માપી લીધું કે આ તો ઉત્તમ રત્ન છે! મહારાજે ભરી સભામાં એમને પરમ આદરથી બોલાવી કહ્યું: “ભક્તરાજ! તમને મળીને આજે અતિ ઉત્તમ આનંદ થયો માટે લ્યો, આજે જ તમને દીક્ષા દઈ ઉત્તમાનંદ કરીએ!”

લાલજી સાધુ થઈ ઉત્તમાનંદ બન્યા. મહારાજે શરૂઆતમાં ઉત્તમાનંદને પોતાની પાસે જ રાખ્યા અને પછી બે દેશ વિભાગ થતાં અમદાવાદ દેશમાં મહાનુભાવાનંદ સ્વામીના મંડળમાં રાખ્યા. સત્સંગમાં અન્ય મોટેરા નંદ સંતકવિઓ જેવા કે સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ. ગુ. દેવાનંદ સ્વામી વગેરે સંતોની સાથે રહીને ઉત્તમાનંદ પિંગળ શીખ્યા અને પ્રગટ પ્રભુની પ્રત્યક્ષ પ્રેરણા ઝીલીને અંતરના ભાવોને અભિવ્યક્ત કરતાં કોમળ કાવ્યો રચવા લાગ્યા.

સં. ૧૮૭૮ના મહાવદી ૧૧ને દિવસે શ્રીજીમહારાજ અમદાવાદ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા વિધિ કરવાના પ્રયોજનથી પધારેલા. પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હજારો હરિભક્તો દૂર દેશાવરથી આવેલા, નાના મોટા સહુ સંતો પણ શ્રીજીના દુર્લભ દર્શનના લોભે જુદા જુદા પ્રાન્તમાંથી આ પ્રસંગે અમદાવાદ આવી પહોંચેલા. કાંકરિયાને કિનારે તંબુઓ તાણીને સૌએ ઉતારા કર્યા હતા. પ્રતિષ્ઠાવિધિ ધામધૂમથી પતાવી મહારાજે ફાગણ સુદ પાંચમને દિવસે કાંકરિયાને કાંઠે બ્રાહ્મણોની ચોરાશી કરી. ભોજન સમારંભ પત્યા બાદ શ્રીજીમહારાજ એ જ દિવસે સાંજે ત્યાં વિરાટ ધર્મ-સભા ભરીને બિરાજમાન થયા હતા. સલૂણી સંધ્યાનું સુમધુર વાતાવરણ જામ્યું હતું, સંતોએ કીર્તન-આરાધના આરંભી હતી. એક પછી એક ગવૈયા સંતો વાજિંત્ર સહિત કીર્તન ગાતા હતા, ત્યારે સભામાં બેઠેલા ઉત્તમાનંદે પણ મહારાજની મનોહર

સલોનિ શ્યામ મૂર્તિ નિહાળી, તેને અંતરમાં ઉતારી; અલૌકિક આનંદમાં મગ્ન બની આરતભરી વાણીએ ગાવા માંડ્યું:

**"છબિ સલોનિ સુખકંદની, મન મોદ બઢાવે;**
**ધીરજ રાખી ધારતા, અંતર સુખ આવે."**

સભામાં બેઠેલા સૌ સંતો આ સાંભળી ભક્તિભાવમાં ગરકાવ થઈ શ્રીજીની મૂર્તિને અંતરમાં ધારી રહ્યાં.

'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ'માં એક પ્રસંગ આવે છે. સં. ૧૮૮૫માં આસો સુદ એકાદશીની રાતે શ્રીજીમહારાજ ગઢડામાં સભા ભરીને બિરાજમાન થયા હતા ત્યારે સભામાં કીર્તન ગવાતાં હતાં, તેમાં ઉત્તમાનંદે પણ પોતાનું કીર્તન ગાયું; ત્યારે કાવ્યરચનામાં 'ઉત્તમાનંદ' નામ બરાબર બંધબેસતું ન હોવાથી મહારાજે કાવ્યની સરળતા સાચવવા નામાન્તર કરીને તેમને 'દયાનંદ' નામ આપ્યું. કવિના જ શબ્દોમાં આ ઘટના સાંભળીએ:

**"આસો સુદિ એકાદશી રાત રે,**
**સુંદર સભા થઈ સોહાત રે.**
**કાવ્ય બોલાવી નાથ સુજાણ રે,**
**નવા કવિનું કર્યું પ્રમાણ રે.**
**દેવાનંદ ભૂમાનંદ સ્વામી રે,**
**ધ્યાનાનંદ માધવાનંદ દામી રે.**
**ઉત્તમાનંદનું 'દયાનંદ' નામ રે,**
**પાડ્યું કાવ્યમાં મળતું ઘનશ્યામ રે." ॥ ૬ ॥**

કડવાં ॥ ૧૮૪ ॥ (પાન નં. ૧૨૮)

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૨માં શ્રી મહેન્દ્ર પંડ્યા કવિ દયાનંદ વિષે નોંધતા લખે છે:

"કવિ દયાનંદ સ્વામીએ એમનાં પદોમાં વિશિષ્ટ પ્રકારની

હોળીનું આધ્યાત્મિક રહસ્ય બતાવ્યું છે. 'ધર્મકી ધૂન મચાવે, મનમોહન પ્યારો, ભક્તિરૂપી રંગ પતંગી, બહુ બિધ કરકે બતાવે મનમોહન.' "

**કાવ્યકૃતિ :**

**છબિ સલોની સુખકંદની, મન મોદ બઢાવે,**
**ધીરજ રાખી ધારતા, અંતર સુખ આવે.... છબિ૦ ૧**
**માધુરી મુખ બોલની, હંસની ચિત્ત ચોરે,**
**દિલ ડોલે દેખી પાઘને, નેણ લોભાણાં તોરે.... છબિ૦ ૨**
**ભાલની રેખું ભાળીને, ભૂલ્યા જગ રીતિ,**
**વામ શ્રવણમાં બિંદુને, જોઈ વાધે પ્રીતિ... છબિ૦ ૩**
**ઉર ઉપડતું ઓપતું, સદા શ્રીનો નિવાસ,**
**લટકણી રૂડી લોભણી, પ્રેમી તાણ્યાનો પાસ... છબિ૦ ૪**
**મોહ સંસારી મમતા, કુટિલાઈ કાઢી નાખો,**
**દયાનંદના નાથની, મૂરતિ ઉર રાખો... છબિ૦ ૫**

**આસ્વાદ :**

મૃદુભાષી સંત કવિ દયાનંદ પ્રસ્તુત પદમાં સ્વેષ્ટ સહજાનંદ સ્વામીના સલૂણાં સ્વરૂપ પ્રત્યેનો પોતાનો અવિચ્છિન્ન પ્રેમ પ્રગટ કરે છે.

કવિએ અહીં બહુ સુંદર માર્મિક શબ્દ પ્રયોગો પ્રયોજ્યા છે. શ્રીજી માટે 'સુખકંદ' શબ્દ પ્રયોજી કવિ કમાલ કરે છે. પ્રભુ તો સુખના નિધિ છે, આનંદના અધિષ્ઠાતા છે! એવા પરમાનંદરૂપ શ્રી ઘનશ્યામની સલોનિ છબિ યાને મૂર્તિ જોતાં જ મનમાં પ્રસન્નતા છવાઈ જાય છે. પણ એ ક્ષણિક પ્રસન્નતામાંથી અખંડ 'અંતર સુખ' તો ત્યારે જ પ્રગટે જ્યારે એ મૂર્તિને- એ સ્વરૂપને અંતરમાં ધીરજ રાખીને ધારવામાં આવે! યોગશાસ્ત્ર

પ્રમાણે પણ ધારણા બાદ જ ધ્યાન અને સમાધિ સિદ્ધ થાય છે, એ વાત કવિને અહીં અભિપ્રેત છે.

બીજા અંતરાથી કવિ શ્રીહરિની વિવિધ ભાવ ભંગિમાઓ તથા વસ્ત્રાભૂષણોમાં કેવી રીતે ભક્તને વશ કરે છે તે નિરૂપે છે. શ્રીજીની માધુરી મુખવાણી તેમજ મનમોહક મુસ્કાન કવિનું ચિત્ત હરી લે છે. કહેવાય છે કે શ્રી સહજાનંદ સ્વામી જેવી પાઘ એ અરસામાં તો કોઈ બાંધી શકતું નહોતું, એમની પેચદાર પાઘ એવી વિશિષ્ટ ને આકર્ષક હતી. કવિનું દિલ પણ એ પાઘને દેખીને ડોલે છે. પ્રભુનાં નયનરમ્ય નયનો કવિને લોભામણાં લાગે છે. ભગવાનના ભાલ પ્રદેશની રેખાઓ જોઈને કવિ જગતનું ભાન ભૂલે છે. શ્રીજીમહારાજના ડાબા કાનમાં તલ હતો તે જોઈને કવિને ભાવાનુભૂતિ થાય છે. શ્રીહરિના રસાળ શોભિતા ઉરમાં સદાય 'શ્રી' કહેતાં સુખ-સમૃદ્ધિનો નિવાસ હતો. પ્રભુએ કાનમાં પહેરેલાં લટકણિયાં લોભામણાં છે, એ પ્રેમી ભક્તને આકર્ષે છે. અંતે કવિ કહે છે કે આવા સર્વોપરી પ્રભુ મળ્યા પછી સંસારની મોહમમતા તથા સર્વ કુટિલતા અંતરમાંથી કાઢી નાંખવા જ ઘટે. અને શ્રીહરિની રસરૂપ મૂર્તિને એ નિર્મળ હૃદયમાં નિરંતર ધારી રાખવી જ જોઈએ. પદ સુગેય છે.

દયાનંદ પ્રેમી સંતકવિ છે, એમના વિષે લખતા સંત કવિ શ્રી કૃષ્ણાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃત'માં નોંધે છેઃ

"દયાનંદ દિલના ઉદાર,
પ્રભુ પ્રગટમાં અતિ પ્યાર."



કર કંચન પિચકારી સોહાવે છીરકે રંગ બરજોરી;
લેત હરિજન ચિત્ત ચોરી....
સાંવરો હરિ ખેલત હોરી....

## ૯. સાંવરો હરિ ખેલત હોરી....

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી સમકાલીન નંદ સંતો પૈકી કૃષ્ણાનંદ નામે ત્રણ સંતો થઈ ગયા. સંત કવિ શ્રી મંજુકેશાનંદ સ્વામી 'નંદનામમાળા'માં નોંધે છે:

"કૃષ્ણાનંદ મોટા સમાધિવાન,
અહોનિશ રાખે અંતર હરિ ધ્યાન;
કૃષ્ણાનંદ બીજા ગુરુ થઈ ફરે,
કૃષ્ણાનંદ ત્રીજા વાતું રૂડી કરે."

જો કે સ. ગુ. આધારાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્રામૃત સાગર'માં ત્રણ કરતાં વધારે કૃષ્ણાનંદ બતાવેલા છે, જ્યારે વૈરાગ્યમૂર્તિ સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણિ'ના પ્રકરણ ૫૨/૧૩માં પરમહંસોમાં એક અને પ્ર. ૫૨/૨૩માં એક સંન્યાસી કૃષ્ણાનંદનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ આ બધાયમાં 'શ્રીહરિચરિત્રામૃત' ગ્રંથના રચયિતા સંત કવિ સ્વામી કૃષ્ણાનંદ સ્વામિનારાયણ સંપ્રદાયમાં એમનાં ભક્તિરસથી ભરપૂર કાવ્યોને કારણે અતિ પ્રસિદ્ધ થયા છે. સ્વયં જ પોતાનો પરિચય આપતા કવિ 'શ્રીહરિચરિત્રામૃત'ના ૯૫મા અધ્યાયમાં લખે છે:

"કૃષ્ણાનંદ આનંદી કૃપાળ,
ગ્રંથકર્તા બુદ્ધિ વિશાળ."

આજે સંપ્રદાયમાં કેટલાક સ. ગુ. બ્રહ્મચારી શ્રી અચિંત્યાનંદ વર્ણીને જ કૃષ્ણાનંદ સ્વામી તરીકે ઠરાવે છે, પણ સ. ગુ. આધારાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્રામૃત સાગર'માં શ્રીજી સમકાલિન સંતોની જે નામાવલિ આપેલ છે એમાં અચિંત્યાનંદ અને કૃષ્ણાનંદ એમ બન્ને સંતોનો અલગ અલગ

ઉલ્લેખ થયેલો છે. સંભવ છે, અચિંત્યાનંદ સ્વામીને જ કૃષ્ણાનંદ સ્વામી માનવા પાછળ કદાચ સંપ્રદાયમાં પ્રચલિત એક કિંવદંતી કારણભૂત હોઈ શકે. એમ કહેવાય છે કે સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામી અને બ્રહ્મચારી અચિંત્યાનંદજી બન્ને વડતાલ મંદિરમાં રહેતા હતા અને બન્ને વચ્ચે ખૂબ સ્નેહ હતો. કૃષ્ણાનંદ ઠર્યા એક કવિ અને અચિંત્યાનંદ સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન! જ્ઞાનીસે જ્ઞાની મિલે, કરે જ્ઞાનકી બાત! બન્ને સંતો એકબીજાના નિત્ય સમાગમમાં પ્રભુ ભજનમાં મગ્ન રહેતા હતા.

ત્યાં અચાનક એક દિવસ બ્રહ્મચારી અચિંત્યાનંદ વર્ણીને ધ. ધૂ. આચાર્યશ્રીએ જૂનાગઢ સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી પાસે મોકલ્યા. વર્ણીને ઘણો વખત જૂનાગઢ રોકાવું પડ્યું. બન્ને સંતોને આ કારણે ઘણો લાંબો વિયોગ સહેવો પડ્યો. અચિંત્યાનંદ વર્ણી પોતે મહા વિદ્વાન તો હતા જ, એમાં વળી કૃષ્ણાનંદ જેવા રસ-કવિનો સંગ સેવેલો; એટલે જૂનાગઢના વસવાટ દરમ્યાન તેમને જે કાવ્યો સ્ફૂર્યાં એ તેમણે કૃષ્ણાનંદના નામે રચ્યાં. એ જ પ્રમાણે વડતાલમાં કૃષ્ણાનંદ સ્વામીએ અચિંત્યાનંદના નામે સંસ્કૃતમાં સ્તોત્રો/ગ્રંથ રચ્યા અને આમ બન્ને સંતોએ એકબીજાને યાદ કરી, એકબીજાને નામે રચના રચી. જો કે આ વાતને કોઈ ગ્રંથસમર્થન નથી મળતું એટલે અત્રે એનો ઉલ્લેખ માત્ર જ પૂરતો છે.

કૃષ્ણાનંદ સ્વામીના પૂર્વાશ્રમ વિષે જે થોડી ઘણી માહિતી મળે છે એ પ્રમાણે તેમનો જન્મ ઉત્તર ગુજરાતમાં આવેલા રાણપર ગામમાં ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના શ્રી પરમાનંદ વ્યાસને ત્યાં થયો હતો. એમની માતાના નામનો કોઈ ઉલ્લેખ મળતો નથી. બાળપણથી જ પૂર્વના સંસ્કારને કારણે સહજ સ્વભાવે પ્રગટેલા વૈરાગ્યથી પ્રેરિત થઈને તેમણે માતાપિતાને ત્યજીને સંન્યાસ ગ્રહણ કર્યો. શ્રીજીમહારાજ પાસે તેમણે ક્યારે દીક્ષા ગ્રહણ કરી તેનો

કોઈ ઉલ્લેખ ક્યાંય મળતો નથી. પરંતુ તેમણે પોતે જ 'શ્રીહરિચરિત્રામૃત'માં લખ્યું છે તે પ્રમાણે :

**"પરમહંસની દીક્ષા આપી, પાડ્યું કૃષ્ણાનંદ વળી નામ.**
**પાસે રાખી ગુરુ પ્રીતથી, કરી આજ્ઞા સુંદર ઘનશ્યામ."**

શ્રીજીએ સ્વયં તેમને દીક્ષા આપી 'કૃષ્ણાનંદ' નામ પાડ્યું હતું એ વાત તો અહીં નિર્વિવાદ પુરવાર થાય છે.

સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામીએ એમના શ્રીજી સાથેના ઘણા પ્રસંગ 'શ્રીહરિચરિત્રામૃત'માં આલેખ્યા છે. એમાંથી કેટલાક પ્રસંગો આપણે અહીં જોઈએ.

કૃષ્ણાનંદ માત્ર કવિ જ નહોતા, સારા ગવૈયા પણ હતા. સં. ૧૮૮૩માં ગઢડામાં પ. પૂ. શ્રી ઇચ્છારામભાઈ ધામમાં ગયા ત્યારે દાદા ખાચરના દરબારમાં ભરાયેલી સંત-હરિભક્તોની સભામાં શ્રીજીમહારાજે કૃષ્ણાનંદ સ્વામીને બ્રહ્મમુનિ રચિત 'લગાડી તેં પ્રીતિ લાલ' એ કીર્તન ગાવાનું કહ્યું અને પ્રભુઆજ્ઞા શિરોમાન્ય ગણીને કૃષ્ણાનંદે એ કીર્તન સભામાં ગાઈને મહારાજને પ્રસન્ન કર્યા. શ્રીજીએ રાજી થઈને સ્વામીને પોતાનો પ્રસાદીનો પોષાક આપ્યો. કવિ આ પ્રસંગને યાદ કરતાં લખે છે:

**'સાંભળી પદ રાજી થયા, મુને આપ્યો અંગપોશાગ;**
**સભાસદને દેખતે, કરી વાલમ અતિ અનુરાગ,'**

આ પ્રસંગ સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામીની ગાયન-વિશદ્‌તા પુરવાર કરે છે. વ્યવહારદક્ષતા પણ કૃષ્ણાનંદમાં એટલી બધી હતી કે શ્રીહરિએ સં. ૧૮૮૯ના શ્રાવણ માસમાં એક દિવસ કૃષ્ણાનંદ સ્વામીને બોલાવીને આજ્ઞા કરી કે 'સ્વામી! તમે થાન જાઓ ને ત્યાં મંદિર માટે યોગ્ય જગ્યા પસંદ કરી ત્યાંના દરબારને મળો ને જગ્યા આપવા સમજાવો. જો એ જગ્યા આપવા રાજી થાય તો તેનો પાકો લેખ કરાવીને લેતા આવો.' સ્વામી તત્કાળ થાન

ગયા ને ત્યાંના દરબાર બાપુસિંહજીને મળી મંદિર માટે જગ્યા મેળવી તેનો પાકો લેખ લખાવી ગઢડા લેતા આવ્યા ને મહારાજને બતાવ્યો. શ્રીહરિ લેખ વાંચીને કૃષ્ણાનંદ ઉપર અત્યંત પ્રસન્ન થયા.

સ્વામી કૃષ્ણાનંદ શૂરવીર સંત હતા. મહારાજને શૂરવીરતાનું અંગ બહુ ગમતું. એકવાર વડતાલમાં શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા, તેમાં મહારાજે વાત કરી કે "ભગવાનનું ધ્યાન કરવા તથા સભામાં જેટલી વાર બેસવું તેટલી વાર સંતોએ નાસિકાગ્ર વૃત્તિ રાખી બેસવું. માખ, મચ્છર કરડે તો થડકવું નહિ. એવા શૂરવીર સંત હોય તે સભામાં ઊભા થાઓ." 'શ્રીહરિચરિત્રામૃત સાગર'માં આ પ્રસંગ ટાંકી સ. ગુ. આધારાનંદ સ્વામી આગળ લખે છે કે ત્યારે કૃષ્ણાનંદ સ્વામી સભામાં ઊભા થયા હતા.* સત્તરમા પૂરના તરંગ ૮૪માં વળી કવિ આધારાનંદ સ્વામી ફરી આ જ કથનની પુનરુક્તિ કરતા લખે છે: 'સાધુમાં સમાધિનિષ્ઠ કૃષ્ણાનંદ, કૃપાનંદ વગેરે હતા; તેમાં ભણતા કૃષ્ણાનંદ શૂરવીર હતા.'

શ્રીજીમહારાજે કવિ કૃષ્ણાનંદ સ્વામીને પોતાની પાસે રાખી કાવ્ય કોષાદિક ગ્રંથ ભણાવીને ગ્રંથ રચવા માટે પ્રેર્યા હતા. એવો ઉલ્લેખ સ્વામીએ પોતાના ગ્રંથમાં કરતાં લખ્યું છે:

**"પાસે રાખી ગુરુ પ્રીતથી, કરી આજ્ઞા સુંદર ઘનશ્યામ,**
**દીધિ કવિ સવિતાની સ્વામીને, શુભગ્રંથ કરવા કાજ.**

**........**

**કાવ્ય કોષાદિક ગ્રંથને શિખવી શ્રી સુખકંદ;**
**ગ્રંથ કર્યો નિજ સ્વામીએ, સુખકારી આનંદકંદ."**

એકવાર શ્રીજીમહારાજ સંતો સાથે ગઢડાથી નીકળી વિચરણ કરતા કરતા લીંબડી, શિયાણી, દેવળિયા, ગામ વડલે, ઘોડા,

* શ્રીહરિચરિત્રામૃત સાગર (પૂર ૧૭, તરંગ-૧૦)

મછિયાવ, કુંવાર્ય, સાણંદ વગેરે ગામડાંઓમાં હરિભક્તોના પ્રેમભર્યા આગ્રહથી રોકાતા રોકાતા મનીપર ગામ આવ્યા. ત્યાંના ભક્તો રામદાસજી, જીવણદાસ, મનોહરદાસ, રૂપાબાઈ વગેરેએ મહારાજનું ભાવભીનું સ્વાગત કર્યું. શ્રીજી સંતો સાથે ત્યાં રાત રોકાયા. રાત્રે શ્રીહરિ તથા સંતોને ત્યાંના હરિભક્તોએ ખૂબ ભક્તિભાવપૂર્વક જમાડ્યા. પછી ધૂન કરી મહારાજ પોઢી ગયા. સંત-હરિભક્તો રાત્રે કીર્તન ગાતા હતા. સંતોમાં મુખ્યત્વે કવિ કૃષ્ણાનંદ અને ત્યાગાનંદ સ્વામી હતા. કૃષ્ણાનંદ તથા ત્યાગાનંદ સ્વામીએ ત્યાં આખી રાત કીર્તનો ગાઈ હરિભક્તોને ખૂબ સમાસ કરાવ્યો.

**"કૃષ્ણાનંદ ત્યાગાનંદ નામ, ગાયાં કીર્તન ત્યાં સારી યામ."**

(શ્રીહરિચરિત્રામૃત : અ. ૫૯/શ્લોક ૫૭)

આવા તો કેટલાય પ્રસંગો કવિએ શ્રીજીની સ્મૃતિ સાથે આલેખ્યા છે.

સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામીએ ઘણા ભક્તિરસ સભર કાવ્ય-કીર્તન રચ્યાં છે. સ. ગુ. પ્રેમાનંદ સ્વામી રચિત 'વંદુ સહજાનંદ રસરૂપ' ઇત્યાદિ ધ્યાનમાળાનાં પદોની જેમ સ. ગુ. કૃષ્ણાનંદ સ્વામીએ પણ શ્રીજીમહારાજની મૂર્તિનાં અંગોઅંગની શોભાનું ચિંતવન કરતું કાવ્ય ગરબીનાં ચાર પદોમાં –'આવો મારે મંદિર સહજાનંદ, મનોહર શ્રીહરિ રે લોલ...' તથા 'શીર પાઘલડી સોનેરી રે, ઝળકે સુરજસમ ભારી' વગેરે પદોમાં રચ્યું છે.

સં. ૧૮૭૫માં મહા સુદ વસંતપંચમીએ શ્રીજીમહારાજે ગઢપુરમાં વસંતોત્સવ બહુ ધામધૂમથી કર્યો. સૌને રંગે રમાડ્યા. આ પ્રસંગે ગઢપુરમાં ગામેગામથી ભક્તોનો માનવ મહેરામણ ઊમટ્યો હતો. બોટાદના હરિભક્તો પણ આવ્યા હતા. જતી વખતે તેમણે મહારાજને વિનંતી કરી 'પ્રભુ! હવે ફાગણ સુદ પૂનમે ફૂલડોલનો ઉત્સવ બોટાદમાં કરવા પધારો તો બહુ કૃપા થશે. આપ

અનુમતિ આપો તો અહીં જ સૌને આમંત્રણ આપી દઈએ.' મહારાજે ભક્તોનો ભાવ જોઈને પ્રસન્ન થઈ તત્કાળ અનુમતિ આપી દીધી.

ફાગણ સુદ ચૌદશે મહારાજ ગઢપુરથી સંત હરિભક્તો સાથે બોટાદ પધાર્યા. બોટાદના હરિભક્તો હમીર ખાચર, તેમના પુત્ર દાહા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ, ભગા દોશી વગેરેએ મહારાજનું ભાવભીનું સામૈયું કર્યું. ગામ બહાર પશ્ચિમ બાજુ એક વિરાટ વટવૃક્ષ હેઠળ હરિભક્તોના ઉતારા હતા, ત્યાં એક મોટો મંચ બાંધવામાં આવ્યો હતો. રંગના ભરેલા ચરુ તથા અબીલ ગુલાલ ગાડાંઓ ભરીને ત્યાં લાવવામાં આવ્યા. મહારાજ સંતહરિભક્તો સાથે ત્યાં ખૂબ રંગે રમ્યા. પછી ત્યાંથી રંગભર્યા વસ્ત્રોમાં જ મહારાજ માણકીએ ચડી સંત-હરિભક્તોના સંઘ સાથે બોટાદની બજારમાં નીકળ્યા. મહારાજ ઘડીક હાથમાં સોનાની પિચકારી લઈ સંતહરિભક્તો પર રંગની છોળ છોડતા તો ઘડીક અબીલ ગુલાલ ઉડાડતા. સૌ સંત હરિભક્તો મહારાજના રંગમાં રસબસ થઈને હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યા હતા. બોટાદની બજાર ને શેરીઓ રંગમાં રોળાઈ ગયા. આ રંગોત્સવની વિશેષતા એ હતી કે એ કોઈ એક સ્થળે જ ન ઉજવાતા, આખાય બોટાદમાં ગલીએ ગલીએ ઉજવાયો. આ પ્રસંગને પ્રત્યક્ષ નિહાળી, તેના રસાનંદમાં સહભાગી થઈને ભાવવિભોર બની સંત કવિ કૃષ્ણાનંદે શ્રીજીની આ રંગલીલાને માધુર્યસભર માહાત્મ્ય સહિત કાવ્યમાં વર્ણવીને ત્યાં ગાયું હતું:

**"સાંવરો હરિ ખેલત હોરી.... સાંવરો**
**રચ્યો અખાડો શ્રી બોટાદપુરમેં ભક્તભીર ચહુકોરી,**
**કર કંચન પિચકારી સોહાવે છીરકે રંગ બરજોરી;**
**લેત હરિજન ચિત્ત ચોરી...."**

કાવ્યકૃતિ : રાગઃ કાફી (હોરી)

સાંવરો હરિ ખેલત હોરી.... સાંવરો
રચ્યો અખાડો શ્રી બોટાદપુરમેં, ભક્તભીર ચહુકોરી;
કર કંચન પિચકારી સોહાવે, છીરકે રંગ બરજોરી;
લેત હરિજન ચિત્ત ચોરી.... સાં૦ ૧

રંગ ઉડાવત મુખ મુસકાવત, ભીજી ભક્તજન ટોરી;
રંગમેં રસબસ રાજત ધરની, મેઘ જ્યું અતિ વરસ્યો જોરી;
બજત બાજે દાન હોરી... સાં૦ ૨

સુર કે ગાયક મગન ગગન મેં, ગાવત તાનન તોરી;
ખેલ બિલોકત દેવ મુદિતમન, નમત પાણી જુગ જોરી;
દેખી છબી મેન લજ્યોરી.... સાં૦ ૩

નાચત નભ સુરનારી મનોહર, હેરત ચંદ જ્યું ચકોરી;
કૃષ્ણાનંદ ચતુર સહજાનંદ, વહો ઈનમેં રતિ મોરી;
ઘનશ્યામ મેરી જીવન દોરી.... સાં૦ ૪

આસ્વાદ :

ગઢડામાં એકવાર આત્મદર્શી સંત સ. ગુ. સ્વરૂપાનંદ સ્વામી બહુ માંદા થયા. ઘણાં ઔષધ, ઘણા ઈલાજ કર્યા પણ સ્વામીને દેહમાં જે કારમી દાહ થતી તેમાં કાંઈ રાહત ન થઈ. નિષ્કુળાનંદ તથા પરમહંસાનંદ સ્વામી તેમના શરીરે ઠંડા પાણીનાં પોતાં મૂકતા, દ્રાક્ષ તથા સાકરનાં પાણી પાતાં, આખા શરીરે ચંદન ચર્ચતા, એમ ઠંડકના બધા ઉપાયો કરવા છતાં ફેર પડતો નહિ. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું: "તમે તો સમર્થ છો. ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર વર્તો એવા મહાન સિદ્ધ છો. તે વાત ક્યાં ગઈ?" ત્યારે સ્વરૂપાનંદજી હાથ જોડી દીનભાવે બોલ્યાઃ "પ્રભુ! આપે આ પીડા આપી મને સિદ્ધપણાનાં અભિમાનરૂપી વિઘ્નથી બચાવ્યો છે. આપે

જ કૃપા કરી આ દર્દ મૂક્યું છે તો આપ જ ઉપાય બતાવો!" આ સાંભળી મહારાજ મરકયા, પછી સ્વામીને શરીરે હાથ ફેરવતાં બોલ્યાઃ "સ્વામી! અમે દાદા ખાચરના તથા જીવા ખાચરના દરબારમાં વારંવાર રંગ રમ્યા છીએ અને સંતહરિભક્તોની સભા કરી છે. તે બધું તમે જોયું છે, તેનું ચિંતવન કરો." સ્વરૂપાનંદ સ્વામીએ મહારાજની રંગલીલાનું ચિંતવન કરવા માંડ્યું અને તેમ કરતા તેમની દેહપીડા ટળી ગઈ અને અંતરમાં પ્રગાઢ શાંતિ વ્યાપી. આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃત સાગર'માં આ પ્રસંગ નોંધતા લખ્યું છે કે શ્રીહરિની રંગોત્સવ લીલાનું ચિંતવન ત્રિવિધ તાપથી મુક્તિ અપાવનાર છે. શ્રીજીની આવી દુઃખનાશક ને આનંદ પ્રેરક રંગલીલાનું રોચક વર્ણન હોળીના પ્રસ્તુત પદમાં કવિ કૃષ્ણાનંદ સ્વામીએ કર્યું છે.

બોટાદનો આ ઐતિહાસિક રંગોત્સવ સંપ્રદાયના ઇતિહાસમાં અદ્વિતીય છે. આખુંય ગામ આ રંગોત્સવમાં જોડાયું હતું. ચારેબાજુ ભક્ત સમુદાયોની ભારે ભીડ જામી હતી. મહારાજ હાથમાં સોનાની પિચકારી લઈને રંગ છાંટે છે. સંતહરિભક્તો પણ એ રંગ ઝીલતાં જ શ્રીજી પ્રત્યે આકર્ષાય છે. મહારાજના રંગભીના સ્વરૂપમાં સર્વની વૃત્તિ ચોંટી જાય છે. પ્રભુ તો આનંદનું ઘનસ્વરૂપ છે, એ તો રંગ છાંટતા હસે છે, એમની હર્ષોલ્લાસથી ઓપતી મૂર્તિ જોઈ ભક્તો પણ ભાવાવેશમાં ભીંજાઈ જાય છે. સૌ રંગમાં રસબસ થઈ અનરાધાર વરસાદથી ભીંજાયેલી ધરતીની જેમ શોભે છે. કવિની કલ્પનાનો ઉજ્જવળ કલાઉન્મેષ અહીં વ્યક્ત થાય છે. વાદળ ગડગડે એ રીતે વાદ્યો પણ વાગે છે. ઉપમાનો સુંદર વિનિયોગ કવિ કરી જાણે છે.

**'સુર કે ગાયક મગન ગગન મેં ગાવત તાનન તોરી'**


શ્રીહરિની રંગલીલા નીરખીને સમગ્ર સૃષ્ટિ મગ્ન બને છે.

ગાંધર્વાદિ દેવ-ગાયકો પણ આકાશમાં રહી આ ગાનતાનમાં જોડાય છે. દેવો પ્રસન્ન ચિત્તે હાથ જોડીને આ લીલાનો દર્શનરસ માણે છે. પ્રેમવિવશ મન સહજભાવે શ્રીજીનું દર્શન કરતાં આનંદ અનુભવે છે. કવિ અહીં પ્રેમની પરાકાષ્ઠાએ અનુભવાતી પ્રેમીની મન-સ્થિતિનું આલેખન કરે છે.

આકાશમાં દેવાંગનાઓ પણ આનંદ મગ્ન બની નાચી ઊઠે છે અને ચકોરી જેમ ચંદ્રને જોઈ રહે તેમ શ્રીજીને જોઈ રહે છે.

કવિ કૃષ્ણાનંદને મન તો સ્વામી સહજાનંદજી મહારાજ જીવનદોરી છે. તેઓ તો ઇચ્છે છે કે જે સ્નેહભાવને પોતે પામ્યા છે એ સ્નેહભાવ પ્રભુકૃપાથી સર્વમાં વિલસી રહો.

પદ સુગેય છે, કાફી હોરી રાગ પરંપરાગત હોળીપદનો રાગ છે. એમાં એના બંદિશ ભાવને સુસંગત છે.



'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ' એ એકાંતિક ભક્તના અંતરની અહોનિશ યાચના છે. ભક્ત-હૃદયની જે પ્રામાણિક માગણી હોય છે તેની સામે પ્રભુ સદાય વરદ હસ્તે અભય વરદાન જ બક્ષતા હોય છે!

## ૧૦. નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ....

સં. ૧૮૮૧ના (સને ૧૮૨૫) કાર્તિક વદ સાતમને શનિવારે શ્રીજીમહારાજ સુરતના હરિભક્તો તથા ખાસ કરીને તો પારસી ભાવુક ભક્ત અરદેશર કોટવાળના ભાવભર્યા નિમંત્રણથી સુરત પધાર્યા હતા. ત્યારે અરદેશર કોટવાળ, તેમના ભાઈ પીરોજશાહ, બેહરેમંદખાન, સુરતના નવાબ અફ્ઝુલુદ્દીન ઉપરાંત અંગ્રેજ ન્યાયાધીશ એન્ડરસન તેમ જ બે અંગ્રેજ અમલદાર મિ. હેરન તથા મિ. રોમરે શ્રીજીમહારાજને પોતાને આંગણે તેડીને સારો સત્કાર કર્યો હતો. સુરતમાં શ્રી સહજાનંદ સ્વામી નવ દિવસ રહ્યા હતા.* એ વખતે સુરતમાં લાલકૃષ્ણની વાડીમાં શ્રીજીમહારાજનો મુકામ હતો.

એક દિવસની વાત છે. અરદેશર કોટવાળના બંગલે પધરામણી કર્યા બાદ સાંજે શ્રીજીમહારાજની સવારી પાછી ઉતારે પધારતી હતી. અસ્તાચળે ડૂબતા સૂરજની લાલિમાથી આખુંય આકાશ જાણે ભગવી કંથાધારી ધ્યાનમસ્ત બનેલા કોઈ અલમસ્ત જોગીની જેમ મસ્ત ગુલાબી ઝાંયમાં ઝબોળાઈ ગયું હતું! પોતાના માળામાં પાછા ફરેલાં પંખીઓના મીઠા કલરવ અને મંદિરોમાં થતા આરતીના ઘંટારવ સંધ્યાકાળના પ્રાકૃતિક સૌંદર્યને અનોખો ઓપ આપતા હતા. અરદેશર કોટવાળને ત્યાંથી પાછા ફરતા સાધુઓ સંગે શ્રીહરિ મીરઝાના ચકલામાંથી પસાર થતા હતા. તે સમયે મીરઝાના ચકલામાં ગાનકળામાં કુશળ અનેક તવાયફો રહેતી હતી. સમીસંધ્યાટાણે જ્યારે સાધુના મંડળ સાથે શ્રીજીની સવારી ત્યાંથી ચાલી જતી હતી ત્યારે આ તવાયફોનો ધીરો પણ માદક સૂર

* સુરત સોનાની મૂરત. લે. ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ. પૃ.૧૩૫)

વાતાવરણમાં પ્રસરી રહ્યો હતો. આ સ્વર કર્ણપ્રદેશમાં પ્રવેશતાં ગાનના અભ્યાસી શ્રવણ કરનારને સ્તંભાવવાને પૂરતા હતા. આ સવારીમાં પ્રેમાનંદ સ્વામી પણ સાથે હતા. સાધુઓ તો નતમસ્તકે ચાલ્યા જતા હતા, પરંતુ એ સંગીતનું માધુર્ય કલાપ્રેમી 'પ્રેમસખી'ને અત્યંત સ્પર્શી ગયું. એ મધુરા ગાનનો આલાપ એમના મનમાં ઘુંટાવા લાગ્યો. એ સુંદર સ્વરરચના એમના કાનમાં શાશ્વતસૂરના પ્રાણ પૂરી ગઈ! અને ચાલતા ચાલતા જ તેઓ સાંભળવામાં એટલા તલ્લીન થતા ગયા કે સ્વાભાવિકપણે તેમનાં પગલાં ધીમાં પડવા લાગ્યાં અને સર્વ સાધુઓના મોખરે ચાલનાર પ્રેમસખી ધીરે ધીરે છેક પાછલી હરોળમાં આવી ગયા, તેની પણ તેમને સ્મૃતિ રહી નહિ. પરંતુ શ્રીજીમહારાજની ચકોર નજર શાની ચૂકે? એમણે તરત ઘોડી પાછી વાળી, ગાયિકાના ગાયનમાં મશગૂલ બનેલા એ સંત પાસે જઈ તેમને ઢંઢોળ્યા અને હળવા શબ્દોમાં મીઠો ઠપકો આપતાં કહ્યું: "સ્વામી! આ શું? આજે તમે કેમ પાછળ રહી ગયા?"

મહારાજની માર્મિક વાણીમાં જે ટકોર હતી તે પ્રેમસખી પામી ગયા. શરમાઈને નીચી નજરે એમણે શ્રીહરિની માફી માગી. મહારાજે માણકીની લગામ ખેંચતાં કહ્યું: "સંગીતને તમારે વશ કરવાનું હોય, સ્વામી! સંગીત ઉપર તમારો કાબૂ હોવો જોઈએ, નહિ કે સંગીતનો તમારા ઉપર!" મહારાજે પછી પ્રેમસખીને સવારીમાં સંતોની વચ્ચે રાખ્યા અને એમ કરતાં સવારી ઉતારે પહોંચી.

રાત્રે સૂતા પહેલાં શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા ને પછી શાંતિથી પોતાની પાસે બેસાડીને કહ્યું: "સ્વામી! તમે જોયું? મનુષ્યની પ્રકૃતિ એને ક્યાંની ક્યાં ખેંચી જાય છે! સંગીત કલા બેશક ઉત્તમ છે, પણ એ કલા જો પ્રભુ પ્રીત્યર્થે સાધવામાં આવે તો જ સાર્થક થાય; નહિ તો લોકરંજન માટે તો ઘણાં સાધે છે, એનું મૂલ્ય

નહિવત્ છે. એવા સંગીતનું ક્ષણિક આકર્ષણ પણ સંતને ભક્તિમાં વિઘ્નરૂપ છે. તમને આવા લોકરંજન અર્થે ગવાતા ગીતમાં પળમાત્ર માટે પણ જે આકર્ષણ થયું એના પ્રાયશ્ચિત્તરૂપે તમારે ચાંદ્રાયણ વ્રત કરવું."* શ્રીજીના ચરણમાં મસ્તક મૂકી પ્રેમસખી બોલ્યા: "ભલે મહારાજ!"

બીજે દિવસે પ્રાતઃકાળે નિત્ય વિધિ પતાવી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજે આપેલું વ્રત શરૂ કર્યું. પૂજાપાઠ કર્યા બાદ સ્વામી મુક્તમુનિના દર્શને ગયા. ત્યાં મુક્તમુનિનાં ચરણોમાં બેસી એમણે ગદ્‌ગદ કંઠે યાચના કરતા કહ્યું: "સ્વામી! આપ તો સત્સંગની મા છો, માટે કૃપા કરીને મને સત્સંગના બધા નીતિ નિયમો તથા એકાંતિક ધર્મ અંગેની બધી જ મુખ્ય વાતોનું સ્મરણ કરાવો. જેથી ફરી ક્યારેય મહારાજની કોઈ આજ્ઞા સ્વપ્નમાં પણ લોપાય નહિ!" સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ તો પોતાની જ્ઞાન સરવાણી વહેતી મૂકી. પ્રેમસખીએ એમાંથી આચમને આચમને પાન કરવા માંડ્યું. એમ બે દિવસ બેઠા ને ત્રીજે દિવસે શ્રીજીમહારાજની પ્રેરણાથી એ સર્વે વાતોને પ્રેમાનંદ સ્વામીએ એક જ પદમાં પ્રયોજી સુંદર દોહાબંધવાળા
પદની રચના કરી. રચના એવી મનોહર થઈ કે પ્રથમ પોતે જ એ કંઠસ્થ કરી લીધી. ચોથે દિવસે શ્રીહરિ પાસે આવીને સ્વામી નતમસ્તકે બે હાથ જોડી ઊભા અને પોતાની નવીન કંઠસ્થ રચના બોલવા લાગ્યા:

**"નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ,**
**મહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ."**

એમ બોલતા ગયા ને દરેક કડીએ મહારાજને સાષ્ટાંગ

* 'પ્રેમાનંદ સ્વામીના જીવનની ઝાંખી- શ્રી ઈશ્વરલાલ ઇચ્છારામ મશરૂવાલા (પ્રસ્તાવના: શ્રી પ્રેમાનંદ કાવ્ય- ભાગ ૧-૨.)

દંડવત્ પ્રણામ કરતા ગયા. એમાં રાગ, આલાપ કે વાદ્યનો ખપ રાખ્યો નહોતો. પરંતુ સમગ્ર સંપ્રદાયની સર્વગ્રાહી સમજણનો નિચોડ નીતરતો હતો. મહારાજ એકચિત્તે સાંભળતા હતા.

**'નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત,**
**વિમુખ જીવકે વદનસે, કથા સૂની નહિ જાત.'**

કડીએ કડીએ મહારાજ ડોકું હલાવી સંમતિ આપતા રહ્યા. અને પદ પૂરું થતાં 'પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિ:શંક જગજીત' એમ કહી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પૂરા કર્યા.

એ જ દિવસે સંધ્યા આરતી પછી ધૂન વગેરે થઈ ગયાં એટલે મહારાજે 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય' શરૂ કરાવ્યું. પછી કહ્યું: "આ પદ નિત્યપાઠમાં આજથી રાખીએ છીએ, તે સંધ્યા આરતી પછી સૌ બોલજો. જે આ પદ બોલે તેણે લઘુ શિક્ષાપત્રીનો પાઠ કર્યો એમ સમજવું." આજે પણ સંપ્રદાયનાં મંદિરોમાં આરતી ને ધૂન પછી આ પદ સાષ્ટાંગ દંડવત્ સાથે બોલવાની પ્રથા યથાવત્ ચાલી રહી છે.

કાવ્યકૃતિ : (પ્રાર્થના-દોહા)

**નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;**
**મહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ૧**
**મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;**
**દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ૨**
**તુમારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિ હોય;**
**એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ૩**
**નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;**
**એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪**
**હે કૃપાલો! હે ભક્તપતે! ભક્તવત્સલ! સુનો બાત;**

દયાસિંધો! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય. ૭
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ. ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત,
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત. ૯
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સૂની નહિ જાત. ૧૦
એહિ ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ,
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઔર સબ આશ. ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત. ૧૨

આસ્વાદ :

કવિ કલાપીએ ગાયું છે:
હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે;
પાપી એમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

પાપનું નિવારણ સાચા હૃદયના પશ્ચાત્તાપ સિવાય ક્યારેય થતું નથી. અંતઃકરણપૂર્વકના પશ્ચાત્તાપ બાદ પ્રેમસખીના નિર્દોષ અને નિષ્પાપ અંતરમાં જે સ્વયંભૂ પ્રાર્થના પ્રગટી એ 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ' દોહાબંધની રચનાવાળી પ્રાર્થના સ્વામિનારાયણ સંપ્રદાયની સનાતન પ્રાર્થના બની ગઈ, એટલું જ

નહિ પણ હરકોઈ મોક્ષાર્થી સત્સંગીની શ્રીહરિ પ્રત્યેની એ હાર્દિક યાચના બની ગઈ! પ્રેમાનંદ સ્વામીની સંતકવિ પ્રતિભાનો ઉત્તમ ઉન્મેષ અહીં પ્રગટ થયેલો છે.

કવિ આ પ્રાર્થનામાં પહેલાં શ્રીજીમહારાજ પાસે સાત 'વર' માગે છે.

**"દયાસિંધો સ્તવન કરી, માગું વસ્તુ સાત."**

એ સાત વસ્તુમાં સૌ પ્રથમ કવિ શ્રીહરિ પાસે મોક્ષાર્થી માટે સૌથી વધુ મહત્ત્વ ધરાવતી બહુ વિરલ વસ્તુ માગે છે. મોક્ષાર્થીના આધ્યાત્મિક જીવનમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવતી આ વિરલ વસ્તુ છે: 'શ્રીહરિ પ્રત્યેનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય.' શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક સત્સંગી માટે સૌથી મહત્ત્વની જો કોઈ બાબત હોય તો તે છે 'ઉપાસના'. પ્રગટ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણમાં જ અનન્ય નિષ્ઠા રાખવી એને સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'ઉપાસના' કહે છે. અન્ય સંપ્રદાયોમાં 'ઉપાસના' શબ્દને ધ્યાન અને ભક્તિના અર્થમાં વાપર્યો છે. જ્યારે શ્રીજીમહારાજે તો 'ઉપાસના' એટલે 'બ્રહ્મ અને પરબ્રહ્મના સદાસાકાર સ્વરૂપને યથાર્થપણે જાણીને દૃઢ અવિચળ નિશ્ચયપૂર્વક કરવામાં આવતી સેવા-ભક્તિ' એવો અર્થ કર્યો છે. આ ઉપાસનાની દૃઢતા અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયથી જ થવી જોઈએ એવો કવિનો આગ્રહ છે. ભગવાનમાં ભક્તને નિશ્ચય થાય છે, એ નિશ્ચય બે પ્રકારના હોય છે.

(૧) સવિકલ્પ નિશ્ચય (૨) નિર્વિકલ્પ નિશ્ચય અને આ બંને પ્રકારના નિશ્ચયમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ ભેદ છે. પણ આ સર્વમાં 'અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય' જ કવિને માન્ય છે, કારણ કે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થયા સિવાય મુક્ત શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિમાં

રસબસ થઈને સળંગ મૂર્તિમાં રહ્યા થકા મૂર્તિનાં રોમેરોમનાં નવીન નવીન સુખ ક્યારેય ભોગવી નથી શકતા. અનાદિમુક્તની આ સ્થિતિ અને ચરમસીમાના એ સુખની અનુભૂતિ માટે શ્રીહરિમાં અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય હોવો અતિ આવશ્યક છે.

આ પ્રકારના નિશ્ચયની વાત કરતા લોયા ગામમાં શ્રીજીમહારાજે સંતોને સમજાવતાં કહ્યું હતું કેઃ "અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટી કોટી બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તેને વિષે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ."[1] આમ શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ જે અક્ષરધામ તેની સાથે પોતાના આત્માની એકતા કરી જે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે તે પરમ એકાંતિક મુક્ત ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા કહેવાય. જ્યારે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા અનાદિમુક્ત પોતાના આત્માને શ્રીજીમહારાજની મૂર્તિરૂપ માની સેવકભાવે શ્રીહરિની મૂર્તિમાં રસબસ થઈને સળંગ મૂર્તિમાં રહ્યા થકા મૂર્તિના રોમરોમનાં નવીનતમ સુખ માણે છે. આ અતિ ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને તેથી જ કવિ અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાંછના કરે છે. આવો નિશ્ચય એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે. જ્ઞાનથી પ્રભુના સ્વરૂપનો નિશ્ચય દૃઢ થતો જાય છે અને એમનો અપાર મહિમા સમજાતો જાય છે. પણ એકલું જ્ઞાન શુષ્ક છે. તેથી કવિ પ્રભુ પાસે પ્રાર્થે છેઃ

**"માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ"**

ભગવાન પ્રત્યેના માહાત્મ્યજ્ઞાને સહિતના સ્નેહને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્તિ ગણવામાં આવી છે.[2]

---

૧. વચનામૃત- લોયા-૧૨.

૨. શિક્ષાપત્રી- શ્લોક-૧૦૩.

માહાત્મ્યજ્ઞાન ઉપરાંત, સંપ્રદાયને અભિમત 'એકાંતિક' શબ્દ કવિએ ભક્તિના વિશેષણ તરીકે પ્રયોજ્યો છે. પ્રગટ પરમાત્મામાં જ આસક્તિ અને અન્ય પદાર્થમાત્રમાં વિરક્તિ એ સાચા સ્નેહનું લક્ષણ છે. ભગવાનમાં જ અનન્યભાવથી પ્રેમાનુબંધ બાંધવો તેને એકાંતિક સ્નેહ યાને પતિવ્રતાનો સ્નેહ કહેવામાં આવે છે અને એવા સ્નેહેયુક્ત ભક્તિ એ એકાંતિક ભક્તિ છે![1] એવી ભક્તિ જેનામાં હોય એ એકાંતિક ભક્ત છે. એવા ભક્તમાં ભગવાનનું માહાત્મ્યજ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ આ ચારે ય સાધનો હોય છે.[2]

આગળ કવિ પ્રભુને પ્રાર્થે છે કે હે મહારાજ! આપના ભક્તોમાં કોઈ જાતનો દોષ ન રહે એ માટે એવા ગુરુ, એવા શુભ દેશ-કાળ ને સંગ અમને આપજો જેથી અમારા નિશ્ચયમાં, અમારી સમજણમાં, અમારા ધર્મમાં, ભક્તિમાં, વૈરાગ્યમાં કોઈ જાતનો દોષ કે ત્રૂટિ રહી ન જાય! આપના સર્વ ભક્તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિએ યુક્ત સર્વોપરી ઉપાસનામાં પ્રવર્તે એવી મારી પ્રાર્થના છે.' પછી કવિ માગે છે: 'તુમારો તવ હરિભક્તકો દ્રોહ કબુ નહિ હોય.' 'હે મહારાજ! આપનો તથા આપના હરિભક્તનો ક્યારેય દ્રોહ ન થાય એવી અમારી રક્ષા કરજો.'

ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ જીવને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે. આ અંગે શ્રીજીમહારાજે વચનામૃત ગ. છે. પ્ર. ૧૨માં કહ્યું છે કે "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ.... અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું, ને ભગવાન તથા ભગવાનના ભક્ત

૧. એકાંતિક ભક્તિની વિસ્તૃત ચર્ચા સત્સંગિજીવન ભાગ-૧, પૃ.૪૩૪થી ૪૩૭માં કરવામાં આવી છે.

૨. વચનામૃત- વડતાલ : ૩

તેનો જેને અવગુણ આવ્યો હોય, ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો.... જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહિ અને અનંત બ્રહ્મહત્યા કરી હોય, અને અનંત બાળહત્યા કરી હોય, ને અનંત સ્ત્રીહત્યા કરી હોય ને અનંત ગૌહત્યા કરી હોય ને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય, ને શાસ્ત્રમાં તે પાપથી છૂટ્યાનો ઉપાય કહ્યો છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપથી છૂટ્યાનો ઉપાય કહ્યો નથી, અને ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા પર્વતથી પડે, અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે અને જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે અને વળી ગમે તેવો શરીરમાં રોગ થયો હોય ને તેણે કરીને શરીર પડે અથવા કોઈ શત્રુ મળે ને શરીરનો નાશ કરી નાખે પણ જીવનો નાશ થાતો નથી અને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે.... ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહનો કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય, જે કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ, માટે એનો જીવ નાશ થઈ ગયો જાણવો. એમ જાણીને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહિ."

ભગવાનના એકાંતિક ભક્તનો મહિમા અનેરો છે. પ્રેમાનંદ સ્વામી પણ મહારાજ પાસે માગી લે છે કે 'હે મહારાજ! આપના એકાંતિક ભક્તનો મને સદાય સમાગમ આપજો.' ગઢડા મધ્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે એકાંતિક ભક્તની વ્યાખ્યા કરતાં કહ્યું છે: "એકાંતિક ભક્ત તો તે ખરો જે પોતાને

બ્રહ્મરૂપ માનીને, સ્વધર્માદિક અંગે યુક્ત જે ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે શ્રી પુરુષોત્તમ તેમનું ધ્યાન, સ્મરણ ને ઉપાસના તેને કર્યા કરે અને દેહે કરીને જેટલાં ઈશ્વરે વર્તમાન કહ્યાં હોય તેમાં ફેર પડવા દે નહિ, એવો હોય તે એકાંતિક ભક્ત જાણવો." વળી આના અનુસંધાનમાં શ્રીજીમહારાજ વડતાલના ૧૯મા વચનામૃતમાં સમજાવે છે કે ભગવાનના ભક્તે આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો જ રાખવો. આથી જ સંતકવિ બ્રહ્માનંદ સ્વામી એમની બ્રહ્મવાણીમાં ગાય છે કેઃ

**'સંત સમાગમ કીજે, હો નિશદિન.... સંત સમાગમ કીજે.'**

સંત સમાગમથી શું થાય છે? એનું ફળ શું છે? એના જવાબમાં બ્રહ્મમુનિ કહે છેઃ

**'ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે હો...**
**બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફળ કરી લીજે હો....**

આમ સંતની સોબત આ જન્મને સફળ કરી નાખે એવી છે. તેથી જ પ્રેમાનંદ સ્વામી શ્રીહરિને વંદના કરીને આજીજીપૂર્વક યાચના કરે છેઃ

**'એકાંતિક તવ  દાસકો દીજે સમાગમ મોય.'**

હવે કવિ છઠ્ઠો વર માગતાં શ્રીજીને પ્રાર્થે છેઃ 'હે મહારાજ! આપના તથા આપના દાસાનુદાસ ભક્તના મને નિરંતર દર્શન થાય એવી મારી ઝંખના છે.' ભગવાનના દર્શન પરમ કલ્યાણકારી છે એમ તો પ્રેમસખી સમજે જ છે, પણ સાથે સાથે ભગવાનના દાસાનુદાસ ભક્તનો મહિમા પણ એ ઓછો નથી આંકતા!*

* 'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર... એ વર માગું છું.'
-- સ. ગુ. પ્રેમાનંદ સ્વામી.

કવિ નમ્ર બની પ્રભુના દાસના પદની યાચના ઉપરાંત એથી યે નિમ્નસ્તર દાસાનુદાસની પદપ્રાપ્તિની ઇચ્છા વ્યક્ત કરે છે. એમાં કવિની મહાત્મ્યેયુક્ત નમ્રતા જ દેખાય છે.

અંતમાં સાતમો વર વિનયપૂર્વક માગતાં ફરી કહે છેઃ

**'એહિ માગું કરી વિનય હરિ સદા રાખિયો પાસ.'**

'હે મહારાજ! અખંડ આપની મૂર્તિમાં મને ભેળો રાખજો એ જ મારી અંતિમ યાચના છે.' આ પ્રમાણે શ્રીહરિનું વિધિપૂર્વક સ્તવન કરીને કવિ ઉપરોક્ત સાત 'વર' સર્વ સત્સંગી માત્ર માટે માગ્યા બાદ સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વે આશ્રિત સત્સંગીને ઉદ્દેશીને કહે છે કે, શ્રી સ્વામિનારાયણ ભગવાને જે શિક્ષાપત્રી લખી છે તેમાં જે અગિયાર નિયમો શ્રીહરિએ સર્વ સત્સંગી હરિભક્તોને દૃઢ પાળવાની આજ્ઞા કરી છે એ નિયમોઃ

(૧) જીવ પ્રાણી માત્રની હિંસા ન કરવી, (૨) પરસ્ત્રી સંગનો ત્યાગ કરવો, (૩) માંસ ન ખાવું, (૪) મદ્ય ન પીવું, (૫) વિધવાનો સ્પર્શ ન કરવો, (૬) આત્મઘાત ન કરવો, (૭) ચોરી ન કરવી, (૮) કોઈ ઉપર મિથ્યા અપવાદ આરોપણ ન કરવો, (૯) કોઈ દેવની નિંદા ન કરવી, (૧૦) જેના પાત્રનું અન્ન ન ખપતું હોય તે ન ખાવું અને (૧૧) વિમુખના મુખેથી કથા ન સાંભળવી. આ નિયમો ત્યાગી-ગૃહી સર્વે સત્સંગી માત્રએ દૃઢપણે પાળવા.

શ્રીહરિના ભક્તો પ્રેમાનંદ સ્વામીને અતિ પ્યારા છે. એથી જ આત્મીયજનની જેમ પ્રેમસખી સર્વે સત્સંગીજનોને ઉપરોક્ત અગિયાર નિયમો એમના કલ્યાણ માટે દૃઢતાથી પાળવાની ભલામણ કરી અંતે કહે છેઃ

**'ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઔર સબ આશ.'**

**'પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત.'**

પ્રગટ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય મોક્ષદાતા અન્ય કોઈ નથી એવો અચળ વિશ્વાસ મનમાં દૃઢ કરી, શ્રીહરિને જ સર્વ કર્તાહર્તા જાણી તમે શ્રીજીમહારાજને અનન્ય

ભક્તિભાવપૂર્વક ભજશો તો અવશ્ય અક્ષરધામને પામશો, એમાં જરાય શંકાને સ્થાન નથી એમ પ્રેમાનંદ સ્વામી નિઃશંક ખાત્રીપૂર્વક કહે છે.

આ જ વાતનું સમર્થન કરતાં શ્રીજીમહારાજે પણ વચનામૃત ગ. મ. પ્ર. ૨૧માં કહ્યું છે કે "વર્ણાશ્રમના ધર્મવતે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે અને કલ્યાણને અર્થે તો ભગવાનને કર્તાહર્તા જાણવા એ જ છે."

દોહાબંધવાળું પ્રસ્તુત પદ પ્રેમાનંદ સ્વામીની સંપ્રદાયને એક અણમોલ ભેટ છે, જેના પઠન-મનનથી મુમુક્ષુ સત્સંગીઓને મોક્ષ પ્રાપ્તિનો મિતભાષી સૂત્રાત્મક બોધ બહુ જ સુગમતાથી મળી રહે છે.

# ૧૧. એક વાત સૂણો ગઢપુરવાસી રે....

સં. ૧૮૬૭ની આ વાત છે. એ વખતે ગઢપુરમાં બાપુ જીવા ખાચરની ડેલી આગળ સાધુઓની ધર્મશાળા હતી.* ત્યાં સ. ગુ. મુક્તાનંદ સ્વામી તથા સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી રહેતા હતા. એક દિવસ શ્રીજીમહારાજ અચાનક અક્ષર ઓરડીમાંથી નીકળી સીધા સાધુની ધર્મશાળામાં પધાર્યા. મહારાજ પધાર્યા એટલે બધા સંતો ત્યાં એકદમ ભેગા થઈ ગયા. મહારાજ માટે આસન કર્યું અને મહારાજ તે ઉપર બિરાજ્યા. સ. ગુ. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતમંડળ મહારાજની સન્મુખ બેસી ગયું.

મહારાજે તેમને કહ્યું: "સંતો! અમે અહીં તમને એક રહસ્યની વાત કરવા આવ્યા છીએ. તે તમને બરાબર સમજાશે ત્યારે તમને અમારા સ્વરૂપનો, અમારું જે અક્ષરધામ તેનો તથા અમારા મહિમાનો યથાર્થ ખ્યાલ આવશે. તેમ જ સર્વોપરી પ્રાપ્તિનો આનંદ આવશે અને ત્યારે જ તમે સત્સંગમાં સ્થિર થઈને રહી શકશો." આ સાંભળી સંતો બોલ્યા: "તો મહારાજ! જલ્દી વાત કરી અમારી આતુરતાનો અંત લાવો."

મહારાજ સંતોની જિજ્ઞાસાવૃત્તિ જોઈ પ્રસન્ન થયા. તેમણે પછી ધીરેથી સૌના સામું જોતાં જોતાં વાત શરૂ કરી: "સંતો! અમારું જે અક્ષરધામ છે તેનાં સગુણ અને નિર્ગુણ બે સ્વરૂપો છે. તે જ્યારે સગુણ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તેમના એ સગુણ સ્વરૂપના એક એક રોમમાં

* ગોપીનાથજીના મંદિરના ઉત્તર તરફનાં જે પગથિયાં છે તેની સામે આ ધર્મશાળા હતી.

અનંત કોટિ મહાવિષ્ણુ અણુવત્ દેખાય છે.

જ્યારે નિર્ગુણ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે સમગ્ર બ્રહ્માંડોનો લય કરી દે છે. તે ધામમાં, જેમ આકાશમાં શબ્દ રહે છે એમ, અમે રહેલા છીએ. અર્થાત્ જેમ આકાશમાં વ્યાપતો શબ્દ અનેક રૂપે સંભળાય છે તેમ અક્ષરધામમાં રહ્યા થકા અમે અમારી અંતર્યામી શક્તિએ કરીને અક્ષરધામ તથા અનંતકોટિ બ્રહ્માંડ અને એ બ્રહ્માંડોના ઈશ્વર એ સર્વમાં અન્વયપણે તારતમ્યતાએ રહેલા છીએ. ઉત્પત્તિ સર્ગમાં અક્ષર પોતાની કળા વિસ્તારે છે ત્યારે અમે પણ અનંત મૂર્તિ ધરીને બ્રહ્માંડોમાં પ્રગટ થઈએ છીએ. છતાં અક્ષરને પણ લીન કરી અમે સ્વતંત્ર રીતે પણ રહ્યા છીએ." આટલું કહી મહારાજ અટક્યા. સંતોને આ વાત કેટલી સમજાણી તે જોવા સૌના સામું જોયું. સૌ એકચિત્તે મહારાજની વાત સાંભળી રહ્યા હતા.

મહારાજે આગળ વાત કરતાં કહ્યું: "આ વાત સમજવી ઘણી જ કઠણ છે. પરંતુ દૃષ્ટાંત સાથે તમને સમજાવું છું." એમ કહી મહારાજ બોલ્યા: "જેમ આકાશમાં અસંખ્ય પંખીઓ ઊડે છે, વળી વાદળાં પણ રહે છે, વીજળી પણ રહે છે અને પાણી પણ રહે છે. આ બધાયનો આધાર આકાશ છે. એ આકાશના ગહન ઊંડાણમાં, શૂન્યભાવમાં આ સર્વ આકૃતિઓ સ્થિર થઈને રહી છે. જેમ હિમ પડે અને પૃથ્વી ઉપર જલબિંદુ સ્થિર થઈ જાય તેમ! આકાશ એ અક્ષરને ઠેકાણે છે, શૂન્ય છે તે મહામાયા છે તે અક્ષરમાં લીન થઈને રહે છે. અનંત પંખીઓ અષ્ટાવરણેયુક્ત અનંત પુરુષના સ્વરૂપે છે. વાદળ એ મહાવિષ્ણુ સ્વરૂપે છે અને મુક્તો વીજળી રૂપે છે. આકાશમાં દેખાતી સ્થિર અને અસ્થિર ગતિ એ કાળના પ્રવાહનું સૂચક છે." મહારાજે આમ રૂપક દ્વારા પોતાનું સ્વરૂપ તથા મહિમા સમજાવ્યો, પણ વાત

અતિ ગહન હોવાથી યથાર્થ સમજવી દુષ્કર છે. જ્ઞાન ચર્ચાને અંતે મહારાજ કહે: "આજે વાતો તો બહુ જ ભારે થઈ, પણ તે સ્મૃતિમાં રહેશે નહિ." પછી બ્રહ્માનંદ સ્વામી તરફ જોઈને મહારાજ બોલ્યા: "સ્વામી! આ વાત તમે કીર્તનમાં ઉતારી લ્યો. કારણ કે એ વાત સમજણના અંગની છે." આમ કહી મહારાજ ત્યાંથી દાદા ખાચરના દરબારમાં પધાર્યા.

સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીનું અંગ સમજણનું હતું.[૧] અને તેથી બ્રહ્મમુનિએ તત્કાળ શ્રીજીઆજ્ઞા શિરે ચડાવી શ્રીહરિએ કરેલા સમગ્ર જ્ઞાન રહસ્યને એક જ કીર્તનમાં સમાવી લેતું એક એકલિયું પદ 'એક વાત સૂણો ગઢપુરવાસી રે' રચી સ. ગુ. મુક્તાનંદ સ્વામીને વંચાવ્યું. જ્ઞાનપ્રધાન કવિ સ. ગુ. મુક્તાનંદ સ્વામી એ પદ વાંચી અત્યંત પ્રસન્ન થઈ ગયા અને સાંજની સભામાં એમણે પોતે જ બ્રહ્માનંદ સ્વામીનું એ પદ શ્રીજીમહારાજ પાસે ગાયું.[૨]

સભામાં શ્રીજીમહારાજ એ પદ સાંભળી અત્યંત પ્રસન્ન થઈ બોલી ઊઠ્યા: "અહો! આ તો બહુ ઉત્તમ કીર્તન થયું. આમાં તો અમારી વાતોનો સમસ્ત સાર આવી ગયો. આના ખરડા કરાવી અમને આપજો, પછી અમારે જેને આપવા ઘટે તેને આપીશું."

કવીશ્વર દલપતરામ પોતાની નોંધપોથીમાં લખે છે કે "એ વખતે સંતહરિભક્તોમાં આ કીર્તન 'સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીની પુરુષોત્તમપણાની સમજણનું કીર્તન' એવા નામે ઓળખાતું હતું.[૩]

સ. ગુ. પ્રેમાનંદ સ્વામીએ પણ આ પ્રસંગે શ્રીહરિના આ ગહન જ્ઞાન રહસ્યને સદૃષ્ટાંત સમાવી લેતાં 'રે પુરુષોત્તમ બોલ્યા

---

૧. વચનામૃત-ગઢડા પ્ર. પ્ર. ૩૩

૨. સ. ગુ. શ્રી આત્માનંદ સ્વામીની વાતો (વાત- ૧૫૩)

૩. શ્રી બ્રહ્મસંહિતા. પ્ર. ૪, અ. ૯.

પ્રીતે, કહું છું સર્વે સાંભળો એક ચિત્તે'થી પ્રારંભાતી ચાર ગરબીની એક ચોસર રચી હતી.

કાવ્યકૃતિ :

એક વાત સૂણો ગઢપુરવાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે;
સત્ય કહું છું હદય તપાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે.
દૃષ્ટાંતે કહી સમજાવું રે, મારું રૂપ અલૌકિક આવું રે. ૧
જેમ ગગનમંડળમાં પંખી રે, ઊડે દેહ સહિત અસંખી રે. ૨
વાદળ ને વિદ્યુત વારી રે, સૌ આકૃતિ ન્યારી રે. ૩
સહુ સ્થિર એ શૂન્યમાંહી થાયે રે, જેમ હિમ નીર જમાયે રે. ૪
અક્ષર તે અંબર સ્થાને રે, માયા શૂન્યને અનુમાને રે. ૫
પંખી તે પુરુષ અપારા રે, અષ્ટાવરણ દેહાકારા રે. ૬
મહા વિષ્ણુ વાદળ ડોલે રે, બહુ મુક્ત વીજળી તોલે રે. ૭
સ્થિર અસ્થિર ગતિયું થાય રે, તે કાળ શક્તિ કહેવાય રે. ૮
નિર્ગુણને સગુણ લખાય રે, તે અક્ષરને કહેવાય રે. ૯
સ્વે સદા સ્વતંત્ર શોભે રે, કાળે કરી માયા ક્ષોભે રે.૧૦
જ્યારે અનંત બ્રહ્માંડ કરે છે રે, ત્યારે સગુણ સ્વરૂપ ધરે છે રે.૧૧
મહા વિષ્ણુ આદિ કોટિ રે, રહે રોમ મહાકૃતિ મોટી રે.૧૨
જ્યારે લય કરીને સ્થિર રે છે રે, ત્યારે નિર્ગુણ એને જ કે છે રે.૧૩
જેમ હું એમાં દૃઢ રહું છું રે, તેમ સમજાવીને કહું છું રે.૧૪
જેમ શબ્દ રહે નભ ભીતર રે, સદા એક અનેક સ્વતંતર રે.૧૫
ભીન ભીન આકાશ રચાણો રે, ત્યારે શબ્દ ભિન્નતા જાણો રે.૧૬
અક્ષર શક્તિ અનુસારી રે, બ્રહ્માંડ પ્રત્યે છબી મારી રે.૧૭
બહુ અક્ષર કલા વિસ્તારે રે, ધરું અનંત મૂર્તિ ત્યારે રે.૧૮
જ્યારે લીન અક્ષર મુંમાંહી રે, શોભે એક રૂપ સદાઈ રે.૧૯
બ્રહ્માનંદ કહે જેમ સમજાણું રે, આ પદમાં તેમ લખાણું રે.૨૦

આસ્વાદ :

સ્વામિનારાયણ સંપ્રદાયને અભિમત પરબ્રહ્મના દિવ્ય ધામને 'અક્ષરબ્રહ્મ' અથવા 'અક્ષરધામ' કહે છે. એ પરમાત્માની ચિત્તશક્તિ છે. એ 'કોટિ કોટિ સૂર્ય ચંદ્ર સરખું તેજોમય' છે.[૧] તે દિવ્ય છે અને અત્યંત શ્વેત તથા સચ્ચિદાનંદરૂપ છે. અક્ષરનાં બે સ્વરૂપ છેઃ એક તો નિરાકાર એકરસ ચૈતન્ય જેને 'ચિદાકાશ' તથા 'બ્રહ્મમહોલ' કહે છે. અને એ અક્ષર બીજે સ્વરૂપે પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે, એ અક્ષરનું સાકાર સ્વરૂપ છે.[૨]

ભગવાન સ્વામિનારાયણે પોતાના સ્વરૂપ તથા અક્ષરબ્રહ્મ વિષે કેટલીક રહસ્યમય વાતો પોતાના અંતેવાસી સહૃદયી સંતોને કહેલી, એને બ્રહ્મબોલના સંતકવિ બ્રહ્માનંદે કાવ્યમાં ગૂંથી આ એકલિયું પદ રચ્યું છે. કાવ્યનો ઉપાડ આકર્ષક છેઃ

**"એક વાત સૂણો ગઢપુરવાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે.**
**સત્ય કહું છું હૃદય તપાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે.**
**દૃષ્ટાંતે કહી સમજાવું રે, મારું રૂપ અલૌકિક આવું રે."**

ભગવાન પુરુષોત્તમનારાયણ સ્વયં પોતાનું સર્વોપરી અલૌકિક સ્વરૂપ દૃષ્ટાંત સહિત સમજાવતાં કહે છેઃ આકાશમાં અસંખ્ય પંખીઓ ઊડે છે, તથા આકાશમાં 'વાદળ ને વિદ્યુત વારિ' વગેરે અલગ અલગ આકારો સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. પરંતુ આખરે તો જેમ હિમ પડે અને પૃથ્વી ઉપર જલબિંદુ છવાઈ જાય એમ આ બધા ય આકારો અંતે તો શૂન્યમાં જ સમાઈ જાય છે. હવે સુંદર ઉપમા રજૂ કરતા પ્રભુ આગળ સમજાવે છેઃ

**"અક્ષર તે અંબર સ્થાને રે, માયા શૂન્યને અનુમાને રે.**
**પંખી તે પુરુષ અપારા રે, અષ્ટાવરણ દેહાકારા રે."**

૧. વચનામૃત ગ. પ્ર. પ્ર. ૭૧ ૨. વચનામૃત- ગ. પ્ર. પ્ર. ૨૧

અક્ષરને આકાશ સાથે માયાને શૂન્ય સાથે તથા મૂળ પુરુષને પંખી સાથે અને મહાવિષ્ણુ (પ્રધાનપુરુષ)ને વાદળ સાથે સરખાવતાં કવિ સ્થિર અને અસ્થિર ગતિઓને પરમાત્માની કાળશક્તિ ગણાવે છે. માયા, મહાવિષ્ણુ, મૂળપુરુષ એ સર્વ અક્ષરમાં લીન રહે છે ત્યારે એક અક્ષરબ્રહ્મ જ દેખાય છે. આ અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક નિર્ગુણ નિરાકાર અને બીજું સગુણ સાકાર સ્વરૂપ. જ્યારે કાળથી માયા ક્ષોભને પામે છે. ત્યારે અનંત બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે, એને અક્ષરનું સગુણ સ્વરૂપ કહે છેઃ

**"જ્યારે અનંત બ્રહ્માંડ કરે રે, ત્યારે સગુણ સ્વરૂપ ધરે રે.**
**મહાવિષ્ણુ આદિ કોટી રે, રહે રોમ મહાકૃતિ મોટી."**

અને પ્રલયકાળે અને સર્વ અનંતકોટી મહાવિષ્ણુ બ્રહ્માંડે સહિત અક્ષરમાં લીનતા પામે ત્યારે એ અક્ષર નિર્ગુણ કહેવાય છે પછી એ અક્ષરબ્રહ્મ પરબ્રહ્મ પરમાત્મામાં લીન થાય છે ત્યારે એક પરમાત્મા એકલા જ રહે છે.

આવા અનંત શક્તિધર અક્ષરધામમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ સદાય દિવ્ય સાકાર સ્વરૂપે બિરાજે છે. પોતાના સ્વરૂપ અંગે ગૂઢતમ રહસ્યને સમજાવતાં શ્રીહરિ કહે છેઃ

**"જેમ હું એમાં દૃઢ રહું છું રે, તેને સમજાવીને કહું છું રે.**
**જેમ શબ્દ રહે નભ ભીતર રે, સદા એક અનેક સ્વતંતર રે.**
**ભીન ભીન આકાશ રચાણો રે, ત્યારે શબ્દ ભિન્નતા જાણો રે.**
**અક્ષર શક્તિ અનુસારી રે, બ્રહ્માંડ પ્રત્યે છબી મારી રે.**
**બહુ અક્ષર કળા વિસ્તારે રે, ધરું અનંત મૂર્તિ ત્યારે રે,**
**જ્યારે લીન અક્ષર મુંમાંહી રે, શોભે એકરૂપ સદાઈ રે."**

આકાશમાં વ્યાપતો શબ્દ અનેક રૂપે સંભળાય છે પણ

વસ્તુતઃ તો શબ્દ એક જ છે એમ પોતાની અંતર્યામી શક્તિએ કરીને અક્ષરધામ અને અનંતકોટિ બ્રહ્માંડ અને બ્રહ્માંડના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે વ્યાપી રહેલા પરમાત્મા (વચનામૃત- ગ. પ્ર. પ્ર. ૬૩) પોતાની શક્તિએ ભિન્ન ભિન્ન સ્વરૂપે તારતમ્યતાએ જણાય છે. નામ, રૂપ, ગુણ, સામર્થ્યે ભિન્ન ભિન્ન દેખાતા પરમાત્મા વસ્તુતઃ તો એક જ છે. અક્ષરબ્રહ્મ જ્યારે અનંત કળા ધારે છે ત્યારે પુરુષોત્તમ ભગવાન પણ 'અનંત મૂર્તિ' ધારે છે. અક્ષર જેટલા રૂપે થાય છે તેટલા રૂપે પુરુષોત્તમ પણ થાય છે અને અક્ષર જ્યારે પુરુષોત્તમને વિષે લીન થાય છે ત્યારે કેવળ પુરુષોત્તમ એકરૂપ રહે છે. આમ એક પરમાત્મા પોતાની દિવ્ય શક્તિથી સૃષ્ટિમાં વ્યાપીને રહ્યા છે. આવા અક્ષરધામના અધિપતિ દયાભાવથી જીવોના કલ્યાણાર્થે પૃથ્વી પર પ્રગટ થઈ સર્વજનોને નયનગોચર વર્તે છે.

આ પદની સમજણ સ્વયં શ્રીજીમહારાજે પ્રમાણિત કરી છે, તેથી સંપ્રદાયમાં આ પદનો ઘણો મહિમા છે.

# ૧૨. મૈં તો ગુનેગાર તેરા રે....

અષાઢી સં. ૧૮૯૨ના અંતિમ દિવસે એટલે કે જેઠ વદ અમાસને દિવસે ગઢપુરમાં શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ગાદી તકિયે બિરાજ્યા હતા. મહારાજે સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં ને કંઠમાં તુલસીની નવીન કંઠી તથા પુષ્પના સુગંધિત હાર પહેર્યા હતા. શ્રીહરિ સમક્ષ મોટા મોટા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સભામાં કૃપા કરીને વાત કરી: "સૌ સંત હરિભક્તો! ધ્યાનથી સાંભળો, આજે અમે એક દૃષ્ટાંત કહીએ છીએ એનો સાર ગ્રહણ કરીને સૌ એને જીવનમાં ઉતારજો.

એક ચક્રવર્તી રાજા હતો. તેને એક વાર વિચાર આવ્યો કે 'મારા રાજ્યમાં કોણ સુખી છે ને કોણ દુઃખી છે, એની મારે તપાસ કરવી જોઈએ. મારા ગરીબ, દુઃખી ને પીડિત પ્રજાજનો જ જો સ્વયં મને એમના દુઃખની વીતક સંભળાવે તો જ એનો કાંઈ સચોટ ઉપાય થાય. પણ એ બિચારા મારા સુધી ક્યાંથી પહોંચી શકે? મારે જ એમની પાસે જવું જોઈએ. જો રાજા તરીકે જ હું એમની પાસે જઈશ તો એ લોકો દિલ ખોલીને મારી સાથે વાત નહિ કરી શકે. સરખે સરખામાં જે નિકટતા રહે છે એ રાજા ને પ્રજા વચ્ચે ક્યાંથી સંભવે? એ માટે તો મારે વેશ બદલીને સામાન્યમાં સામાન્ય પ્રજાજન જેવો બનીને એમની વચ્ચે જવું જોઈએ, જેથી એમના દુઃખ ને પીડા હું સમજી શકું ને એ દૂર કરવાના ઉપાય યોજી શકું.' આમ વિચારીને એ રાજા

ફકીરનો વેશ પહેરીને એના બધા મંત્રીઓને પણ ફકીરના વેશમાં સાથે લઈને એના રાજ્યનાં જુદાં જુદાં ગામોમાં ફરવા નીકળ્યો. રાજાનો આખો કાફલો ગામના ચોરે જઈને ઊતરતો ત્યારે ગામડાના લોકો કાળા દરવેશમાં આવેલા આ ઓલિયાઓની જમાતને જોવા ટોળે મળતા. રાજાની સૂચના પ્રમાણે ફકીરના વેશમાં રાજાનો મંત્રી ઊભો થઈ મોટેથી લોકોને કહેતો 'પ્રજાજનો! સૌ સાંભળો. આ બેઠા એ સ્વયં રાજાધિરાજ છે! તમારે જે કંઈ તકલીફ હોય, તમારા ઉપર અહીં કોઈ જુલમ થતો હોય કે અન્યાય થતો હોય તો તમે નિઃસંકોચ આજે મહારાજા સમક્ષ અરજ કરી શકો છો. આજે તમારે આંગણે સ્વયં રાજા પધાર્યા છે, એમની આજ્ઞા પાળી, એમની સેવા-ચાકરી કરી તમે એમની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકો છો. આવો અવસર વારંવાર નહિ આવે, મારા વચન ઉપર વિશ્વાસ રાખી એનો અમલ કરશો તો સુખનો પાર નહિ રહે!'

મંત્રીની વાત સાંભળી કેટલાક એને મજાક માની હસવા માંડ્યા. કેટલાક લોકો તો ગુસ્સે થઈ મંત્રીને ગાળો ભાંડવા માંડ્યા. પણ કેટલાક નિર્દોષ હૃદયના નેકદિલ ઇન્સાન હતા તેમણે મંત્રીની વાત ઉપર વિશ્વાસ રાખી રાજાને અરજ કરી તેમ જ રાજાની આજ્ઞા પાળી તેમની ખૂબ સેવા ચાકરી કરી. રાજાએ દરેકની અરજ સાંભળી દરેકના નામઠામ તેમ જ એમની વર્તણૂકની વિગત મંત્રી પાસે નોંધાવી લીધી. આ રીતે પોતાના રાજ્યનાં દરેક ગામમાં ફરી રાજા એની રાજધાનીમાં પાછો આવ્યો. પછી રાજાએ જે જે વ્યક્તિઓએ નામઠામ લખાવેલાં એ બધાને હુકમ કરી તેડાવ્યા. એમાંથી જેણે રાજાની આજ્ઞા માની, સારી સેવા કરી હતી, એમને રાજાએ જમીન જાગીર આપી ન્યાલ કરી દીધા અને જેણે રાજાનો તિરસ્કાર કરી દ્રોહ કરેલો એમને કારાગૃહમાં પુરાવી

સખત શિક્ષા કરી." આટલું કહ્યા બાદ થોડું અટકીને મહારાજ બોલ્યા: "આ તો એક દૃષ્ટાંત છે. હવે એનો સ્પષ્ટ સિદ્ધાંત કહું છું એ સૌ સાંભળો.

અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ એવા અમે સ્વયં પુરુષોત્તમનારાયણ આજે આ બ્રહ્માંડમાં સાધુના વેશમાં મુક્તોના મંડળ સાથે આવ્યા છીએ. કરોડો જીવોના કલ્યાણ અર્થે અમે સંતોનાં મંડળો સાથે ગામેગામે વિચરીએ છીએ. અમારા મુક્તો સૌને સમજાવે છે કે આ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે, એમની આજ્ઞા પાળી, એમની સેવા-ચાકરી કરી, એમની પ્રસન્નતાના ભાજન બનો તો ધન્યતાનો પાર નહિ રહે. એ વાત જેને સત્ય મનાશે એ બડભાગીને અમે અક્ષરધામમાં દિવ્ય સુખના અધિકારી બનાવીશું, પણ જે અમારો કે અમારા સંતનો દ્રોહ કરશે એ તો નિશ્ચે અધોગતિ પામશે. આ અવસર જે ચૂકી જશે એના પસ્તાવાનો પાર નહિ રહે. આ વાત સાંભળીને સૌ અંતરમાં એને સંઘરી રાખજો ને એમાં લેશમાત્ર પણ સંશય ન કરશો.

વળી એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કેવળ પુરુષ પ્રયત્નથી જ કલ્યાણ ક્યારેય સધાતું નથી. જ્યારે પરમેશ્વરની કૃપા થાય છે ત્યારે જ મોક્ષપ્રાપ્તિ થાય છે. માટે હું કાંઈ પાપ કરતો જ નથી એવો ગર્વ ક્યારેય ન કરવો. આ વાત સમજવા એક દૃષ્ટાંત કહું છું તે સાંભળો. એ સાંભળીને તમારા મનની ભ્રાન્તિ દૂર થશે.

એક અવસરે એક રાજાએ પોતાના રાજ્યની સમસ્ત પ્રજાની એક જાહેર સ્થળે વિરાટ સભા ભરી. રાજ્યના મોટા કારભારીઓથી માંડીને સામાન્ય પ્રજાજન સહિત સર્વે રાજાની આજ્ઞા માનીને ત્યાં આવ્યા હતા. પછી સભામાં રાજાએ કહ્યું: 'આ સભામાં બેઠેલા સર્વેમાંથી જેણે પણ નાના મોટા ગુના

કર્યા હોય એ સહુ ઊભા થઈ પોતાના ગુનાઓની જાહેરમાં કબૂલાત કરી લેશે તો એને માફી બક્ષવામાં આવશે. પણ જે ગુનેગાર હોવા છતાં જાહેરમાં એની કબૂલાત કરી માફી નહિ માગે તો એને સખતમાં સખત શિક્ષા કરવામાં આવશે.' રાજાએ આવી જાહેરાત ત્રણ વાર કરી. પ્રજાજનોમાંથી જેણે જેણે નાના મોટા ગુના કર્યા હતા એ બધા જ સભામાં ઊભા થઈ માફી માગી, રાજાની આજ્ઞા લઈને ઘેર ગયા. પણ રાજાના જે કારભારીઓ હતા એમાંથી કોઈ ઊભું ન થયું ત્યારે રાજાએ કહ્યું: 'કારભારીઓ! હું જાણું છું કે તમે બધા ભ્રષ્ટાચારી છો, છતાં તમે કોઈ પોતાના ગુનાઓની કબૂલાત કરતા નથી. બીજા લોકો તો મારાથી ડરીને ગુનો કબૂલ કરી લે છે, પણ તમે સૌ તો અતિશય અભિમાની છો તેથી તમારા વાંકની વાત છાની રાખી તમે ગુના કર્યા જ કરો છો. તમે જ સખત શિક્ષાના અધિકારી છો.' પછી રાજાએ એ સર્વના ગુનાની તપાસ કરાવી એમને કડકમાં કડક શિક્ષા કરી."

આ પ્રસંગ ધ. ધૂ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે એમના 'શ્રીહરિલીલામૃતમ્' ગ્રંથના પ્રથમ ભાગમાં બહુ વિસ્તારથી વર્ણવ્યો છે. ઉપરોક્ત દૃષ્ટાંતનો સાર કહેતાં શ્રીજીમહારાજ આગળ કહે છે:

"સુણો તે વાતનો હવે સાર,
જેને છે અભિમાન અપાર.
તે તો જાણે છે તપ જપ કરી,
ભવસાગર હું જૈશ તરી.
નથી કરતો હું પાપ લગારે,
પ્રભુ શું કરશે મને ત્યારે.

જેવું કરીએ તેવું જ પમાય,
ત્યારે પ્રભુની ગરજથી શું થાય.
એમ સમજે છે મૂઢ અજ્ઞાની,
પ્રભુ ન ભજે અહં બ્રહ્મ માની.
મારા આશ્રિત છો જન જેહ,
તેવા કોઈ થાશો નહિ તેહ."[૧]

આ વાત સંતો તથા હરિભક્તો આગળ મહારાજે કરી તે વખતે પ્રેમાનંદ સ્વામી પણ સભામાં બેઠા હતા. એમણે શ્રીજીમહારાજની વાતનું તાત્પર્ય તત્કાળ ગ્રહણ કરીને નિષ્કપટ ભાવે અંતર્વૃત્તિ કરીને શ્રીજીમહારાજ પાસે માફી માગી. જાણ્યે-અજાણ્યે થયેલી ભૂલને પણ અંતર્યામી અને સર્વજ્ઞ મહારાજ જાણે જ છે તો તેમની પાસે શું છુપાવવું? આવા અંતરભાવને કાવ્યરૂપે નિરૂપી પ્રેમાનંદ સ્વામીએ એ જ વખતે સભામાં કીર્તન રચીને શ્રીહરિ પાસે ક્ષમાયાચના કરી.

'મેં તો ગુનેગાર તેરા રે,
હો સ્વામીન્ મેરા; ટેક૦
હું ગુનેગાર તેરા કિરતાર,
દે શરન ચરન કેરા રે; મેં તો.'[૨]

આ પદના અનુસંધાનમાં બીજાં ત્રણ પદો છે, તેથી આ ચાર પદોની એક સરસ ચોસર બની છે. સંપ્રદાયમાં આ ચોસર ખૂબ જ મનનીય ગણાય છે અને મંદિરોમાં ગવાય છે.

---

૧. શ્રીહરિલીલામૃત, ભાગ-૧. વિશ્રામ-૧૦ (શ્લોક ૪૬ થી ૪૮, પૃ. ૪૧૫.)
૨. ધ. ધૂ. શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે:
'રચ્યું પદ પ્રેમાનંદે તે વેરા,
પ્રભુ મેં તો ગુનેગાર તેરા.'
(શ્રીહરિલીલામૃતમ્, પૃ. ૪૧૫.)

કાવ્યકૃતિ :

મેં તો ગુનેગાર તેરા રે, હો સ્વામીન્ મેરા. ટેક૦
હું ગુનેગાર તેરા કિરતાર, દે શરન ચરન કેરા રે. મેં તો૦
અધમ ઓધારન પતિતજન પાવન, મેટત ભવફેરા રે. મેં તો૦
યેં હી બિરુદ ઘનશ્યામ સુની તેરા, કીધો ચરન ડેરા રે. મેં તો૦
પ્રેમાનંદ કે' પ્રભુ ભવસાગરસે, પાર કરો બેરા રે. મેં તો૦

આસ્વાદ :

રાગ ભૈરવીમાં પ્રયોજાયેલું પ્રસ્તુત પદ પ્રેમસખી પ્રેમાનંદનું અતિ ભાવુક પદ છે. પ્રેમાનંદે ગુજરાતી ઉપરાંત હિન્દી અને વ્રજ ભાષામાં પણ સુંદર પદો રચ્યાં છે.

ખ્રિસ્તી ધર્મમાં જે મહત્ત્વ જીવનમાં થતાં નાના મોટા ગુનાઓની કબૂલાત – Confession નું છે, અને ચર્ચમાં Confession box પાસે જઈ દિલના ગુનાહિત ભાવને હળવો કરવાની જે પ્રથા છે તેની પાછળ પણ પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તનું જે તત્ત્વજ્ઞાન શ્રીજીમહારાજે સભામાં સમજાવ્યું એ જ છુપાયેલું છે. પ્રેમસખી અહીં દીનભાવે પોતાના ગુનાહિત હૃદયનો નિખાલસ એકરાર કરે છે.

હે માલિક! હું તો તારો અપરાધી છું, એક અદનો અપરાધી. મને માફ કરી દે, મારા નાથ! અને વ્હાલા! તારાં ચરણોમાં સદાય માટે મને શરણ આપ. પ્રભુ! તું તો અધમ એવા પાપી જીવોનો ઉદ્ધારક છે- તારક છે. અરે! પાપી અને પતિતને પુણ્યશાળી બનાવવાનું કામ તો તારું છે. જન્મ મરણના ફેરા તારા અભય આશ્રયે જ ટળે એમ છે. હે ઘનશ્યામ! તારી આવી મહત્તા જોઈને જ મેં તારો આશરો લીધો છે. તારો આવો મહિમા સમજીને જ તારી પાસે આવ્યો છું. માટે, પ્રભુ! મારા ગુના માફ

કરી મને તારા શરણમાં રાખી મારી જીવનનૈયાને સંસાર સાગરની પાર ઉતારજે.

પ્રેમાનંદ સ્વામીને તો ગુનો હોય જ ક્યાંથી? આ તો શ્રીજીની પ્રેરણાથી આપણા જેવા સામાન્ય સંસારી મુમુક્ષુ જીવોને પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તની રીતિ અને નીતિનો મર્મ સમજાવવા કવિએ આ કાવ્ય રચ્યું છે. પ્રેમસભર ભક્તિ દ્વારા પ્રભુ સાથે તન્મયતા સાધી પ્રેમાદ્વૈત કેળવી કવિ ભક્તિની સિદ્ધાવસ્થાની પરમ ચરમ દશા અનુભવતા હોવા છતાં, વૈરાગ્યમૂલક દાસ્યભાવ ભૂલતા નથી, એ એમની અનન્ય દીનતા સિદ્ધ કરે છે.

આ કાવ્ય પ્રેમાનંદની ભાવ સમૃદ્ધિને કારણે, ભગવાન પ્રત્યેની એમની અનન્ય નિષ્ઠાને કારણે પ્રભાવક બન્યું છે. ભાવની સચ્ચાઈ ને સઘનતા પદને કેવું માર્મિક રૂપ આપે છે તે અહીં જોઈ શકાય છે. કવિને પ્રાસ પણ સહજ સિદ્ધ છે. પ્રેમાનંદનું હિન્દી પરનું પ્રભુત્વ અહીં પદમાધુર્ય નિષ્પન્ન કરવામાં ઉપકારક નીવડ્યું છે.



જપ એ ધ્યાનનો જ એક પ્રકાર છે અને ધ્યાનની અનુભૂતિની અભિવ્યક્તિ ક્યારેક નૃત્ય દ્વારા પણ થતી હોય છે; તેથી જ નર્તન-મસ્ત સંત કવિ મુક્તાનંદ સ્વામી ગાય છે : 'ભજો ભાવ શું અખંડ જપમાળા રે....'

# ૧૩. ભજો ભાવ શું અખંડ જપમાળા રે...

એકવાર શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં લીંબતરુ નીચે સભા કરીને બિરાજમાન હતા ને સભામાં મોટા મોટા સંતો તથા દેશદેશના હરિભક્તો બેઠા હતા. મહારાજે સભામાં વાત કરતાં કહ્યું: "આજે શયની એકાદશી છે.* માટે સભામાં બેઠેલા સર્વેએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે એક એક અધિક નિયમ અમારી પાસે આવી ગ્રહણ કરી જાવો અને એ નિયમ આજથી માંડીને કાર્તિક સુદ પ્રબોધિની એકાદશી સુધી પાળવો."

શ્રીજીમહારાજનો આદેશ મળતાં સભામાં બેઠેલા સંત હરિભક્તો એક પછી એક ઊઠીને મહારાજ પાસે જઈ નિયમ લઈ પાછા પોતાની જગ્યાએ બેસી જતા. કોઈકે સો પ્રદક્ષિણા કરવાનો નિયમ લીધો, તો કેટલાકે સો દંડવત્ કરવાનો ને કેટલાકે સો-બસો માળા ફેરવવાના નિયમ રાખ્યા. સભામાં બેઠેલા સર્વેએ નિયમ લીધો, પણ સ. ગુ. મુક્તાનંદ સ્વામી નિયમ લેવા ઊભા થયા નહિ. એટલે મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું: 'સ્વામી! તમે કેમ નિયમ લેવા ઊઠતા નથી?" મુક્તમુનિએ ઊભા થઈ હાથ જોડીને મહારાજને કહ્યું: "મહારાજ! હું તો દરરોજ પચાસ માળા ફેરવું છું, એથી અધિક માળા મારાથી નથી થઈ શકતી. એટલે હું નિયમ લેવા ઊઠ્યો નથી."

મહારાજ કહે "આખા દિવસમાં ફક્ત પચાસ જ માળા? પણ સ્વામી! તમે એ તો કહો તમે માળા ફેરવો છો કેવી રીતે?"

મુક્તમુનિ મહારાજનો પ્રશ્ન સાંભળી નેત્ર મીંચી ગયા. મહારાજ તો અંતર્યામી છે, બધું જાણે છે છતાં આજે મનુષ્યભાવ

* એ દિવસ અષાઢ સુદ એકાદશી – દેવપોઢી એકાદશીનો હતો.

બતાવી અજાણ્યા થઈ પૂછે છે. સ્વામીએ કહ્યું: "મહારાજ! હું તો શાંતિથી એકાગ્ર ચિત્તે આપની નખશિખ મૂર્તિ પ્રથમ અંતઃકરણમાં ધારીને પછી ચરણારવિંદથી આરંભીને પ્રત્યેક અંગ ધારતાં પચાસ માળા ફેરવું છું. એમ કરતાં વચ્ચે જો કોઈ સંકલ્પ થાય તો માળા ગણવાની નહિ."

આ સાંભળીને મહારાજ અત્યંત પ્રસન્ન થઈ બોલ્યા: "સંતો! સાંભળો.... મુક્તાનંદ સ્વામીની આ પચાસ માળા પાસે તમારી પાંચસો માળાઓ કાંઈ નહિ ને હજાર માળા યે કાંઈ નહિ! બેરખા ફેરવવાથી કાંઈ માળા નથી થતી; અમારી મૂર્તિનું અખંડ અનુસંધાન ન રહે એવી માળાનું શું પ્રયોજન? સાધન પણ સમજીને કરવાં જોઈએ. માળા કરતી વખતે તમે જેના નામનું રટણ કરો છો, જેના નામની માળા જપો છો, એના સ્વરૂપના સ્મરણ વિના અન્ય માયિક સંકલ્પો થયા કરે તો એ જપયોગ ફળે શી રીતે?"

સંતો સમજી ગયા કે પ્રભુની મૂર્તિના સંબંધ વગરની સર્વ ભક્તિ વૃથા છે.

પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું: "સ્વામી! તમે જે રીતે પચાસ માળા ફેરવો છો એનું વિશદ વિવરણ કરતું એક કીર્તન રચો, જેથી સંપ્રદાયના સત્સંગીઓની ભાવિ પેઢીને પણ એમાંથી પ્રેરણા મળે."

મુક્તાનંદ સ્વામી કહે: "ભલે મહારાજ! જેવી આપની આજ્ઞા." અને શ્રીજીના સૂચન પ્રમાણે મુક્તમુનિએ 'ભજો ભાવ શું અખંડ જપમાળા રે' એ પદાવલિની રચના કરી સત્સંગને ભેટ ધરી. આ ગરબી પદાવલિમાં મુક્તાનંદ સ્વામીએ જપમાળા કરતી વખતે શ્રીહરિના એક એક અંગ કેવી રીતે ધારવા તેની સુંદર વિક્તિ બતાવી છે.*

* શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર- વાત ૫૮ (પૃ. ૧૦૯)

કાવ્યકૃતિ :

ભજો ભાવ શું અખંડ જપમાળા રે,
માળા ટાળે છે મન કેરા ચાળા રે. ભજો૦ ૧
હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. ભજો૦ ૨
જપો જુગલ ચરણ સુખકારી રે,
ઊર્ધ્વરેખાદિ ચિહ્ન સંભારી રે. ભજો૦ ૩
દશ આંગળીની માળા દશ જાણો રે,
ફણા જુગલની જુગલ પ્રમાણો રે. ભજો૦ ૪
જંઘા જુગલ જુગલ જાનું વંદે રે,
માળા ચાર ફેરી સંત આનંદે રે. ભજો૦ ૫
ઉર જુગલની માળા જુગલ ફેરે રે,
નાભિ વર્તુલ સમાન પ્રીતે હેરે રે. ભજો૦ ૬
નાભિ ઉદર જુગલ સ્તન જોઈ રે,
માળા ચાર ફેરી રહે જન મોહી રે. ભજો૦ ૭
ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલિહારી રે. ભજો૦ ૮
કર આંગળીની માળા દસ કા'વે રે,
જોતાં ભક્તને આનંદ ઉપજાવે રે. ભજો૦ ૯
કંઠ ચિબુકની માળા જુગલ ફેરી રે,
મુખ પંકજ ઉમંગે રહે હેરી રે. ભજો૦ ૧૦
મુખ નાસિકા જુગલ દશ હેરે રે,
માળા ચાર ચાર અંગ જોઈ ફેરે રે. ભજો૦ ૧૧
કાને કુંડલ વહાલાને જુગલ કા'વે રે,
ફરી માળા ઉભય દાસ મન ભાવે રે. ભજો૦ ૧૨
જોતાં જુગલ ભૃકુટિ ડરે કાળ રે,

પ્રેમે જોઈ દાસ જપે જુગલ માળ રે. ભજો૦ ૧૩
ભાલ તિલક સહિત વહાલું લાગે રે,
જપે માળા એક દાસ અનુરાગે રે. ભજો૦ ૧૪
માથે પાઘ તોરા સહિત રૂપાળી રે,
ફેરે માળા જન જુએ ઘાટ ટાળી રે. ભજો૦ ૧૫
એવી રીતે થઈ માલિકા પચાસ રે,
જપે જન્મ મરણ કરે નાશ રે. ભજો૦ ૧૬
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે,
પ્રેમે મુક્તાનંદે ઉર ધરી લીધી રે. ભજો૦ ૧૭

આસ્વાદ :

ગુજરાતી ભાષાના સાક્ષર કવિ દલપતરામે જેની વાણીને 'ગંગાના પ્રવાહ' તરીકે બિરદાવી છે એ સંતકવિ સ. ગુ. મુક્તાનંદ સ્વામીના વ્યક્તિત્વમાં રૂપ અને ગુણનો અદ્‌ભુત સમન્વય થયો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એમનું સ્થાન સંપ્રદાયના માળખામાં મોભ સમું વિશિષ્ટ અને ગુણમૂલક હતું. મહારાજ એમને હંમેશા ગુરુ સમાન આદર ને પ્રેમ આપતા.

શ્રીજીમહારાજની સીધી પ્રેરણા ને સૂચનથી રચાયેલા આ પદમાં મુક્તાનંદ સ્વામીની ભાવસભર રજૂઆત અને ધર્મપ્રેરક વાણીનો પરિચય થાય છે. ધર્મમાર્ગમાં પ્રભુની પ્રસન્નતાનાં જે સાધન ગણવામાં આવ્યાં છે એમાં જપનું મહત્ત્વ ધ્યાન જેટલું જ ઊંચું આંકવામાં આવે છે. જપમાળાનું મહત્ત્વ બતાવતાં મુક્તમુનિ પ્રથમ પંક્તિમાં જ કહે છે:

'માળા ટાળે છે મન કેરા ચાળા રે'

માળાનો ઉલ્લેખ અહીં નામસ્મરણ યા જપના સંદર્ભમાં થયેલો છે.

પ્રભુના નામનું સ્મરણ કે જપ યાને રટણ કરવાથી મન શાંત થાય છે. મનને વસવા એક હરિનામરૂપ માળો મળી જાય છે! મનનો મૂળગત સ્વભાવ બહુ ચંચળ છે. નવરું મન ગમે ત્યાં ચાળા ચૂંથતું ફરે છે. પંચવિષયમાં આડે અવળે ગમે ત્યાં ચાળા ચૂંથતા મનને શાંત કરવાનો સીધો ઉપાય છે જપમાળા!

હવે એ માળા કેવી રીતે કરવી એનું નિરૂપણ કરતાં કવિ કહે છે:

**'હરિનું એક એક અંગ ઉર ધારો રે,**
**સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે.'**

નામસ્મરણમાં પણ શ્રીજીના અનેક નામ પૈકી "સ્વામિનારાયણ" નામ બહુ પ્રભાવશાળી છે. જન્મ-મરણના ફેરા ટાળી નાખે એવું પ્રતાપી એ નામ છે. નામસ્મરણની જપમાળાનું મંગલાચરણ પ્રભુના ચરણારવિંદના ધ્યાનથી કરતાં કવિ કહે છે:

**'જપો જુગલ ચરણ સુખકારી રે,**
**ઊર્ધ્વરેખાદિ ચિહ્ન સંભારી રે.'**

પ્રભુના જુગલ ચરણનાં સર્વે ચિહ્ન સંભારી એ અક્ષરાતીત ચરણની શોભાને ધ્યાનના મંગલ પ્રારંભે આત્મામાં ધારીને 'સ્વામિનારાયણ' મહામંત્રનો ઉચ્ચાર કરવાની વિક્તિ કવિએ બહુ સુંદર રીતે સમજાવી છે.

હવે પ્રભુના ચરણારવિંદની એક એક આંગળીનું નોખું ધ્યાન કરી દશ આંગળીની નોખા ધ્યાન સાથે દશ માળા ફેરવવાની છે. શ્રીજીની ફણા અને જંઘાનું ધ્યાન કરી એક એક માળા, એમ જુગલ ફણા અને જંઘાના ધ્યાન સાથે ચાર માળા કરવાની સૂચના કવિએ આપી છે. શ્રીહરિના ઉદરની શોભા વર્ણવતા સ્વામી નાભિને વર્તુળ સમાન વર્ણવી ઉદરના ધ્યાન સાથે બે માળા કરવાનું કહે છે. નાભિ, ઉદર અને પ્રભુની છાતીના ધ્યાન સાથે ચાર માળા

ફેરવવાનું કહી આગળ ગાય છેઃ

'ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલિહારી રે.'

શ્રીહરિના ઉભય હસ્ત સુખકારી છે, પ્રભુ હંમેશા એના ભક્તોને આનંદ જ આપે છે.

હવે પ્રભુના એ વરદ હસ્તની નાજુક આંગળીઓનું ધ્યાન કરતા એક આંગળીની એક એમ દશ આંગળીના નોખા ધ્યાન સાથે દશ માળા કરવાની છે. શ્રીજીના કંઠ અને ચિબુકના ધ્યાન સાથે બે માળા તથા મુખ નાસિકા સહિત મુખારવિંદની શોભાના મધુર ધ્યાન-સ્મરણ સાથે દશ માળા કરવાનો કવિએ બહુ ઋજુતાથી-કોમળતાથી બોધ કર્યો છે.

'કાને કુંડલ વહાલાને જુગલ કા'વે રે,
ફરી માળા ઉભય દાસ મન ભાવે રે.'

કુંડળ સહિત કાનના ધ્યાન સાથે બે માળા તથા પ્રભુની બે ભ્રૂકુટિના ધ્યાન સાથે બે માળા કરવાની છે. પ્રભુની ભ્રૂકુટિથી કાળ ડરે છે, પણ ભક્તો ભગવાનની એ ભ્રૂકુટિનાં દર્શન કરી પરમ શાંતિ પામે છે.

શ્રીજીનું તિલક સહિતનું ભાલ કવિને બહુ ગમે છે, તેના ધ્યાન સાથે એક માળા કરી પ્રભુના મસ્તકની તોરા સહિતની રૂડી પાઘનાં ધ્યાન સાથે વળી એક માળા કરવાથી પચાસ માળાની જપમાળા પૂર્ણ થાય છે.

અંતે આ જપમાળાનો મહિમા કવિ કહે છેઃ

'જપે જન્મમરણ કરે નાશ રે'

આ રીતે જે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પચાસ માળા જપે છે તેના જન્મમરણ ટળી જાય છે.

આ કીર્તનની રચનાથી પ્રસન્ન થઈ ભગવાન

શ્રી સ્વામિનારાયણે મુક્ત મુનિને સ્વહસ્તે માળા દીધેલી જે ખૂબ ખૂબ મહિમા સાથે સ્વામીએ લઈને હૈયે ચાંપી.

આ પદનો ઢાળ ગેયતાની દૃષ્ટિએ આકર્ષક છે. સ્વામીએ સીધો બોધ એટલી પ્રાસાદિક શૈલીમાં આપ્યો છે કે સાંભળવો ખૂબ ગમે એવો છે. મુક્તાનંદ સ્વામીનો ભક્તિભાવ સમગ્ર કાવ્યમાં પ્રગલ્ભપણે પ્રગટ થાય છે.

## ૧૪. સખી પંચાળા ગામના ચોકમાં રે....

"મહારાજ! કૃપાનાથ! એક અરજ કરવાની છે...." મહારાજના દર્શને ગઢડા આવેલા પંચાળાના ઠાકોર ઝીણાભાઈ બે હાથ જોડી પ્રભુને વિનવતાં બોલ્યાઃ

"બોલો દરબાર! નચિંત મને કહો... શી વાત છે?" અક્ષરઓરડીમાં ઢોલિયા પર બિરાજેલ શ્રીહરિએ મર્માળુ સ્મિત કરી પૂછ્યું.

"મહારાજ! સર્વે સંત હરિભક્તોને લઈ આપ પંચાળા પધારો ને ત્યાં ફૂલદોલોત્સવ ઉજવો એવી અભ્યર્થના છે, પ્રભુ!" ઝીણાભાઈએ દિલની વાત કહી.

"ઓહોહો.... આ તો બહુ આનંદની વાત થઈ." મહારાજ આ સાંભળી રાજી થઈ બોલી ઊઠ્યાઃ "ભલે ભલે ભક્તરાજ! અમે સઘળા સંતો તથા હરિભક્તોને તેડાવી જરૂર પંચાળા પધારી ફૂલદોલોત્સવ ઉજવશું."

દરબાર તો આ સાંભળી રાજીના રેડ થઈ ગયા.

મહારાજ તો વાયદા મુજબ સર્વે સંત હરિભક્તોને લઈ પંચાળે પધાર્યા. અહીં તો જેવા અતિથિ તેવા જ યજમાન હતા. સર્વે માટે ઝીણાભાઈએ એમનો દરબાર ખુલ્લો મૂક્યો હતો. મહેમાનગતિમાં કાંઈ મણાં નહોતી રાખી. એમનાં બહેન આદીબાને પણ મહારાજ પ્રત્યે અનન્ય પ્રેમભક્તિ હતી, તેથી સેવા-સરભરામાં કોઈ ખોટ ન આવવા દીધી.

મધ્યાહ્ન બાદ ઝીણાભાઈના દરબારમાં મહારાજ સભા ભરીને બિરાજમાન થયા હતા. સ. ગુ. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો

તથા દેશદેશના હરિભક્તો બેઠા હતા, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ ઊભા થઈ હાથ જોડી પ્રસ્તાવ મૂક્યોઃ "મહારાજ! શ્રીકૃષ્ણ ભગવાને જેમ ગોપિકાઓને શરદ પૂર્ણિમાની રાત્રે મહારાસ રમાડી પોતાના દિવ્ય સુખની અનુભૂતિ કરાવેલી એમ આજે આપ અમારી સાથે રાસ રમી આપના સર્વોપરી સુખની અનુભૂતિ કરાવો, એવો અમારો સંકલ્પ છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યુંઃ "તમારો મનોરથ જરૂર પૂરો કરશું; પણ એક શરત છે. તમારે તે જ સમયે નવીન કીર્તનો રચવાં. એક કીર્તન પૂરું થાય અને બીજુ તૈયાર જ હોય તો જ મહારાસનો મહાઆનંદ માણી શકાય."

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ હા કહી. એટલે મહારાજે કહ્યુંઃ "તો પશ્ચિમ દિશામાં જે ટેકરો છે ત્યાં વિશાળ પટાંગણ છે, ત્યાં મહારાસ ગોઠવો. બાજુમાં સાબલી નદીનાં નીર વહે છે. પૂનમની રાત્રિ છે, ચંદ્ર પૂર્ણપણે પ્રકાશી રહ્યો છે ને ઠંડી હવાનો આહ્‌લાદ છે. આમ પ્રકૃતિ સર્વ પ્રકારે અનુકૂળ છે."

"અને.... ભગવાન પણ સાનુકૂળ છે." બ્રહ્માનંદ સ્વામીએ ઉમેર્યું.

એટલે મહારાજ કહેઃ "ભગવાન સાનુકૂળ છે તેથી જ તો આ બધું અનુકૂળ થયું છે. નહિ તો દેશ કાળ કાંઈ ભગવાન ભજવા દે એવા નથી." સંતો શ્રીજીની વાણીનો મર્મ પામી ગયા.

સમી સંધ્યા ટાણે સંત હરિભક્તો તથા નગરજનો સૌ સાબલી નદીના કિનારા ઉપર જ્યાં મહારાસ પ્રયોજાયો હતો ત્યાં જવા લાગ્યા. લગભગ રાત્રિના નવ વાગ્યાનો સમય થયો હશે ત્યાં તો સમગ્ર પટાંગણમાં, નદીના બન્ને કિનારા તેમજ આજુબાજુ ઝાડ ઉપર હજારો મનુષ્યની ભીડ જામી ગઈ. ઝીણાભાઈએ ત્રંબાળું ઢોલ, શરણાઈ, ત્રાંસા જોડી, કરતાલો વગેરે સાજ તૈયાર

કરાવી ત્યાં મોકલાવી દીધા હતા. સૌ મહારાજના પધારવાની રાહ જોતા હતા, એટલામાં મહારાજ પધાર્યા અને 'સહજાનંદ સ્વામી મહારાજની જય'થી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠ્યું.

મહારાજ ત્યાં તૈયાર કરેલા મંચ ઉપર બિરાજમાન થયા. બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું: "મહારાજ! બધી જ વ્યવસ્થા થઈ ગઈ છે અને આતુરતાપૂર્વક સર્વે રાસ રમણની રાહ જોઈ રહ્યા છે. આપ આજ્ઞા આપો એટલે આ દિવ્ય ભૂમિ પર મહારાસ શરૂ કરીએ."

મહારાજે કહ્યું: "ભલે! હવે મહારાસનો પ્રારંભ કરો."

સ. ગુ. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે સંતોના હાથમાં કરતાલો હતી અને પગમાં નૂપુર બાંધ્યાં હતાં. જે સંતો કુંડાળાની વચ્ચે બેઠા હતા તેમણે દુક્કડ, સરોદ, ત્રાંસા, પખવાજ, સિતાર, શરણાઈ, ઝાંઝ, મૃદંગ, સારંગી, મંજિરા વગેરે અનેક પ્રકારનાં વાજિંત્રો લીધાં હતાં. એક સંતે ત્રંબાળુ ઢોલ કેડે બાંધી તેના ઉપર દાંડી મારી અને પખવાજ તથા દુક્કડના નાદ સાથે સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ એમના પહાડી સૂરમાં લલકાર્યું:

**'સખી પંચાળા ગામના ચોકમાં રે,**
**ખાંતે માંડ્યો રસીલે ખેલ; રમે રાસ....'**

સંતોના પગમાં પહેરેલા નૂપુરના ઝણકાર પગના ઠેકા સાથે આ સૂરમાં સુરમ્ય બની ગયા. કરતાલના નાદે પણ રાસના સૂરો સાથે સારું એવું તાદાત્મ્ય જમાવ્યું. બ્રહ્માનંદની આ એક જ પંક્તિના ઉચ્ચારણ સાથે જ રાસ જામ્યો અને સંતો પોતપોતાના કુંડાળામાં ઘૂમવા લાગ્યા. સંતોનો આ દિવ્ય આનંદ મહારાજે જોયો, તેમની મસ્તી; તેમની તન્મયતા; તેમની ભક્તિ જોઈ મહારાજ એકદમ મંચ ઉપરથી ઊઠ્યા અને સાતે ય કુંડાળા વીંધી

પહેલા કુંડાળામાં પહોંચી ગયા.

મહારાજને અંદર આવતા જોઈને સંતોના આનંદનો અવધિ ન રહ્યો. તે વખતે વેગથી રાસમંડળમાં ફરતા બ્રહ્મમુનિએ બીજી પંક્તિ ઉપાડી:

**'ચહુ કોરે સખાની મંડળી રે,**
**ઊભા વચમાં છેલો અલબેલ. રમે રાસ...'**

....અને મહારાજ તાનમાં આવી જઈ સંતો સાથે તાળી દઈને રાસમાં ફરવા લાગ્યા.

જાણે બ્રહ્માંડ ફરતું હોય, તારા નક્ષત્રો સહિત સમગ્ર સૂર્યમંડળ ફરતું હોય એવી ભવ્યતા વિરાટને આંગણે ખેલાતા એ રાસમાં ભાસતી હતી. બ્રહ્માનંદ કવિરાજના મુખમાંથી કાવ્યની પંક્તિઓ સર સર કરતી સર્યે જ રાખતી હતી.

**'તાળી પાડે રૂપાળી તાનમાં રે,**
**મુખે ગાવે મનોહર ગીત. રમે રાસ....'**

મહારાજ સંતો સાથે તાળીના તાલ દેતા નેત્ર કટાક્ષોથી તેમનાં હૈયાં વીંધતા, આજે જાણે સમગ્ર દિવ્યતાથી ભક્તોનાં હૈયા ભરી દેવાં હોય તેવા સંકલ્પથી ઘૂમી રહ્યા હતા. પંચાળાની ભૂમિ દિવ્યતમ તીર્થસ્વરૂપ શોભી રહી હતી. ઘણો સમય રાસની રમઝટ ચાલી. બ્રહ્મમુનિનાં કાવ્યોની કડીઓ ખૂટવા લાગી. એટલે મહારાજે રાસ રમતાં રમતાં જ કહ્યું: "હવે પ્રેમાનંદ સ્વામી કીર્તન બોલે." સમય જતાં તેઓ પણ થાક્યા.

સંતો ગાતા ગાતા અને રાસ રમતા રમતા થાકી ગયા. પછી બ્રહ્માનંદ સ્વામીએ એક સંતને કહ્યું કે, મહારાજ તો બંધ રખાવશે નહિ ને સંત સર્વે થાકી ગયા છે. આવતી કાલે ફૂલડોલનો ઉત્સવ છે તેથી ગાવું પડશે; માટે તમે ઉતારામાં જઈને "ચોર, ચોર" એમ બૂમો પાડો એટલે સર્વે વિખરાઈ જાય. પછી તે સંતે બૂમ પાડી.

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી પણ બૂમ પાડવા લાગ્યા: "દોડો દોડો, ચોર આવ્યો હોય એમ લાગે છે." આ સાંભળી સંતો થંભ્યા અને રાસ વિખરાઈ ગયો. મહારાજ આ જોઈ રહ્યા. મહારાજ પછી બોલ્યા: "નક્કી આ યુક્તિ બ્રહ્માનંદ સ્વામીની જ લાગે છે."

બ્રહ્માનંદ સ્વામી કહે: "મહારાજ! આપની મરજી વિના તો તણખલું પણ ફરકતું નથી, તો પછી મારી યુક્તિથી આમ કેમ બને?" મહારાજ હસી પડ્યા.

મહારાસ પૂરો થયો ત્યારે રાત્રિ પણ લગભગ પૂરી થવા આવી હતી. સૌ સંતો મહારાજની આજુબાજુ વીંટળાઈ ગયા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું: "મહારાજ! આજે તો રાત્રિ છ મહિનાથી પણ વધુ લાંબી થઈ હોય એમ લાગે છે."

મહારાજે કહ્યું: "અક્ષરધામનો મહારાસ તો અવિરત ચાલ્યા જ કરે છે. કાળ અકળાયો હતો એટલે અવરભાવમાં રાસ અટક્યો; પણ એનો દિવ્ય આનંદ સૌના અંતરમાં શાશ્વત કાળ પર્યન્ત રહેશે."

આજે પણ આ દિવ્ય ભૂમિમાં જે કોઈ ભાવિક ભક્ત જાય છે તેને પૂનમની રાતે આ મહારાસની ઝાંખી થાય છે. કેટલાકને વાજિંત્રોના ઘોષ સંભળાય છે. તો ઘણાંને રાસમંડળમાં ઘૂમતા શ્રીજીનાં દિવ્ય દર્શન થાય છે. એટલે આજે પણ આ દિવ્ય મહારાસનું સ્વરૂપ અવિચ્છિન્ન રહ્યું છે.

કાવ્યકૃતિ:

**સખી પંચાળા ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ;**
**રમે રાસ રંગીલો રંગમાં રે. ટેક૦**
**ચહુ કોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલો અલબેલ. રમે૦**
**સખી ચાલોને જઈએ દેખવા રે,**

**વહાલે પહેર્યાં છે વસ્ત્ર શોભીત. રમે૦**
**તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત. રમે૦**
**શોભા બની સલૂણાં ઘનશ્યામની રે,**
**ઊભા નર ને નારી જોવા કાજ. રમે૦**
**હસી હેરે છબીલો હેતમાં રે; બ્રહ્માનંદનો વહાલો મહારાજ. રમે૦**

**આસ્વાદ :**

સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીની એમના સંત-શિષ્યો સાથેની રાસક્રીડા એ પ્રસ્તુત કૃતિનું વર્ણ્યવસ્તુ છે, એને કવિની નિરૂપણકળાએ ભાવાત્મક બનાવ્યું છે. મધ્યકાલીન કાવ્ય સાહિત્યની પરંપરામાં પર્યવસાન પામતું આ કાવ્ય કાંઈ નવીન નથી; પણ એની ભાવાત્મક રજૂઆતમાં કવિની નિરૂપણકળાની આગવી સૂઝ દેખાય છે.

રાસની બરોબર રમઝટ ચાલી રહી છે, એનું તાદૃશ વર્ણન કરતાં કવિ શ્રી બ્રહ્માનંદ સ્વામી ગાય છે:

**"સખી પંચાળા ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ;**
**રમે રાસ રંગીલો રંગમાં રે..."**

શ્રીહરિએ સર્વે સંત હરિભક્તો સાથે રંગભર્યો રાસ માંડ્યો છે. ચારે બાજુ ફરીને સંતમંડળ રાસ રમે છે ને વચમાં અલબેલા છેલછબીલા શ્રીહરિ ઊભા છે. ભગવાન હંમેશા સંતોના મધ્યે જ વસે છે. શ્રીજી સુશોભિત વસ્ત્રાભૂષણમાં સજ્જ થઈને સંતોના વૃંદ વચ્ચે રાસ રમવા આવ્યા છે.

કવિ સર્વેને ઇજન આપતાં કહે છે: 'સખી ચાલોને જઈએ દેખવા રે...' પ્રભુની શોભા અપરંપાર છે. સંતો! ચાલોને આપણે આજે વ્હાલાની શોભા જોવા જઈએ! શ્રીજીની શોભા તો સંતો સદાકાળથી નીરખતા આવ્યા છે, છતાં એ શોભા એટલી રમણીય

છે, એટલી મનભાવન છે કે બસ એને વારંવાર માણ્યા કરીએ તો પણ તૃપ્તિ થતી નથી ને નિત્ય નવીન લાગ્યા કરે છે.

સંતો રાસ લેતાં ગાય છે ત્યારે તેમની સાથે શ્રીજી પણ તાનમાં આવી જઈ તાળી પાડીને મનોહર ગીતો ગાય છે. સલૂણા ઘનશ્યામની આવી રમ્ય શોભા જોવા માટે પ્રેમી ભક્તજનો ઊભા છે; એ જોઈને શ્રીહરિ હેતમાં હસે છે. બ્રહ્મમુનિ પોતાના પ્રિયતમ પ્રભુની આ લીલા પ્રત્યક્ષ નીરખીને આનંદમગ્ન બની ગાય છે.

બ્રહ્મ અને પરબ્રહ્મનું સુભગ મિલન એ રાસનું આધ્યાત્મિક રહસ્ય છે. લોખંડ હંમેશા લોહચુંબક પ્રત્યે જ ખેંચાય છે, એમ આત્મા પરમાત્મા પ્રતિ આકર્ષાય છે. આ આકર્ષણ જ આત્મસત્તારૂપ મુક્તાત્માઓને અખંડ અક્ષરાતીત પુરુષોત્તમનારાયણના દિવ્યરૂપમાં રસબસ રાખે છે અને એ જ રાસની પરાકાષ્ઠા છે!

'ખેલ', 'અલબેલ' 'શોભીત', 'ગીત', 'કાજ', 'મહારાજ' – આ બધા શબ્દો પદમાં એવી રીતે પ્રયોજાયા છે કે એનાથી કવિતાનું લયમાધુર્ય અનેકગણું વધી જાય છે અને એ શબ્દોની તાલનૃત્યાનુસારી ગતિથી કવિતામાં ભાવવિકાસની સાથે નૃત્યગતિ પણ અનુભવાય છે. પદ સુગેય છે અને કાવ્યમાં બ્રહ્માનંદનું પ્રાસ મેળવવાનું કૌશલ તેમ જ લયપ્રભુત્વ સહેજે વરતાય છે.



મોરના પ્રતીક દ્વારા અભિવ્યક્ત થતું માનવ-મન, સુકાયેલાં વૃક્ષો દ્વારા વ્યક્ત થતાં દુષ્કાળના પર્યાવરણમાં જ્યારે દુઃખી આર્તનાદે પ્રભુને પોકારે છે ત્યારે ઘન (વાદળ)ના પ્રતીકરૂપે સ્વયં પ્રભુ ઘનશ્યામની કૃપા જ વરસાદરૂપે વરસી પડે છે!

# ૧૫. બન બન બોલત મોર....

ગઢડામાં એક વાર સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં સભા ભરીને વિરાજમાન હતા, ત્યાં એક ખેડૂત ભક્ત હાંફળો ફાંફળો દોડતો દોડતો આવીને દંડવત્ પ્રણામ કરી સભામાં હાંફતો બેઠો. ડોસાના ચહેરા પર ઘેરી ચિંતાનાં ચિહ્નો સ્પષ્ટ વર્તાતાં હતાં.

કથા પૂરી થતાં શ્રીજીએ ભગતને ક્ષેમકુશળ પૂછ્યા.

ભગતે હાથ જોડીને કહ્યું: "મહારાજ! આપ તો કરુણાનિધાન છો, કૃપાસાગર છો, માટે નાથ! અમારા ઉપર દયા કરો."

મહારાજે એક દૃષ્ટિ સંત-હરિભક્તોની સભા તરફ નાખતાં કહ્યું: "ભક્તરાજ! સંકોચ છોડો, જે તકલીફ હોય તે કહો. અમે તમારું દુઃખ અવશ્ય દૂર કરીશું."

ડોસો પહેલાં તો મૂંઝાણો, પણ પછી તેણે દર્દભરી વાણીથી કહ્યું: "મહારાજ! આપ તો જાણો છો, માથે ચોમાસું જવા બેઠું છે, છતાં હજી યે ટીપું વરસાદ થયો નથી અને મોલ સુકાઈ રહ્યા છે. દુષ્કાળના એંધાણ તો, મહારાજ! અમારાં કાળજાં કોરી ખાય છે. બટકા રોટલા કાજે છોકરાંને ટળવળતાં કેમ જોવાશે? હે પ્રભુ! હે કૃપાનાથ! કૃપા કરીને મેઘરાજાને આજ્ઞા કરો તો એ મન મૂકીને વરસે ને અમારું વરસ સુધરે."

આ સાંભળીને શ્રીજીનાં નેત્રો સજળ થયાં. એમણે સભામાં પરમહંસો તરફ કરુણા દૃષ્ટિ કરી કહ્યું: "સંતો! નરસિંહ મહેતાએ મલ્હાર રાગ ગાયેલો ત્યારે વરસાદ થયેલો. આ સભામાં પણ મોટા મોટા નંદ સંત ગવૈયા કવિઓ બેઠા છે, એમાંથી જો કોઈ મલ્હાર

રાગ ગાય તો જરૂર વરસાદ વરસે."

મહારાજના ગર્ભિત સૂચનથી પ્રેરાઈને સભામાં બેઠેલા પ્રેમસખી-પ્રેમાનંદ સ્વામી ઊભા થઈ, શ્રીજીને બે હાથ જોડી પ્રાર્થના બોલ્યાઃ "મહારાજ! શી આજ્ઞા છે?"

"સ્વામી! આ ખેડૂત ભક્ત વરસાદ માટે અહીં આપણી પાસે આવ્યો છે. તમે મલ્હાર ગાઈ વરસાદ લાવી શકશો?" મહારાજે સ્વામીને ચકાસ્યા.

"મહારાજ! અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, સર્વાવતારી, પૂર્ણ પુરુષોત્તમ કૃપા કરી આજ્ઞા કરે તો એની આજ્ઞાથી શું અશક્ય છે?" સ્વામીએ પ્રેમભાવે ગદ્‌ગદ સ્વરે કહ્યું.

પ્રેમસખીનો પ્રત્યુત્તર સાંભળી મહારાજ અતિ પ્રસન્ન થયા. એમણે પોતાનો વરદ્ હસ્ત ઊંચો કરી કહ્યુંઃ "ભલે... ભલે, સ્વામી! ગાઓ, તમને અમારા અંતરના આશીર્વાદ છે."

પ્રેમાનંદ સ્વામી મહારાજને પગે લાગી સભામાં બેઠા. મહારાજની મૂર્તિમાં વૃત્તિ એકાકાર કરી, એમણે સિતાર હાથમાં લીધી. થોડી વારમાં એ સંત કવિની કોમળ કોમળ અંગુલીઓ સિતાર પર નર્તન કરવા લાગી, સાથે જ તબલાં પર ત્રિતાલની ગત ગર્જી ઊઠી. સમગ્ર સભા શાંત ચિત્તે પ્રેમસખી પ્રત્યે અનિમેષ નેત્રે જોઈ રહી. અવતારના અવતારીની આજ્ઞાને અનુસરીને સ્વામીએ હૃદયના અતળ ઊંડાણમાંથી મલ્હારના સ્વરોને છેડ્યા.

**'બન બન બોલત મોર, બન બન બોલત મોર;**
**મિલ શોર મચાયો કોકિલા ટહુકત;....'**

ધીરે ધીરે રાગ જામતો ગયો તેમ તેમ પ્રકૃતિના પારદર્શક રંગ પણ પ્રતિક્ષણે પલટાતા ગયા. સૂકાભટ રણ જેવા આકાશમાં ઝીણી ઝીણી વાદળીઓ ન જાણે ક્યાંયથી ફૂટી નીકળી! ભીની ભીની ખુશ્બુથી વાતાવરણને તરબતર કરી દેતો પવન મંદ મંદ

મંથર ગતિએ લહેરાવા લાગ્યો. મોરના ટહુકાર ને કોયલના કૂજનથી વર્ષાનાં એંધાણ હવે સ્પષ્ટ વર્તાવા લાગ્યાં.

પ્રેમસખી મસ્ત બનીને મલ્હાર ગાયનમાં નિમગ્ન થયા હતા. ગાયકી એની પરાકાષ્ઠાએ પહોંચતાં પ્રકૃતિનો મિજાજ પ્રતિક્ષણે પલટાતો ગયો. વાદળોના ગડગડાટ અને વીજળીના ચમકારા પણ મલ્હારના ગાન સાથે તાલ મિલાવી રહ્યા. આકાશમાં ઘનઘોર વાદળાં ઊમટી આવતાં ઘોર અંધારું છવાઈ ગયું અને એકાએક કડાકા અને ભડાકા સાથે વીજળીના ચમકારા થવા લાગ્યા. ક્ષણ બે ક્ષણમાં તો મુશળધાર વરસાદ તૂટી પડ્યો. સંત હરિભક્તોના આનંદનો પાર ન રહ્યો. વર્ષાની એ હેલીમાં પાણી નહિ, નર્યો આનંદ જ નીતરી રહ્યો હતો. પેલો વૃદ્ધ ખેડૂત તો આનંદનો માર્યો વરસતા વારિમાં મહારાજ સામે નાચવા મંડી પડ્યો, પછી શ્રીજીને દંડવત્ પ્રણામ ઉપર પ્રણામ કરતાં ગદ્ગદ કંઠે નીતરતા નયને શ્રીજીની નયનરમ્ય મૂર્તિને નીરખી રહ્યો.

પ્રેમાનંદ તો પ્રેમમસ્ત બની વરસતા વરસાદ વચ્ચે પણ હરખભેર ગાઈ રહ્યા હતા:

**"અવની આનંદ ભઈ, તનકી તપત ગઈ,**
**નવપલ્લવ તન દુઃખ દૂર ભાગે;**
**પ્રેમાનંદ રાગ મલાર અલાપત,**
**ગાવત શ્રી ઘનશ્યામ કે આગે."**

સ્વામીએ ગાયન પૂરું કરી શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યું. મહારાજે પ્રસન્નતાપૂર્વક પ્રેમસખીને, હાથ પકડી, ઊભા કરી, પોતાની છાતી સરસા ચાંપ્યા અને પછી એમના ઉરમાં પોતાનાં ચરણારવિંદ દીધાં.*

* સંદર્ભ : શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભા. ૨. વાત ૧૯૧ (પાન નં. ૨૯૦) લેઃ સ. ગુ. રૂગનાથચરણદાસજી સ્વામી

શ્રી મંજુકેશાનંદ સ્વામીએ 'નંદનામમાળા'માં પ્રેમાનંદ સ્વામી વિષે ગાયું છે:

"પ્રેમાનંદ ગવૈયા ભારી,
ગાઈ રાજી કર્યા સુખકારી.
રાગ રાગનાં કીર્તન કીધાં,
જેને હરિએ ચરણ ઉર દીધાં."

કાવ્યકૃતિ :

બન બન બોલત મોર, બન બન બોલત મોર,
મિલ શોર મચાયો કોકિલા ટહુકત.
દમકત દામિની ચમકત કામિની,
બાદુર બુંદન બરખન લાગે;
ગર્જ ગર્જ ચહુ ઓર અંબર થાય લીનો,
દાદુર ચાત્રુક સુની અતિ અનુરાગે. બન૦ ૧
અવની આનંદ ભઈ, તનકી તપત ગઈ,
નવપલ્લવ તન દુઃખ દૂર ભાગે;
પ્રેમાનંદ રાગ મલાર અલાપત,
ગાવત શ્રી ઘનશ્યામકે આગે. બન૦ ૨

આસ્વાદ :

પ્રેમસખી પ્રેમાનંદનાં પદોમાં રાગવૈવિધ્ય ભાવાનુકૂળ હોય છે, એમાં કવિની પ્રતિભા અને કાવ્ય કૌશલ્ય સહેજે કળાય છે.

ઉપરોક્ત પદમાં, વરસાદ ન થતાં મેઘને આવકારતાં કવિએ મલ્હાર રાગ પ્રયોજી કાવ્યના ભાવ અને રાગનું ઔચિત્ય યથાવત્ જાળવ્યા છે. મલ્હારમાં પણ ત્રણ પેટા વિભાગો છે: ધુરિયો મલ્હાર, સોરઠ મલ્હાર અને સારંગ મલ્હાર. પ્રસ્તુત પદ કવિએ ધુરિયો મલ્હારમાં ગાઈ એક રાગમાં બીજા રાગની છાયા ઝીલી

એનું સંયોજન કરીને એક અનોખા પ્રકારનું રાગવૈવિધ્ય આણ્યું છે. સંગીતવાદ્યનું રવાનુસારી નાદમાધુર્ય પ્રેમસખીએ કુશળતાપૂર્વક કવિતામાં કંડાર્યું છે. એ અહીં સ્પષ્ટ થાય છે.

વર્ષાઋતુમાં સામાન્યતઃ વર્ષાને આહ્‌વાહન આપતા હોય એમ વનમાં મોર બોલે છે. એમ છતાં પણ જ્યારે વરસાદ પડતો નથી ત્યારે વન વનમાં બોલતા મોર ભેગા મળીને શોર મચાવી દે છે. કવિએ અહીં મોરના પ્રતીક દ્વારા વર્ષાના વિરહે વ્યાકુળ બનેલા દીનદુ:ખીઓના આર્તનાદને યુક્તિપૂર્વક વ્યક્ત કર્યો છે.

વરસાદ વિના દુષ્કાળના ઓળા નીચે ઠેર ઠેર ગામે ગામે વ્યથિત બનેલા લોકોના કલ્પાંત જ્યારે પ્રભુની પાસે પ્રાર્થનારૂપે પહોંચે છે ત્યારે કોકિલ કંઠી કૃપાનાથ (શ્રીજીમહારાજ) વરસાદના વરદાનરૂપ વાણી વદે છે.

**'મિલ શોર મચાયો, કોકિલા ટહુકત.'**

કૃપાળુ પ્રભુના કથિત કૃપાવાક્યને કવિએ કોકિલાના કેલી કૂજન સાથે સરખાવી કવિતાને બહુ ઉમદા કાવ્યત્ત્વ પૂરું પાડ્યું છે.

પ્રભુની કૃપાદષ્ટિ થતાં જ આકાશમાં વીજળીના ચમકારા થવા માંડે છે, એ જોઈને સ્ત્રીઓમાં હર્ષનો ઉલ્લાસ વ્યાપે છે. વાદળ વરસવા માંડે છે. ભારે મેઘગર્જના સાથે ચારે બાજુ મુશળધાર વરસાદ તૂટી પડે છે. વર્ષાના વિરહે વ્યાકુળ બનેલા દેડકાં ને ચાતક મેઘગર્જના સાંભળી અતિ આનંદમાં આવી જાય છે.

**'અવની આનંદ ભઈ, તનકી તપત ગઈ,**
**નવપલ્લવ તન દુઃખ દૂર ભાગે.'**

વરસાદ પડતાં સર્વત્ર આનંદ છવાઈ જાય છે. એ આનંદ, દુષ્કાળનો ભય દૂર થતાં, ભવિષ્યમાં આવનારી દેહ પીડાની દહેશતમાંથી મુક્તિનો આનંદ છે. દુઃખ કરતાં દુઃખની ચિંતા વધ દુઃખ

દેતી હોય છે. એ ચિંતા દૂર થતાં જે આનંદ વ્યાપે છે એનું વર્ણન શબ્દોમાં શક્ય નથી.

પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની સામે પ્રેમસખી મલ્હાર ગાય છે, એ પ્રાસંગિક કથનને કવિએ ખૂબીપૂર્વક કાવ્યાન્તે ગૂંથી લીધું છે.

નરસિંહની જેમ પ્રેમસખીને વર્ણાવૃત્તિમૂલક તેમજ શબ્દાવૃત્તિમૂલક અનુપ્રાસ સહજ સાધ્ય છે. એનાથી પદલાલિત્ય અને નાદસૌંદર્ય સધાયું છે. પ્રેમાનંદનું કવિત્વ ગુજરાતી પદોમાં જે સ્વાભાવિકતાથી સ્ફૂરે છે એ જ સ્વાભાવિકતાથી હિન્દી પદોમાં પણ સ્ફૂરે છે.

# ૧૯. સહજાનંદકે દર્શન કરકે....

સં. ૧૮૫૯ના શ્રાવણ મહિનાની વદ સાતમનો અભૂતપૂર્વ દિવસ સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં સુવર્ણ અક્ષરે લખાયેલો રહેશે. એ દિવસે નીલકંઠ વર્ણીની વનવિચરણ લીલાની પૂર્ણાહુતિરૂપે એમનો સદ્ગુરુ રામાનંદ સ્વામીના લોજ ખાતેના આશ્રમમાં મંગલ પ્રવેશ થયો હતો. નીલકંઠ વર્ણીના એ સત્સંગ પદાર્પણ માટે નિમિત્તરૂપ બનનાર રામાનંદ સ્વામીના એક વિરલ સંતનું નામ પણ સંપ્રદાય હંમેશાં યાદ રાખશે.

પ્રાતઃકાળનાં પહેલાં કિરણો હજી પૂર્વ ક્ષિતિજે પૂરેપૂરા પ્રગટ્યાં પણ નહોતાં ત્યારે સૌરાષ્ટ્રના એક નાનકડા ગામ લોજના ઉત્તર સિમાડે આવેલી વાવને કાંઠે પથ્થરની મોટી શીલા ઉપર નીલકંઠ વર્ણી આસન જમાવી ધ્યાનસ્થ થયા હતા. પંખીઓનો મધુર કલરવ અને મંદ મંથર ગતિએ વાતો શીતળ સમીર વાતાવરણને આહ્લાદક બનાવતો હતો. બ્રાહ્મ મુહૂર્તની એ શુભ ઘડીએ ગામમાંથી એક સાત્વિક સંત સ્નાન કરવા માટે ત્યાં આવ્યા. સ્નાન કરીને પાછા વળતા સંતની નજર વાવની એક કોરે બેઠેલા નીલકંઠ વર્ણી ઉપર પડી. વર્ણીનું તેજસ્વી મુખારવિંદ અને અત્યંત કૃશ શરીર જોઈ સંત પ્રભાવિત થયા. એમના અંતરમાં પ્રેરણાનો પ્રકાશ થયોઃ નક્કી આ કોઈ સિદ્ધ મહાત્મા લાગે છે! તેમણે વર્ણીની પાસે જઈ પૂછ્યું : "વર્ણિરાજ, આપનું દૂધ* કયું?"

વર્ણીએ કહ્યુંઃ "અમારું દૂધ તો ભગવાન છે."

સંતે ફરી પૂછ્યુંઃ "તમે કહ્યું તે યથાર્થ છે, પરંતુ હું તો

* કુળ.

લોકવ્યવહારે પૂછું છું."

વર્ણીએ સામો સવાલ કર્યો: "તમે કોના સાધુ છો?"

સંતે હાથ જોડીને જવાબ આપ્યો: "હું સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો શિષ્ય સાધુ સુખાનંદ છું. રામાનંદ સ્વામીના અમે ચાળીશ સાધુ અહીં લોજ આશ્રમમાં રહીએ છીએ. અમારા મોટેરા મુક્તાનંદ સ્વામી પરમ દર્શનીય સંત છે. આપ કૃપા કરી અમારા આશ્રમમાં પધારો, જેથી અમારી સાથે આપની મુલાકાત શક્ય બને."

નીલકંઠ વર્ણી સુખાનંદ સ્વામી સાથે રામાનંદ સ્વામીના આશ્રમે પધાર્યા.[૧]

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી સમકાલીન પરમહંસોમાં સુખાનંદ નામે ચાર નંદ સંતોનો ઉલ્લેખ છે. તેમાં નીલકંઠ વર્ણીનો મુક્તાનંદ સ્વામી સાથે મેળાપ કરાવનાર સંત મોટા સુખાનંદ સ્વામી તરીકે સંપ્રદાયમાં ઓળખાય છે. તેઓ ગ્વાલિયરના વતની હતા. શ્રીહરિની પ્રેરણાથી તેઓ હિંદી તેમ જ વ્રજ ભાષામાં કાવ્ય રચના કરતા હતા. લોજની વાવ પર એમણે નમણા નીલકંઠ વર્ણીને નીરખ્યા ત્યારથી એ સલૂણા ઘનશ્યામની માધુરી મૂરત એમના અંતરમાં ઊતરી ગઈ હતી. તેથી જ એમણે એ દર્શનનો યથાર્થ મહિમા સમજાવતા મગ્ન થઈને ગાયું હતું: "સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે સબ ગુરુ જ્ઞાની...." તેઓ બહુ સારા સંગીતજ્ઞ હતા. શ્રીજીમહારાજે સંગીત વિદ્યાના વિશદ્ અભ્યાસ અર્થે તેમને બુરાનપુર મોકલ્યા હતા. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી 'હરિચરિત્રામૃતસાગર'માં નોંધે છે કે, સુખાનંદ સ્વામી સિતાર સારી વગાડતા હતા. તેઓ ક્યારેક બંસી પણ બજાવતા.[૨] આવા

૧. શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ (ભાગ-૧, વાર્તા-૮૩)
૨. શ્રીહરિચરિત્રામૃત સાગર (પૂર-૯, તરંગ-૩૩)

સંગીત રસિક કવિ હૃદય સંત પણ શ્રીજીમહારાજ પ્રસ્થાપિત કડક 'પ્રકરણો' ન પળાતા સંપ્રદાયથી વેગળા પડી એકડમલ થયા હતા.

શ્રીજીમહારાજ પોતાના ભક્તોને કસવામાં અતિશય કડક હતા. જેને તેમણે પોતાના કરી માન્યા તેનામાં અણુમાત્ર પણ કસર ન રહેવા દેવી એવું તેમનું 'પણ' હતું. તે માટે સખતમાં સખત નિયમો કાઢી તેઓ પોતાના શિષ્યોની પરીક્ષા લેતા. તેમણે જુદે જુદે સમયે કાઢેલા નિયમોને સાંપ્રદાયિક પરિભાષામાં 'પ્રકરણો' કહે છે. આવું કડક નિયમન ન પાળી શકાવાથી કેટલાક સાધુઓ સંપ્રદાયની મર્યાદા બહાર જઈને રહ્યા. આવા સાધુઓ 'એકડમલ' તરીકે ઓળખાતા. આવા એકડમલો સંપ્રદાયની મર્યાદા બહાર મસ્ત કલંદર બનીને ઘૂમતા રહેતા. તેઓ ભગવાન સ્વામિનારાયણનું જ ભજન કરતા, લોકોને ઉપદેશ પણ સ્વામિનારાયણ સંપ્રદાયનો જ કરતા, પરંતુ પહેરવેશમાં ધોતિયું ને સીવેલી કફની પહેરતા અને માથે રૂમાલ બાંધતા. તેઓ સ્ત્રીધનના ત્યાગી રહેતા. આમ તો એકડમલો ગામેગામ ફરી ભિક્ષા માગી પોતાનો નિર્વાહ ચલાવતા, પરંતુ તેઓ ગઢપુરમાં હોય ત્યારે જીવુબા તેઓને ભિક્ષા કરાવી રોટલા આપતાં હતાં. એકડમલોને અંતરમાં હંમેશ એક પ્રકારનો અજંપો રહ્યા કરતો કે પોતાના ઇષ્ટ આરાધ્યની આજ્ઞાનું યથાર્થ પાલન પોતે નથી કરી શક્યા. તેઓ શ્રીજીમહારાજનાં દર્શન અને સેવા માટે હંમેશાં ઉત્સુક રહેતા. સહજાનંદી સાધુસંઘમાંથી બહાર હોવા છતાં તેઓ વિમુખ નહોતા ગણાતા. સુખાનંદ સ્વામી પણ આ પાંસઠ એકડમલોની જમાતમાં રહેતા હતા.

ગઢપુરમાં ભક્તિબાગ સામે પાર્ષદોએ એક કૂવો ગાળ્યો હતો. લાડુબાએ ઉગામેડીને રસ્તે બાગ કરાવવા બીજો કૂવો ગળાવી આપવા શ્રીજીમહારાજને પ્રાર્થના કરી. મહારાજની અનુજ્ઞા લઈ

આ પાંસઠ એકડમલોએ કૂવો ગાળી આપ્યો. એકડમલોની સેવાથી મહારાજ બહુ રાજી થયા. મહારાજને પ્રસન્ન થયેલા જોઈને એકડમલોએ વિનંતી કરી: "મહારાજ, અમારે દરેકે તમારી પૂજા કરવી છે અને દેશદેશાવરથી અમે તરેહતરેહની ચીજો લાવ્યા છીએ તે આપને ભેટ ધરવી છે." મહારાજે રાજી થઈ હા પાડી, તેથી એકડમલોએ પૂજા કરી મહારાજને અવનવી ભેટ ધરી. મોટા સુખાનંદ સ્વામીએ મહારાજની પૂજા કરી, ચંદર ચર્ચી કેસરના વાળાના હારનો કાંઠલો મહારાજને પહેરાવ્યો. મહારાજે પ્રસન્નપણે કહ્યું: "આ સુખાનંદ સ્વામી એકડમલમાં ગણાય એવા નથી. તેમણે લોજમાં મુક્તાનંદ સ્વામી સાથે અમારો મેળાપ કરાવ્યો હતો. આ સાધુ તો શુદ્ધાત્મક અનાદિમુક્ત છે અને અમારી આંખોની કીકી સમાન છે. માટે જો તે અમારી સેવામાં રહે તો રાખીએ." ત્યારે સુખાનંદ સ્વામી બોલ્યા: "મહારાજ, મેં આપની આજ્ઞા લોપી નથી ને લોપવી પણ નથી પણ એક સંકલ્પ રહે છે કે આપ પૂર્ણ પુરુષોત્તમનારાયણ અમને મળ્યા તેથી અમારું તો કલ્યાણ થયું, પરંતુ મારા માબાપનું કલ્યાણ કરવા એમને આપના સ્વરૂપનો નિશ્ચય કરાવવો એ મારી પવિત્ર ફરજ છે." મહારાજે જોયું કે સુખાનંદ સ્વામીના શુભ સંકલ્પમાં સૂક્ષ્મ આસક્તિનો ભાવ ભળેલો છે. તેમણે સ્વામીને સમજાવતા કહ્યું: "સ્વામી, જે કોઈ જીવને આપણે વર્તમાન ધરાવીએ તે જ આપણાં સાચાં સંબંધી, બાકી તો આપણે અગાઉ અનંત દેહ ધારણ કર્યા છે, જેનાં કોઈ જ સંબંધી સાથે આપણને અત્યારે સ્નાનસૂતકનો પણ સંબંધ નથી કે કોઈને જાણતા પણ નથી. માટે આ દેહના સંબંધીઓને પણ જ્ઞાને કરીને વિસારી દેવા. વળી પોતાના દેહનાં સંબંધીઓમાં પ્રીતિ રાખવી તે પણ ત્યાગીપણામાં ખોટ ગણાય."

મહારાજની જ્ઞાનવાર્તા સુખાનંદ સ્વામી અદ્ધરથી ઝીલી ન

શક્યા. તેમનો સંકલ્પ ન મટ્યો. વતનમાં જઈને માબાપને મળી એમનું કલ્યાણ કરવાની ઘેલછામાં સ્વામી ફરી એકડમલ થઈને ચાલી નીકળ્યા. માર્ગમાં ઠેર ઠેર શ્રીહરિના પ્રાગટ્યની, ઐશ્વર્યની, મહિમાની અને અપાર પ્રતાપની વાતો કરતા કરતા અને અનેક મુમુક્ષુઓને સત્સંગ પરાયણ બનાવતા સ્વામી વૃંદાવન પહોંચ્યા. વૃંદાવનમાં લાલાબાબુ નામના એક બંગાળી કાયસ્થ કરોડપતિએ કરોડોના ખર્ચે રાધાકૃષ્ણનું ભવ્ય મંદિર બંધાવી તેમાં સોનાનો સ્તંભ ઊભો કરાવ્યો હતો. વળી મંદિરના પ્રવેશદ્વાર પાસે પગથિયામાં પોતાની એક સૂતેલી પ્રતિમા જડાવી હતી જેથી ભગવાન કે ભગવાનના કોઈ સાચા સંતનો ચરણસ્પર્શ થાય તો પોતાનું કલ્યાણ થાય. ભેખમાં ભગવાન હોય છે એમ પોતે માનતા હોવાથી સાધુ વેશે આવેલા ભગવાન ભૂખ્યા ન જાય એવી ભાવનાથી તેમણે એક સદાવ્રત પણ ખોલેલું.

લાલાબાબુની અસીમ ભક્તિ અને ભગવત્પરાયણતા જોઈને સુખાનંદ સ્વામીને આ ધર્મભીરુ દંપતીનું કલ્યાણ કરવાનો સંકલ્પ થયો. તેમણે મર્યાદા રાખીને કથાવાર્તા કરી અને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવ્યો. સ્વામીના શબ્દો સાંભળી લાલાબાબુએ કહ્યું: "આપ પ્રગટ ભગવાનને મળેલા છો અને આપના થકી મને પ્રગટ ભગવાનનો નિશ્ચય થયો ત્યારથી જ હું એમને શરણે છું. હવે આપ મને પ્રગટ ભગવાનનાં દર્શન કરાવો."

સ્વામીએ કહ્યું: "બાબુજી, સઘળાં સત્કાર્યોની સાર્થકતા પ્રગટ પરમાત્માના પ્રત્યક્ષ મિલનમાં છે. માટે તમે શીઘ્ર ગઢપુર સિધાઓ અને પ્રભુનાં દર્શનનો લ્હાવો લો." પરંતુ લાલાબાબુનાં પુણ્ય હજી પ્રગટ પ્રભુના મિલન સુધી નહોતાં પહોંચતાં. તેમણે શ્રીહરિને પોતાના આ દર્શનાભિલાષી ભક્તને દર્શન દેવા માટે વૃંદાવન પધારવાની પ્રાર્થના કરતો એક પત્ર લખી સુખાનંદ સ્વામીને

આપ્યો, સાથે મથુરાના પેંડા અને અત્તરની એક શીશી શ્રીહરિને ભેટ ધરવા માટે મોકલી.

સુખાનંદ સ્વામી એમના બે શિષ્યો સાથે વૃંદાવદનથી ગ્વાલિયર જવા માટે નીકળ્યા. માર્ગમાં એમનું સ્વાસ્થ્ય કથળ્યું. સ્વામીને એમનો અંતકાળ નજીક જણાયો. એમને થયું: ભગવાનની મરજી લોપીને કોણ સુખી થઈ શક્યું છે? સ્વામીએ પોતાના શિષ્યોને બોલાવી જણાવ્યું : "મારું આયખું તો હવે અહીં જ પૂરું થવાનું છે એટલે તમે આગળ ન જતાં ગઢપુર પાછા જાઓ અને શ્રીહરિને મળી મારા દેહત્યાગની તથા લાલાબાબુની વાત જણાવજો." એમના શિષ્યોને માથે તો આભ તૂટી પડ્યું. તેઓએ રડતા રડતા સ્વામીને પૂછ્યું: "ગુરુ, શ્રીહરિ અમને શી રીતે ઓળખશે?" ત્યારે સુખાનંદ સ્વામીએ તેમને વિશ્વાસ આપતા કહ્યું: "શ્રીહરિ તમને 'સુખાનંદ સ્વામીના સાધુ છો ને?' એમ કહી બોલવશે અને સ્વીકારશે."

ત્યાર બાદ થોડા જ સમયમાં માતાપિતાને મળવા નીકળેલા સુખાનંદ સ્વામી માર્ગમાં જ અક્ષરનિવાસી થયા. સુખાનંદ સ્વામીના પાર્થિવ શરીરની અંતિમ ક્રિયા પૂર્ણ કર્યા બાદ એમના શિષ્ય-સંતો કાળાન્તરે ગઢપુર પહોંચ્યા. શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં સંત હરિભક્તોની સભા ભરીને બેઠા હતા, એ ટાણે સંતો ત્યાં પહોંચતા મહારાજે સુખાનંદ સ્વામીના સાધુ તરીકે તેમની ઓળખાણ આપીને તે બંનેનું ભાવભીનું સ્વાગત કર્યું. મહારાજે એ બંનેને પરમહંસની દીક્ષા આપી એમનાં નામ રામાનુજાનંદ અને બાળમુકુંદાનંદ પાડ્યાં. લાલાબાબુની અત્તરની શીશી અંગીકાર કરી મહારાજે એ અત્તર સંતોના નાક પર ચર્ચી કહ્યું: "સંતો, આ લોકમાં તમારા સદ્ચરિત્રની સુવાસ આ અત્તરની જેમ ચોમેર ફેલાશે."

કાવ્યકૃતિ :

સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે બસ ગુરુજ્ઞાની;
અદ્દભુત રૂપ વિચારત મનમેં, નહિ આવે મુખસે બાની.સહ૦
અનંત કોટિ જાકે ચરન પડત હે, બ્રહ્મ મહોલ કે સુખયાની;
સો હરિકો હમ પ્રગટ બતાવે, ભેદ વિના ભટકત પ્રાની.સહ૦
કોટિ વિષ્ણુ બ્રહ્મા કર જોડી, શંકર કોટિ સુરત આની;
શારદ શેષ નારદ યું પ્રણમે, નહિ માનત નર અભિમાની.સહ૦
નિઃસ્વાદી નિઃસ્પૃહી નિર્લોભી, નિષ્કામી જન નિર્માની;
પાયો ભક્તિ પદારથ મોટો, તન મન કીનો કુરબાની.સહ૦
પરબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ, સ્વામિનારાયણ સુમરાની;
સુખાનંદ શરણે સુખ પાયો, ભજન ભરોસો ઉર આની.સહ૦

આસ્વાદ :

સંત કવિ સુખાનંદ સ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ તેમના પ્રસ્તુત પદમાં શ્રી સહજાનંદ સ્વામીનો યથાર્થ મહિમા પોતાની રોચક શૈલીમાં રજૂ કરે છે.

કવિ પોતાના ઇષ્ટ આરાધ્ય શ્રી સહજાનંદ સ્વામીના સમકાલિન હતા તેમ જ તેમના અંતેવાસી સેવક હતા. તેથી તેમણે પોતાના પ્રીતમ પ્યારા પ્રભુના સાંનિધ્યમાં જે જોયું, જે માણ્યું, જે અનુભવ્યું એને પરિણામે એમના અંતરમાં શ્રીજીમહારાજનો સર્વોપરી સ્વરૂપનિશ્ચય તથા મહાત્મ્ય જ્ઞાનેયુક્ત ભક્તિ દઢ થયાં. પોતે પ્રગટ પ્રભુને જે રીતે પિછાન્યા એ પ્રચ્છન્ન પરિચયને તેઓ આપણી સમક્ષ મૂકવા માગે છે.

જ્ઞાનમાર્ગમાં ગુરુપદને પામેલા સર્વે મુક્તાત્માઓ શ્રી સહજાનંદ સ્વામીની રસિક રૂપમાધુરીમાં આકૃષ્ટ થઈને ભક્તિના કેફમાં ગરકાવ થઈ જતા અને ત્યારે ધ્યાન અને સમાધિ

એમના માટે સહજ બની જતા. શ્રીહરિનું અદ્‌ભુત દિવ્ય સ્વરૂપ જેઓ ધ્યાન કે સમાધિમાં નિહાળતાં તેમની વાણી વિલાઈ જતી. એ વિરલ અનુભૂતિને અભિવ્યક્તિ માટે ક્યારેય શબ્દોનો સાથ નહોતો મળતો.

કવિનું મહિમાગાન હવે એની ચરમસીમા પર પહોંચે છે. આધ્યાત્મિક જગતમાં જીવ દશાથી માંડીને પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માના પરમ સાધર્મ્ય પર્યન્ત અસંખ્ય ભૂમિકાઓ આવે છે. આ ભૂમિકાઓને જીવકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, અક્ષરકોટિ ઇત્યાદિ નામો દ્વારા ઓળખવામાં આવે છે. આવી વિવિધ ભૂમિકાઓએ પહોંચેલા અસંખ્ય આત્માઓ અક્ષરધામના અલભ્ય સુખની યાચના સાથે જેમનાં ચરણોમાં વારંવાર વંદન કરે છે એવા શ્રી સહજાનંદ સ્વામી એ જ પ્રગટ પ્રમાણ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે એમ કવિ કહે છે. સાથે કવિ એક ટકોર પણ કરે છે કે શ્રીહરિની સર્વોપરી ઉપાસનાનું આ રહસ્યજ્ઞાન જ્યાં સુધી લક્ષ્યાર્થભાવે આત્મસાત્ થતું નથી ત્યાં સુધી જીવ જન્મમરણના બંધનમાં ભટક્યા કરે છે.

શ્રીજીમહારાજની મૂર્તિના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે. એ સર્વે બ્રહ્માંડોના કોટિ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર અહોનિશ શ્રીહરિની વંદના કરતા રહે છે. શારદા, શેષ અને નારદની ઉપમા કવિ શ્રીજીમહારાજના પ્રતાપી મુક્તોને આપી એમ સમજાવવા માગે છે કે જે શ્રી સહજાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ મુનિ તથા મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ, જ્ઞાની અને પ્રેમી સંતો નિત્ય આરાધતા એવા શ્રીહરિનો યથાર્થ મહિમા નહિ સમજનાર વ્યક્તિ મિથ્યાભિમાની છે.

ભક્તિનો માર્ગ સ્વાપર્ણનો માર્ગ છે, શહીદીનો માર્ગ છે. જે જ્ઞાની ભક્ત નિઃસ્વાદી, નિઃસ્પૃહી, નિર્લોભી, નિષ્કામી તથા નિર્માની

બનીને પોતાના તન અને મન શ્રીહરિની ભક્તિમાં ન્યોછાવર કરે છે તેના જ અંતરમાં નવધા ભક્તિને અંતે પર્યવસાન પામતી પ્રેમલક્ષણા ભક્તિનો પાદુર્ભાવ થાય છે !

અંતે કવિ કહે છે, હે ભક્તો ! પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અહોનિશ સ્મરણ કરો અને જેમ જેમ તમારા અંતરમાં પ્રભુ પ્રત્યેની પ્રગાઢ શ્રદ્ધાનો વધુ ને વધુ આવિષ્કાર થતો જશે તેમ તેમ તમારા અંતરમાં શ્રીહરિની નિર્વિકલ્પ શરણાગતિનો અલૌકિક આનંદ આવતો જશે, આવતો જ જશે !!

રાગ લાવણીમાં ગવાતું પ્રસ્તુત પદ સદ્‌ગુરુ સુખાનંદ સ્વામીનું એક ઉત્કૃષ્ટ સર્જન છે. કાવ્યમાં પ્રાસાદિકતા પ્રાસ અને લયમાં ઘૂંટાઈને નખશિખ વ્યાપી રહે છે.

## ૧૭. સર્વે સખી જીવન જોવાને ચાલો રે...

જોગાનુજોગ ભક્ત કવિ રૂપજીભાઈ કડિયાને વઢવાણ પાસેના ખારવા ગામે ધનારાબા નામના એક સત્સંગી હરિભક્ત ભેટી ગયા. ધનારાબાએ રૂપજીભાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનો અનન્ય મહિમા સમજાવ્યો. રૂપજીભાઈ તો પૂર્વના મુક્ત હતા, એમને સત્ય સમજાતાં વાર ન લાગી. ધનારાબાની વાતો સાંભળીને એમના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શનની અદમ્ય ઇચ્છા જાગી.

એ વખતે શ્રીજીમહારાજ ગઢડામાં વિરાજમાન હતા. રૂપજીભાઈ ધનારાબા સાથે ગઢડા જવા ઊપડ્યા. બે દિવસે તેઓ ગઢડા પહોંચ્યા. એ વેળા મહારાજ ભારે ભારે વસ્ત્રાભૂષણ પહેરીને રોઝે ઘોડે બેસીને દાદા ખાચરના દરબારમાંથી લક્ષ્મીવાડીએ જતા હતા. રૂપજીભાઈને શેરીમાં જ મહારાજનાં દૂરથી દર્શન થયાં. એમનું અંતર મહારાજની મૂર્તિના દર્શન માત્રથી દ્રવી ગયું અને તરત જ તેમણે 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...' એ કીર્તન બનાવી ગાયું.

ભરચક જનસમુદાય વચ્ચે પણ આ શબ્દો મહારાજના કાને પડ્યા. મહારાજે દૃષ્ટિ ફેરવી જોયું તો ધનારાબાની સાથે રૂપજીભાઈને દીઠા. ભારે ભીડ વચ્ચેથી જ મહારાજે રૂપજીભાઈને હાકલ કરી પાસે બોલાવ્યા. રૂપજીભાઈએ મહારાજ પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને નયનમાંથી ઝરતા પ્રેમાશ્રુથી શ્રીહરિનાં ચરણોને પખાળ્યાં. મહારાજે રૂપજીભાઈને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને પછી પ્રેમથી પ્રગાઢ આલિંગન આપ્યું.

મહારાજ લક્ષ્મીવાડી પહોંચ્યા, ત્યાં આંબાના વૃક્ષ નીચે

સભા કરી રૂપજીભાઈને પોતાની પાસે બેસાડ્યા. પછી મહારાજે સર્વ સભાને સંબોધતાં કહ્યું: "આ રૂપજીભાઈ પરમ ભક્તરાજ છે ને નૈષ્ઠિક બ્રહ્મચર્યવાળા છે."

પછી રૂપજીભાઈ તરફ જોઈને બોલ્યા: "કેમ રૂપજી! હવે ક્યાં સુધી સંસારાબ્ધિના ખૂણામાં છુપાઈ રહેવું છે?"

રૂપજીભાઈએ તત્કાળ ઉત્તર આપ્યો: "મહારાજ, આપના દર્શનની જ રાહ જોતો હતો. હવે ઘેર જવાની જરાય ઇચ્છા નથી. આપની પાસે યાચના કરવાનો જ ઇરાદો હતો કે આપના ચરણારવિંદના સેવનનો લાભ આપવા કૃપા કરો તો સારું."

મહારાજ રૂપજીભાઈનો ઉત્તર સાંભળી અત્યંત પ્રસન્ન થયા અને ત્યાં એ વખતે જ રૂપજીભાઈને દીક્ષા આપી પરમહંસ બનાવ્યા ને ભૂધરાનંદ નામ આપ્યું, જે કાળાન્તરે ભૂમાનંદ થયું.

કાવ્યકૃતિ :

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે. ૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કહી ગાય રે. ૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે. ૩
મળ્યાં આવે મહામુનિનાં વૃંદ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર રે. ૪
ભક્તો ને મુક્તો ઉત્તમ યશ ગાવે રે,
નૃત્ય કરી સંતો વાજિંત્રો વજાવે રે. ૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે. ૬

**આસ્વાદ :**

ભૂમાનંદ (સં. ૧૮૫૨-૧૯૨૪)ના પ્રસ્તુત પદમાં લાલિત્ય, રસસિંચન અને પ્રભુના સ્વરૂપમાધુર્યનું ઉત્કટ આકર્ષણ જણાય છે.

શ્રીજી માટે કવિ જે શબ્દ 'જીવન' પ્રયોજે છે એ એમની પ્રભુ પ્રત્યેની પ્રગાઢ પ્રીતિ દર્શાવે છે.

કવિને પ્રભુના દર્શન માટેની જે ઊંડી આતુરતા છે તે પ્રથમ પંક્તિમાં જ વ્યક્ત થઈ જાય છે.

**"સર્વે સખી જીવન જોવાને ચાલો રે."**

કવિ પોતે તો શ્રીહરિને નીરખવા જાય છે, પણ સાથે સાથે બીજા સંતોને પણ આગ્રહપૂર્વક આમંત્રણ આપતા જાય છે, જીવનપ્રાણ પ્રભુને જોવા આવવા માટેનું! અહીં કવિનો હિતકારી સંત સ્વભાવ છતો થાય છે. સંત કદીયે સ્વાર્થી કે સ્વકેન્દ્રી ન સંભવે. એનું હૈયું હંમેશાં ઉપકારક સંવેદનાઓથી જ ભરેલું હોય છે.

પ્રભુની શોભા વાણીથી વર્ણવી શકાય એવી નથી. શબ્દની શક્તિની છેક મર્યાદા બહારની એ વાત છે. તેથી જ તો વેદો પ્રભુને માટે નેતિ નેતિ સિવાય કાંઈ જ કહી શકતા નથી. રોઝા ઘોડા ઉપર રાજાઓના પણ રાજા એવા રાજેશ્વર પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી બિરાજ્યા છે. એમની રૂપમાધુરી જોઈ કવિને થાય છે કે આ રૂપ આગળ તો કરોડો કામદેવ પણ લજવાઈ મરે એવી આ મૂર્તિની રૂપરસિકતા છે! મહારાજની સાથે સંતોનાં મંડળ પણ ચાલ્યાં આવે છે, કવિએ ચંદ્રની સુંદર ઉપમાથી અહીં પ્રભુને નવાજ્યા છે.

---

પ્રસંગ સંદર્ભ : (૧) શ્રી ભૂમાનંદ સ્વામીનું જીવન ચરિત્ર
લેઃ પૂ. નંદકિશોરદાસજી (શ્રીહરિલીલામૃત સાગર)
(૨) સ. ગુ. નિર્ગુણદાસ સ્વામીની વાતો. (વાત-૪૫૩)

"તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર રે."

સંતોને તારાગણ સાથે અને શ્રીજીને ચંદ્ર સાથે સરખાવી સ્વામીએ બહુ સુંદર રૂપક અલંકાર પ્રયોજ્યો છે. અંતે કવિ ગૌરવવંતા મહિમા સાથે શ્રીહરિનો પરિચય આપતા કહે છે કે જેની ઉત્તમ યશગાથા અસંખ્ય ભક્તો ને મુક્તો પણ ગાયા કરે છે, જેની આગળ મહાસમર્થ સંતો જુદા-જુદા વાજિંત્રો વગાડીને નૃત્ય કર્યા કરે છે અને નિજ સખા હાથમાં ચમર લઈને ઢોળે છે, એ પ્રભુ! એ મારો નાથ! જુઓ આ આવી રહ્યો છે. અહીં કવિએ શુક સનકાદિક, શુકમુનિ તથા શતાનંદ મુનિને કહ્યા છે. શતાનંદ સ્વામીએ 'સત્સંગી જીવન' ગ્રંથમાં શ્રીજીનો અપાર યશ ગાયો છે. અહીં નિજ સખા મૂળજી બ્રહ્મચારીને કહ્યા છે.

રાગ ધોળમાં ગવાયેલું આ સુગેય પદ શ્રીજીમહારાજને ખૂબ પસંદ હતું અને પ્રભુ ઘણીવાર ભૂમાનંદ સ્વામી પાસે આ ગવડાવતા હતા. કવિનો હૃદયોલ્લાસ કાવ્યની પંક્તિએ પંક્તિમાં ખૂબ પ્રગલ્ભપણે વ્યક્ત થયો છે.

# ૧૮. વ્હાલા રમઝમ કરતા રાજ, મારે ઘેર આવો ને...

વડોદરા નગરી પરાપૂર્વથી 'ગુજરાતની કાશી' તરીકે પંકાયેલી છે. એ સંસ્કારી નગરીમાં સાહિત્ય, સંગીત ને કલાના આરાધકો સૈકાઓથી વસતા આવ્યા છે. સં. ૧૮૮૦ના આસપાસના અરસામાં વડોદરામાં સરકાર સયાજીરાવ ગાયકવાડ (બીજા)નું રાજ હતું. તે વખતે વડોદરામાં સ્વામિનારાયણ સંપ્રદાયનો ઝાઝો પ્રચાર કે પ્રસાર નહોતો થયેલો, તેથી મહારાજના આદેશથી સ. ગુ. ગોપાળાનંદ સ્વામી વડોદરા આવીને રહેતા; એમના પ્રૌઢ પ્રતાપે વડોદરામાં સદાશિવભાઈ, નાથભક્ત, ભાઉ પુરાણિક, નારૂપંત નાના, બાપુ સાહેબ વગેરે મહાનુભાવો સત્સંગી થયા અને ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયનો વડોદરામાં પ્રતિદિન ચડતો રંગ જોઈને અન્ય ધર્મી વિઘ્નસંતોષી પંડિતો અને વિતંડાવાદીઓને ખૂબ ઈર્ષ્યા થતી. વડોદરા રાજ્યનો દિવાન વિઠ્ઠલરાવ સત્સંગનો કટ્ટર દ્વેષી હતો.

વેદાંતાચાર્ય નામના એક રામાનુજ સંપ્રદાયના આચાર્યને શ્રીજીમહારાજે વડતાલમાં શાસ્ત્રાર્થ કરી હરાવેલો, તે પણ ત્યાંથી વડોદરા આવી દિવાન સાથે ભળી સ્વામિનારાયણ સંપ્રદાય વિરુદ્ધ કાવતરાં રચવા લાગ્યો, દિવાન અને વેદાંતાચાર્યે મળીને શ્રીમંત સરકારને અરજ કરી કે સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈ વિદ્વાન પ્રતિનિધિ અમારી સાથે શાસ્ત્રાર્થ કરે અને તેમાં એ જીતે તો અમે સ્વામિનારાયણ સંપ્રદાયને માન્ય રાખીએ અને હારે તો એ સંપ્રદાયનો કોઈ પણ સાધુ કે અનુયાયી વડોદરા રાજ્યમાં ન રહેવો જોઈએ. સયાજીરાવ એ વખતે યુવાન હતા. એમને યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામીનો જોગ થયેલો એટલે સત્સંગ પ્રત્યે ગુણબુદ્ધિ

તો થયેલી; પણ દિવાન અને વેદાંતાચાર્યના સમાધાન ખાતર એમણે આ વિનંતી સ્વીકારી. શ્રીજીમહારાજને ગઢડા નાથભક્ત દ્વારા સંદેશો મોકલી કોઈ વિદ્વાન સંતને શાસ્ત્રાર્થ માટે મોકલવાની પ્રાર્થના કરી. શ્રીહરિએ વેદાંતાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરવા સ. ગુ. મુક્તાનંદ સ્વામીને વડોદરા મોકલ્યા. વડોદરા આવી મુક્તમુનિએ (સં. ૧૮૮૧ના ચાતુર્માસમાં) વેદાંતાચાર્યને શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા તથા અનેક મતપંથના આચાર્યો અને પંડિતોના પ્રશ્નોનું યથાર્થ સમાધાન કરી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું.*

સ. ગુ. મુક્તાનંદ સ્વામીની વાત કરવાની શૈલી બહુ જ રોચક અને અસરકારક હતી. શ્રીમંત સરકાર સયાજીરાવ તો સ્વામીની જ્ઞાન-ગરિમા ને વાર્તાલાપ શૈલીથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે સ્વામી ત્રણ મહિના વડોદરા રોકાયા તે દરમ્યાન દરરોજ સ્વામીનો સમાગમ કરવા વાડીમાં નાથ ભક્તના વાડામાં જે નાનકડું હરિમંદિર હતું ત્યાં આવતા. મુક્તાનંદજી પાસેથી શ્રી સહજાનંદ સ્વામીનો મહિમા તથા એમનાં ચરિત્ર સાંભળીને શ્રી સયાજીરાવના અંતરમાં શ્રી સહજાનંદજી મહારાજના દર્શન માટે તીવ્ર ઉત્કંઠા જાગી. શ્રીમંત સરકારે મહારાજને વડોદરા પધારવા માટે આગ્રહભર્યું આમંત્રણ પાઠવ્યું. ગાયકવાડનો પ્રેમ જોઈને ભક્ત વત્સલ શ્રીજીએ નિમંત્રણ સ્વીકારી ગઢડાથી વડતાલ પ્રત્યે પ્રયાણ આદર્યું. વડતાલથી સંત-હરિભક્તોના વિશાળ કાફલા સાથે મહારાજની ભવ્ય સવારી વડોદરાના પાદરે આવેલા છાણી ગામ પાસે આવી પહોંચી. (સં. ૧૮૮૨ના કાર્તિક વદ ત્રીજ) શ્રીજીમહારાજના આગમનના સમાચાર સાંભળતાં જ મુક્તાનંદના અંતરમાં આનંદનો ઉલ્લાસ પ્રગટ્યો. ત્રણ ત્રણ

* વડોદરાનું સત્સંગ દર્શન. લે. શ્રી રમેશ પંડ્યા, પૃ. ૯૧ થી ૯૩.

મહિનાના વિરહ પછી આજે પ્રાણપ્યારા પ્રીતમને સત્કારવાનો જે મંગલ પ્રસંગ ઘરઆંગણે આવ્યો હતો, એ મોકાને મુક્તાનંદનું કવિ હૃદય કેમ કરીને ચૂકે? શ્રીમંત સરકાર તથા એમના રાજવી ઘરાણાનાં કુટુંબીજનો શ્રીહરિનું ભવ્ય સામૈયું કરવા માટે જતા હતા. મુક્તાનંદ સ્વામી પણ એમના સંતમંડળ સાથે નૃત્ય કરતા કરતા શ્રીજીને સત્કારવા હરખભેર ગયા. સ્વામીએ એ વખતે સમુલ્લાસભર્યા હૃદયની ભાવોર્મિઓને કાવ્ય દ્વારા કથિત કરતાં નૃત્ય સાથે પ્રગલ્ભ સ્વરે ગાવા માંડ્યું:

"વ્હાલા રમઝમ કરતા રાજ, મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે."

વડોદરાના તંબોળી હરિભક્તો સ્વામી સાથે કીર્તનની એક એક કડી ઝીલતા અને એમ સમૂહમાં સૌ કીર્તન આરાધના કરતા શ્રીજીને સત્કારવા છાણી પહોંચ્યા. ત્યાં પણ શ્રીહરિ સન્મુખ મુક્તમુનિએ આ કીર્તન ગાયું. એ સાંભળીને મહારાજ અતિ પ્રસન્ન થયા.

કાવ્યકૃતિ :

વ્હાલા રમઝમ કરતા રાજ, મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે. ૧
મારે તમ સંગ લાગી પ્રીત, નાથ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે. ૨
વા'લા અબળા ઉપર મહેર, કરજો સુખકારી રે;
હું તો જનમોજનમની નાથ, દાસી તમારી રે. ૩
મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહોમાં નૌતમ નાવ, મુજથી ન્યારા રે. ૪
આવો છોગાં મેલીને ઘનશ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફૂલડે સમારી સેજ, નાથ સુધારો રે. ૫

**વ્હાલા નેણાં તણું ફળ નાથ, મુજને આપો રે;**
**મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે. ૬**

**આસ્વાદ :**

સંત કવિ મુક્તાનંદે વ્હાલા પિયુ સહજાનંદને સત્કારવા નૃત્ય સાથે ગાયેલા ઉપરોક્ત પદમાં કવિનો પ્રેમીભક્તભાવે આવિષ્કાર પામતો પ્રેમ ને પ્રભુ મિલનની ઉત્કટ પ્યાસ બહુ જ સમ્યક્ભાવે અભિવ્યક્ત થાય છે. આ પ્રેમીભક્તભાવ એ સ્વામિનારાયણીય સંતકવિઓનો પ્રિયંકર આત્મભાવ છે. પ્રત્યેક સંતકવિએ પોતાની આધ્યાત્મિક ઝંખના પોતાનાં કાવ્યોમાં પોતાની આગવી રીતે અભિવ્યક્ત કરી જ છે!

લાંબા વિરહ બાદ જ્યારે ભક્તને સમાચાર સાંપડે છે કે પરદેશથી શ્રીહરિજી પધારી રહ્યા છે ત્યારે એનું હૈયું હાથમાં નથી રહેતું, એનું દિલ આનંદના આવેગમાં નાચી ઊઠે છે અને અભિસારિકા બનીને એ શ્રીજીને સત્કારવા સામી દોડી જાય છે. એનો પ્રિયતમ પણ અતિ ઉલ્લાસમાં જ હશે એવી એની ધારણા છે એટલે જ એ પિયુને પ્રેમભર્યું નિમંત્રણ પાઠવતાં ગાય છેઃ

**"વ્હાલા રમઝમ કરતા રાજ, મારે ઘેર આવો રે.'**

ભક્તના હૃદયની આરજૂ બસ એટલી જ છે કે મારો વ્હાલીડો મને હસીને બોલાવે.

ભક્ત પ્રેમનો એકરાર બહુ જલદી કરી લે છે, કારણ કે એને ઉતાવળ છે, પ્રિયતમ પ્રભુ સાથે રમવાની! એને વ્હાલા સાથે રાસલીલાની રસલ્હાણ લૂંટવી છે.

એટલે જ એ લજ્જા ત્યાગીને તમામ લૌકિક સંબંધો ત્યજી દઈને પ્રભુના પ્રેમમાં મસ્ત બને છે. પણ આ ત્યાગમાં વૈરાગ્યની ઉદાસીનતા નથી, મિલનનો ઉત્સાહ છે. માંગેલું મળવાનું છે જ એની ખાતરીનો આનંદ છે.

ભક્તના કથનમાં ક્યાંક આજીજી તો ક્યાંક અનન્ય શરણાગતિ દષ્ટિગોચર થાય છે.

**'હું તો જનમોજનમની નાથ, દાસી તમારી રે.'**

મુક્તાનંદ શ્રી સહજાનંદમાં મધુર અનુરાગ અનુભવે છે. વળી એ પૂર્વાનુરાગ, મધુર આકર્ષણ, સ્નેહાસક્તિ દઢતા અને અપૂર્વ શ્રદ્ધા સ્વાર્પણના ભાવોએ યુક્ત છે. એમના હૃદયમંદિરમાં શ્રી સહજાનંદ મહાપ્રભુ માટે જે મધુર સ્નેહ છે, એ અહીં વ્યક્ત થયા વિના રહેતો નથી.

**'મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે;**
**પળ રહોમાં નૌતમ નાવ, મુજથી ન્યારા રે.'**

પ્રભુથી એક પળ માટે પણ દૂર રહેવા એ તૈયાર નથી. વળી નિઃસંકોચ રીતે કવિ કહે છે:

**'આવો છોગાં મેલીને ઘનશ્યામ, ધડક મ ધારો રે.**
**મેં તો ફૂલડે સમારી સેજ, નાથ સુધારો રે.'**

પ્રેમીભક્તની પ્રેમ-મસ્તીનું એક રસિક નિમંત્રણ કવિએ બહુ જ સલુકાઈથી સહેજ પણ મર્યાદાભંગ કર્યા વિના કાવ્યમાં ગ્રંથિત કર્યું છે.

અંતિમ બે પંક્તિઓમાં કવિ પ્રભુને પ્રાર્થતા કહે છે કે, મહારાજ! આ નેણાંનું– આ દૃષ્ટિનું પરમ ફળ ફક્ત પ્રભુ દર્શન જ છે. માટે પ્રભુ! કૃપા કરીને હવે દર્શનના દાન દઈને કૃતાર્થ કરો અને આપના વિયોગે દિલે જે વેદના વેઠી છે તે કાપી અંતરને દિવ્યાનંદ ને શાંતિથી ભરી દો એ જ અભ્યર્થના છે.

પરમાત્માના દર્શનની અભિપ્સા એ જ કાવ્યનો મૂળ વિષય છે. કાવ્ય સરળ, સુગેય, ભાવમધુર છે અને પદ ભાવદષ્ટિએ આસ્વાદ્ય છે.



*વિરહની અકથ્ય વેદના અને હરિદર્શનની ઉત્કટ પ્યાસ જ્યારે સંગીતના સૂરોમાં વહે છે ત્યારે સંત સ્વયં સાજ બની જાય છે અને પ્રભુ સ્વયં સંગીત!*

# ૧૯. દરદ લગાડી રહ્યા દૂર છો, રસિયા વાલમ...

બાલ્યાવસ્થાથી જ માતાપિતાને ગુમાવી બેસનાર પ્રેમસખી પ્રેમાનંદ જાતિએ ગાંધર્વ હતા. સુંદર વાન અને મધુર કંઠને લીધે તેઓ વેરાગીઓના સમૂહમાં સપડાઈ ગયા. વેરાગી બાવાઓ આવા નિરાધાર અને ગાયન કળામાં કુશળ બાળકને છોડે પણ શાના! વળી આ છોકરાને પોતાનાં સગાં-સંબંધી કે ઘરબાર વિષે કશી જાણ હતી નહિ, એટલે નિરાધારપણે જ્યાં ત્યાં રખડ્યા કરવું એના કરતાં બાવાના સમૂહમાં ફરવું એને વધુ રુચિકર લાગ્યું. બાવાઓનો એ કાફલો ફરતા ફરતા કાનમ પ્રદેશના (ભરૂચ જિલ્લાના) દોરા ગામે આવેલો. કાફલામાંનો આ રૂપાળો અને ગાવા બજાવવામાં પ્રવીણ છોકરો સૌનું ધ્યાન ખેંચતો. એના મધુર કંઠથી ગામ લોકો ખુશ થઈ વેરાગીઓને ગામમાં વધુ રોકાવાનો આગ્રહ પણ કરતા. એવામાં એ જ ગામમાં સ્વામિનારાયણના સાધુઓ લોકોપદેશાર્થે ફરતા ફરતા આવ્યા. વેરાગીઓના સમૂહમાં રહેલા આ છોકરામાં પ્રભુ દર્શનની ઉત્કટ પ્યાસ હતી.

એક દિવસ આ છોકરો સારંગી લઈને "તેરે બિના પિયરા જિયરો નિકસો જાસે"નું આરતભર્યું પદ ગાતો હતો, એ જ વખતે સ્વામિનારાયણના સાધુ જ્ઞાનદાસજી ત્યાંથી પસાર થતા હતા. તેમના કાને આ પદ પડ્યું ને તે થંભી ગયા. જ્ઞાનદાસજીએ એનો પરિચય કેળવવાનો પ્રયત્ન કર્યો.

સ્વામિનારાયણના સાધુઓના શુદ્ધાચાર ને વિચારની વિલક્ષણતા જોઈને વેરાગી યુવાન પણ તેમના તરફ આકર્ષાયો. વેરાગી યુવાનને પણ હરિદર્શનની લગની લાગી હતી. જ્ઞાનદાસજીએ હરિમિલન કરાવી દેવાનું વચન આપી પોતાના

ભણી ખેંચવાનો પ્રયત્ન કરી જોયો. વેરાગી બાવાઓથી છાનોછપનો એ યુવાન પણ સ્વામિનારાયણ સાધુઓના વધુ ને વધુ સંપર્કમાં આવતો ગયો. એથી એનામાં ભગવાન સ્વામિનારાયણને મળવાની ઉત્કટ તાલાવેલી પેદા થઈ અને એક દિવસ એણે જ્ઞાનદાસજીને વિનવ્યા કે મને આ બાવાઓના કાફલામાંથી છોડાવી તમારી સાથે સ્વામિનારાયણ ભગવાન પાસે લઈ જાઓ. જ્ઞાનદાસજીએ એને ધીરજ ધરવાની સલાહ આપી અને એ ત્યાંથી દ્વારકા જવા માટે રવાના થયા. છોકરાએ યુક્તિ કરી બાવાઓના અધિપતિ પાસે રણછોડરાયના દર્શને દ્વારકા જવા અનુમતિ માગી. અનુમતિ મળતાં જ એ ઝડપથી ચાલી આગળ રવાના થયેલા જ્ઞાનદાસજીના મંડળ સંગાથે થઈ ગયો.

દ્વારકાથી પાછા વળતાં જ્ઞાનદાસજી એ વેરાગી યુવાનને લઈને ભાવનગર જિલ્લાના ગઢડા ગામે આવી પહોંચ્યા. ગઢડામાં દાદા ખાચરના દરબારમાં ઊગમણા દ્વારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા. ત્યાં જ્ઞાનદાસજી વેરાગી યુવાનને લઈ આવ્યા ને શ્રીજીમહારાજને એનો પરિચય કરાવ્યો. યુવાન શ્રીજીમહારાજના દર્શન કરી મુગ્ધ બની ગયો. એના અંતરમાં આનંદની છોળો ઊડવા માંડી. સંકલ્પ-વિકલ્પ વિરામ પામી ગયા. પ્રથમ મિલને જ એને પ્રભુમાં પ્રીત લાગી. મહારાજ પણ એને જોઈ ખૂબ આનંદમાં આવી ગયા. કહ્યું છે ને– 'प्रीति योगं परस्परम्।' પ્રભુને પણ એના ઉપર હેત ઊપજ્યું. મહારાજે એને પોતાની પાસે રાખી લીધો. ગાનવિદ્યાથી પ્રભુને પ્રસન્ન કરવાની યુવાનની મનિષા પણ એ રીતે સંતોષાતી. મહારાજે પછી એને બુરાનપુર શાસ્ત્રીય સંગીતના વિશેષ અધ્યયન માટે મોકલ્યો. ત્યાં સંગીત તથા કાવ્યકળાના શાસ્ત્રીય શિક્ષણથી રાગ, તાલ અને યતિમાત્રા વગેરેનું એનું જ્ઞાન વધુ વિકાસ પામ્યું. અંતે મહારાજે એને પોતાના વરદ

હસ્તે ચંદન ચર્ચી, તિલક કરી, કંઠી બાંધી, નિજબોધાનંદ નામ આપી પોતાના સંતસમાજમાં અપનાવી લીધો.

સાધુ થયા બાદ, નિજબોધાનંદની કસોટી પહેલે દિવસથી જ શરૂ થઈ. શ્રીજીમહારાજે દીક્ષા દઈને કહ્યુંઃ "સ્વામી! તમારી સારંગી મારી પાસે મૂકીને જ જજો અને કલમ પણ!" નિજબોધાનંદ દિગ્મૂઢ થઈને કહેઃ "પ્રભુ! કાવ્યો હવે ન રચું ને સંગીત ન કરું?"

"ના સ્વામી!" મહારાજે સ્વામીનો હાથ હાથમાં લઈ માળા આપતાં કહ્યુંઃ "લો, આ માળા ફેરવજો. સંતને કલા ને કૃતિનો પણ મોહ ન રાખવો. એ કોને કાજે છે તેનો વિચાર વધારે ખપનો છે."

"પ્રભુ! પણ અભ્યાસ છૂટી જશે તો..."

"એવી શંકા ન કરશો, સ્વામી! હમણાં એ દિશા જ બંધ થઈ. પહેલાં દર્શન, શ્રવણ ને સ્મરણની દઢતા લાવવી, ચિત્ત પ્રભુમાં જોડી દેવું. થશે ને?"

"હા પ્રભુ!" સ્વામીએ હા ભણી.

સહજાનંદ સ્વામીએ નિજબોધાનંદને એમનું મન કલા ભક્તિમાંથી ઊતરી પ્રભુ ભક્તિમાં ચોંટે એ માટે સંગીત અને કાવ્યથી અળગા કર્યા. જેથી સંગીત અને કાવ્ય રચના સાધ્ય મટી પ્રભુના ગુણગાન ગાવાનું સાધન બને. એટલું જ નહિ, સંગીતનો કાબૂ એમના પર ન રહે પણ સંગીત પર એમનો કાબૂ આવી જાય. માટે વ્યસનમુક્તિની પેઠે સાજ અને અવાજની મુક્તિ જરૂરી હતી. માણસનું મન કોરા કાગળ જેવું બની જાય પછી જ પ્રેમલક્ષણા ભક્તિનો ખરો રંગ ચઢી શકે છે. પ્રખર વક્તાને મૂંગા રહેવા દેવા જેવી અને સતત રખડતા પ્રવાસીને જેલમાં પૂરવા જેવી આ સજા હતી, પણ નિજબોધાનંદે

કાંઈ પણ દલીલ કર્યા વગર આઠ મહિના એમની પ્રિય સારંગી વિના ઘેલા નદીના કાંઠે બેસીને નિષ્કુળાનંદ સાથે જ્ઞાનગોષ્ઠિ કરતાં કરતાં કાઢી નાખ્યા.

આ રીતે કસોટીમાં સોળવલા ઠરતાં, એક દિવસ શ્રીજીમહારાજે ગીત, સંગીત અને સાજની મહેફિલ ખડી કરવા નિજબોધાનંદને એમની અમાનત સારંગી પાછી સોંપી એટલે એમણે એ મહારાજની સામે ધરી, મહારાજે સ્પર્શ કરી તેના તારને ઝણઝણાવ્યા. મહારાજની આજ્ઞા મળતાં સ્વામીએ સાજ ઉપર સૂર રેલાવી ગાવા માંડ્યું:

**'દરદ લગાડી રહ્યા દૂર છો, રસિયા વાલમ. દરદ૦'**

એમની આ દર્દીલી રચનાથી શ્રીજીમહારાજ ખૂબ પ્રસન્ન થયા અને સ્વામીને પોતાની સમીપ બોલાવી પોતાના કંઠમાંથી પુષ્પમાળા કાઢી તેમને પહેરાવી કહ્યું: "સ્વામી! તમારા કીર્તનમાં પ્રેમની અનોખી મસ્તી છે, માટે આજથી તમારું નામ અમે પ્રેમાનંદ રાખીએ છીએ." પછી મહારાજે સભાને કહ્યું: "રસિયાજી રાખોને હજૂર..... એવી સ્વામીની આર્ત પ્રાર્થનાનો અમે સ્વીકાર કર્યો છે. આજથી પ્રેમાનંદ સ્વામી સદાય અમારી હજૂરમાં રહેશે."

આ સાંભળી સભામાં જયઘોષ થયો. સ્વામીએ મહારાજને દંડવત્ પ્રણામ કરીને તરત જ ગાયું:

**'પ્રેમાનંદ કહે સુખેથી રહીશું હજૂર,**
**હો અમે સુખેથી રહીશું હજૂર રે,**
**હો રસિયા વાલમ!'**

**કાવ્યકૃતિ :**

**દરદ લગાડી રહ્યા દૂર છો, રસિયા વાલમ. દરદ૦ ટેક**
**દરદ લગાડી મેલ્યાં દુઃખના સાગરમાં અમને;**
**નાથજી ન ઘટે જરૂર રે, રસિયા વાલમ. દરદ૦ ૧**

મોરલીની તાને નેણુંની સાને વહાલા;
હરિવર કીધેલ ચકચૂર રે, હો રસિયા વાલમ. દરદ૦ ૨
દરશન વિના ક્ષણ જુગ સમ જાયે વહાલા;
દલડામાં દુઃખ ભરપૂર રે, લો રસિયા વાલમ. દરદ૦ ૩
નિજબોધાનંદના રે પ્યારા, વદન દેખાડો વહાલા;
રસિયાજી રાખોને હજૂર રે, હો રસિયા વાલમ. દરદ૦ ૪

આસ્વાદ :

શ્રીકૃષ્ણ ગોકુળથી મથુરા ગયા ત્યારે કૃષ્ણ વિયોગે ઝૂરતી ગોપાંગનાઓની વિરહ વેદના અકથ્ય હતી. આવી જ ઉત્કટ વિરહ વેદના અને હરિદર્શનની પ્યાસ પ્રેમાનંદે આ પદમાં વ્યક્ત કરી છે.

ગોપીની જેમ પ્રેમસખી પણ પ્રથમ આક્ષેપ કરી પ્રભુને મીઠો ઉપાલંભ આપતાં કહે છે, ઓ રસિયા વાલમ! તમે અમને તમારી રૂપમાધુરીથી મોહિત કરી અમારું હૈયું ચોરી લઈ અમને તમારા પ્રેમનું મીઠું દરદ લગાડી, હવે અમારાથી દૂર રહીને વિયોગે બળતા અમારા હૈયાને જોયા કરો છો, એ શું સારું કહેવાય? આ દરદ કેટલું કારમું છે એની ખબર છે તમને? તમે તો અમને દુઃખના દરિયામાં ઉતારી દીધા છે. શું આ તમને યોગ્ય લાગે છે? આ બધું દુઃખ–દરદની પીડા–કેમ આવ્યું એની ખબર છે તમને? તમારે જ કારણે, હા તમારે જ લીધે આ પીડા આવી છે, તમે જ અમને મોરલીની તાનમાં એવાં ગરકાવ કરી દીધાં કે અમને અમારું જ ભાન ન રહ્યું. અમે અમારી જાતને ભૂલી ગયાં, એમાં વળી તમારી આંખોના ઈશારાઓએ તો અમને મોહી લીધા. સાન ભાન ભૂલેલા અમને ઓ હરિવર! તમે એવા તો તમારા રૂપમાં–તમારા સલૂણાં સ્વરૂપમાં ઘેલાં કરી દીધાં છે કે બસ તમારા પ્યારમાં અમે ચકચૂર થઈ ગયા છીએ. તમારા પ્રેમમાં

ગળાબૂડ ડૂબેલા અમને હવે તમારા વિના એક ક્ષણ પણ કેમ ગમે? અને એટલે જ વહાલા! તમને કહું છું આ દિલમાં દુઃખનો પાર નથી. પ્રેમાનંદે પોતાની વિરહ વેદના વ્યક્ત કરતાં અંતે પ્રભુને પ્રાર્થતા ગાયું છેઃ

**"વદન દેખાડો વહાલા; રસિયાજી રાખોને હજૂર રે."**

પ્રભુ! તારા દર્શન દઈ અમને હંમેશને માટે રસિયા, તારી હજૂરમાં જ રાખ, તારા સામીપ્યમાં જ રાખ, તારા સ્વરૂપમાં જ રાખ એવી અમારી પુનઃ પુનઃ પ્રાર્થના છે.

આ કાવ્યમાં કવિની ભાવાભિવ્યક્તિ આકર્ષક છે. એમની વાણીમાં કોમળતા ને માધુર્ય સહજપણે ઊતરી આવે છે. આ એક સુંદર સુગેય પદ છે.

## ૨૦. છાંડી કે શ્રીહરિકૃષ્ણ દેવ....

બ્રહ્મચર્યની સહજ વૃત્તિ સાથે મુકુંદદાસ યોગ્ય ગુરુની શોધમાં બાબા દ્વારકાદાસથી માંડીને મહંત તુલસીદાસજી પર્યંત અનેક સંત મહાત્માઓને મળી ચૂક્યા હતા, પણ જ્યારે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો મેળાપ થયો ત્યારે જ એમના અંતરમાં શાંતિ થઈ અને મુકુંદદાસજી મુક્તાનંદ સ્વામી બન્યા. મુક્તાનંદ સ્વામી ગુરુ રામાનંદજીને જ ભગવાન માનતા. ગુરુ પ્રત્યે એમને અપાર નિષ્ઠા હતી.

સં. ૧૮૫૬માં શ્રીજીમહારાજ સત્સંગમાં પધાર્યા ને સં. ૧૮૫૮માં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને ધર્મધૂરા સોંપી દેહોત્સર્ગ કર્યો. મહારાજે જ્યારે પોતાનું પૂર્ણ પુરુષોત્તમપણું પ્રગટ કર્યું ને સમાધિ પ્રકરણ ચલાવ્યું ત્યારે ગુરુ પ્રત્યેની અનન્ય નિષ્ઠાને કારણે જ મુક્તાનંદ સ્વામી ખૂબ મુંઝાયા. પરંતુ કાલવાણીમાં રામાનંદ સ્વામીએ દિવ્યરૂપે દર્શન આપી મુક્તાનંદ સ્વામીની ભ્રમણા ભાંગી એમને શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

આ ઘટના પછી પણ મુક્તમુનિના અંતરમાં ગુરુ પ્રત્યે જે ભગવદ્‌ભાવ ને મહિમા દૃઢ થયેલો તે યથાવત્ રહેલો. ગુરુ પ્રત્યેની અનન્ય નિષ્ઠાને કારણે મુક્તમુનિ પોતાની પૂજામાં રામાનંદ સ્વામીની કોપીનનો આડબંધ ગુરુની પ્રસાદીરૂપે રાખતા અને દરરોજ પૂજા કરતી વખતે ખૂબ જ ભક્તિભાવપૂર્વક એ આડબંધને આંખે અડાડતા.

એકવાર સદ્‌ગુરુ પરમચૈતન્યાનંદ સ્વામી સવારે પૂજા કરીને મુક્તાનંદ સ્વામીના આસને સ્વામીના દર્શન કરવા આવ્યા ત્યારે

મુક્તમુનિ પૂજા કરી રહ્યા હતા. પરમચૈતન્યાનંદ સ્વામીને જોઈને મુક્તાનંદ સ્વામીએ એમની પૂજામાંથી ગુરુની કોપીનનો આડબંધ લઈને તેમને બતાવતાં કહ્યું: "સ્વામી! આ રામાનંદ સ્વામીની પ્રસાદી છે, દર્શન કરો."

આ સાંભળી પ્રસાદીના દર્શન કરવાને બદલે પરમચૈતન્યાનંદ સ્વામી આંખો મીંચી આડું જોઈ ગયા.

મુક્તમુનિને આશ્ચર્ય થયું: "કેમ સ્વામી! શું થયું?"

પરમચૈતન્યાનંદ સ્વામી કહે: "હું પતિવ્રતા ભક્ત છું, મારી એકાંતિક ભક્તિ આરાધનામાં અન્યની ઉપાસનાને કોઈ સ્થાન નથી."

મુક્તમુનિ પરમચૈતન્યાનંદ સ્વામીનો ઉપાલંભ સમજી ગયા. એમને પોતાની ભૂલ તત્કાળ સમજાઈ ગઈ. તરત જ પોતાને તાપવા માટે પાસે મૂકેલી સગડીમાં મુક્તાનંદ સ્વામીએ તે પ્રસાદીરૂપ આડબંધનો ટુકડો મૂકી દીધો. સળગતા દેવતામાં ચર...ચર કરતો એ ટુકડો બળી ગયો, સાથે જ પશ્ચાત્તાપના અગ્નિમાં સ્વામીના અંતરના રહ્યા સહ્યા સર્વ સંકલ્પ બળીને ભસ્મસાત્ થઈ ગયા. સ્વામી તો કવિ હૃદય હતા, એમના અંતરના ભાવો એમ અવ્યક્ત થોડા બેસી રહે? તરત જ કાવ્યના શબ્દોમાં અંતરની આરત વાણી પ્રગટ થવા માંડી:

**'છાંડી કે શ્રીહરિકૃષ્ણદેવ, ઔરકી જો કરું સેવ;**
**કાટી ડારો કર મેરો, તીખી તરવારસે.'**

**કાવ્યકૃતિ :**

**છાંડી કે શ્રીહરિકૃષ્ણદેવ, ઔરકી જો કરું સેવ;**
**કાટી ડારો કર મેરો, તીખી તરવાર સે.છાંડી કે૦ ૧**
**ત્યાગી કે રસિક નાથ, ઔર કો જો ધરું ધ્યાન;**

ચીર ડારો છાતી મેરી, કઠિન કુઠારસે.છાંડી કે૦ ૨
હરિકૃષ્ણ બીન અન્ય જેહી, ઈષ્ટ જાની નમું તેહી;
ફોર ડારો શિર મેરો, મુશળ પ્રહારસે.છાંડી કે૦ ૩
મુક્તાનંદ કહે મોય, ઔર જો પ્રતીત હો;
જાનિયો અધિક નીચ, શ્વપચ લબારસે.છાંડી કે૦ ૪

આસ્વાદ :

મુક્તાનંદ સ્વામી જ્ઞાનપ્રધાન કવિ છે. એમનાં કાવ્યોમાં સૂક્ષ્મ પૃથક્કરણ, શાંત તર્કસરણી, પશ્ચાત્તાપમાંથી નીતરતું નિશ્ચયાત્મક જ્ઞાન અને ઉચ્ચ વિચારોના મહામૂલા મૌતિકો ઠેર ઠેર દૃષ્ટિગોચર થાય છે.

વ્રજભાષામાં રચાયેલ પ્રસ્તુત પદ પ્રાસાદિકતા, શબ્દસૌષ્ઠવ, અર્થવૈભવ તેમ જ પદલાલિત્યથી ભરપૂર છે. કાવ્યની પંક્તિએ પંક્તિએ અને શબ્દે શબ્દે કવિના વ્યથિત હૃદયનો પશ્ચાત્તાપ વ્યક્ત થયા વિના રહી શક્તો નથી. સ્વામીને ભાન થઈ ગયું છે કે પૂર્ણ પુરુષોત્તમ સ્વામી શ્રી સહજાનંદ વિના અન્યમાં કિંચિત્ પણ નિષ્ઠા રાખી એ તો ભયંકર ભૂલ થઈ ગઈ, પણ હવે પછી આવું કદિ નહિ બને! અને જો ભૂલેચૂકે પણ એવું થઈ જાય તો સખતમાં સખત સજા ભોગવવા એ તૈયાર છે. અહીં કવિનો દૃઢ સંકલ્પ અને શ્રીજીમાં અનન્ય નિષ્ઠાની દૃઢતા પુરવાર થાય છે.

"છાંડી કે શ્રીહરિકૃષ્ણદેવ" એ પંક્તિના ઉપાડ સાથે પદનો પ્રારંભ કરતાં સ્વામી જાહેર કરે છે કે હવેથી પ્રગટ પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી સિવાય અન્ય કોઈ દેવ-દેવીની કે સંત ગુરુની જો હું સેવા કરું તો મારો હાથ તીક્ષ્ણ તલવારથી કાપી નાંખતા અચકાશો નહિ. અહીં 'શ્રીહરિકૃષ્ણદેવ' એ

શબ્દ દ્વારા કવિને પોતાના ઈષ્ટ આરાધ્ય પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી જ અભિપ્રેત છે.

કૃષ્ણાવતાર પહેલાં પણ કૃષ્ણ નામ જાણીતું હતું, એટલું જ નહિ પણ કૃષ્ણ ઉપાસ્ય દેવ ગણાતા. કૃષ્ણ એટલે પોતાના તરફ આકર્ષે તે. અનાદિ પરમતત્ત્વ એ જ કૃષ્ણ યા ને પરમ આકર્ષણનું કારણ છે અને એટલે જ સંપ્રદાયના ગ્રંથોમાં શ્રીજીમહારાજને સ્થાને ઘણી જગ્યાએ શ્રીકૃષ્ણ શબ્દનો પ્રયોગ થયો છે.

કવિ આગળ કહે છે, એ પરમ રસિક સ્વરૂપ વિના જો અન્યનું ધ્યાન થઈ જાય તો હૃદયને સખત પ્રહારથી ચીરી નાખો અને એ પ્રભુ સિવાય અન્ય સ્વરૂપને જો મસ્તક ભૂલથી પણ નમી જાય તો મારા મસ્તકને ફોડી નાખો.

કેટલી બધી પ્રબળતા છે સંકલ્પની!

સ્વામી તો માને છે કે જો સહજાનંદ સ્વામી વિના અન્યમાં પ્રતીતિ થઈ જાય તો મારા જેવો કોઈ નીચ ને લબાડ નહિ હોય. સ્વામીએ પોતાના મિષે આપણને જ આ બધું સમજાવ્યું છે અને એ પણ કેટલી બધી સભાનતાથી (awareness), કેટલી બધી દૃઢતાથી! પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ મળ્યા પછી અન્યને આરાધવા, અન્યને નમવું, અન્યનું ધ્યાન કરવું કે અન્યમાં પ્રતીતિ કરવી, એ વ્યભિચારિણી ભક્તિ છે. એના જેવું નીચ કર્મ એકેય નથી. અને એના માટે સખતમાં સખત પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ એવી 'સત્સંગની મા' ગણાતા મૃદુભાષી ઋજુ સ્વભાવના મુક્તાનંદ સ્વામીની દૃઢ માન્યતા છે, એવું પ્રસ્તુત પદના પઠનથી પ્રતીત થાય છે.

આ વ્રજભાષી પદમાં મુક્તમુનિએ સરળ ભાષામાં પણ સરસ રીતે, સચોટતાથી પતિવ્રતા ભક્તિની ટેક પોતાના દૃષ્ટાંતે સમજાવી છે. મુક્તાનંદનું આ એક પ્રેરણાદાયી બોધકાવ્ય છે.

## ૨૧. પિયા પાયા તો ફિર ક્યા સોના...

સં. ૧૮૮૫ના આસો સુદ બારસના દિવસે ગઢડામાં શ્રી ગોપીનાથજી દેવની પ્રતિષ્ઠા કર્યા બાદ શ્રીજીમહારાજ ઘણું ખરું ગઢડામાં જ રહેતા હતા. તેથી મહારાજના દર્શન–સમાગમ માટે દરરોજ મોટી સંખ્યામાં સંત હરિભક્તો ગઢડા આવતા હતા. દૂર દૂરથી આવતા હરિભક્તો ગઢડા આવી સંતોને રોજ જુદી જુદી રસોઈ આપતા. શ્રીહરિ તેમજ સંતો જમે એ જોઈને એ ભક્તો કૃતાર્થ થતા, પણ વિશેષ સંતોષ તો એમને ત્યારે જ થતો જ્યારે શ્રીજી સ્વયં સંતોને પીરસીને આગ્રહપૂર્વક જમાડતા.

આમ આવું દરરોજ ચાલતું અને એ અરસામાં મહારાજની તબિયતે પણ કસર જણાતી હતી. સંતોની પંક્તિમાં પીરસતા પીરસતા મહારાજ ક્યારેક થાકીને વચમાં બેસી પડતા. તેથી એકવાર અક્ષર ઓરડીએ મહારાજના પગ દબાવતા દબાવતા મૂળજી બ્રહ્મચારી ખિજાઈને બોલ્યા: "રોજ રોજ શું પીરસવા જવાનું? અંદર અંદર બધા પીરસી લેશે." મહારાજ તેમનો રોષ જોઈ સૂતા સૂતા હસ્યા. બ્રહ્મચારી સમજી ગયા. તેમણે કહ્યું: "તો પછી બધી વાનગી અહીં મંગાવીએ. હાથ અડાડી દો એટલે નિર્ગુણ પ્રસાદી થઈ જાય." એટલે મહારાજ કહે: "પણ દર્શન ન થાય ને?"

હવે બ્રહ્મચારી ભાવમાં આવી ગયા. તેમણે કહ્યું: "દર્શન તો રોજ સૌ કરે છે, વિશેષ દર્શન કરવાં હોય તો રાત્રે આપ પોઢ્યા હો ત્યારે બેસી જાય સામે અને દર્શનનો લાભ બરાબર લઈ લ્યે." હવે મહારાજને બ્રહ્મચારીની વાત સાંભળી ગમ્મત પડી. તેમણે બ્રહ્મચારીને લડાવતાં કહ્યું: "બ્રહ્મચારી! તમારી વાત તો સાવ સાચી

છે. એવો ખપ હોય તો પછી નિંદર આવે જ શેની?"

સ. ગુ. મુક્તાનંદ સ્વામી ક્યારના અક્ષરઓરડીના અધખૂલા દરવાજા આડે ઊભા ઊભા મહારાજ અને બ્રહ્મચારીનો આ સંવાદ સાંભળતા હતા. મહારાજના અંતિમ શબ્દોએ સ્વામીને વિચારતા કરી દીધા, 'એવો ખપ હોય તો પછી નિંદર આવે જ શેની?' ....સ્વામીના અંતરમાં ઉત્પાત મચી ગયો, પ્રસવની વેદના જેવી પીડા એમના અંતરમાં ઊપડી અને સ્વામી સીધા ઉતારે પહોંચ્યા. કાગળ અને કલમ લઈને મહારાજના મહામૂલા સંદેશને સાકાર કરવા સ્વામી મથવા લાગ્યા. મહારાજના જે શબ્દોએ સ્વામીના અંતરમાં કાવ્યતત્ત્વનો ગર્ભ ધારણ કર્યો હતો એ નવજાત કાવ્ય–શિશુ થોડી વારે પ્રસવ પામ્યું. સંતનું હૈયું હવે હળવું થયું! રાત જામી ગઈ હતી, મુક્તમુનિએ સારંગી લઈ મૃદુ સ્વરમાં ગાવા માંડ્યું:

**'પિયા પાયા તો ફિર ક્યા સોના....**
**હો પિયા પાયા તો ફિર ક્યા સોના...**
**પિયા પાયા જબ સાર સબન કો,**
**હાડ ચામ ક્યા જોના રે....'**

કાવ્યકૃતિ :

**હો પિયા પાયા તો ફિર ક્યા સોના. ટેક૦**
**પિયા પાયા જબ સાર સબનકો,**
**હાડ ચામ ક્યા જોના રે... પિયા**
**મગન ભયે મન મોહન સંગે,**
**મગન હોય ક્યા રોના રે... પિયા**
**બખ્તર પહેન કે રણમેં નિકસે,**
**નરમ ગરમ ક્યા હોના રે... પિયા**

**મુક્તાનંદ મોહ સબ તજ કે,**
**ઘનશ્યામ ચરન ચિત્ત પ્રોના રે... પિયા**

**આસ્વાદ :**

સંતકવિ મુક્તાનંદનું આ હિન્દી પદ ભક્તિરસથી ભારોભાર ભરેલું છે. આ ભક્તિ પ્રેમની છે, નવધા ભક્તિના અંતે પર્યવસાન પામતી એ પ્રેમલક્ષણા ભક્તિ છે! પિયુની પ્રાપ્તિ એ સાચા અર્થમાં તો જ્યારે ભક્તના અંતરમાં આ પ્રેમ-ભક્તિ આવિષ્કાર પામે છે ત્યારે જ થાય છે. પ્રેમનો પ્રાદુર્ભાવ એ જ પિયુની પ્રાપ્તિ છે. એને પામ્યા પછી પ્રમાદ કેમ પોષાય? પછી તો જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થા ઓળંગીને પ્રેમી ભક્ત નિરંતર પિયુની પ્રેમમૂર્તિનો પ્રેમરસ ચાખ્યા કરે છે.

'પિયા' એ સમષ્ટિનો સાર છે. એ નિષ્કર્ષ આપતા 'હાડ-ચામ ક્યા જોના' પંક્તિમાં કવિનો પ્રેમ, શારીરિક આકર્ષણથી મુક્ત થઈ આધ્યાત્મિક ધરાતલ પર પદાર્પણ કરે છે. અહી 'જોના' એ ગુજરાતી શબ્દ 'જોવું'ના અર્થમાં છે. હિન્દીમાં 'જોના' શબ્દ નથી, પરંતુ અહીં જે અર્થમાં એ પ્રયુક્ત થયો છે એ જગ્યાએ એનો પર્યાય 'જોના' જેવો અર્થ ન આપી શકે એમ લાગે છે. આમ કવિ શબ્દપારખુ પણ છે.

પરમાત્મા તો રસરૂપ છે, આનંદરૂપ છે. એ મળ્યા પછી વળી રોવાપણું શેનું? પછી તો બસ આઠે પહોર આનંદ જ આનંદ વર્તવો જોઈએ.

**'બખ્તર પહેનકે રણમેં નીકસે, નરમ ગરમ ક્યા હોના'**

અહીં સંત કવિ બ્રહ્માનંદનું 'રે શિર સાટે હરિવરને વરીએ' એ પદ યાદ આવે છે. એમાં એક પંક્તિ છે– 'રે રણમધ્યે જઈને નવ ડરીએ.' કંઈક એવો જ ભાવ કવિ અહીં ધરે છે. ભક્તિનો માર્ગ એ યોદ્ધાનો માર્ગ છે. હરિપ્રેમનું બખ્તર પહેરી જીવનના

સમરાંગણમાં રણે ચડ્યા પછી તો જે કંઈ થાય તેનો અણનમ રીતે મુકાબલો જ કરવાનો રહે છે. પછી મનમાં જરાય ઉચાટ કે અધૈર્ય રાખવાનો શો અર્થ છે? પછી તો પૂરી શ્રદ્ધાથી જ જંગ જીતી જવાનો દૃઢ સંકલ્પ રહેવો જોઈએ.

અંતે મુક્તાનંદ સર્વ મોહ-મમતા તજીને શ્રીજીચરણમાં જ ચિત્ત પરોવવાનું કહે છે. એકવાર પ્રભુમાં મન જોડાય છે. પછી અખંડ આનંદમસ્તીની અનુભૂતિ રહ્યા કરે છે.

પંક્તિએ પંક્તિએ 'ફિર ક્યા સોના?' 'ક્યા જોના?' 'ક્યા રોના?' વગેરે પ્રશ્નાર્થ ઉક્તિઓ મૂકીને કવિએ કાવ્યના ભાવાત્મક મર્મને વધુ ચોટદાર બનાવ્યો છે. 'હિન્દી-વ્રજભાષામાં સાકાર શ્રીહરિનું ગુણ-સંકીર્તન કરી મુક્તાનંદે ભાષાને ધન્ય બનાવી છે.' એમ એક વિવેચકે નોંધ્યું છે તે યથાર્થ જ છે!

# ૨૨. રે સગપણ હરિવરનું સાચું....

રાજકવિ લાડુદાનજીએ ગઢડામાં શ્રી સહજાનંદ સ્વામીના દર્શન કરતાં જ ધન્યતા અનુભવી અને એ સાથે જ એમનો હૃદયપલટો થઈ ગયો. રાજવી ઠાઠમાઠ છોડીને કવિએ ભગવી કંથા ધારણ કરી. એમની સાથે આવેલા એમના મામાને વતનમાં પાછા મોકલી પોતે શ્રીજીમહારાજના સાંનિધ્યમાં ત્યાં જ રોકાયા. મામાએ ઘેર પહોંચી લાડુદાનના પિતા શંભુદાનજીને સમાચાર આપ્યા કે લાડુદાનને સંસાર પ્રત્યે ઉદાસીનતા આવી છે. આ સાંભળી એમની મા લાલુબાને તો વજ્રાઘાત થયો.

લાડુદાનજીનો વિવાહ ગઢવી સ્વરૂપદાનની ખીમબાઈ અને મોજબાઈ નામની બે કન્યાઓ સાથે થયેલો.* એ બે કોડવંતી કન્યાઓ પણ વ્યથિત થઈ ગઈ. એમના સમાજમાં ડાહ્યા ગણાતા(?) કેટલાક માણસોએ શંભુદાનને સમજાવ્યું: "લાડુ તો હજી કાચી જુવાનીમાં છે તેથી વેગમાં બોલાઈ ગયું હશે. તમે ત્યાં કન્યાઓને લઈ જઈ એને સમજાવો, પાછા સંસારમાં જોડાઈ જશે." શંભુદાનજીને આ વાત ગમી તેથી કુટુંબકબીલા સાથે તેઓ ગઢપુર પહોંચ્યા.

એભલબાપુએ સર્વેનું ભાવભીનું સ્વાગત કર્યું, ત્યાં સ્વામી સહજાનંદજી સાથે શંભુદાનજીનો મેળાપ થયો. શંભુદાનજીએ પોતાની સર્વ હકીકત કહી, લાડુને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. શ્રીહરિની સંમતિ મળતાં શંભુદાનજી લાડુદાનને મળ્યા.

* ગઢવી સ્વરૂપદાનજીનાં પત્નીએ લાડુદાનજીનાં માતુશ્રી લાલુબાને વચન આપેલું કે 'મારે પુત્રી થશે તો તમારા પુત્ર સાથે પરણાવીશ.' એ વચન પ્રમાણે જોડિયા બહેનો જન્મતાં તે બંનેનો વિવાહ લાડુદાનજી સાથે નક્કી થયો હતો.

લાલુબા તથા બંને કન્યાઓની સ્થિતિની વાત કરી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ઈશ્વરસ્મરણ કરી મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે તેમ પણ સમજાવ્યું.

લાડુદાનમાંથી બ્રહ્માનંદ બનેલા એ સંતે આ બધું શાંતિથી સાંભળ્યા પછી પિતાને વિવેકપૂર્ણ વાતો કરી સમજાવ્યું: "ભગવાન પ્રત્યક્ષ મળ્યા પછી જન્મ વૃથા ગુમાવવો એ નરકના કુંડમાં જાણી જોઈને પડવા જેવું છે. મારી આશા હવે રાખશો નહિ. ભગવાને તમને બીજો પુત્ર અર્જુનદાન આપ્યો છે અને આછુબા દીકરી પણ દીધી છે, એ બંનેને ભગવાનની ભેટ માનીને ઉછેરો અને આ પ્રગટ પ્રભુનો આશરો કરી જન્મ સુફળ કરી લો."

બ્રહ્માનંદને મળ્યા બાદ શંભુદાનને લાગ્યું કે હવે લાડુની આશા રાખવી વ્યર્થ છે. લાડુ તો 'બ્રહ્માનંદ'માં વિલીન થઈ ગયો છે.

એ જ દિવસે રાત્રિ સભામાં સર્વ સગાંસંબંધીઓની સામે બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં પોતાના હૃદયના ભાવ વહેતા મૂક્યા:

**'રે સગપણ હરિવરનું સાચું,**
**બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે.**
**રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;**
**છે વરવા જેવા હરિ લે જાણી રે.'**

એમ ચાર પદ ત્યાં જ જોડ્યાં ને પોતાની મનઃસ્થિતિ શી છે તે સમજાવતા ગયા.

આ પદ સાંભળી લાલુબાને તથા ખીમબાઈ-મોજબાઈ એ બંને કન્યાઓને પણ ખાતરી થઈ ગઈ કે લાડુદાન હવે સંસારી જીવ રહ્યા નથી. એમાંય ત્રીજા પદમાંની બ્રહ્માનંદની ખુમારી ને દૃઢતા જોઈને તો એમને એમ લાગ્યું કે આ સંતના મારગમાં વિઘ્ન નાખી માથે પાપ નથી વહોરવું.

'રે શિર સાટે હરિવરને વરીએ,
રે પાછાં તે પગલાં નવ ભરીએ રે,
રે રંગસહિત હરિને રટીએ,
રે હાક વાગે પાછા નવ હટીએ,
બ્રહ્માનંદ કહે, ત્યાં મરી મટીએ રે.'

લાલુબાનું માતૃહૃદય પુત્ર વિયોગે અતિ વિહ્વળ હતું. ચોધાર આંસુએ તેમને રડતાં જોઈને મહારાજે તેમને સાંત્વન આપતાં કહ્યું: "બા! તમે તમારા દીકરાની જરાય ચિંતા કરશો નહિ. અમે તમારા પુત્રને માતાતુલ્ય વાત્સલ્ય સુખ આપીશું. એમને અહીં જરા ય તમારી ખોટ નહિ વર્તાવા દઈએ." આ સાંભળી માની આંખનાં આંસુ સુકાયાં ને સર્વેને શાંતિ થઈ. શ્રીહરિના આશીર્વાદ લઈ સૌ રવાના થયા.

કાવ્યકૃતિ :

રે સગપણ હરિવરનું સાચું,
બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે.સ૦ ટેક
રે સૌ સાથે પ્રીતિ ટાળી,
રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા હરિ લે જાણી રે. સ૦ ૧
રે સ્થિર નહિ આવરદા થોડી,
રે તુચ્છ જાણી આશા છોડી;
મેં જગના જીવન સાથે જોડી રે. સ૦ ૨
રે ફોગટ ફેરા નવ ફરીએ,
રે પરઘરે પાણી શું ભરીએ;
વરીએ તો હરિવરને વરીએ રે. સ૦ ૩
રે શ્રીજી ભેટ્યા ભય ભાગ્યો,

રે સહુ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો રે. સ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું,
રે મે'ણું તો શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું રે. સ૦ ૫

આસ્વાદ :

સ્વામી સહજાનંદજી મહારાજ પાસેથી દીક્ષા ગ્રહણ કર્યા બાદ કવિના સ્વજનો-માતાપિતા, મામા, વાગ્દત્તા વગેરે રાજસ્થાનથી ગઢડા તેમને ગૃહસ્થાશ્રમમાં પાછા લઈ જવા આવ્યા, ત્યારે કવિએ ઉત્તરમાં આ કાવ્ય દ્વારા પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો હતો.

સંસારના સંબંધો ક્ષણભંગુર છે, ઈશ્વર સાથેનો સંબંધ સનાતન છે. આ પ્રકારની પ્રતીતિને કવિએ પ્રાસાદિક કાવ્યમાં ચોટદાર અને ભાવાત્મક અભિવ્યક્તિ અર્પી છે.

'રે' શબ્દથી બહુધા આ પદની પંક્તિઓ આરંભાઈ છે; આ 'રે' શબ્દથી જે વીરવૃત્તિ કવિને પ્રગટ કરવી છે તેમાં બળ મળ્યું છે એમ લાગે છે. કવિને જગતના સંબંધો મિથ્યા જણાયા તેથી સાંસારિક પ્રીતિમાં મન લગાડ્યું જ નથી. જીવન અલ્પકાલીન છે અને સ્થિર પણ નથી, તેથી સ્થિર અને સનાતન એવા પ્રભુની સાથે કવિ પ્રીત જોડે છે. સંસારીને વરીને એના ઘરનું પાણી ભરવું તેના કરતાં તો પ્રભુનું ઘર તે આપણું ઘર– તેના ઘરનું પાણી ભરવું– એને જ વરવું. 'રે વરીએ તો હરિવરને વરીએ' એવો દૃઢ નિર્ણય કવિને થઈ ગયો છે.

ભૂધર– પૃથ્વીને ધારણ કરનાર જ ભેટી ગયા, એટલે સંસારના બધા ભય ભાગી ગયા. 'રે સહુ સાથે તોડ્યો ધાગો' સંસારના સર્વ સંબંધ તંતુઓ કવિએ એક ઝાટકે જ કાપીને ફેંકી

દીધા છે. શા માટે? કારણ કે કવિને એ રસિકવરની રૂપરસિકતાની મોહિની અસર કરી ગઈ છે.

બ્રહ્માનંદ અંતે કહે છે કે, આમ સમજીને જ મેં પ્રભુ સાથે પ્રીતિ બાંધી છે, ઘનશ્યામ સાથે સગપણ બાંધ્યું છે. જગતના જીવોના મેંણા પણ એટલે જ ખાધા છે, પણ અંતે તો મારું કાર્ય સિદ્ધ થઈ ગયું છે. પ્રભુ સાથે પ્રેમ સંબંધ બાંધતા મારા જન્મજન્માંતરના ફેરા ટળી મને અંતિમ લક્ષ્ય મળી જતાં મારું જીવનકાર્ય સિદ્ધ થઈ ગયું છે.

પ્રસ્તુત પદ એના ઉદ્‌બોધનાત્મક લહેકાથી, પ્રત્યેક કડીની સબળ પ્રાસરચનાથી, તળપદાં ક્રિયારૂપો દ્વારા ઉઠાવ પામતાં અસરકારક ચિત્રોથી, ટેક પંક્તિના ઓજસથી અને ભક્તિ અંતર્ગત શૌર્યભાવના તેજસ્વી અંકનથી ગુજરાતી ભાષાનું એક ઘરેણું બન્યું છે.

## ૨૩. આશકોંદી યારી વે, માશૂક ન જાના ભૂલી...

સં. ૧૮૮૪ના વૈશાખ વદ બીજના દિવસે શ્રીજીમહારાજે જૂનાગઢ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. જૂનાગઢમાં મંદિર બાંધવા માટે મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને જૂનાગઢ મોકલેલા. જૂનાગઢના નવાબ બહાદુરખાન બાબી સાથે બ્રહ્મમુનિને બહુ જૂના મૈત્રી સંબંધ હતા, તેથી નવાબે મંદિરના બાંધકામમાં અંગત રસ લઈને રાજ તરફથી સારી એવી સહાય કરી હતી. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના પુણ્ય પ્રતાપે મંદિરનાં સર્વ કાર્યો નિર્વિઘ્ને પાર પડ્યાં. નવાબ બહાદુરખાનજી ગુણાનુરાગી હતા, એટલું જ નહિ સંગીતજ્ઞ પણ હતા. બ્રહ્મમુનિના શતાવધાન પ્રયોગો એમણે જોયેલા, એમનો કાવ્યપ્રસાદ પણ માણેલો. યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામીના સાંનિધ્યમાં એમના કારભારીને થયેલો સમાધિનો દિવ્યાનુભવ નવાબે નજરે નિહાળ્યો ત્યારે એમને થયું કે જેના ફકીરો આટલા મહાન છે એ સ્વામિનારાયણ સ્વયં કેવા હશે? નવાબના દિલમાં એ દિવસથી જ શ્રીજીમહારાજના દર્શનની ઝંખના જાગી હતી!

મૂર્તિ પ્રતિષ્ઠા પછી બીજા દિવસે નવાબ સરકારની વિનંતી સ્વીકારીને શ્રીજીમહારાજ મોટા મોટા સદ્‌ગુરુઓ, બ્રહ્મચારી, પાર્ષદો, દાદા ખાચર આદિ સર્વ કાઠી દરબારો સાથે નવાબના રાજમહેલે પધાર્યા. નવાબે શ્રીજીમહારાજનો સત્કાર કર્યો. કચેરીમાં પધરામણી કરાવી; બ્રાહ્મણો પાસે શ્રીહરિની પૂજા કરાવી. પછી સંતોને ચંદન ચર્ચાવી ચાદરો ઓઢાડી. શ્રીહરિ સન્મુખ સોનેરી પોષાક, શેલાં, શાલ, દુશાલા, પાઘ અને સુવર્ણના અલંકારો સાથે નવાબે કોરીઓના તથા રૂપિયાઓના થાળો તેમજ મેવા આદિ

વસ્તુઓની ભેટ ધરી. નવાબે મસ્તક નમાવી હાથ જોડી પ્રાર્થના કરી કે "આપ તો ખુદાતાલા હો. આપકા હી દીયા હુઆ યે રાજ મૈં કરતા હૂં. યે બડે સ્વામીજી (ગોપાળાનંદ સ્વામી) ઔર કવિ સ્વામીજી (બ્રહ્માનંદ સ્વામી) જૈસે બડે બડે મહાત્મા આપકે કદમપોશ શાગિર્દ હૈં ઔર ઐસે તો કઈ ફકીર આપકી તહેનાતમેં રહતે હૈં ઐસા મૈંને સુના હે. આજ આપકે દિદારસે મેરે દિલકો બહોત ચૈન ઔર સુકૂન મિલા હૈ."

નવાબની ઈબાદત સાંભળી અત્યંત પ્રસન્ન થઈને મહારાજે આશિષ આપતા કહ્યું: "આ બ્રહ્મમુનિ જેવા સંત સાથે તમારે હેત થયું છે તેથી તમારો બેડો પાર છે એમ સમજજો અને નીતિ-ધર્મથી રાજ્ય ચલાવી પ્રજાને પાળી પોષી જગતમાં જશ લેજો. જ્યાં સુધી હિન્દુ મુસ્લિમ બંને ધર્મને તમો સમાન દૃષ્ટિથી પોષશો ત્યાં સુધી તમારું રાજ્ય સલામત ને શ્રેષ્ઠ રહેશે."*

મહારાજને નમસ્કાર કરી નવાબે પોતાનું સ્થાન લીધું. પછી નવાબના આદેશથી રાજના દરબારી ગવૈયાઓએ રેખતા રાગમાં સૂફીમતની ફારસી ગઝલો ગાઈ સંભળાવી. એમનું સંગીત પૂરું થતાં નવાબે મહારાજને આજીજીપૂર્વક કહ્યું: "મહારાજ! હમને સુના હે આપકે ફકીર બહુત બહેતરીન સંગીત જાનતે હે, અગર વો સુનને કો મિલે તો યે હમારી ખુશનસીબી હોગી."

આ સાંભળી મહારાજ મર્માળુ હસ્યા. મહારાજે પાસે બેઠેલા પ્રેમાનંદ સ્વામીને ઈશારો કરતાં પ્રેમસખીએ રાજ દરબારમાં પ્રસંગોચિત રેખતા રાગના સૂર છેડ્યા અને આલાપ લઈને પ્રભુ પ્રેમમસ્ત સૂફી ઓલિયાની અદાથી બે ઉર્દૂ ગઝલો શીઘ્ર રચના કરીને ગાઈ સંભળાવી.

પહેલી ગઝલ 'આશકોંદી યારી વે, માશૂક ન જાના

* શ્રી બ્રહ્મસંહિતા : પ્ર. ૫. અ. ૪ (પાના નં. ૪૨૭)

ભૂલી'નો પહેલો અંતરો સાંભળતા જ ચારે બાજુથી 'માસ્સા અલ્લાહ... સુભાન અલ્લાહ...'ના પોકારો ઊઠવા લાગ્યા. 'સુરત લગી કદમોંસે ન ટરેંગી ટારી વે' છેલ્લા અંતરાને હૃદયના અતલ ઊંડાણથી ઘૂંટીને પ્રેમસખીએ એવો મધુર સ્વર આપ્યો કે મુસ્લિમ ઉસ્તાદો તેમજ નવાબ સરકાર ખુદ 'આફ્રિન આફ્રિન' પોકારી ઊઠ્યા.

પહેલી ગઝલ પૂરી થતાં પ્રેમાનંદ સ્વામીએ એના અનુસંધાનમાં જ બીજી ગઝલ 'દીખલા દિદાર પ્યારા, મહેબૂબ હમારા....' ઉપાડી. ગઝલના શબ્દે શબ્દે આશક ભક્તકવિની માશૂક પરમાત્માના દિદાર માટેની તીવ્ર અભિપ્સા વ્યક્ત થવા લાગી. એના છેલ્લા અંતરામાં કવિ સૂફીમત તરફથી પ્રેમલક્ષણા ભક્તિભાવમાં એવી સલૂકાઈથી સરકી ગયા કે સૂફીવાદી મુસ્લિમ ધર્મીઓના અંતર પણ એ પ્રેમભાવથી પ્લાવિત થઈ ગયાં.

સ્વામી ગાતા ગાતા ભગવદ્‌ભાવમાં એવા તલ્લીન થઈ ગયા કે આંખોમાંથી આંસુઓની ધારા વછૂટી હતી એનું પણ એમને ભાન ન રહ્યું. એમના સંગીતમાં એવો જાદુ હતો કે સાંભળનાર સર્વેના પ્રાણ સંગીતની રસસમાધિમાં લીન થઈ ગયા. સ્વામીનું સંકીર્તન પૂરું થયા પછી પણ એ સંગીતની અસરમાંથી ક્યાંય સુધી કોઈ મુક્ત ન થઈ શક્યું.

થોડી વારે નવાબ સાહેબ ઊભા થઈ શ્રીજીમહારાજને હાથ જોડી બોલ્યા: 'આફ્રિન! ખુદા વંદે-આલમ! હમને ઇસ દરબારમેં દેશ-પરદેશકે બહુત ગાયક સુને હૈ, મગર ઐસા રૂહાની સંગીત કભી નહિ સુના. સ્વામીજી કા સંગીત સુનકે હમકો ઐસા મહસૂસ હુઆ માનો હમ નૂરાની રૂહકા કોઈ કરિશ્મા સુન રહે હો!'

મહારાજે મોહક સ્મિત કરી નવાબને યોગ્ય પ્રતિભાવ

આપ્યો. નવાબ બહાદુરખાનજી ત્યાર બાદ પ્રેમાનંદ સ્વામી તરફ જોઈ બોલ્યાઃ 'સ્વામીજી! ઐસા રૂહાની સંગીત સુનાને કી બદૌલત હમ આપકે શુક્રિયા ગુજાર હૈં! ખુદા કસમ, આજકે બાદ હમ કિસી દરબારી ગવૈયા કા સંગીત નહીં સુન પાએંગે.'

સ્વામીએ વિનયપૂર્વક કહ્યુંઃ 'નવાબ સાહેબ! હું તો સાધન માત્ર છું. જેવી મારી સારંગી એવો હું! ગાનારો કોઈ બીજો જ છે. એ દિવ્ય ગાયકના હાથનું હું સાધન બની શક્યો એટલું જ મારું સદ્‌ભાગ્ય!'

નવાબે જિંદગીમાં પહેલી જ વાર આવા શબ્દો સાંભળ્યા. કેટલી નમ્રતા! કેટલી દીનતા! આજે પહેલી વાર એમણે એવો માણસ જોયો જે પોતે યશનો માલિક થવાને બદલે માલિકને-ખુદાને યશનો માલિક ગણી ગર્વ લે છે. પ્રેમાનંદ સ્વામીનું રૂહાની સંગીત અને તેમના નિર્માની વચનો નવાબના હૃદયમાં હંમેશને માટે અંકાઈ ગયા.

કાવ્યકૃતિ :

૧

**આશકોંદી યારી વે, માશૂક ન જાના ભૂલી.માશૂક. ટેક**
**સુન સાંવરે સાહેબા, મોહબત હમારી વે;**
**ખાવંદ ખુશી હોય રખના, દિલમેં વિચારી વે.માશૂક૦ ૧**
**એક આસરા હૈ તેરા, કહે ક્યા પુકારી વે;**
**પરવરદિગાર દિલકી, તુ જાનતા સારી વે.માશૂક૦ ૨**
**સૂરત લગી કદમોંસે, ન ટરેગી ટારી વે;**
**પ્રેમાનંદકે પ્યારે હમકું લેના સંભારી વે.માશૂક૦ ૩**

૨

**દીખલા દિદાર પ્યારા, મહેબૂબ હમારા, મહે૦ ટેક**
**માશૂક જરા દે દેના, નેનોંકા નજારા;**

ઇતનેમેં તો હોવેગા, આશકુંદા ગુજારા. મહે૦ ૧
કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર-સંસારા;
ફકીરી લે કે ફિરતા હું, કરનેકું દિદારા. મહે૦ ૨
તકસીર માફ કરના, સુન સરજનહારા;
પ્રેમાનંદકું મુલાકાત, દેના ધર્મદુલારા. મહે૦ ૩

આસ્વાદ :

પ્રેમસખી પ્રેમાનંદની કવિતા એટલે હૃદયની સ્વાનુભૂત પ્રબળ પ્રેમોર્મિની પરંપરાને આવિષ્કારતી ભક્તિસંકીર્તનાત્મક પદરચના. મુસ્લિમ નવાબના મહેલમાં પ્રસંગ અને વાતાવરણને અનુરૂપ અરબી-ફારસી શબ્દોના પ્રચૂર પ્રયોગથી રેખતા રાગમાં* પ્રેમાનંદ સ્વામીએ જે બે ગઝલો ગાઈ તેમાં સૂફી પ્રેમની આશક માશૂકના સ્વાર્થરહિત વિશુદ્ધ પ્રેમની તાલાવેલી અને મસ્તી બહુ સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થાય છે. સૂફી પ્રેમની અસર બતાવતી આ ગઝલો દયારામની ગઝલો કરતાં પણ ચડે એવી છે.

પ્રિયતમાભાવે પ્રિયતમ પ્રભુને પ્રેમ કરવો એ પ્રેમલક્ષણા ભક્તિનું મુખ્ય અને મહત્ત્વનું લક્ષણ છે.

જ્યારે સૂફીમત પ્રમાણે આશક ભાવે પરવરદિગારને માશૂક (પ્રિયતમા) માનીને મહોબ્બત કરવાની હોય છે. એમાં જેમ આશક ભક્ત માશૂક ખુદાને પ્યાર કરી મસ્તી માણે છે એમ આ ગઝલોમાં પ્રેમસખીએ આવી સૂફીભક્તિની મસ્તીની અને કુરબાનીની અનુભૂતિ વર્ણવી છે.

પ્રથમ ગઝલમાં આશક ભક્ત પોતાની માશૂકને —પરવરદિગારને 'યારી' યા 'મહોબ્બત' ભૂલી નહિ જવા પ્રેમભાવે પ્રાર્થના કહે છે:

* ગઝલની ચાલને રેખતો કહે છે.

**'આશકોંદી યારી વે, માશૂક ન જાના ભૂલી;**
**સુન સાંવરે સાહેબા, મહોબત હમારી વે.'**

અહીં કવિ પંજાબી ભાષાનો છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય 'દી'નો પ્રયોગ બહુ ખૂબીથી કરે છે.

આશક માશૂકને કહે છેઃ 'પ્રિયે! તારા આ આશકની મહોબ્બતને તું ક્યારેય વિસારે ન પાડીશ. ખાવંદને ખુશ રાખવો એ તારે જોવાનું છે, એ તારી ફરજ છે.'

સૂફી કવિઓની જેમ પ્રેમસખીએ પણ અહીં 'ઇશ્કે મિજાજી' (માનવીય પ્રણય)ની વાણીમાં 'ઇશ્કે હકીકી' (પ્રભુપ્રેમ) ગાયો છે. પણ આ તો સૂફીના સ્વાંગમાં પ્રભુપ્રેમમસ્ત ભક્ત કવિ છે, તેથી એ ક્યારે સ્વાર્પણના ભાવમાં સરી જાય છે એની ખબર પણ પડતી નથી.

**'એક આસરા હૈ તેરા, કહે ક્યા પુકારી વે;**
**પરવરદિગાર દિલકી, તુ જાનતા સારી વે.'**

છેલ્લા અંતરામાં કવિ ભક્તહૃદયની પરમાત્મા પ્રત્યેની અનન્યનિષ્ઠા દૃઢતાપૂર્વક વ્યક્ત કરતાં પ્રાર્થે છેઃ 'પ્રભુ! આપ તો અંતર્યામી છો, મારા દિલની બધી જ વાત સારી રીતે જાણો છો. આપનાં ચરણોમાં–આપના સ્વરૂપમાં મને દૃઢ પ્રીતિ થઈ ગઈ છે, મને આપની લગની લાગી ગઈ છે અને એ કોઈ પણ સંજોગોમાં ટાળી ટળે તેમ નથી. માટે મહારાજ! મને સંભાળી લેજો.'

ગઝલના ભાવ ને ગાંભીર્યને વિચારતાં એમ લાગ્યા વિના રહેતું નથી કે સૂફીઓની પરિભાષામાં અહીં બોલી તો રહ્યો છે પ્રેમલક્ષણા ભક્તિનો બંદો! પ્રેમસખીનું શાસ્ત્રીય રાગરાગિણીઓ તથા એકથી વધુ ભાષાઓ ઉપરનું પ્રશસ્ય પ્રભુત્વ અહીં બહુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

બીજી ગઝલમાં આશક ભક્તની માશૂક પરમાત્માના દિદાર

એટલે કે દર્શન માટેની તીવ્ર અભિપ્સા વ્યક્ત થાય છે.

**'દીખલા દિદાર પ્યારા, મહેબૂબ હમારા;**
**માશૂક જરા દે દેના, નેનોંકા નજારા.'**

માશૂકની પ્રણયભરી એક મીઠી નજર પણ આશકને મન જીવનામૃત જેવી છે. એક માત્ર નજરનું જ નજરાણું! અને આ તો પ્રેયસીની નહિ પણ શ્રેયસ્કર પ્રભુની પ્રેમભરી નજરનું નજરાણું છે. એમની અમીભરી નજર માત્ર જ આશકની જિંદગીભરનું પાથેય બની રહે તેમ છે.

**'કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર-સંસારા;**
**ફકીરી લે કે ફિરતા હું, કરનેકું દિદારા.'**

આશક ભક્તે માશૂકના દિદાર માટે જ ઘરબાર સંસાર છોડી ફકીરી લીધી છે. પરમાત્માના દર્શન માટેની ભક્તહૃદયની તીવ્ર ઉત્કંઠા અહીં અભિવ્યક્તિ પામે છે.

અંતિમ અંતરામાં કવિ પ્રાર્થે છે કે મારી તકસીર-મારા અપરાધ ક્ષમા કરીને પ્રભુ મને મુલાકાત જરૂર દેજો. પ્રેમીભક્તની હરિમિલનની પ્યાસ ક્યારેક આ રીતે અનાયાસે પણ વ્યક્ત થયા વિના રહેતી નથી. આ પદનો પૂર્વાર્ધ સૂફી ઢંગનો છે તો ઉત્તરાર્ધ અને એમાંય ખાસ કરીને છેલ્લી પંક્તિ વૈષ્ણવી પ્રેમલક્ષણા ભક્તિ નિદર્શિત કરે છે.

આ ગઝલોમાં કવિની ભાવાભિવ્યક્તિ આકર્ષક છે. એમની વાણીમાં કોમળતા ને માધુર્ય સહજ પણે ઊતરી આવે છે. પ્રેમસખીનું અરબી-ફારસી ભાષા પરનું પ્રભુત્વ અહીં વ્યક્ત થયા વિના રહેતું નથી.

# ૨૪. સોનેરી મોળિયું, સુંદર સોનેરી મોળિયું....

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ ધર્મગ્રંથ વચનામૃતમાં ઠેર ઠેર સ્વામી સહજાનંદજી મહારાજની સાથે જેનું નામ, જેના દરબારનું નામ ગૌરવપૂર્વક ગવાય છે એ ગઢપુરના ગરાસદાર દાદા ખાચર ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત અને પરમ ભક્ત હતા. દાદા ખાચરનાં ધર્મપત્ની કુમુદબાને કંઈ સંતાન ન હતું, તેથી કુમુદબાની આગ્રહભરી આજીજીને લીધે મહારાજે દાદાને ફરી પરણાવવાનો વિચાર કર્યો. આ માટે મહારાજે પહેલા દાદાની સંમતિ મેળવી અને પછી ભટવદરના દરબાર નાગપાલ વરુની દીકરી જસુબા સાથે તેમનું સગપણ કર્યું. ઘણી આનાકાની પછી દાદાએ આ લગ્ન માટે મહારાજને એ શરતે સંમતિ આપી હતી કે 'જો આપ જાનમાં પધારો, મારો રથ ચલાવો તો જ હું લગ્ન કરવા જઈશ.'

સં. ૧૮૮૧નો વસંત પંચમીનો મહોત્સવ ગઢપુરમાં ધામધૂમથી ઊજવી મહારાજ ત્યાં આવેલા સર્વે સંત હરિભક્તોને દાદા ખાચરની જાનમાં લઈને મહાસુદી આઠમને દિવસે ભટવદર જવા માટે તૈયાર થયા.

મહારાજે સોનેરી મોતીડે મઢેલી પાઘ તથા કાનમાં મોતી જડિત સુંદર કુંડળ પહેર્યાં હતાં. દાદા ખાચરને શણગારેલા રથમાં બેસાડી શ્રીજી સ્વયં એ રથ હાંકવા બેઠા. એ દિવ્ય દૃશ્યનું દર્શન કરવા પાર્ષદો પોતાના ઘોડા આગળ લાવ્યા. સંતો, હરિભક્તો પણ પોતાનાં વાહનોમાંથી ઊતરી દાદાના રથ પાસે આવી ગયા. મહારાજે બળદની રાશ હાથમાં પકડી હતી. તેમના મુખારવિંદ ઉપર આજે અપાર આનંદ હતો. દાદાના સંસારના સારથિ બની

પ્રભુએ આજે પોતાનું ભક્ત- વત્સલપણું વ્યક્ત કર્યું હતું.

જાન રળિયાણા જઈને ગુંદાળે પહોંચી. ત્યાં મૂળુ ખાચરની આગતા સ્વાગતા સ્વીકારી જાન માલપરા, ઢસા તથા મેથવી થઈને ઇંગોરાળે આવી. ત્યાંના હરિભક્તો સુંદરજી શેઠ, લાલજી શેઠ વગેરેએ મહારાજનું પૂજન કરી જાનની સરભરા કરી, ત્યાંથી તરત જ નીકળી મહારાજ રથને ઉતાવળા ચલાવતા કેરાળાની સીમમાં આવ્યા.

અહીં એક ભરવાડ સીમમાં ગાયો ચરાવતો હતો. એણે કસબંધ કેડિયું પહેર્યું હતું. કેડે લાલ વસ્ત્ર બાંધ્યું હતું અને એમાં વાંસળી ખોસી હતી. બે ખભા ઉપર લાકડી ટેકવી તે ઉપર બંને હાથ રાખી લહેરમાં આવીને તે લલકારતો હતોઃ 'જાબુંડે જાઈશમા, ઘાયલ જાબુંડે જાઇશમા; જાબુંડે જા તો જાબુંડા ખા'શમા અરજણિયા....' તેની અર્થહીન પંક્તિઓ સાંભળી મહારાજને હસવું આવી ગયું. ત્યાં તો મહારાજના હજૂરી સેવક પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું સિગરામ પણ ત્યાં આવી પહોંચ્યું.

મહારાજે પ્રેમાનંદ સ્વામીની સામે જોઈને પૂછ્યુંઃ "સ્વામી! સાંભળ્યું આ ગોકળી શું ગાય છે?"

પ્રેમાનંદ સ્વામી કહેઃ "હા મહારાજ, સાંભળ્યું."

વળી મહારાજે ટકોર કરતાં કહ્યુંઃ "ભલે તેમાં કાંઈ અર્થ નથી પણ ઢાળ સારો છે."

મહારાજના કહેવાનો મર્મ પ્રેમસખી તરત પામી ગયા. એમણે મહારાજની સામે જોઈ મહારાજની મનભાવન મૂર્તિ અંતરમાં ઉતારી; ગોકળી ગાતો હતો એ જ ઢાળમાં એક સુંદર પદ રચી ગાવા માંડ્યું. મહારાજે શિર પર ધારેલી મોતી મઢેલી સોનેરી કસબી પાઘ કવિના કાવ્યની ધ્રુવપંક્તિ બની ગઈ. રાગ પરજમાં પ્રેમસખીનો પ્રગલ્ભ સ્વર સીમના શાંત વાતાવરણમાં શુદ્ધ

સત્ત્વભાવ ભરતો ચોમેર વ્યાપી રહ્યો.

**'સોનેરી મોળિયું, સુંદર સોનેરી મોળિયું;**
**ધર્મકુંવરનું સોનેરી મોળિયું....'**

મહારાજ આ સાંભળી પ્રેમસખીની અદ્ભુત કાવ્યશક્તિ તથા વિશદ્ સંગીત કૌશલ્ય માટે અતિ પ્રસન્ન થયા અને પોતાની જે સોનેરી કસુંબલ પાઘ કવિના કાવ્યની વિષય-વસ્તુ બની, એ પાઘ મહારાજે પોતાની પ્રસન્નતાના પ્રતીકરૂપે પ્રેમાનંદ સ્વામીને પ્રસાદી તરીકે ભેટ આપી.

કાવ્યકૃતિ : રાગ: પરજ (દેશી)

**સોનેરી મોળિયું સુંદર સોનેરી મોળિયું, ધર્મકુંવરનું;**
**મોતીડે મોરિયું સુંદર મોતીડે મોરિયું રે, રસિક સુંદરનું ...૧**
**ભાલ વિશાળમાં સુંદર ભાલ વિશાળમાં, તિલક કેસરનું;**
**ભૃકુટિ સુંદર જાણીએ ભૃકુટી સુંદર રે, ઘર મધુકરનું ...૨**
**કરણે કુંડળિયાં કાજુ કરણે કુંડળિયાં, જડિયલ મોતીએ;**
**ગોળ કપોળમાં રૂડા ગોળ કપોળમાં રે, ઝળહળ જ્યોતિએ ...૩**
**નેણાં રંગીલા લાલ નેણાં રંગીલા લાલ, કમળની પાંખડી;**
**પ્રેમાનંદ નીરખી છબી પ્રેમાનંદ નીરખી રે, ઠરી છે આંખડી ...૪**

**આસ્વાદ :**

પ્રેમસખી પ્રેમાનંદની સમસ્ત ભક્તિસાધના સ્વામિનારાયણના સગુણ સાકાર અવતારી સ્વરૂપ પર કેન્દ્રિત થયેલી છે. કવિએ પ્રગટ સહજાનંદજીની ભક્તિ પણ સખીભાવે જ કરી છે. તેથી જ પ્રિયતમાની જેમ પ્રેમસખીને પ્રિયતમ સહજાનંદજીનું રૂપસૌંદર્ય આકર્ષે છે. સહજાનંદ સ્વામીના વસ્ત્રાભૂષણોની સજાવટમાં એ મોહી પડે છે. રૂપાસક્તિથી શ્રી સહજાનંદમાં મધુર અનુરાગ અનુભવતા કવિ વિવિધ રાગાત્મિક

ભાવસંવેદનો વ્યક્ત કરે છે. એ સર્વે આધ્યાત્મિક હોવા છતાં, લૌકિક દૃષ્ટિએ માનવ સહજ અને સ્વાભાવિક લાગે છે.

મનુષ્ય દેહધારી પ્રભુ સહજાનંદજી પોતાના ભક્તોના પ્રેમને વશ થઈને એમણે ભેટ ધરેલા જાતજાતનાં વસ્ત્રાભૂષણો અંગીકાર કરતા ને ક્યારેક પ્રેમી ભક્તોને રાજી કરવા માટે એ ધારણ પણ કરતા. એવા જ એક પ્રસંગે ભક્તોએ ધરાવેલ કસુંબલ વસ્ત્રો, સોનેરી પાઘ, મોતી જડિત કુંડળ ઇત્યાદિ વસ્ત્રાભૂષણો શ્રીજીએ ધારણ કર્યાં ત્યારે એમની સુશોભિત મૂર્તિનાં દર્શન કરતાં જ ભાવાવેશમાં આવી જઈ કવિ એ શોભાનું અહોભાવથી વર્ણન કરે છે. કવિએ શ્રીજીના સલૂણા સ્વરૂપની શોભાનું બહુ રોચક બ્યાન અહીં દોર્યું છે.

ધર્મકુંવર* સહજાનંદ પ્રભુની સોનેરી, મોતીડે મઢેલી પાઘ, એમનું કેસર તિલકથી અંકિત વિશાળ ભાલ, મધપૂડા સમાન એમની ભમર, કાનને શોભાવતાં સુંદર મોતી જડિત કુંડળો, એમના ગોળ તેજસ્વી ગાલ અને કમળની પાંખડી સમાન રાતાં રસભીનાં લોચન–આ સર્વનું પ્રેમાનંદ ભાવપૂર્વક વર્ણન કરે છે. આ રસિક મૂર્તિનું દર્શન કરીને પ્રેમાનંદની આંખડી ઠરે છે. એમના અંતરને અપાર શાંતિ મળે છે. પોતાના હૃદયના સૂક્ષ્મ પ્રણયભાવોની વ્યંજના વ્યક્ત કરતા કવિ અંતે ગાય છેઃ

**'પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી રે,**
**ઠરી છે આંખડી...'**

આ પદ પ્રેમસખી પ્રેમાનંદની સ્વેષ્ટ સહજાનંદ સ્વામીના સ્વરૂપ પ્રત્યેની પ્રગાઢ આત્મબુદ્ધિનો નિર્દેશ કરે છે.

'મારી અખંડ રહો માઝમ રાત' એ પ્રેમીજનોનું સનાતન

* શ્રી સહજાનંદજી સ્વામી ધર્મદેવના પુત્ર હતા, તેથી તેમને 'ધર્મકુંવર' કવિએ કહ્યા છે.

સૂત્ર છે. શ્રીજીપ્રભુની પ્રત્યેક ચેષ્ટા કવિને મધુર લાગે છે અને એ મધુરપના પૂર્ણરાશિરૂપ ધર્મકુંવરના દિવ્ય સામિપ્યમાં જ પ્રેમસખી સદા રસબસ રહેવા માગે છે.

આ પદનો ઢાળ શ્રીજી પ્રેરિત છે. તેથી, તે અતિ આકર્ષક છે. 'સોનેરી મોળિયું' એ ઉપાડ સાથે આરંભ કર્યા પછી ફરી 'સુંદર સોનેરી મોળિયું' એવી પુનરુક્તિ સોનેરી મોળિયાની સુંદરતાને ચાર ચાંદ લગાવે છે. આ પ્રકારની પુનરુક્તિ કવિના હૃદયોલ્લાસને અભિવ્યક્ત કરવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પદનો ઉપાડ તેમજ નિર્વાહ ભાવાત્મક વાણી-પ્રવાહને કારણે આકર્ષક છે. પ્રેમસખીની આ અનુપમ રસસિદ્ધિ છે. તેથી જ ખ્યાતનામ સાહિત્યકાર સ્વ. કનૈયાલાલ મુન્શી લખે છેઃ "ભક્તિ સાહિત્યની દૃષ્ટિએ સ્વામિનારાયણ પંથમાં પ્રેમાનંદ મોટા કવિ છે. એટલું જ નહિ પણ નરસિંહ મહેતાના પછી મધ્યકાલના સાહિત્યમાં જો કોઈનાં કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો આ પ્રેમાનંદમાં છે."*

---

* મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ : ખંડ-૫, પૃ.૩૮૫.

# ૨૫. ચંદન ચરચિત નીલ કલેવર સુંદર...

જૂનાગઢના નવાબ બહાદુરખાને જ્યારથી પ્રેમાનંદ સ્વામીનું 'રૂહાની' સંગીત સાંભળ્યું ત્યારથી અન્ય ગવૈયાઓનું સંગીત એમને સાવ ફિક્કું લાગતું. એકવાર ગ્વાલિયરના ખ્યાતનામ ગાયકો પર્યટન કરતા કરતા ઇનામની આશાએ જૂનાગઢના નવાબ પાસે આવ્યા. પહેલાંના રાજા-નવાબો કલાની કાયમ કદર કરતા. તેથી કલાકારો ને સરસ્વતી ઉપાસકો રાજા-મહારાજાઓના આશ્રયે જ પોષાતા. જૂનાગઢમાં નવાબ સાહેબ પાસે જઈ ગાયકોએ પોતાનું સંગીત પીરસવાની આજ્ઞા માગી ત્યારે ગુણાનુરાગી સંગીતજ્ઞ નવાબે એ ગાયકોને કહ્યું:

"આપ સબકો મેરી એક ગુજારિશ હૈ, આપ પહેલે સ્વામિનારાયણકે ફકીર પ્રેમાનંદજીકા સંગીત સુનિયે. વહ સંગીત રૂહાની સંગીત હૈ. વહ સુનને કે બાદ અગર આપકો લગે કિ આપ ઉસસે ભી બહેતર સંગીત સુના સકતે હૈ તો બેશક યહાં ચલે આના, મૈં જરૂર આપકા સંગીત સુનૂંગા."

આ સાંભળીને એ ઉસ્તાદો અચંબો પામી ગયા. એમને થયું- આ રૂહાની (આત્માનું) સંગીત તે વળી કેવું હશે?

નવાબના ફરમાનથી એ રાજગાયકોની મંડળી જૂનાગઢ રાજ્યના ખર્ચે ગઢપુર આવી પહોંચી.

શ્રીજીમહારાજ સમી સંધ્યા ટાણે દાદા ખાચરના દરબારમાં નિંબ વૃક્ષ નીચે સભા કરીને બિરાજમાન હતા અને કથા-વાર્તા ચાલી રહ્યાં હતાં. એ વખતે કોઈ ભક્તે આવીને વાવડ આપ્યા 'મહારાજ! ગ્વાલિયરના પ્રખ્યાત સંગીતકારો અહીં આપના દર્શનાર્થે આવી રહ્યા છે.'

આ સાંભળી મહારાજ સભામાં પ્રેમાનંદ સ્વામી સામે જોઈ મર્મમાં હસ્યા, પછી બોલ્યાઃ 'ભલે! એમને આવવા દો.'

થોડી જ વારમાં સંગીતકારોની એક ટુકડી સાજ-સાજિંદા સાથે ત્યાં આવી પહોંચી. આવતાં જ એ બધાએ લાંબી લાંબી કુર્નિશો બજાવી શ્રીજીમહારાજની વંદના કરી. પછી પોતાની ઓળખાણ આપી એમાંના એક વૃદ્ધ સંગીતકારે કહ્યુંઃ 'અમોને જૂનાગઢના નવાબ સાહેબે આપના ફકીરનું સંગીત સાંભળવા મોકલ્યા છે.' શ્રીહરિએ એ રાજ ગાયકોનું યથોચિત સન્માન કરી પોતાની સન્મુખ બેસાડ્યા. ગાયકોએ શ્રીજીમહારાજને પોતાનું સંગીત સંભળાવવાની આજ્ઞા માગી ત્યારે મહારાજે કહ્યુંઃ 'આપ સહુ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ છો તેથી અમારા પરિચારકો આપને પહેલાં સંગીત સંભળાવશે.' આમ કહીને મહારાજે સંગીતની પ્રણાલીનો વ્યવહાર પણ સાચવી લીધો.

એ પ્રસંગે સભામાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે ગવૈયા સંતો હાજર હતા. મહારાજે પ્રેમાનંદ સ્વામી તરફ જોઈ ગાવા માટે નિર્દેશ કર્યો એટલે પ્રેમસખીએ પૂછ્યુંઃ 'મહારાજ! ક્યો રાગ ગાઈએ?'

મહારાજે એક નજર સાંધ્ય-ગુલાબી ગગન તરફ કરી, બીજી નજરે સંગીત વિશેષજ્ઞ ગાયકોને માપ્યા ને પછી તરત કહ્યુંઃ 'ભૈરવ રાગ ગાઓ.'

આ સાંભળતાં જ ગ્વાલિયરના એ ગવૈયાઓ ચોંકી ઊઠ્યા. એમને થયું આ સંધ્યાટાણે પ્રાતઃકાલીન રાગ ભૈરવ! કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના. ગુજરાત ગાંડી કહેવાય છે, તે શું આ કારણે જ હશે?

પણ આ સંતો માટે તો– आज्ञा गुरूणां अविचारणीया। એવું હતું. મહારાજ કહે કે રાત એટલે રાત અને દિવસ એટલે

દિવસ. એમાં જરાય સંશય ન હોય.

મહારાજની આજ્ઞા થતાં જ પ્રેમાનંદ સ્વામીએ સારંગી છેડી આલાપ કરીને ભૈરવ રાગનો દ્રુપદ ગાયો. બ્રહ્માનંદ સ્વામીએ તબલા ઉપર સંગત કરી અને મુક્તાનંદ સ્વામીએ સિતાર લીધી. જેમ જેમ રાગ જામતો ગયો એમ એમ સંધ્યાને ટાણે પ્રાતઃનું પ્રાગટ્ય થવા લાગ્યું. અસ્તાચળ પર પહોંચેલાં સૂર્યનાં કિરણોથી સંધ્યાની જે લાલિમા પથરાઈ હતી તે જાણે અરુણોદય હોય એવી ભ્રાંતિ સર્વને થવા લાગી.

સવાર થયું હોય એવી ભ્રાંતિમાં કૂકડો પણ બોલી ઊઠ્યો. પ્રકૃતિના વાતાવરણ ઉપર ભૈરવના સ્વરોએ એવી પક્કડ જમાવી કે સર્વને સ્મરણ જ ન રહ્યું કે સલૂણી સંધ્યા રાત્રિના શ્યામ સાળુમાં સરી રહી છે.

પ્રભાતના પક્ષીઓના મીઠા કલરવ સાથે પ્રેમાનંદ સ્વામી ભૈરવના સ્વરોને આલાપી રહ્યા હતા.

**'ચંદન ચરચિત નીલ કલેવર સુંદર,**

**કટિતટ કસ્યો પટ પીત... ચંદન૦'**

મંદ અને શીતળ પવન વાવા લાગ્યો.

આલાપ, તાન, સંચારી, આભોગ એમ એક પછી એક અંગો લેતાં ગયા તેમ તેમ રાગનું શુદ્ધ સ્વરૂપ ખડું થતું ગયું.

કીર્તનના સૂરો સર્વના અંતરમાં રમણ કરવા લાગ્યા.

ગ્વાલિયરના ગવૈયાઓ અચંબામાં પડી ગયા. એમને થયું: 'આ તો અદ્વિતીય ગાન છે! સમય પ્રમાણે રાગ તો બધા ગાય છે, પણ સંગીત પ્રમાણે- રાગ પ્રમાણે સમયને પ્રવર્તાવવો એ તો આ સંત સંગીતકારો જ કરી શકે.'

અંતે કીર્તન અને સંગીતના રણઝણાક વિરમ્યા.

---

પ્રસંગ સંદર્ભ : બ્રહ્મસંહિતા. પ્ર. ૫, અ. મ. પૃષ્ઠ નં. ૪૪૧

ગ્વાલિયરના રાજગાયકોને લાગ્યું કે જૂનાગઢના નવાબ સાહેબે આજે આપણને મહામૂલો લહાવો અપાવ્યો. આ રૂહાની સંગીત જો આપણે ન સાંભળ્યું હોત તો ખરેખર આત્માનું સંગીત કોને કહેવાય એના અભિજ્ઞ અનુભવથી આપણે સદંતર વંચિત રહી ગયા હોત! શ્રીજીમહારાજનાં ચરણોમાં મસ્તક નમાવી એમના વયોવૃદ્ધ ઉસ્તાદે કહ્યું: "હવે અમને સમજ પડી કે આપે સંધ્યા ટાણે ભૈરવ રાગ શા માટે સંભળાવ્યો. તમારા સંતોના સંગીત પાસે સાચે જ અમારા સંગીતની કિંમત કોડીની જ છે. નવાબ સાહેબે કહ્યું હતું એ પ્રમાણે સાચે જ આ સંગીત રૂહાની સંગીત છે!"

આ સાંભળીને મહારાજે સ્મિત કરીને કહ્યું: "આજે તમને આ સંતના સંગીતની મહત્તા સમજાઈ એથી અમને પરમ સંતોષ થયો છે. કલા માત્ર ઈશ્વરાભિમુખ બનવા માટે જ છે. કલા માત્ર આત્માને ઊર્ધ્વગામી બનાવવા કાજે જ છે. કલાની આરાધના એ ભક્તિનો જ એક પ્રકાર છે. પણ કલાની એ સાધનામાં દુન્યવી કામના ન ભળવી જોઈએ. એ ફક્ત પ્રભુ પ્રીત્યર્થે જ સમર્પવી જોઈએ. અમે તો અમારા સંતોને સદાય કહીએ છીએ કે ઈશ્વરના સ્મરણ-અનુસંધાન વિના ગાયું એ ન ગાયા જેવું જ છે!"

મહારાજની માર્મિક વાણી સાંભળી એ રાજગાયકો ધન્ય થઈ ગયા.

એ ગાયકો ગઢડામાં બે-ચાર દિવસ રહ્યા ત્યાં સુધી દરરોજ શ્રીજીમહારાજને પોતાનું સંગીત સંભળાવતા. શ્રીજીમહારાજે તેઓને ઉચિત પુરસ્કાર આપીને વિદાય આપી.

**કાવ્યકૃતિ :**

**ચંદન ચરચિત નિલ કલેવર સુંદર,**
**કટિતટ કસ્યો પટ પીત... ચંદન૦**

**ચંચલ લોચન ભવદુઃખ મોચન,**
**રોચન એ સહજાનંદ મીત... ચંદન૦**
**ચિતવની ચિતવન દેખી સુખ ઊપજત,**
**હસત હસત મન જોરત બરજોરી પ્રીત... ચંદન૦**
**પ્રેમાનંદ પ્રીતમ પ્યારે કી છબી પર,**
**તન મન બલી જાઉં નીત નીત... ચંદન૦**

**આસ્વાદ :**

પ્રેમસખી પ્રેમાનંદ મુખ્યત્વે આત્મલક્ષી ઊર્મિપ્રધાન કવિ છે, જેથી એમનાં કીર્તનોમાં માહાત્મ્યજ્ઞાનેયુક્ત માધુરીસભર પ્રેમભક્તિની પ્રોજ્જવલતા, શૃંગારભક્તિની ભાવાત્મક અભિવ્યક્તિના કલાઉન્મેષો સહેજે ઝિલાયા છે.

વિયોગાવસ્થામાં પ્રિય પાત્રના રૂપસૌંદર્યને સંભારી એના ગુણોનું ચિંતવન કરવાથી માનસિક પરિતાપ કંઈક સહ્ય બનતો હોય છે. પ્રેમસખીએ હંમેશાં પ્રિયતમાભાવે જ પ્રીતમ સહજાનંદને ચાહ્યા છે અને વિયોગે તેમની જ મૂર્તિનું ચિંતવન કરીને એના રૂપગુણકથન કરતાં પ્રેમગીતો ગાયાં છે.

પ્રસ્તુત પદમાં પ્રીતમ પ્યારા પ્રભુ સહજાનંદજીની સાંવરી મૂર્તિ-સ્વરૂપ 'નીલ કલેવર'ના અંગસૌંદર્યનું ભાવસંવેદનભર્યું સુંદર વર્ણન કરતાં પ્રેમસખી ગાય છેઃ

**'ચંદન ચરચિત નીલ કલેવર સુંદર,**
**કટિતટ કસ્યો પટ પીત.'**

મહાપ્રભુ. સહજાનંદનું શ્યામ સુંદર શરીર ભક્તોએ ચંદનથી ચર્ચેલું છે. 'કટિતટ કસ્યો પટ પીત' એમ કહીને કવિએ પ્રભુના પિતામ્બરના શૃંગારનું નિરૂપણ કેટલા સુંદર શબ્દાનુપ્રાસથી કર્યું છે!

પ્રેમસખીને વર્ણાવૃત્તિમૂલક તેમ જ શબ્દાવૃત્તિમૂલક

અનુપ્રાસ સહજસાધ્ય છે, એનાથી પદલાલિત્ય અને નાદસૌંદર્ય સધાયું છે.

પ્રભુના ચંચળ લોચન સંસારના દુ:ખથી છોડાવનાર છે. શ્રીજીને 'મીત' કહીને અહીં કવિ ઈષ્ટઆરાધ્ય શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યેની પ્રેમોત્કટ ભક્તિની કેટલી નિકટતા દર્શાવે છે! કવિને પ્રભુના સૌંદર્યનું આકર્ષણ માહાત્મ્યેયુક્ત છે. શ્રીહરિની સર્વચેષ્ટાઓ જેવી કે જોવું, બોલવું ઇત્યાદિ પ્રત્યેક ક્રિયાઓ નીરખીને કવિને ખૂબ આનંદ આવે છે. પ્રભુનું રૂપમાધુર્ય અને એમની પ્રત્યેક ચેષ્ટા અનુપમ છે. પ્રત્યેક ચેષ્ટાની વિશિષ્ટતા પણ પ્રેમસખીએ મધુર રીતે દર્શાવી છે. પરાણે પ્રીત થઈ જાય એવા પ્રભુના સુમધુર સ્મિતને કવિ એમ કહીને બિરદાવે છે-

**'હસત હસત મન જોરત બરજોરી પ્રીત'**

'સનેહી' સહજાનંદ પ્રભુના સલૂણાં સ્વરૂપ પર સ્વામી પ્રેમાનંદ તન-મનથી વારી ગયા છે.

પ્રેમસખી રાધાની જેમ પ્રિયતમ સહજાનંદમાં મધુર અનુરાગ અનુભવે છે. વળી એ પૂર્વાનુરાગ, મધુર આકર્ષણ, સ્નેહસિક્ત દઢતા અને અપૂર્વ શ્રદ્ધા સ્વાર્પણના ભાવોએ યુક્ત છે. એમના હૃદય મંદિરમાં શ્રી સહજાનંદજી પ્રત્યે જે મધુર રતિ છે, એ એમનાં પદમાં પ્રદર્શિત વિભાવ, અનુભાવાદિ દ્વારા ક્રમશઃ પરિપુષ્ટ બનીને મધુરરસનું સ્વરૂપ ધારણ કરતી જણાય છે. સ્વેષ્ટ સહજાનંદજી કે જે સૌંદર્યનિધાન યા મૂર્તિમાન શૃંગાર છે તે પ્રેમસખીની અક્ષરઆરાધનાનું આલંબન છે અને તેથી જ પ્રેમસખીને સહજાનંદજી પ્રભુના રૂપસૌંદર્ય આકર્ષે છે. તેથી જ તેમનું હૃદય આટલી ઉત્કટતાથી પ્રગલ્ભપણે સંયોગ શૃંગાર ગાય છે. આ જ એમની પ્રેમભક્તિ છે.

શાંડિલ્ય ભક્તિસૂત્ર અનુસાર પ્રભુમાં પ્રીતિ એ જ

પરાભક્તિ છે. એ પ્રીતિ પણ પ્રભુના પરમ અનુરાગમાંથી જન્મી હોય છે. આવી ભક્તિ પ્રાપ્ત થતાં જ ભક્ત કોઈ વસ્તુમાં આસક્ત કે વિષયભોગમાં ઉત્સાહિત થતો નથી. તેથી જ નારદભક્તિસૂત્રમાં લખ્યું છે કે -'પરમપ્રેમરૂપાભક્તિ એ જ અમૃતસ્વરૂપા છે.'

આ પદ ભૈરવ રાગના દ્રુપદ ચૌતાલમાં ગાઈને પ્રેમાનંદ સ્વામીએ ગ્વાલિયરના ગવૈયાઓને 'રૂહાની' સંગીતનો અલૌકિક અનુભવ કરાવેલો. તે પ્રસંગના વાતાવરણને પોષે એવી કોમળ મધુર સંગીત માધુરીને અનુકૂળ એવી બાની લયકારી છે તે જોઈ શકાય છે.

## ૨૬. શ્રીહરિને ગમવાને ઇચ્છો માનુની...

ધનબાઈ ધન્યભાગી હતાં, એટલે નહિ કે તેઓ મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ સંતના પૂર્વાશ્રમના સહોદર હતાં- બહેન હતાં; પણ એટલે કે તેમને પોતાના આ ભાઈ માટે નિર્વ્યાજ પ્રેમ હતો! ભાઈ-બહેનને સ્નેહ તો સ્વાભાવિકપણે હોય જ છે, પણ આ બહેનનો ભાતૃપ્રેમ અદ્વિતીય હતો.

મુક્તમુનિ સંસાર છોડી સાધુ થયા ત્યારથી ધનબાઈનું અંતર હંમેશા દુભાયા કરતું. તેમનો અંતરાત્મા ભાઈને મળવા માટે તલસ્યા કરતો. મુક્તાનંદ સ્વામીને વ્યવહારમાં પાછા લઈ જવા માટે એમણે ઘણા પ્રયત્નો કર્યા પણ સ્વામીની વૈરાગ્યદઢતા આગળ ધનબાઈનો અત્યાગ્રહ વિવશ બનીને જ રહી ગયો. છેવટે એમણે વિચાર્યું કે ભાઈ ઇચ્છે છે તેમ કરીશ તો જ ભાઈ મારા પર રાજી રહેશે. ખરેખર તો પ્રેમનું એ જ લક્ષણ છે કે તે પોતાનું સ્વત્ત્વ પણ સ્નેહીના ગમતામાં જ હોમી દે છે! ધનબાઈને લાગ્યું કે ભાઈએ આત્મકલ્યાણનો શ્રેયસ્કર માર્ગ અપનાવ્યો છે, મારે પણ એ જ માર્ગે જવું જોઈએ. પ્રેમને વશ પણ આવો વિચાર આવે ક્યાંથી?

ધનબાઈ એક દિવસ ગઢડા આવ્યાં. શ્રીજીમહારાજ પાસે જઈ એમણે પ્રાર્થના કરીઃ "મહારાજ! મારે કલ્યાણનો ખપ છે, પણ અંતરમાં એક ઝંખના રહે છે કે ભાઈ (મુક્તાનંદ સ્વામી) મને ઉપદેશ આપી મોક્ષમાર્ગ બતાવે! એમના મુખની વાણી સાંભળવાની ઉત્કંઠા છે, પ્રભુ!"

મહારાજ આ સાંભળી મુખ આડો રૂમાલ દઈને હસ્યા. પછી બોલ્યાઃ 'બાઈ! અમારા સાધુને સ્ત્રીઓના સંપર્કમાં આવવાની મનાઈ છે, પણ તમારો કલ્યાણનો ખપ જોઈને અમે

મુક્તાનંદ સ્વામીને કહીશું કે તેઓ તમને ઉપદેશ કરે."

પછી શ્રીજીમહારાજે બીજે દિવસે મુક્તમુનિને અક્ષરઓરડીમાં બોલાવીને એમની પરીક્ષા કરવા માટે કહ્યું: "મુક્તાનંદ સ્વામી! તમારાં બહેન ત્યાગી થવા ઇચ્છે છે તો તમે એમને ઉપદેશ કરો."

મુક્તાનંદ સ્વામીએ કહ્યું: "મહારાજ! એ રીતે સાધુનો ધર્મ હું પૂરો કેમ પાળી શકીશ? આપની જ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે સ્ત્રીઓને ઉદ્દેશીને તો સાધુ કેવી રીતે વાત કરી શકે? જો આપ કૃપા કરીને મારી વાત સ્વીકારો તો હું ત્યાગનો માર્ગ અપનાવી ભક્તિમાર્ગ સ્વીકારવા ઇચ્છતી તમામ બહેનોને ઉપદેશ મળે એવાં ચાર પદોની રચના કરીશ અને તેના ઉપરથી એમને પણ ઉપદેશ મળી રહેશે."

શ્રીજીમહારાજ મુક્તમુનિની ધર્મનિષ્ઠા અને આચારદૃઢતા જોઈને અત્યંત પ્રસન્ન થઈ બોલ્યા: "ભલે સ્વામી! એમ કરો."

શ્રીજીમહારાજની આજ્ઞા મળતાં મુક્તાનંદ સ્વામીએ 'મોહનને ગમવાને ઇચ્છો માનુની...' એ ઉપદેશનાં ચાર પદોની રચના કરી. રાત્રે સભામાં બેસીને સ્વામીએ એ પદો ગાયાં. સ્વામીના મધુર કંઠે કલ્યાણનો કડવો પણ ગુણકારી ઉપદેશ સાંભળીને ધનબાઈના અંતરમાં અપાર શાંતિ થઈ. ત્યારબાદ એમનું બાકીનું જીવન મંદિરમાં જ પ્રભુભક્તિમાં વીત્યું.

કાવ્યકૃતિ :

**શ્રીહરિને ગમવાને ઇચ્છો માનુની, ટેક૦**
**ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો;**
**પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,**
**હરિચરણે રહેજો અબળા થઈ છેક જો. શ્રીહરિને૦**

વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બહેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જૂઠી કુળ લાજ જો. શ્રીહરિને૦
સુખદાયક તું જાણે શ્રી ઘનશ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃત વેણ જો. શ્રીહરિને૦

**આસ્વાદ :**

પોતાની બહેન ધનબાઈને અનુલક્ષીને સ્ત્રીઓના સામાન્યધર્મના સરળ ઉપદેશાર્થે લખવામાં આવેલું પ્રસ્તુત પદ સંતકવિ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની સત્સંગમાં પ્રવર્તમાન આચારસંહિતા ને જ્ઞાનવૈભવમાં પ્રૌઢતા પુરવાર કરે છે.

અહીં કવિ સ્ત્રીઓને સરળ શબ્દોમાં સૂઝ આપે છે કે સગપણ તો હરિવરનું જ સાચું ગણાય. સંસારના સર્વ સંબંધો તો સૂતરના કાચા તાંતણા જેવા છે, ગમે ત્યારે તૂટી જાય. માટે પ્રભુ સાથે પ્રીતિ કરીને સર્વ સંજોગોમાં હરિચરણે રહેવું એ જ જીવનનો મર્મ છે.

**'શ્રીહરિને ગમવાને ઇચ્છો માનુની**
**ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો;'**

માનુની કે માનિની એટલે માની સ્ત્રી, અભિમાની સ્ત્રી –દુરાગ્રહી સ્ત્રી. માન જ મનને પોતાનું ધાર્યું કરવા પ્રેરે છે. પોતાનું ગમતું મૂકીને પ્રભુનું ગમતું કરવું હોય તો પહેલા માન મૂકી દેવું પડે. પ્રભુની પ્રસન્નતા જો મેળવવી હોય તો મનના જે ખોટા સ્વભાવ છે તેને છોડવા જ રહ્યા.

મોક્ષમાર્ગમાં એકનિષ્ઠા અતિ આવશ્યક છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃઢનિષ્ઠાથી પતિવ્રતાની જેમ આરાધના કરીએ તો જ લક્ષ્યપ્રાપ્તિ થાય. વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે કે, પુરુષોત્તમના આકારે જ્યારે વૃત્તિ થાય છે ત્યારે જ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય. આ ત્યારે જ બને જ્યારે ધ્યાનમાં એકાગ્રતા આવે, અને ધ્યાનમાં એકાગ્રતા ત્યારે જ આવે જ્યારે એકનિષ્ઠા હોય! તેથી જ કવિ કહે છેઃ 'પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો.'

આગળ સ્વામી લખે છેઃ

**'હરિચરણે રહેજો અબળા થઈ છેક જો.'**

'અબળા' થઈને એટલા માટે કે પ્રભુના ચરણે–શ્રીજીના આશ્રયે જો રહેવું હોય તો માન મૂકીને–અહંકારનો ભાર મૂકીને રહેવું જોઈએ. આત્માથી વિલક્ષણ આપણા આગવા અસ્તિત્વને ન ઓગાળીએ ત્યાં સુધી પ્રભુ સાથે એકરૂપ થવાતું નથી.

કવિ-સહજ ઋજુતાથી સ્વામી પ્રાસાદિક શૈલીમાં વળી એક અધિક વિવેકની વાત બહેનોના સુખને કાજે કહે છે, 'સાંભળ બહેની! ભગવાનના અનન્ય ભક્ત સાથે હંમેશા ગાઢ પ્રીતિ રાખજે. ભગવાનને એના અનન્ય ભક્તો અતિ વ્હાલા છે. ભગવાન તો સદાય ભક્ત-વત્સલ છે.'

એકવાર શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. અચાનક એમણે સંતહરિભક્તોને બોલાવીને કહ્યુંઃ "સંતો! આ મારો ઢોલિયો ને આ હું! જે આ ઢોલિયાના સત્સંગી હોય એ મારી બાજુમાં બેસો, ને જે સત્સંગીના સત્સંગી હોય એ ત્યાં બેસે!"

મહારાજના ઢોલિયા પાસે ભક્તોની ભીડ જામી ગઈ. એકલા પર્વતભાઈ દૂર જઈને બેઠા. બધા મનમાં વિચારે છે– આ પર્વતભાઈ

કાંઈ સમજતા નથી. પણ એટલામાં તો મહારાજ ઢોલિયા ઉપરથી ઊતરી પર્વતભાઈની પાસે જઈને બેઠા. ત્યારે બધાંને સમજાયું કે ભક્તના ભક્ત થવામાં જ ભગવાનનો રાજીપો છે, એટલે જ પ્રેમાનંદ સ્વામીએ પણ માંગ્યું છે કે 'દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર; એ વર માગું છું.'

**'ત્યાગો મદ મત્સર જૂઠી કુળ લાજ જો'**

ભગવાનના ભક્તે મદ, મત્સર અને ભક્તિમાં આડે આવતી જૂઠી કુળલાજનો સત્વરે ત્યાગ કરવો જોઈએ. ભક્તિમાં વળી શેહ શરમ શેની? ભક્તિ કરવી હોય તો શૂરવીરતા જોઈએ, 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!'

સંસારનું ગહન તત્ત્વજ્ઞાન સરળ શબ્દોમાં સમજાવતાં કવિ કહે છે!

**'સુખદાયક તું જાણે સુંદર શ્યામને,**
**અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;**
**મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,**
**સમજી વિચારી બોલો અમૃતવેણ જો.'**

આ સંસારમાં જો સુખદાયક કોઈ હોય તો એ સુંદર શ્યામસ્વરૂપ શ્રી સહજાનંદ સ્વામી જ છે અને અતિ દુઃખદાયક જો કોઈ હોય તો એ આપણું મન છે.

ભગવાન બુદ્ધે કહ્યું છે કે સંસારનાં દુઃખોનું મૂળ આશા અને તૃષ્ણાઓ છે, તેમ કવિ પણ સંસારનાં દુઃખોનું મૂળ કારણ જેમાંથી નિરંતર નિતનવીન આશા ને તૃષ્ણા જન્મે છે એ મનને જ બતાવે છે. મન દુઃખદાયક એટલા માટે છે કે આપણે મનના સ્વભાવને જાણતા નથી. મનમાં આવતા તરંગો પ્રમાણે આપણે વર્તીએ છીએ, જો મોક્ષધર્મની આચાર-સંહિતા પ્રમાણે જ આપણા જીવનની ગતિવિધિ ગોઠવીએ તો મન સહાયક બનીને પ્રભુની

પ્રાપ્તિ કરાવી દે એટલી એની જબરદસ્ત તાકાત છે.

મુક્તાનંદ અંતે મગન થઈને –મગ્ન બનીને ભગવાન ભજવાની સલાહ આપતાં કહે છે –'સમજી વિચારી બોલો અમૃત વેણ જો.' सत्यं च प्रियं च वद। મનુસ્મૃતિની આ ઉક્તિનું સમર્થન કરતાં કવિ કહે છે કે સમજી વિચારીને મધુર વચન બોલવાં.

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે, જે વચને કરીને પોતાનો અને પારકાનો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું. અહીં મુક્તાનંદ સ્વામીની ઉત્કટ વ્યવહાર-દક્ષતા સૂચિત થાય છે.

પદ પ્રાસાદિક છે, સુગેય છે અને એનો ઢાળ પણ જાણીતો છે.



ભગવાન સ્વામિનારાયણની રસિક રૂપમાધુરીને નયનથી નીરખીને ઉરમાં ઉતારી પ્રેમીભક્ત પ્રેમસખી ભાવલીન બની ઉપશમમાં ગાય છેઃ 'નેણાંમાં રાખું રે, નાથજીને જતન કરીને, મારા નેણાંમાં રાખું રે...'

## ૨૭. નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને...

દીક્ષા ગ્રહણ કર્યા બાદ શરૂઆતના દિવસોમાં પ્રેમાનંદ સ્વામી શ્રીજીમહારાજની આજ્ઞાથી ઘેલાને તીરે પર્ણકુટિ બાંધીને રહેતા હતા. એ વખતે એમનું નામ 'નિજબોધાનંદ સ્વામી' હતું. દીક્ષા લેતી વેળાએ પોતાની માળા એમને આપતાં મહારાજે કહ્યું હતું: "નિજબોધાનંદ! આ અમારી માળા તમે રાખો; ઘેલાના કાંઠે રહી, એના વડે અમારું સ્મરણ કરજો.... અને તમારી આ સારંગી તમે અહીં મૂકતા જજો."

"મહારાજ! સારંગી... અહીં...."

"હા સ્વામી! હમણાં તો તમારું તાલ ને સૂરનું જ્ઞાન અહીં મૂકીને જ જાવ. પહેલાં શ્રવણ, મનન ને નિદિધ્યાસ કરી ધ્યાન સિદ્ધ કરો, અમારું ઊઠવું, બેસવું, આવવું, જવું–પ્રત્યેક ચેષ્ટાનું ચિંતવન કરો."

"ભલે મહારાજ! એમ કરીશ." પોતાની સારંગી મહારાજને સોંપતાં નિજબોધાનંદ સ્વામીએ કહ્યું.

એ દિવસથી માંડીને નિજબોધાનંદ સ્વામીએ ઘેલાને કાંઠે નિરવ એકાંતમાં અડ્ડો જમાવ્યો. સ્વામી ત્યાંથી દરરોજ દાદાના દરબારમાં મહારાજના દર્શન કરવા જતા અને નીર્નિમેષ નયને સલૂણાં શ્યામ શ્રી સહજાનંદજી મહારાજને નીરખ્યા કરતા. રાતદિવસ શ્રીહરિની રસિક મૂર્તિની રસાનુભૂતિમાં રાચતા પ્રેમસખી વધુ ને વધુ ઊંડા ધ્યાનમાં એ મૂર્તિને ધારતા ને અંતરમાં ઉતારતા. ઘેલાને કાંઠે મંદ મંદ વાતા વાયુના સૂસવાટા વચ્ચે સ્વામીનો બાકીનો બધો જ સમય પ્રગટ પુરુષોત્તમનારાયણના પ્રત્યક્ષ દર્શનથી ઉદ્‌ભવેલા અલૌકિક આનંદને પચાવીને એ દિવ્ય મૂર્તિના અખંડ અનુસંધાન સાથે વ્યતિત થઈ જતો.

એમ કરતાં આઠ મહિના વીતી ગયા. એક દિવસ શ્રીજીમહારાજે દાદા ખાચરના દરબારમાં સભા ભરી હતી. મોટા મોટા સદ્‌ગુરુઓ સભાને અગ્રસ્થાને બેઠા હતા. મહારાજ હજી સભામાં આવ્યા નહોતા. નિજબોધાનંદ સ્વામી સભામાં છેલ્લે મહારાજની પ્રતીક્ષા કરતા ઊભા હતા. ત્યાં તો મહારાજની મોજડીના ચમ ચમ શબ્દો સંભળાયા. એ સાથે જ આખી સભા ઊભી થઈ ગઈ. સામેથી શ્રીજીમહારાજ આવી રહ્યા હતા. બધાની નજર એ તરફ જડાયેલી હતી.

મહારાજે જરકશી જામો પહેર્યો હતો. માથે ગુલાબી ફેંટો બાંધ્યો હતો ને એમાંથી પુષ્પોના તોરા લટકતા હતા. પગમાં જરી ભરતની મોજડી હતી ને હાથમાં સોનેરી કનક છડી શોભતી હતી. લટકાળી ચાલ ચાલતા ચાલતા મહારાજ આવતા હતા. નિજબોધાનંદ તો આ બધું રસબસ ભાવે નીરખ્યા કરતા હતા. ત્યાં તો એકાએક મહારાજે એમને પકડ્યા અને એમના ગળે હાથ ભેરવી પોતાના આસન સુધી લઈ ગયા. પછી પોતે આસન ઉપર બિરાજી બોલ્યા : "સ્વામી! તમે શું નીરખી રહ્યા હતા તે આ સભાને કહો."

નિજબોધાનંદે દીનવદને હાથ જોડીને કહ્યું: "મહારાજ! મને મારી રીતે કહેવાની આજ્ઞા આપો એવી પ્રાર્થના છે."

આ સાંભળી મહારાજ ખૂબ હસ્યા, પછી બોલ્યા: "સ્વામી તમે અમારી આજ્ઞાનું બરાબર પાલન કર્યું છે. અમે તમારી ઉપર બહુ રાજી છીએ. આજે અમે તમને તમારી અનામત–સારંગી પાછી સોંપીએ છીએ. હવે તમે મન મૂકીને ગાઈ શકો છો!" પછી મહારાજે એક હરિભક્તને સારંગી લાવવા મોકલ્યો અને એ દરમ્યાન પોતે સભામાં વાત કરી:

"આજે સત્સંગમાં મુક્તાનંદ સ્વામી વયે મોટા તેમજ જ્ઞાને ગંભીર છે. એટલે ધર્મનિયમની રીતિ એમની પાસેથી સાંભળવી

અને ગોપાળાનંદ સ્વામી તો યોગમૂર્તિ છે, તેઓ અમારા સર્વોપરી સિદ્ધાંતને સારી રીતે સમજ્યા છે અને એના ભાષ્ય રચે છે. બ્રહ્માનંદ સ્વામી તેમના કાવ્ય-લેખન દ્વારા સત્સંગ સેવા કરી રહ્યા છે અને આ નિષ્કુળાનંદ છે તેમને ટાંકણું અને કલમ બન્ને વરેલાં છે, તે પણ અમારું રહસ્ય સમજી કાવ્ય દ્વારા તેનો પ્રસાર કરી રહ્યા છે. વળી આ ગુણાતીતાનંદ સ્વામી તો અમારી અખંડ સેવામાં રહ્યા છે. આજે આ પરમહંસોના દરબારમાં અમે આ નિજબોધાનંદ સ્વામીને (પ્રેમાનંદ સ્વામીને) પ્રવેશ આપીએ છીએ. એ અમારી પ્રત્યક્ષ મૂર્તિના ગુણગાન કરી પ્રેમલક્ષણા ભક્તિનો મર્મ સમજાવશે." એટલું કહી મહારાજે પ્રેમાનંદ સ્વામીને હાર પહેરાવી મોટેરા પરમહંસોની સાથે આગળ બેસાડ્યા.

એટલામાં સારંગી આવી પહોંચતાં પ્રેમાનંદે પોતાના અંતરની વાત કાવ્યરૂપે કથિત કરતા આલાપ સાથે કીર્તનની કડી ઉપાડીઃ

'નેણામાં રાખું રે, નેણામાં રાખું રે,
નાથજીને જતન કરીને રે, મારા નેણામાં રાખું રે.'

કાવ્યકૃતિ :

નેણામાં રાખું રે, નેણામાં રાખું રે,
નાથજીને જતન કરીને રે,
મારા નેણામાં રાખું રે... ટેક૦
શિવ સનકાદિક શુક જેવા જોગી,
હાંરે જેની વાટું જુવે છે લાખું રે. નાથ૦ ૧
છેલ છબીલાજીની મૂર્તિ ઉપર,
હાંરે મારા પ્રાણ વારી વારી નાખું રે. નાથ૦ ૨
નયણે નીરખી હરિને ઉરમાં ઉતારું,
હાંરે એના ગુણલાં નિશદિન ભાખું રે. નાથ૦ ૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત,
હાંરે હું તો પ્રેમે કરી નિત્ય ચાખું રે. નાથ૦ ૪

આસ્વાદ :

પ્રસ્તુત પદમાં પ્રેમાનંદ સ્વામીની પોતાના ઇષ્ટદેવ સ્વામી શ્રી સહજાનંદજી પ્રત્યેની પ્રગાઢ પ્રીતિ પ્રગલ્ભપણે પ્રગટ થાય છે. પ્રેમસખી પ્રેમી ભક્ત-કવિ છે. એમનો પ્રભુપ્રેમ પરાકાષ્ઠાએ પહોંચેલો છે. શ્રીજીમહારાજે દીક્ષા આપતી વેળાએ એમને જે ઉપદેશ આપેલો એને પ્રેમસખીએ કેવો આત્મસાત કર્યો હતો એ આ પદ ઉપરથી સહેજે જણાઈ આવે છે.

કવિ ગાય છે–

**'નેણામાં રાખું રે, નેણામાં રાખું રે,**
**નાથજીને જતન કરીને રે, મારા નેણામાં રાખું રે.'**

પરમાત્માના પ્રેમમાં પાગલ બનેલા પ્રેમી-ભક્તના ઘેલા નયન અહોરાત પ્રભુને ઝંખ્યા કરે છે.

એ ઝંખના જ ઈશ્વરની અખંડ સ્મૃતિનું કારણ બને છે! પ્રેમસખી પણ જતન કરીને યત્નપૂર્વક શ્રીજીમહારાજને અખંડ અંતરમાં ધારી રાખે છે. કવિની આ ધારણા– આ ધ્યાન પાછળ માહાત્મ્યજ્ઞાનેયુક્ત ભક્તિભાવ ઝળકે છે. ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની એમની સર્વોપરી સ્વરૂપનિષ્ઠા અહીં અભિવ્યક્ત થાય છે.

**'શિવ સનકાદિક શુક જેવા જોગી,**
**હાંરે જેની વાટું જુવે છે લાખું રે.'**

શિવ સનકાદિક તથા શુકદેવજી જેવા જોગી પણ જેના દર્શન માટે ઝૂરે છે એવા અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ પ્રાપ્ત થયા પછી અન્ય કાંઈ પ્રાપ્તવ્ય રહેતું નથી, તેથી જ કવિના પ્રાણ એ છેલછબીલાની રસિક મૂર્તિ ઉપર કુરબાન છે.

એક વાર લક્ષ્મીવાડીએ પ્રેમસખી ગયેલા ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ એમને પાસે બેસાડી પૂછેલું: 'સ્વામી! આમ એકલા ઘેલાકાંઠે આખો દિવસ શું કરો છો?' ત્યારે પ્રેમસખીએ કહેલું:

'સ્વામી! એકલા? ભગવાન મળ્યા પછી ભવ ભવની એકલતા ટળી ગઈ છે. હવે તો બસ આ પ્રત્યક્ષ હરિને નયને નીરખીને અંતરમાં ઉતારી અહોનિશ એના ગુણગાન ગાયા કરું છું.' કવિએ કંઈક આવો જ ભાવ અહીં અભિવ્યક્ત કર્યો છે.

પ્રેમસખીને મતે હરિરસ અમૃત સમાન છે. એનું પાન કરનાર જન્મમરણ રહિત થઈને શાશ્વત સુખમાં લીન થઈ જાય છે. કવિ કહે છેઃ 'એ અમૃતમય હરિરસને હું પ્રેમપૂર્વક નિત્ય ચાખું છું.' અહીં કવિ 'પ્રેમે કરી નિત્ય ચાખું રે' એમ કહે છે. એમાં 'પ્રેમે કરી' એ બહુ મહત્ત્વના શબ્દો છે, કારણ કે પ્રેમ વિના તો એ રસની કલ્પના પણ દુર્લભ છે!

કાવ્યના આરંભે 'નેણામાં રાખું રે' એ ઉક્તિનું પુનરાવર્તન પ્રેમાનંદ સ્વામીની ઉત્કટ પ્રેમભક્તિ દર્શાવે છે. સુગેય એવા આ પદની ભાષા સરળ છે ને પ્રાસરચના સાહજિક છે.

# ૨૮. તેરી સાંવરી સૂરત પર હો વારિયાં...

એક વાર શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા. મહારાજ કેટલાક દિવસ અહીં રોકાયા. એ દરમ્યાન એક દિવસ બધી સાંખ્યયોગી બાઈઓએ મળીને મહારાજને રસોઈ દીધી.

શ્રીજીમહારાજને થાળ જમાડ્યા બાદ સાંખ્યયોગી બાઈઓને જમવા બેસવાનું હતું. રસોઈ થોડી થઈ હતી તેથી બ્રહ્મચારીએ મહારાજને કહ્યું: "મહારાજ! રસોઈ બધાને પૂગશે નહિ. જો કહો તો વધારે રાંધીએ." મહારાજ આ સાંભળીને હસ્યા અને પછી કહે: "એ તો ઘણી થઈ પડશે. લાવો, અમે જ પીરસીએ." એમ કહી મહારાજે શણગાર સોતાં બાઈઓની પંક્તિમાં પીરસવા માંડ્યું.

શોભાયમાન સલૂણાં શ્યામની મનમોહક મૂર્તિનાં દર્શન કરી સૌના ચિત્તની વૃત્તિ મહારાજમાં જ ચોંટી ગઈ ને બધાય એમાં તદ્રુપ થઈ ગયાં. મહારાજે એક વાર પીરસ્યું તે પણ કોઈથી જમી શકાયું નહિ. પ્રેમાનંદ સ્વામી તો અખંડ મહારાજની હજૂરમાં રહેતા એટલે એ વખતે પણ સ્વામી એક બાજુ ઊભા ઊભા મહારાજની આ લીલા નીરખીને ગાવા લાગ્યા:

**'તેરી સાંવરી સૂરત પર હો વારિયાં,**
**મેરો મન બસ કીન્હો, મેરો ચિત્ત હર લીનો.'**

કાવ્યકૃતિ :

**તેરી સાંવરી સૂરત પર હો વારિયાં,**
**મેરો મન બસ કીન્હો, મેરો ચિત્ત હર લીનો. તેરી૦ ટેક**
**ઘનશ્યામ સુંદર તેરી રૂપ છટા પર,**

કોટિ મદન છબી વારી ડારિયાં. તેરી૦ ૧
સુખ કો સદન તેરો બદન સાંવરો,
અખિયાં કમલદલ અનુસારિયાં. તેરી૦ ૨
મુસકની મંદ ચપલ ચિતવનીમેં,
બસ કીને સબ નરનારિયાં. તેરી૦ ૩
પ્રેમાનંદ લખી લટક લાલ તેરી,
ફિરત મગન નિત ઉર ધારિયાં. તેરી૦ ૪

આસ્વાદ :

ભક્તિ શૃંગાર રસથી ભરેલું આ પદ પ્રેમસખી પ્રેમાનંદની પરમ રસિક રચના છે. કવિનાં આવાં અનેક પદોમાં વ્રજભાષાના અષ્ટછાપ કવિઓની સીધી અસર ઝિલાઈ છે.

નિત્યનવીન સૌંદર્યના સુખદ અને મંદમંદ પરિવર્તનોમાં ચિત્તને જોડી રાખવું, એની સ્મૃતિ અને સુખાનુભવોમાં મનને લીન રાખવું, પ્રિય પાત્રના મિલન-પ્રાપ્તિના સુખનો ધીરે ધીરે આસ્વાદ કરવો અને હૃદયનાં સૂક્ષ્મ પ્રણય સંવેદનો પ્રગટ કરવા એ ભક્તિ-શૃંગારરસ છે. એમાં પરિવર્તનો થતાં રહે છે, પણ એ એટલાં ક્રમિક અને મંદ હોય છે, જેથી ચિત્ત એનામાં અખંડ લીન રહ્યા કરે છે અને ત્યારે ભક્તિશૃંગારના તથા હૃદયપ્રસન્નતાના અપૂર્વ ઉદ્‌ગારો ખડા થાય છે.

**'તેરી સાંવરી સૂરત પર હો વારિયાં'**

પ્રેમાનંદ પ્રભુની સાંવરી સૂરત પર વારી ગયા છે, ન્યોચ્છાવર થઈ ગયા છે. પ્રભુનું રૂપસૌંદર્ય અપૂર્વ છે. એની રસિક મૂર્તિની મોહિની માદક છે. સુંદર મુખારવિંદ, મંદ 'મુસકની'– (કવિએ મંદ સ્મિત માટે સુંદર શબ્દપ્રયોગ અહીં આપ્યો છે.) અલૌકિક લટકા, કમળદળ લોચન એ સર્વે ઘનશ્યામસુંદરની મોહિની મૂર્તિનાં

આકર્ષણ છે. તેથી જ પ્રેમાનંદ કહે છે કે પ્રભુ! તારી રૂપછટા પર તો કરોડો કામદેવના રૂપ પણ કુરબાન છે. તારું સ્વરૂપ જ સુખનું ધામ છે. તારું મંદ મંદ હાસ્ય ચંચળ ચિત્તમાં પણ ચોંટી જાય છે અને તારી એ મોહક મુસ્કાને જ આ પ્રેમી હરિભક્તોને વશ કરી લીધા છે.

પ્રભુની મનમોહક મોહિનીને અંતરમાં ધારીને પ્રેમાનંદ ભક્તિના આનંદરસમાં નિમગ્ન બને છે. આ પદમાં પ્રેમાનંદની શબ્દલયની સુંદર માધુરી પ્રગટ થાય છે. ભૈરવી રાગમાં ગવાયેલું આ પદ પ્રેમાનંદના ભાવ, શબ્દ અને સૂર આ ત્રણેય પરના પ્રભુત્વને નિઃશંક સ્થાપે છે. 'પ્રેમાનંદ લખી લટક લાલ તેરી' જેવી ઉક્તિમાં આંતરપ્રાસનો વિનિયોગ ધ્યાન ખેંચે તેવો છે.



ભરી સભામાં ઝોલું આવતાં બ્રહ્માનંદ સ્વામીને મહારાજે બેરખો માર્યો, 'આપની મૂર્તિનું ધ્યાન કરતો હતો' એવા બ્રહ્માનંદના ખુલાસા સામે મહારાજે એ અંગેનું કીર્તન બોલવાની આજ્ઞા આપી ત્યારે બ્રહ્માનંદે પ્રગલ્ભ સ્વરે લલકાર્યું:

'તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે...'

# ૨૯. તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે...

શ્રીજીમહારાજ જ્યારે જ્યારે કથા કીર્તન પ્રસંગે સભામાં વિરાજમાન થતા ત્યારે પોતાની પાસે સોપારીનો એક બેરખો રાખતા. જેને સભામાં ઊંઘનું ઝોકું આવી જાય તેની તરફ એ બેરખો છૂટો ફેંકતા. જેના ઉપર બેરખો પડ્યો હોય તેણે તે બેરખો ઊભા થઈને મહારાજને આપી આવવાનો. આથી કથા શ્રવણ કરવામાં સૌ સાવધાની રાખતા.

એકવાર બ્રહ્માનંદ સ્વામીને કથા પ્રસંગમાં ઝોલું આવ્યું અને મહારાજે તેમને બેરખો માર્યો. બેરખો વાગતાં જ સ્વામી ઝબકી ગયા.

તેમણે મહારાજને પૂછ્યુંઃ "મહારાજ! મને કેમ બેરખો માર્યો?"

મહારાજ કહેઃ "તમે ઝોલું ખાધું એટલે. નિયમ એટલે નિયમ."

"અરે....પણ મહારાજ! હું તો આંખો મીંચીને કીર્તનની કડીઓ ગોઠવતો હતો." હાજર જવાબી બ્રહ્માનંદે તરત જ ઉત્તર વાળ્યો.

મહારાજ તેમની આ યુક્તિથી હસ્યા. તેમણે કહ્યુંઃ "તો બોલો તે કીર્તનની કડીઓ."

"બોલું મહારાજ! પણ એક શરતે. હું બોલાવું અને સભા ઝીલે તો જ! ઝિલણિયું કીર્તન છે ને એટલે." શીઘ્ર કવિએ યુક્તિ રચતાં કહ્યું.

"બધું કબૂલ પણ તમે હવે જલદી શરૂ કરો." મહારાજે ઉતાવળ કરતાં કહ્યું.

શીઘ્રકવિ બ્રહ્માનંદે તત્કાળ કીર્તન બનાવતા જઈ ગાવા માંડ્યું:

**'તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે;**
**કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.'**

સભાએ આ પંક્તિ ઝીલી ત્યાં તો શીઘ્રકવિએ બીજી કડી રચી દેતાં ગાયું:

**'શિર અજબ કલંગી શોભતી, અલબેલા રે;**
**હૈડામાં રાખ્યા લાગ, રંગના રેલા રે.'**

આમ ચાર પદની શીઘ્ર રચના કવિ કરી ગયા. સ્વામીની શીઘ્ર કવિત્વ શક્તિ ઉપર મહારાજ મુગ્ધ થઈ ગયા. તેમણે કહ્યું:

"સ્વામી! અમારી ભૂલ થઈ ગઈ. તમે અમારા સ્વરૂપનું આવું સરસ ધ્યાન કરતા હતા ને છતાંય અમે તમને બેરખો માર્યો."

મહારાજ તો બધું જાણતા હતા, પણ એમણે સ્વામીને ઉત્તેજિત કરી સાચી વાત સભામાં કઢાવવી હતી. મહારાજનાં વચન સાંભળી સ્વામી એકદમ બોલી ઊઠ્યા: "ના રે, મહારાજ! આપની કેમ ભૂલ થાય? એ તો અમારો ચારણી જીવ તેથી એક કડી સભાજનો ઝીલે ત્યાં બીજી કડીની રચના કરી દઈએ. બાકી હું તો તમારા બેરખાને યોગ્ય જ હતો!" આખી સભા આ સાંભળી હસી પડી. મહારાજ પણ તેમના નિષ્કપટભાવથી પ્રસન્ન થયા.

કાવ્યકૃતિ :

**તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે;**
**કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે. ટેક૦**
**શિર અજબ કલંગી શોભતી, અલબેલા રે;**
**હૈડાંમાં રાખ્યા લાગ, રંગના રેલા રે ...૧**

મોળીડું છાયું મોતીએ, અલબેલા રે;
ફૂલડાંની સુંદર ફોર, રંગના રેલા રે ...૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના, અલબેલા રે;
જોઈ ભ્રમર ભમે તે ઠોર, રંગના રેલા રે ...૩
તારી પાઘલડીના પેચમાં, અલબેલા રે;
મારું ચિત્તડું થયું ચકચૂર, રંગના રેલા રે ...૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ, અલબેલા રે;
વણ દીઠે ઘેલી તૂર, રંગના રેલા રે ...૫

આસ્વાદ :

પૂર્વાવસ્થામાં શિરોહીના રાજકવિના પુત્ર અને દશ વર્ષ ભૂજની લખપત વ્રજભાષા પાઠશાળામાં પિંગળ અને કવિતાનો અભ્યાસ કરી આવેલા સ્વામી બ્રહ્માનંદ સાહિત્યદષ્ટિએ સ્વામિનારાયણ સંપ્રદાયના એક મોટા કવિ છે. છંદ અને ભાષા પરનું તેમનું પ્રભુત્વ તેમના સવૈયા, ચંદ્રાવળા, ઝૂલણા, છપ્પા, કુંડળિયા, ચર્ચરી અને રેણકીમાં તરત જ પરખાઈ આવે છે અને તેમની પદસિદ્ધિ પણ એટલી જ નોંધપાત્ર છે.

મધ્યકાલીન સ્વામિનારાયણીય સંતકવિઓના એક અનુગામી કવિ અવિનાશાનંદ બ્રહ્મચારીએ પોતાના પુરોગામી સંત-કવિઓને મૂલ્યદર્શી અર્ધ્ય આપતાં લખ્યું છે:

**‘બ્રહ્મમુનિ કવિ ભાનુસમ, પ્રેમ, મુક્ત દોઉ ચંદ;**
**ઓર કવિ ઉડુગણ સમ, કહે કવિ અવિનાશાનંદ.’**

આમ સંપ્રદાયના સર્વ કવિવૃંદમાં બ્રહ્માનંદ સ્વામીનું સ્થાન સૂર્ય સમાન સર્વોપરી ને પ્રભાવક રહ્યું છે. બ્રહ્મમુનિની કવિતામાં મધ્યકાલીન ગુજરાતી કવિતાની જેમ ભક્તિ અને જ્ઞાનની બન્ને ધારાઓ સમાંતરે વહેતી જણાય છે. બ્રહ્માનંદ સ્વામીની કવિતામાં

શૃંગારથી પ્રાણમય બનેલી ભક્તિ તેમ જ વૈરાગ્યના સચ્ચાઈ ભરેલા સૂરથી મુખરિત થયેલું જ્ઞાન બન્ને જોવા મળે છે.

આ પદમાં કવિ બ્રહ્માનંદ સ્વેષ્ટ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના રસિક રૂપશૃંગારનું સજીવ નિરૂપણ કરે છે. અલબેલા પ્રીતમ શ્રી સહજાનંદજી મહારાજ કવિના અંતરમાં, એમના રોમેરોમમાં વસેલા છે તેથી જ એ પ્રિયંકર પ્રભુની પ્રત્યેક ચેષ્ટા, પ્રત્યેક શૃંગાર એમને ખૂબ હૃદયસ્પર્શી ને મધુર લાગે છે.

પ્રેમીને પ્રેમાસ્પદની પ્રત્યેક ચીજ પ્યારી લાગતી હોય છે, પ્રેમની એ જ વિશિષ્ટતા છે. તેથી જ બ્રહ્માનંદ સ્વામી પ્રિયતમ પ્રભુ સ્વામી સહજાનંદજીના લાલચટક રંગના છેડાવાળી કસુંબી પાઘ જોઈને આનંદના ઉલ્લાસમાં ઘેલા થઈ જાય છે. કહે છે ને કે 'દૃષ્ટિ એવી સૃષ્ટિ.' કવિના હૈયામાં પ્રેમનો જે લાલ રંગ જામ્યો હતો એ જ એમને પ્રભુજીની પાઘમાં જણાતો હતો. પ્રેમના એ લાલ રંગમાં મહિમાનાં મોતી ગૂંથાયેલાં છે, જ્ઞાનના ગુચ્છ-તોરા ખોસેલા છે. તેથી કવિ ગાય છેઃ

**'મોળીડું છાયું મોતીએ, અલબેલા રે;**
**ફૂલડાંની સુંદર ફોર, રંગના રેલા રે.'**

તોરાના એ ફૂલ પણ ઘેરા રંગના ગુલાબના છે, જે જોતાં ભ્રમર તો દૂર જાય જ શાના? ભ્રમરને અને ગુલાબને અનાદિનો સંબંધ છે, જે સંબંધ મનનો સૌંદર્ય સાથેનો છે –માધુર્ય સાથેનો છે એ જ પ્રકારનો એ સંબંધ કવિને અહીં અભિમત છે. કવિનું રસિક મન મધુકરની જેમ પ્રિયતમ પ્રભુના શૃંગારમાં રસભ્રમણ કરતું રહે છે. એમનું ચંચળ ચિત્ત પાતળિયા પ્રીતમની પાઘલડીના પેચમાં અટવાય છે. ચંચળ ચિત્ત દુન્યવી સૌંદર્યના ઉપભોગથી વિકળ બનતું હોય છે, પરંતુ પરમાત્માના સંબંધને પામેલો શૃંગાર પણ એટલો દિવ્ય હોય છે કે એના આકંઠ ઉપભોગથી ચિત્ત એની

ચંચળતા ત્યજી શાંત ને એકાગ્ર બને છે!

કવિએ પદની પંક્તિએ પંક્તિએ શ્રી સહજાનંદજી પ્રત્યેનો પોતાનો અનન્ય પ્રેમભાવ અભિવ્યક્ત કર્યો છે. એ જોતાં સહેજે સમજાય છે કે કવિની સ્વરૂપનિષ્ઠા અને સખાભાવ અદ્વિતીય હતાં. પદમાં 'અલબેલા રે' અને 'રંગના રેલા રે' એ બન્ને ધ્રુવપદોનું ક્રમિક આવર્તન મૂકીને કવિએ કાવ્યના ગેયતત્ત્વને વધુ પ્રભાવક બનાવ્યું છે.

પદ ઝિલણિયું છે, સમુદાયમાં ગવાય છે અને સંપ્રદાયમાં બહુ લોકપ્રિય છે.



નીજ મંદિરમાં વસતા—

પ્રભુને પ્રસન્ન મુદ્રામાં દેખવાની ઊંડી ઉત્કંઠા અને પ્રબળ આતુરતા પ્રેમઘેલા નયનમાં નીતરે છે ત્યારે કવિ ગાય છે:

'ક્યારે હવે દેખું રે હરિ હસતા....'

## ૩૦. ક્યારે હવે દેખું રે હરિ હસતાં...

શ્રાવણી અમાસની અંધારી રાત હતી. એ તોફાની મેઘલી રાતે તમરાના ઝાંય ઝાંય અને દેડકાના ડ્રાંઉં ડ્રાંઉં સિવાય રાત્રિના શ્યામ સાળુમાં સમષ્ટિનાં સર્વ પ્રાણી પોઢી ગયાં હતાં. હવામાં આહ્લાદક ઠંડક હતી. ગઢપુરની ગરવી ધરતી પર આજે પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીની નિશ્રામાં સર્વ સંતો તથા સત્સંગીજનો ચાતુર્માસના વિશેષ નિયમો અંગીકાર કરીને પ્રભુ પ્રસન્નતાના સાધન આરાધી રહ્યાં હતાં.

પ્રેમસખી પ્રેમાનંદે એવો નિયમ લીધો હતો કે રોજનાં આઠ પદ રચવાં. પણ આજે દિવસ આખો એમ જ વીતી ગયો. સાંજ પણ જોત જોતામાં શમી ગઈ. છતાં એક પણ પદ સ્ફૂર્યું નહોતું. રાત્રિના એકાંતમાં સ્વામીએ સારંગી શોધી અને નીરવ શાંતિ ને કાજળ કાળા અંધકારને ભેદતા સારંગીના સૂર પવનપાંખે ચડી દૂર સુદૂર સુધી રેલાઈ ગયા.

સારંગીના સૂરોએ સ્વામીના અંતરને મથી નાખ્યું. વલોવાયેલા અંતરમાંથી જે આર્ત નવનીત નીપજ્યાં તેને સ્વામીએ વૈખરીમાં વહેતાં મૂક્યાં. 'ઘનશ્યામ વિયોગ સહ્યો નહિ જાવત' એ ઠુમરીનો આલાપ એમણે અંધકારમાં ઓતપ્રોત કરી દીધો. પછી તો ગીત ઉપર ગીત ને રાગ ઉપર રાગ છેડાતા ગયા. એ મેઘલી રાત, એ હચમચી ગયેલું હૈયું, ને એ સૂર પીને ગાઢો થયેલો અંધકાર ત્રણેય એકરસ થઈને નાદબ્રહ્મ રેલાવી રહ્યાં.

શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં પોઢી ગયા હતા, અચાનક પ્રેમાનંદના આર્તનાદે પ્રભુને અધરાતે નીંદરમાંથી બેઠા કરી દીધા. પ્રભુએ ઢોલિયા ઉપર બેસીને અવાજની દિશામાં કાન સરવા કર્યા.

તો પ્રેમસખીનો મધુર સ્વર ગૂંજી રહ્યો હતોઃ

'ક્યારે હવે દેખું રે હરિ હસતા,
મારાં મંદિરિયામાં વસતા. ક્યારે....'

એ સાંભળી મીંચેલી આંખે પણ મહારાજ હસી રહ્યા.

પણ એમ ક્યાં લગી રહેવાય? એ બેઠા થયા. બારણું ખોલીને બહાર આવ્યા. એ વખતે પ્રેમાનંદ સ્વામી ગઢડામાં પૂનમિયા કૂવા* પાસે આથમણા બારની ઓરડીમાં રહેતા હતા.

મહારાજે અવાજની દિશામાં ડગ માંડ્યાં ને પ્રેમાનંદ સ્વામીની ઓરડીએ આવી પહોંચ્યા. પ્રેમસખી તો પ્રતિપળ પ્રેમાર્દ્ર સાદે પ્રેમરસને ઘૂંટતા પ્રભુના રસમય રૂપમાં રસબસ થઈને ઝૂમતા હતા. એમની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. ઓરડીમાં બળતા દીવાના ઝાંખા પ્રકાશમાં મહારાજે એ જોયું અને ઓસરીમાં જ લપાઈને એક બાજુ એ ઊભા રહ્યા. મહારાજે માત્ર એક ચાદર જ ઓઢી હતી તો પણ અમાસની તોફાની અંધારી રાત્રે એ એકલા ભક્તને દ્વાર અભિસારિકાની જેમ આવી પહોંચ્યા હતા.

'મને વહાલાનો વિરહ સતાવે રે, નથી રહેવાતું...'

આંખની અટારીએ આંસુના તોરણ બાંધીને પ્રેમસખી વિરહાતુર બનીને ગાઈ રહ્યા હતા. અંતરમાંથી ઘૂંટાઈને આવતા કરુણ સ્વરોમાં 'નથી રહેવાતું.... નથી રહેવાતું' એ શબ્દોને પુનઃ પુનઃ ગાઈને સ્વામીએ શ્રીહરિના હૈયાને પણ હચમચાવી મૂક્યું.

ઓરડીના ઝાંખા દીવાના ઉજાસમાં સ્વામી મન મૂકીને ભાવ ઠાલવતા હતા. બહાર ઓસરી ઉપર ઊભા ઊભા શ્રીહરિ એમાં ભીંજાતા હતા, મનોમન ભક્તના પ્રેમાર્દ્ર હૃદયના ભાવ જોઈને રાજી થતા હતા. આમ ને આમ રાત આખી વીતી ગઈ. પો ફાટવાની

---

* જુઓ પરિશિષ્ટ-૪.

તૈયારી હતી ને પ્રેમાનંદની નજર અચાનક જ બારણા બહાર પડી, અને એ તો ઓસરીમાં શ્રીહરિને ઊભેલા જોઈને અચંબામાં પડી ગયા. પ્રભુને સત્કારવાની પણ તેમને સૂઝ ન પડી અને એ તો એકદમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા મંડી પડ્યા. મહારાજે એમને ઊભા કરી પ્રેમપૂર્વક ગાઢ આલિંગન આપ્યું.

પછી સ્વામીએ પૂછ્યું 'મહારાજ! ક્યારના પધાર્યા છો?'

મહારાજે પ્રેમસખીને લાડથી ટપારતાં કહ્યું 'મધરાતના અમે તો અહીં જ ઊભા ઊભા તમારા પ્રેમનો આસ્વાદ લઈ રહ્યા છીએ.' પછી રાજી થઈ મહારાજે પોતાનો ખેસ પ્રેમસખીને ભેટ આપ્યો ને કહ્યું: "હવે રાખો, રાત ઝાઝી વીતી ગઈ છે!'

**કાવ્યકૃતિ :**

ક્યારે હવે દેખું રે હરિ હસતા,
મારાં મંદિરિયામાં વસતા. ક્યારે૦ ટેક
જરકસિયા જામા પે'રીને,
ગુઢો રેંટો ઓઢી કટિ કસતા. ક્યારે૦ ૧
ફૂલડામાં ગરકાવ થઈને,
અત્તરમાં મસમસતા. ક્યારે૦ ૨
મુનિવર સારુ રસોઈ કરાવીને,
પંગતમાં પીરસતા. ક્યારે૦ ૩
પ્રેમાનંદ આગે ગાવે ત્યારે,
આવે ઓરા ઓરા ખસતા. ક્યારે૦ ૪

**આસ્વાદ :**

શબ્દોના લાલિત્ય સાથે સ્વરના ગુંજારવનો સમન્વય થાય ત્યારે એક અનોખી અસર સર્જાતી હોય છે. કાવ્યમાં લય સ્વાભાવિક હોય છે. એ લય અને સ્વર ભેગા થાય અને એમાં

જો અંતરનો આર્તનાદ ભળે તો એમાંથી નીપજતું સંગીત અલૌકિક આસ્વાદવાળું બને છે. એ સંગીતમાં પ્રભુને પણ પાસે ખેંચી લાવવાની તાકાત રહેલી છે!

પ્રેમસખી પ્રેમાનંદ સંગીતના મરમી હતા. સાથે સાથે એમની પાસે ગોપીનું હૈયું પણ હતું. એ હૈયામાં પ્રભુ માટે પારાવાર પ્રેમની લહેરો ઊઠતી હતી. આવા પ્રેમોત્સુક સંગીતજ્ઞ કવિ અમાસની અંધારી રાતે વિરહાકુળ થઈને હૈયાના વલોપાતને આરતભરી વાણીમાં વ્યક્ત કરે છે.

હૃદય મંદિરમાં વસતા હરિને હસતા દેખવાની કવિની ઊંડી ઝંખના અહીં અભિવ્યક્ત થાય છે. પ્રેમસખી પોતે તો શ્રીહરિને ખૂબ ચાહે છે. પોતાના ઉરમંદિરમાં સદાય જતન કરીને એ મૂર્તિને જાળવી રાખે છે, છતાંય ઊંડે ઊંડે પણ એમને એવી જિજ્ઞાસા રહે છે કે શું પ્રભુ મારા ઉપર આવા જ રાજી તો હશે ને? એટલે જ એમના અંતરમાં હરિને હસતા દેખવાના–પ્રસન્નમુદ્રામાં નીરખવાના કોડ જાગે છે.

હવે રસરાજ શૃંગારનું રસિક નિરૂપણ રસેશ પરમાત્મા પ્રત્યે કરતાં કવિ કહે છે:

**'જરકસિયા જામા પે'રીને ગુઢો રેંટો ઓઢી કટિ કસતા.**
**ફૂલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા.'**

પ્રભુ જરકસી જામો પહેરી, માથે સુંદર ફેંટો બાંધી, કમર પર કસીને દુપટ્ટો બાંધીને ભક્તોને દર્શન દેતા. ભક્તોની પૂજાથી મહારાજના ગળામાં ફૂલના હાર લદાતા, ગજરાના બાજુબંધ અને માથે ફૂલના તોરા બંધાતા, એમ શ્રીજીનું સકલ સ્વરૂપ ફૂલમાં ગરકાવ થઈ જતું અને ફૂલની સુગંધ અને અત્તરની ખુશબોથી મહારાજ મઘમઘતા.

શ્રીજીની રૂપમાધુરીને શૃંગાર સહિત યાદ કર્યા બાદ કવિ

પ્રભુનાં સંસ્મરણોને વાગોળે છે. શ્રીજીમહારાજ ઘણીવાર સંતો માટે રસોઈ કરાવીને જાતે જ પોતાના પરમહંસોને પીરસતા, અરે! કેટલીક વાર તો પોતે જાતે જ રસોઈ બનાવીને સંતોને હેતથી જમાડતા.* અને જમાડીને બરાબર તૃપ્ત કરતા.

બીજું એક સ્મરણ યાદ કરતાં કવિ કહે છે કે જ્યારે હું (પ્રેમાનંદ) મહારાજ પાસે કીર્તન ગાતો ત્યારે મહારાજ પ્રસન્ન થઈને ખસતા ખસતા મારી પાસે આવતા. આવાં અનેક સ્મરણો યાદ કરીને કવિ હૈયાને હળવું કરે છે અને એમનું વિરહાકુળ હૃદય પ્રસન્ન પ્રભુના દર્શન હરહંમેશ ઝંખ્યા કરે છે.

ઠુમરી રાગમાં ગવાયેલા આ પદને શ્રીહરિએ રાતના અંધકારમાં ઓસરીના એકાંતમાં ઊભા રહીને માણ્યું હતું. કાવ્ય સરળ ને સુગેય છે.

* લોયાનો શાકોત્સવ.

# ૩૧. લગાડી તેં પ્રીતિ લાલ રે....

સં. ૧૮૮૨ના કારતક સુદિ એકાદશીને દિવસે શ્રીજીમહારાજે વડતાલમાં મોટાભાઈ શ્રી રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને નાનાભાઈ શ્રી ઇચ્છારામભાઈના પુત્ર રઘુવીરજીને પોતાના દત્તકપુત્ર તરીકે લઈ અમદાવાદ અને વડતાલ એમ બે દેશની ગાદીના આચાર્યપદે સ્થાપ્યા. ત્યાર બાદ સં. ૧૮૮૩ના માગસર સુદિ પૂનમના દિવસે મહારાજે શુકમુનિ પાસે દેશ વિભાગનો પાકો લેખ તૈયાર કરાવી ગઢડામાં વાસુદેવનારાયણના ઓરડામાં રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈ તથા સર્વ ધર્મકુળના કુટુંબીજનો તેમજ સંત હરિભક્તો સમક્ષ વંચાવ્યો.

ઇચ્છારામભાઈને એ વખતે અસાધ્ય મંદવાડ લાગુ પડ્યો હતો. દાદા ખાચરના દરબારમાં દક્ષિણાદો વાસુદેવનારાયણનો ઓરડો છે, ત્યાં ઇચ્છારામભાઈનો ઉતારો હતો. મહારાજ 'ઉગામેડી' ગયા હતા, ત્યાંથી આવ્યા ત્યારે તેમને સમાચાર મળ્યા કે ભાઈની સ્થિતિ ગંભીર થઈ ગઈ છે. મહારાજ તત્કાળ ઇચ્છારામભાઈ પાસે આવ્યા. ભાઈનું શરીર બહુ કૃશ થઈ ગયું હતું. મહારાજનાં દર્શનની જ એકમાત્ર તેમને ઝંખના હતી. મહારાજ પધાર્યા એટલે તેમના દર્શનથી ભાઈને અતિ આનંદ થયો; એમની આંખો હર્ષાશ્રુથી ઊભરાઈ ગઈ.

તે જોઈ મહારાજે તેમને કહ્યું: "ભાઈ! આયુષ્ય તો આજે પૂરું થાય છે, પણ જો આ લોકમાં વધુ રહેવાની ઇચ્છા હોય તો વધુ આયુષ્ય આપીએ."

આ સાંભળી ઇચ્છારામભાઈએ બે હાથ જોડ્યા અને ગદ્ગદ કંઠે બોલ્યા: "ભૈયા! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. તેથી

આપના સાંનિધ્યમાં મારો દેહ પડે તેથી મોટું બીજું મારું શું ભાગ્ય હોઈ શકે! આ દેહ હવે જીર્ણ થઈ ગયો છે, આ લોકની હવે અંતરમાં કોઈ વાસના નથી. આપના સ્વરૂપમાં જ મારી વૃત્તિ સ્થિર થઈ ગઈ છે. તેથી આ દેહ છોડાવી બ્રહ્મમય તનુ ધરાવી અક્ષરધામમાં આપની સેવામાં મૂકી દો અને એ શાશ્વત સુખનો અનુભવ કરવા દો. હવે મારે બીજી કોઈ ઇચ્છા રહી નથી." મહારાજ તેમની સમજણ જોઈ બહુ રાજી થયા. થોડી વારમાં ઇચ્છારામભાઈએ દેહત્યાગ કર્યો.*

ઇચ્છારામભાઈ ધામમાં ગયા તે સમાચાર દરબારમાં પ્રસરી ગયા. મહારાજે તરત જ જરી અને કિનખાબ ભરેલ સુશોભિત વિમાન તૈયાર કરાવ્યું. ઇચ્છારામભાઈના ભૌતિક દેહને ષોડશોપચારે સ્નાન કરાવી સુંદર વસ્ત્રો પહેરાવી વિમાનમાં પધરાવ્યો. રઘુવીરજી મહારાજે તેમના પિતાશ્રીના દેહનું પૂજન કર્યું, આરતી ઉતારી. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને નજીક બોલાવી કહ્યું: "સ્વામી! કીર્તન બોલો."

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા મળતાં તરત કીર્તન ઉપાડ્યું:

**'લગાડી તેં પ્રીતિ લાલ રે...**
**પ્રીતલડી તો લગાડી, લગાડી તેં પ્રીતિ લાલ રે....'**

પછી રઘુવીરજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગોપાળજી મહારાજ અને વૃંદાવનજી મહારાજ એ ચારેએ વિમાન ઉપાડ્યું અને ઝાંઝ, પખવાજ વગાડતાં તથા નારાયણ ધૂન્ય કરતાં હરિભક્તો સ્મશાનયાત્રામાં ચાલ્યા. મહારાજ તથા દાદા ખાચર પણ સાથે ચાલ્યા. ઘેલા કાંઠે અગ્નિસંસ્કાર કરી, મહારાજે સભા ભરી. એ વખતે પણ મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું:

* સં. ૧૮૮૩ના પોષ સુદ ૮ના શુક્રવારે.

"સ્વામી! 'લગાડી તેં પ્રીતિ લાલ રે' કીર્તન ગાઓ."*

બ્રહ્મમુનિએ ખૂબ ભાવથી ફરી એ કીર્તન ગાયું. પછી શ્રીજીમહારાજ બોલ્યાઃ "આ કીર્તનમાં જેવું કહ્યું છે તેવું ઇચ્છારામજીને અમારી સાથે હેત હતું." બ્રહ્મમુનિ ઉપર ખૂબ પ્રસન્નતા બતાવીને મહારાજે પોતે ઓઢેલો ચોફાળ સ્વામીને આપ્યો.

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહેઃ "મહારાજ! આ તો નવો જ ચોફાળ છે, તે તમારે ઓઢવાના કામમાં આવશે. મને તમારો ઓઢેલો જૂનો પ્રસાદીનો ચોફાળ આપો."

પછી મહારાજે પોતે નિત્ય ઓઢતા હતા તે જૂનો ચોફાળ સજ્જામાંથી મંગાવીને આપ્યો. ત્યાર બાદ મહારાજે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યુંઃ "આ બ્રહ્માનંદ સ્વામી તમારા દશોંદી છે, અમારા જશ રોજ ગાય છે માટે વસ્ત્ર તો અમે આપ્યાં પણ તમારે એમને ચોખા, દૂધ અને સાકર નિત્ય આપવા." એમ મહારાજે બન્ને આચાર્યોને સ્વામીની સંભાળ રાખવાની ભલામણ કરી.

કાવ્યકૃતિ : (રાગઃ પરજ)

**લગાડી તેં પ્રીતિ લાલ રે, (૨) પ્રીતલડી તો લગાડી. ટેક૦**
**પ્રીતમ માર્યા પ્રેમનાં, તમે તીખાં રે તીખાં બાણ;**
**જોતાં તમને નાથજી રે, થયા પરવશ મારા પ્રાણ રે. પ્રીત૦**
**વાલી ભૃકુટિ વાંકડી, વાલા લાગે છે સુંદર વેણ;**
**હરિવર તમને નીરખવા, મારાં નાખે છે ઝડપું નેણ રે. પ્રીત૦**

* શ્રી કૃષ્ણાનંદ સ્વામી રચિત શ્રી હરિચરિત્રામૃતમાં એવો ઉલ્લેખ છે કે ઇચ્છારામજી ધામમાં પધાર્યા બાદ દાદાના દરબારમાં ભરાયેલી સભામાં મહારાજે કૃષ્ણાનંદ સ્વામીને 'લગાડી તેં પ્રીતિ લાલ રે' એ કીર્તન ગાવાનું કહ્યું ને કૃષ્ણાનંદ સ્વામીએ તે સભામાં ગાયું હતું.

**હાર હજારી પહેરિયો, નેણુંનો નજારો જોર;**
**બ્રહ્માનંદ કે' હૈડે વસ્યા, કોડીલો ધર્મકિશોર રે. પ્રીત૦**

**આસ્વાદ :**

આ પદમાં કવિ શ્રી બ્રહ્માનંદ સ્વામી પ્રેમીભક્તરૂપે પ્રભુ પ્રત્યેના પોતાના અનન્ય પ્રેમનો એકરાર કરે છે.

પ્રીતિનું કારણ પ્રભુ પોતે જ છે. પ્રભુની રૂપરસિકતાએ જ પરાણે પ્રેમાકર્ષણ ઊભું કર્યું છે એવો કવિનો દાવો છે. અને એ દાવો ખોટો પણ નથી, કારણ કે શ્રીજી સ્વયં રસનિધિ છે, રસરૂપ છે, रसो वै सः છે. સર્વે રસ પરમાત્માની મૂર્તિમાં સમાયેલા છે. પ્રેમ અને સૌંદર્યનો પરસ્પરાવલંબિત સંબંધ લાંબો અને ગાઢ છે. પ્રેમનું મૂળ કારણ પણ સૌંદર્ય છે. વળી પ્રેમમૂર્તિ પ્રભુ પોતાના પ્રાણપ્યારા ભક્ત પ્રત્યે પ્રેમરસ વરસાવી પ્રેમનું સિંચન કરે છે. તેથી કવિ મધુર ઉપાલંભ સાથે પ્રિયતમ પ્રભુને કહે છેઃ

**'પ્રીતમ માર્યાં પ્રેમનાં, તમે તીખાં રે તીખાં બાણ;**
**જોતાં તમને નાથજી રે, થયા પરવશ મારા પ્રાણ.'**

પ્રભુએ પ્રેમનાં તીખાં બાણ વરસાવીને ભક્તના અંતરમાં પ્રેમનો વેધ કર્યો છે. પ્રભુ તો પ્રેમનો સાગર છે. એ સાગરનું એક બુંદ પણ જો મળી જાય તો ભક્ત એમાં ભાવવિભોર બની ડૂબી જાય છે. એ પ્રેમરસમાં લીન થતાં પ્રેમી ભક્તનાં પ્રાણ પરવશ થઈ ઈશ્વરને આધિન થઈ જાય છે. ચૈતન્ય મહાપ્રભુએ પાંચમા પુરુષાર્થના રૂપમાં 'પ્રેમ'ની પ્રતિષ્ઠા કરી છે, એટલું જ નહિ, પણ 'પ્રેમ'ને જ સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ ગણ્યો છે.

કવિને શ્રીજીના સુંદર રાજીવ લોચન તથા વાંકડી ભ્રૂકુટિ અત્યંત વ્હાલી લાગે છે. બ્રહ્માનંદને એ રસિકરૂપનું આકર્ષણ એવું થયું છે કે કવિથી કહેવાઈ જાય છે—

'હરિવર તમને નીરખવા, મારાં નાખે છે ઝડપું નેણ.'

હજારી હાર પહેરેલા સુંદર દર્શનીય નયનવાળા કોડીલા કિશોરમૂર્તિ શ્રીજીપ્રભુ કવિના હૃદયાસન ઉપર અખંડ બિરાજમાન થયાં છે.

બ્રહ્મમુનિ મર્મી કવિ છે. એમણે પ્રેમનાં સૂક્ષ્માતિત સૂક્ષ્મ તત્ત્વને અત્યંત આસાનીથી ઈશ્વરાનુરાગી ભક્તના ભાવ-સંવેદનો દ્વારા સચોટ અભિવ્યક્ત કર્યું છે, તેથી જ શ્રીજીમહારાજને આ કાવ્ય અત્યંત પ્રિય હતું અને એમણે વારંવાર આ કીર્તન ગવડાવ્યું હતું.

કાવ્યમાં મધુરતા-પ્રાસાદિકતાના ગુણ ધ્યાન ખેંચે છે.



'માણકીએ ચડ્યા રે ઘનશ્યામ સુખકારી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...'

## ૩૨. માણકીએ ચડ્યા રે ઘનશ્યામ સુખકારી...

સં. ૧૮૭૪માં ધરમપુરનાં રાજમાતા કુશળકુંવરબાના આગ્રહભર્યા આમંત્રણને લીધે શ્રીજીમહારાજ સંત-હરિભક્તો સહિત ધરમપુર પધાર્યા હતા. ત્યાંથી પાછા વળતાં મહારાજ વડતાલ રોકાયા. વડતાલના જોબન પગી અને તેમના ભાઈઓની ધરમપુરની યાત્રા દરમ્યાનની અખંડ સેવા જોઈને મહારાજ ખૂબ પ્રસન્ન થયા હતા. મહારાજે વડતાલ રોકાઈને જોબનપગીની ઉપર ખૂબ પ્રસન્નતા જણાવી કાંઈક વર માગવાનું કહ્યું.

જોબન પગી કહે 'મહારાજ! આપે કહ્યું તેથી માગું છું કે આપ ફૂલડોલનો રંગોત્સવ વડતાલમાં કરો તો અમને સૌને આપની તથા સંત-હરિભક્તોની સેવાનો વિશેષ લાભ મળે.'

મહારાજ પગીના ભાવને જોઈ ખૂબ રાજી થયા. એમને થયું આ અબૂધ દેખાતા માણસમાં પણ કેટલી બધી સમજણ છે, ને અમારી સેવાનું તે કેટલું બધું માહાત્મ્ય જાણે છે!

મહારાજે કહ્યું 'પગી! તમારી એવી જ ઇચ્છા છે તો ભલે આ ફૂલડોલનો ઉત્સવ અહીં કરીશું.'

જોબન પગી તથા એમનો સમગ્ર પરિવાર મહારાજના આ શબ્દોથી રાજી રાજી થઈ ગયો. ફૂલડોલના ઉત્સવ પ્રસંગે વહેલા આવવાનું વચન દઈને મહારાજ ગઢડા પધાર્યા. મહારાજનાં દર્શન થતાં ગઢપુરના ભક્તોના જીવમાં જીવ આવ્યો. મહારાજ ધરમપુર જવા નીકળ્યા ત્યારથી મહારાજના વિયોગમાં વિરહાકુળ બનેલા પ્રેમી ભક્તોનાં હૈયા શ્રીજીના દર્શનથી ટાઢાં થયાં.

દાદા ખાચરે મહારાજને કહ્યું: 'મહારાજ! લાડુબા-જીવુબાની બહુ તાણ છે કે મહારાજ ઘણા મહિને પાછા ગઢપુર પધાર્યા છે

તો અહીં જ ફૂલડોલોત્સવ કરો ને!'

મહારાજ કહેઃ "દાદા! અમે જોબન પગીને વચન આપીને આવ્યા છીએ એટલે હવે આ વખતે તો વડતાલ ઉત્સવ કરવાનું ધાર્યું છે."

ગઢપુરમાં મહારાજ પંદર દિવસ રહ્યા ત્યાં તો ફૂલડોલના ઉત્સવ માટે વડતાલ જવાનો સમય થઈ ગયો. જે કાઠી-દરબારો મહારાજ સાથે જવાના હતા તે બધા આવી ગયા. જીવા ખાચર અને તેમના દીકરા મૂળુ ખાચર પણ આવી ગયા. દાદાના દરબારમાં બધા સભા ભરીને બેસી ગયા હતા. નાજા જોગિયાએ મહારાજની માણકી તૈયાર રાખી હતી. એટલામાં મહારાજ પધાર્યા. ઢોલિયા ઉપર બિરાજ્યા.

મહારાજે વાત કરતાં કહ્યુંઃ "આવા સમૈયા ઉત્સવમાં, સંતો, હરિભક્તો આવે, તેમનાં સૌનાં દર્શન થાય, એકબીજા સાથે ભળી જવાય અને સમાસ બહુ થાય. ખોટી ટેવો પણ છૂટી જાય. મન ઘસાય, ખોટા સ્વભાવ ટળે. આ બધું અન્ય સાધનો કરતાં કોઈ દિવસ ટળે નહિ. આવા દિવ્ય સત્સંગનું આ ફળ છે. તેમાં જ્યારે સમજણવાળા સંત મળે ત્યારે અમારા સ્વરૂપની સાચી ઓળખાણ થાય, અમે દૂર છીએ એવું ક્યારેય મનાય નહિ. સદા સમીપમાં જ છીએ એવું જ્ઞાન થાય. એવા જ્ઞાનથી સ્થિતિવાળા ભક્તની અંતર્દૃષ્ટિ ઊઘડે છે અને ભગવાન પોતાના ધામ સહિત સદા તેની સમીપમાં જ છે, એવો નિશ્ચય થાય છે." એટલી વાત કરીને મહારાજ ઊઠ્યા.

મહારાજે લાધા ઠક્કરને બોલાવ્યા. તેમને કહ્યુંઃ "રામદાસ સ્વામી ચરોતરમાં છે. તેમને કાગળ લખજો કે ફૂલડોલના ઉત્સવમાં પાંચ દિવસ વહેલા અમે વડતાલ પહોંચી જઈશું માટે વીસ-પચીસ ગાડાં ભરીને કેસૂડાનાં ફૂલ મંગાવજો." એટલું કહીને ફરી પૂછ્યું

"બધે કંકોત્રીઓ લખી છે ને? કોઈ રહી ન જાય. આ વખતે ભારે રંગોત્સવ કરવો છે!" તે પ્રમાણે લાધા ઠક્કરને સૂચના આપી પોતે માણકી ઉપર બિરાજ્યા.

કાઠી ભક્તો પણ પોતપોતાના અશ્વો ઉપર બેસી ગયા. સૌ રાહ જોઈ રહ્યા હતા, માણકી ઊપડે એટલે પાછળ નીકળીએ. મહારાજે લગામ પકડી, સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ચોકડું ખેંચ્યું, માણકીના પેટે પેંગડું અડાડ્યું. પરંતુ માણકી સ્થિર થઈ ગઈ હતી. મહારાજને થયું કેમ માણકી આજે ડગ ભરતી નથી? રોજ તો ઇશારામાં સમજી જાય છે અને આજે એને શું થયું? કેમ હઠ પકડી? મહારાજે ફરી ચોકડું ખેંચ્યું. જોરથી પેટે પેંગડું ભરાવ્યું. નાજા જોગિયા પણ તેના ઘોડા ઉપરથી ઊતરી માણકી પાસે આવ્યા, તેની પીઠ થાબડી છતાં માણકી અચળ રહી. સૌ જોઈ રહ્યા. મહારાજની આજ્ઞામાં સદા વર્તનારી, મહારાજની મરજીને જાણનારી માણકીને આજે આ શું થયું? નાજા જોગિયાએ હાથમાં લગામ પકડી આગળ જઈ માણકીને દોરવાનો પ્રયત્ન કર્યો પણ માણકી તો સ્થિર જ રહી. જાણે તેના ડાબલા ધરતીમાં ચોંટી ન ગયા હોય!

મહારાજ વિચારમાં પડી ગયા. કોઈકે કહ્યું: 'જરા પાછળ સોટી ધીરેથી અડાડો' મહારાજે તરત જ કહ્યું: "ના ના, જોજો એવું કરતા. આ તો મુક્ત છે, એને સોટી ન અડાડાય."

પછી થોડીવાર શાંત રહી મહારાજ બોલ્યા: "એ કેમ અહીંથી હઠતી નથી એનું કારણ હવે અમે સમજ્યા." પછી મર્મમાં સ્વગત બોલ્યા: "અમારા કરતાં તેને સંદેશો વહેલો મળી ગયો લાગે છે." એમ કહીને મહારાજ નીચે ઊતર્યા.

મહારાજ સીધા લાડુબા-જીવુબા પાસે ગયા. બધી બાઈઓ આથમણા બારના ઓરડાની ઓસરીમાં ઊભી હતી. મહારાજ ત્યાં

પહોંચી ગયા. મહારાજે સર્વેને પ્રણામ કરી કહ્યું: "લાડુબા! હવે અમને રજા આપો. તમારી મરજી આ માણકી જાણી ગઈ છે, એટલે એ અમને દરબારમાંથી લઈ જતી નથી. અમે વડતાલ જઈએ છીએ. ત્યાં મોટો રંગોત્સવ કરવો છે, હજારો હરિભક્તો આવશે, સૌને બ્રહ્માનંદ કરાવવો છે. તમને અહીં બેઠા સુખ આવશે. માટે અમને આજ્ઞા આપો. તમે આ માણકીને વૃત્તિથી બાંધી લીધી છે તેથી એ ડગ માંડતી નથી. તમે રજા આપો તો એ હઠ છોડી અમને વડતાલ લઈ જાય." એમ કહી મહારાજ ઓસરીથી નીચે ઊતર્યા ને બોલ્યા: "લ્યો, ત્યારે હવે રાજી થઈને રજા આપો, જય સ્વામિનારાયણ!"

લાડુબા-જીવુબા તથા બધી બાઈઓ મહારાજના શબ્દો સાંભળી હસવા લાગ્યાં. જીવુબાએ મહારાજને કહ્યું: 'મહારાજ! પધારો, પણ પાછા વહેલા ગઢપુર આવી જજો. રામનવમી પણ હવે દૂર નથી. આપનો જન્મોત્સવ અમારે અહીં ઉજવવાનો છે.' મહારાજ ફરી માણકી ઉપર ચડ્યા ને પેગડું અડતાં જ માણકીએ ડગ માંડ્યાં. આ વખતે પ્રેમાનંદ સ્વામી પણ ત્યાં જ ઊભા હતા. આ પ્રસંગના પ્રત્યક્ષ સાક્ષી એવા સ્વામીએ તરત જ પ્રભુની આ લીલાનું સંકીર્તન રચીને સર્વની હાજરીમાં ગાવા માંડ્યું:

**'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...'**

મહારાજ અને સંત-હરિભક્તો વડતાલ તરફ જવા રવાના થયા.

**કાવ્યકૃતિ :**

**માણકીએ ચડ્યા રે ઘનશ્યામ સુખકારી,**
**શોભે રૂડી કરમાં લગામ રૂપાળી;**
**માણીગર સૌને કહે છે થાઓ ત્યાર,**
**મુનિ વરણી પદાતી ને અસવાર;**

વ્રતપુરી જાવા કર્યો નિરધાર. માણકીએ૦ ૧
કેસર બેરી બોદલી ને ફૂલમાળ,
તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ;
શોભે ઘણા વા'લા લાગે છે મરાળ. માણકીએ૦ ૨
પ્રેમીભક્ત વિનંતી કરે દોડી દોડી,
લોહચમક વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી. માણકીએ૦ ૩
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ હરિનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી. માણકીએ૦ ૩

આસ્વાદ :

પ્રેમસખી પ્રેમાનંદ અદ્વિતીય સંગીત-કવિ છે. એ નરસિંહ અને મીરાંની પ્રકૃતિના પ્રેમી ભક્ત-કવિ છે. દયારામ જેવા માધુર્યના કવિ છે. સાહિત્યની પરિભાષામાં કહીએ તો એ ઊંચી કોટીના ઊર્મિ કવિ છે. એમનામાં રહેલો અનન્ય ભક્ત જ પ્રભુકૃપાએ સંગીત-કવિ બન્યો છે, આથી એમની ભક્તિ જ એમનાં પદો દ્વારા સંગીતમય અભિવ્યક્તિ પામી છે.

ગઢપુરથી શ્રી સહજાનંદ સ્વામીનું વડતાલ પ્રતિ પ્રસ્થાન એ પ્રસ્તુત કૃતિનું વર્ણ્યવસ્તુ છે. એક સામાન્ય પ્રસંગના સરળ કાવ્યાત્મક નિરૂપણ પાછળ કવિનો આશય કંઈક જુદું જ કહેવાનો છે. અહીં માણકી ઘોડીના ઉલ્લેખથી જ કૃતિનો પ્રારંભ થાય છે અને એ જ પદની પાસાદાર ધ્રુવપંક્તિ બની રહે છે.

'માણકી' ભગવાન સ્વામિનારાયણની 'પ્રિયતમાદપિ પ્રિયતર' ઘોડી હતી, મહારાજ એની પર જ સવારી કરતા. માણકી પણ પૂરેપૂરી મહારાજમય બની ગઈ હતી! મહારાજ પણ ઘણીવાર

કહેતા કે "આને ઘોડી ના સમજશો, આ તો મહામુક્ત છે." મહારાજની આજ્ઞાનો પડ્યો બોલ ઝીલવા હંમેશાં આતુર રહેતી માણકી એક દિવસ મહારાજની આજ્ઞાની અવજ્ઞા કરે છે અને એ અવજ્ઞા કરવા પાછળનું કારણ જ કાવ્યનો ભેદ છે!

કાવ્યપ્રસંગના અનુસંધાનમાં જોઈએ તો ફૂલડોલોત્સવ ઉજવવા માટે વડતાલ જઈ રહેલા શ્રી સહજાનંદ સ્વામી માણકીએ ચડીને લગામ પકડીને પ્રસ્થાન માટે બિલકુલ તૈયાર છે. મહારાજે સૌને પ્રસ્થાન માટે તૈયાર થવા આદેશ આપ્યો છે અને મહારાજના આદેશ અનુસાર 'મુનિ વર્ણી પદાતી ને અસવાર' સૌ તૈયાર થયા છે. વાહન તરીકે ઘોડીઓ છે. કવિ માણકી ઉપરાંત ઘોડીઓના નામ આ પ્રમાણે આપે છેઃ

**'કેસર બેરી બોદલી ને ફૂલમાળ,**
**તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ.'**

આમ દાદા ખાચરના દરબારમાં સૌ સજ્જ થઈને ચાલવાની તૈયારી કરે છે ત્યાં,

**'પ્રેમી ભક્ત વિનંતી કરે દોડી દોડી,**
**લોહચમક વૃત્તિ મૂરતિમાં જોડી.'**

રાધા અને લક્ષ્મી જેવાં પરમ એકાંતિક અને અનાદિ મુક્તની સ્થિતિવાન ગણાતાં, દાદા ખાચરનાં બહેનો જીવુબા અને લાડુબા નહોતાં ઇચ્છતાં  કે મહારાજ એમને મૂકીને વડતાલ જાય. એથી એમણે પોતાની વૃત્તિ મહારાજની મૂર્તિમાં જોડી દીધેલી. પરમાત્મા તો પ્રેમવશ હોય છે. 'પ્રેમીજનને પાતળિયો વશ.' ટાગોરે કહ્યું છે તેમ For love is most free and at the same time most bound. પ્રેમમાં સદંતર મુક્તિ છે અને એ સદંતર મુક્તિમાં જ એક પ્રકારનું સ્વૈચ્છિક બંધન છે!

ભક્ત-વત્સલ ભગવાન ભક્તાધિન થઈને આ સ્વૈચ્છિક

બંધન ક્યારેક સ્વીકારે છે. ભગવાન સ્વામિનારાયણે પણ ભક્તાધિન થઈને આ સ્વૈચ્છિક બંધન આજે સ્વીકાર્યું છે. પ્રેમીભક્તોએ મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી તેથી મહારાજમય બનેલી માણકી ઘોડીની ચિત્તવૃત્તિ પણ ખેંચાઈ અને મહારાજની આજ્ઞા થવા છતાં તે આગળ ચાલી ન શકી. ત્યારે પ્રેમવશ પ્રભુએ ભક્તોને કહ્યું:

**'આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી'**

પરમાત્માને પણ પ્રેમી-ભક્તોની આજ્ઞા માગવી પડે છે, એ જ બાબત બતાવી આપે છે કે ભગવાન ભક્તોના પ્રેમથી બંધાયેલા-ભક્તાધીન છે. મહારાજની મરજી જોઈ એટલે હરિનવમી પહેલાં 'વહેલા વળજો ગઢપુર' એમ કહી ભક્તોએ 'જાઓ પ્રભુ હરિનવમી નથી દૂરી' કહી વિદાય આપી. આ પ્રસંગે પ્રેમાનંદ સ્વામી આ બનાવના પ્રત્યક્ષ સાક્ષીરૂપ હજૂરી હતા.

પદ સુગેય છે અને સંપ્રદાયમાં અતિ પ્રચલિત છે.

## ૩૩. ભરી સભામાં શ્રીહરિજી તમે, થયા છો માડી મારી રે...

શ્રીજીમહારાજે ફક્ત બાર રૂપિયા આપીને બ્રહ્માનંદ સ્વામીને વડતાલમાં મંદિર કરવા માટે મોકલ્યા હતા. મહારાજે તો ત્યાં એક શિખરનું નાનું સરખું મંદિર બાંધવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, પણ બ્રહ્મમુનિએ તો યેનકેન પ્રકારેણ મહારાજને રાજી કરી લઈને ભારે જહેમત લઈને ત્રણ શિખરનું કમળ આકારનું ભવ્ય મંદિર બંધાવ્યું.

આ મંદિરનું બાંધકામ ચાલતું હતું એ અરસામાં મારવાડ પ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડવાથી એ દેશના ઘણા લોકો ગુજરાત તરફ ગુજરાન માટે આવેલા. બ્રહ્માનંદ સ્વામીના પૂર્વાશ્રમની જન્મભૂમિ ખાણ અને એની આજુબાજુના પ્રદેશમાંથી પણ એમના જ્ઞાતિજનો અને સંબંધીઓ એ અરસામાં રોજી રોટીનું સાધન શોધતા વડતાલ આવી ચડેલા. તેમાંથી કેટલાક મંદિરના બાંધકામના કામમાં મજૂરી કરી પોતાનો નિભાવ કરતા હતા.

સાત આઠ મહિના મંદિરનું કામ ચાલ્યું ત્યાં તો ચોમાસું આવ્યું, એ ચોમાસે મારવાડમાં વરસાદ સારો થયો. એટલે એ મારવાડી સલાટ કારીગરો તથા મજૂરોએ પોતાના વતનમાં પાછા ફરવાનો વિચાર કર્યો. એમણે બ્રહ્માનંદ સ્વામી પાસે રજા માગી, પણ સ્વામીએ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવનાં દર્શન કર્યા પછી જવાનું કહ્યું. પરિણામે એ બધા મંદિરમાં ત્યાં સુધી રોકાયા.

સં. ૧૮૮૧ની પ્રબોધિનીએ વડતાલના મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ.

આ પ્રસંગે કેટલાક વિઘ્નસંતોષીઓએ ઈર્ષ્યાના આવેશમાં મહારાજ પાસે જઈને ફરિયાદ કરી 'મહારાજ! બ્રહ્માનંદ સ્વામી

તો આ દેશમાં ભગવાન થઈને પૂજાય છે. તેમના દેશના લોકોને તથા સગાંસંબંધીઓને તેડાવીને મંદિરમાં રાખે છે. અત્યારથી ચેતીશું નહિ તો તે સૌ મંદિરના ધણી થઈને બેસી જશે. માટે ધ્યાન રાખવા જેવું છે.'

મહારાજ તો અંતર્યામીપણે સઘળી હકીકત જાણતા હતા. પરંતુ બ્રહ્માનંદ સ્વામી માટે આ ખોટી ઉપાધિ ઊભી થઈ હતી તે એમને ટાળવી હતી.[1] એટલે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું: "સ્વામી! બહુ સારા મંદિર થયા. તમે તો તમારું તમામ કલા કૌશલ્ય આ મંદિર નિર્માણ કરવામાં વાપરી દીધું, બહુ જ ભક્તિભાવથી કાર્ય કર્યું, પરંતુ તમારા જેવા વિદ્વાન કવિરાજ આવા વ્યવહાર કાર્યમાં જ જો પ્રવૃત્ત બની રહે તો પછી સંપ્રદાયની પુષ્ટિ જે સત્સંગ સાહિત્યથી થવી જોઈએ એ અટકી જાય. અમારા સ્વરૂપના, મહિમાના, ભક્તિનાં જે પદ તમે રચતા હતા તે કામ કેટલાય વખતથી બંધ થઈ ગયું છે. મંદિરથી કીર્તન અધિક છે.[2] ભગવાનની મૂર્તિની શોભા અને ચરિત્ર તમે કીર્તનમાં એવા ગાતા કે સાંભળનારના અંતરમાં મૂર્તિ ચોંટી જાય! માટે હવે તમે આ બધો કારભાર છોડી અમારી સાથે ગઢડા ચાલો ને સુખેથી ભગવાન ભજી અમારા ગુણાનુવાદ ગાઓ." આમ કહી મહારાજે વડતાલ મંદિરનો બધો કારભાર સ. ગુ. અક્ષરાનંદ સ્વામીને ત્યાંના મહંત નીમીને સોંપ્યો.[3]

---

૧. ભક્તચિંતામણિમાં સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામી આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખે છે:

**'આવી'તી બ્રહ્માનંદને ભાગ્ય, તે ઉપાધિનો કરાવ્યો ત્યાગ;**
**એવે સમાંમાં વિઘ્ન ટાળી, નિજ સમીપની સેવા આપી.'**

૨. શ્રીહરિચરિત્રામૃતસાગર : (પૂર ૨૮: તરંગ, ૭૦)

૩. શ્રીહરિચરિત્રામૃત સાગરમાં એવો ઉલ્લેખ છે કે આ પ્રસંગે મહારાજે વડતાલ મંદિરના મહંત સ. ગુ. આનંદાનંદ સ્વામીને બનાવ્યા હતા. (પૂર ૨૮; તરંગ ૭૦)

બ્રહ્માનંદ સ્વામી મહારાજનો હેતુ સમજી ગયા. એમને થયું, મહારાજ મારું કેટલું ધ્યાન રાખે છે! મા દીકરાની સંભાળ રાખે એમ મહારાજ મારા કલ્યાણની માવજત કરે છે.

આ પ્રસંગે સ્વામીને વર્ષો પહેલાંની એક વાત યાદ આવી ગઈ. પોતે લાડુદાનમાંથી નવેસવા સાધુ બન્યા હતા. એ અરસામાં એમના પૂર્વાશ્રમના મા-બાપ એમને સમજાવી ઘેર લઈ જવા ગઢપુર આવ્યા હતા. ત્યારે પોતે તેમને ઘેર જવાની સ્પષ્ટ ના પાડતાં એમની માતા છાતીફાટ રડેલાં. મહારાજે એ પ્રસંગે સભામાં એમના માતુશ્રી લાલુબાને આશ્વાસન આપતાં કહેલું: "લાલુબા! અમે તમારા દીકરાની મા બની એમની સંભાળ લઈશું અને એમને કોઈ રીતે કષ્ટ પડવા નહિ દઈએ." આજે મહારાજ એમનું એ વચન સત્ય કરી રહ્યા હતા. બ્રહ્મમુનિની આંખોમાં મહારાજની આ કરુણાને કારણે આંસુ આવી ગયાં. એમનું અંતર પોકારી ઊઠ્યું: 'મહારાજ! માવડીની જેમ આપે મારી સંભાળ ન લીધી હોત તો આ વ્યવહારમાં હું ક્યાંયે ખોવાઈ જાત!'

મહારાજની પાસે ઊભા ઊભા બ્રહ્મમુનિ કરુણાકરની કરુણાનો તાગ કાઢવા મથતા હતા ત્યાં તો મહારાજનો મધુર સ્વર સંભળાતાં એ વિચાર તંદ્રમાંથી જાગી ગયા. આગળની વાતના અનુસંધાનમાં એમણે તરત મહારાજને કહ્યું: 'ભલે મહારાજ! મારે તો આપની આજ્ઞા એ જ જીવન છે. હું આપની મૂર્તિ સિવાય બીજે ક્યાંયે બંધાવા ઇચ્છતો નથી. મારી ઝોળી મેં તૈયાર જ રાખી છે.' મહારાજ તેમની સરળતાથી, આજ્ઞા પાળવાની તત્પરતાથી ખૂબ પ્રસન્ન થયા.*

બીજે દિવસે વડતાલથી મહારાજ સાથે સંઘમાં બ્રહ્મમુનિ પણ ગઢડા જવા નીકળ્યા. રસ્તામાં સીંજીવાડે રાત રોકાયા. બીજે

* શ્રી બ્રહ્મસંહિતા- સં. રાજકવિ માવદાન.

દિવસે પ્રાતઃકાળે નિત્ય વિધિ પતાવી સ્વામી અંતરમાં મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા બેઠા. પરંતુ અફસોસ! સંકલ્પમાત્રથી જે મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી તેની ઝાંખી પણ આજે આટલા પ્રયત્ને દુર્લભ થઈ. બ્રહ્મમુનિ મુંઝાયા. એમને થયું, મારી સાધુતામાં કંઈ ખામી આવી, મહારાજની કોઈ આજ્ઞા લોપાઈ કે થયું શું? વિચારને અંતે એમને સમજાયું કે અહંમમત્વથી કરેલું વ્યવહારનું પ્રત્યેક કાર્ય વિક્ષેપકારક છે, પછી ભલેને એ મંદિરનું જ કામ હોય! જે અંતરમાં મહારાજ રહેતા હોય એમાં પણ વ્યવહાર પ્રત્યેનું મમત્વ એક પ્રકારનો અંતરાય ઊભો કરે છે. સ્વામીનાં નેત્રો સજળ થયાં, હૃદય ભરાઈ આવ્યું. પશ્ચાત્તાપનાં આંસુએ અંતરની સિતારી ઝણઝણાવી મૂકી. એમના આર્તનાદને પ્રાતઃાળને અનુરૂપ પ્રભાતી પદમાં એમણે મુખરિત કર્યો.

**'અધમ ઉદ્ધારણ અવિનાશી, તારા બિરદની બલિહારી રે;**
**ગ્રહી બાંહ્ય છોડો નહિ હરિવર, અવિચળ ટેક તમારી રે.'**

આંખમાંથી અશ્રુધારા અવિરતપણે વહે જતી હતી, પશ્ચાત્તાપના એ આંસુમાં અંતરનો વિક્ષેપ પણ વહી ગયો. ચિત્ત નિર્મળ થતાં ધીરે ધીરે એમાં પ્રકાશ ફેલાતો ગયો. સ્વામીનું કવિહૃદય દીનભાવે પ્રેમાસ્પદ પ્રભુને પ્રાર્થી રહ્યું. મહારાજને એમની અવિચળ ટેકની યાદ અપાવી, બ્રહ્માનંદ સ્વામી પ્રેમ પ્રસાદની યાચના કરતા આગળ ગાવા લાગ્યાઃ

**'ભરી સભામાં શ્રીહરિજી તમે, થયા છો માડી મારી રે;**
**બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે.'**

જેમ જેમ સ્વામી આ પદ ગાતા ગયા તેમ તેમ અંતરમાં આનંદ ને પ્રકાશ આવિષ્કાર પામતા ગયા ને અંતે—

**'બ્રહ્માનંદની એ જ વિનંતી, મન ધારીએ સુખકારી રે,**
**પ્રીત સહિત દર્શન પરસાદી, જોયે સાંજ સવારી રે.'**

આ છેલ્લા ચરણના આલાપ સાથે શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિનાં દર્શન અંતઃકરણમાં થવા લાગ્યાં. સ્વામીના આનંદનો પાર ન રહ્યો. આંખો ખોલી તો એમનું કીર્તન સાંભળીને પ્રાતઃકાળે ઊઠીને મહારાજ એમની સામે આવીને બેઠા હતા. મહારાજને જોતાં જ સ્વામી ઊભા થઈ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. મહારાજે બહુ હેતપૂર્વક સ્વામીની આંખોનાં આંસુ લૂછ્યાં ને પછી પ્રગાઢ આલિંગન આપી અત્યંત પ્રસન્નતા બતાવી.

કાવ્યકૃતિ :

**અધમ ઉદ્ધારણ અવિનાશી, તારા બિરદની બલિહારી રે;**
**ગ્રહી બાંહ્ય છોડો નહિ હરિવર, અવિચળ ટેક તમારી રે. ટેક**
**ભરી સભામાં શ્રીહરિજી તમે, થયા છો માડી મારી રે;**
**બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે.અ૦૧**
**જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;**
**પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુવોને વિચારી રે.અ૦૨**
**અનળ અહિ જો ગ્રહે અજાણે, તો છોડાવે રોવારી રે;**
**બાળકને જનુની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે.અ૦૩**
**બ્રહ્માનંદની એ જ વિનંતી, મન ધારીએ સુખકારી રે;**
**પ્રીત સહિત દર્શન પરસાદી, જોયે સાંજ સવારી રે.અ૦૪**

આસ્વાદ :

સંતકવિ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીની કવિતામાં બ્રહ્મબોલના પડછંદા અને પ્રેમભક્તિની મધુરતા છે. એમનું કવન ઇયત્તા તથા ગુણવત્તા બન્ને દૃષ્ટિએ મહત્ત્વનું છે.

અંતરમાં અખંડ જેના સ્વરૂપની ધારણા અનાયાસે થતી હોય એ સ્વરૂપની અચાનક ઝાંખી પણ દુર્લભ બને ત્યારે દર્શન પિપાસુ ભક્તની અંતર-વેદના રડી ઊઠે છે. એ રૂદનમાં વિનંતી

છે, પ્રાર્થના છે, યાચના છે!

ભગવાન શ્રી સ્વામિનારાયણ અધમ ઉદ્ધારણ અવિનાશી અવતારી પુરુષ છે. જે કોઈ શરણે આવે તેના યોગક્ષેમનું એ વહન કરે છે. ભગવાન એકવાર જેનો હાથ પકડે છે તેને પછી ક્યારેય છોડતા નથી. કવિએ અહીં એક ઐતિહાસિક સંદર્ભ આપ્યો છે:

**'ભરી સભામાં શ્રીહરિજી તમે, થયા છો માડી મારી રે;**
**બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે....'**

જ્યારે બ્રહ્માનંદ સ્વામીએ ઘરબાર, મા-બાપ, ભાઈ-બહેન વગેરેને છોડી ગઢડામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારેલું ત્યારે ભગવાનશ્રીએ પુત્રવિયોગે વ્યથિત બનેલ બ્રહ્માનંદજીની માતાને હૈયાધારણા આપેલી કે "લાલુબા! તમારા પુત્રની હું માતાની જેમ સંભાળ રાખીશ."

એ પ્રસંગની યાદ અપાવીને કવિ શ્રીહરિ પાસે માતાતુલ્ય વાત્સલ્યની અપેક્ષા કરે છે અને એ રીતે પોતાના અવગુણની ક્ષમા -યાચના પણ માગી લે છે.

મીરાંનું ભજન 'હરિ મેરે અવગુણ ચિત્ત ન ધરો' જેવો જ ભાવ અહીં કવિને અભિમત છે.

માતાને મન પોતાનું બાળક ગમે તેવું હોય તો પણ અત્યંત વહાલું હોય છે. બાળકના ગુણ-અવગુણ સામે મા ક્યારેય જોતી નથી. જો કે કવિ તો એથી ય આગળ વધીને એમ પણ કહે છે:


**'પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુવોને વિચારી રે.'**

પડ્યું પાનું નિભાવવાની હદ સુધી એ પ્રભુને યાચે છે.

ત્રીજા અંતરામાં કવિ બહુ સુંદર રૂપક રચે છે. માતા જેમ પોતાના બાળકને એ અજાણ્યે સાપ પકડે કે અગ્નિમાં હાથ નાખે ત્યારે રડાવીને પણ એનાથી બચાવે છે એમ ભગવાન પણ પોતાના

આશ્રિતને આધિ, વ્યાધિ ને ઉપાધિના ત્રિવિધ તાપથી, અનિષ્ટથી કે પાપથી હંમેશાં ઉગારી લે છે. બાળક માટે માતા સમાન જગતમાં બીજું કોઈ હિતકારી નથી એમ ભક્ત માટે ભગવાન સિવાય જગમાં બીજું કોઈ હિતકારી નથી. કવિને આવા હિતકારી પ્રભુ ભેટી ગયા પછી બીજા કશાયની અપેક્ષા એ શા માટે રાખે? એમને તો શ્રીહરિનું શિરછત્ર જ પૂરતું છે. શ્રીજીમહારાજની રસિક મૂર્તિનું અહોનિશ દર્શન થયા કરે એ જ એમની અભ્યર્થના છે.

આ સુગેય પદની ભાષા સરળ છે, પણ ભાવાભિવ્યક્તિ અદ્ભુત છે.



ભગવાનના ચરણ ભક્તને દ્વાર એ બહુ મોટી ઘટના છે. એ ચરણની મહત્તા સાત આસમાનની ઊંચાઈને પણ વામણી બનાવે એવી છે. છતાંય જ્યારે અલ્પ એવા આત્માનો પ્રેમ જોઈ પ્રભુ તેના આંગણે પધારે છે ત્યારે ભક્ત ભાવ વિભોર બની દુનિયાને કહે છે કેઃ

'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...'

# ૩૪. આજ મારે ઓરડે રે...

એક દિવસ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી પ્રેમાનંદ સ્વામીને મળવા તેમની ઓરડીએ આવ્યા. પ્રેમાનંદ સ્વામીએ પ્રણામ કરી નિષ્કુળાનંદ સ્વામીને આસન આપી વિનયથી પૂછ્યું: 'સ્વામી! આપની શી સેવા કરું?"

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું: "અરે! હું તો તમારી પ્રેમભક્તિ માણવા આવ્યો છું. શ્રીજીમહારાજ સાથેનું કોઈક સંભારણું અને એવું જ કોઈક પદ સંભળાવો."

પ્રેમસખીએ સ્મૃતિને ઢંઢોળી, જૂના એક સ્મરણને તાજું કરતાં બોલ્યા: "સ્વામી! એકવાર શ્રીહરિ અહીં રાત્રે પધાર્યા હતા."

આ સાંભળતાં જ નિષ્કુળાનંદના મોંમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા: "શું કહો છો? શ્રીહરિ સ્વયં અહીં પધારેલા અને એ પણ રાતે! અહો! ધન્યભાગ્ય તમારા!"

પ્રેમાનંદ સ્વામીએ વાત આગળ વધારી: "સ્વામી! ધન્ય ભાગ્ય તો આપણાં સૌનાં છે જ, નહિ તો આ સર્વોપરી મૂર્તિ ક્યાંથી મળે? પરંતુ અફસોસ એ હતો કે એ અધરાતે મહારાજ અહીં આવેલા, પણ હું કીર્તન ગાવામાં એવો તલ્લીન થઈ ગયેલો કે મને ખ્યાલ જ ન રહ્યો કે શ્રીહરિ આખી રાત બહાર ઊભા ઊભા સાંભળતા હતા. સવારે મને ખબર પડી ત્યારે મનમાં ઘણી ભોંઠપ થઈ, પણ શું કરું? અપરાધ થઈ ગયો. પ્રભુ મારે ઓરડે આવ્યા ને હું કાંઈ સ્વાગત ન કરી શક્યો, પૂજા અર્ચન ન કરી શક્યો. એ વાતનો મનમાં વસવસો રહ્યા કરતો હતો. પરંતુ સ્વામી! મહારાજ તો અંતર્યામી છે ને? મારા અંતરની

અભિલાષાને તે પિછાની ગયા ને એક દિવસ ફરી જ્યાં ઓરડી બહાર જોઉં છું ત્યાં શ્રીહરિ સામે ચાલીને ઓરડીએ પધારતા હતા. તરત જ મારા મુખમાંથી હર્ષમાં ને હર્ષમાં ઉદ્‌ગાર નીકળી પડ્યા:

**'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...'**

આવાં બે પદ લખી નાખ્યાં પછી ઠાકોરજીનો પ્રસાદ લેવા બેઠો. પાછા આવીને જોયું તો બીજાં બે પદ મહારાજે લખી નાંખેલાં, તે પદ આ છે સાંભળો-

**'બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;**
**મારે એક વારતા રે સૌને સંભળાવ્યાનું છે મન...'**

મારા રચાયેલા પદના જ ઢાળમાં શ્રીજીમહારાજે પણ બે પદ રચ્યાં. આ વાત મેં કોઈને કહી નથી.'

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું: "ઓહોહો સ્વામી! ધન્ય છે તમને ને ધન્ય છે તમારી પ્રેમભક્તિને! આ પદમાં તો શ્રીહરિએ પોતાના સ્વરૂપની, ધામની, શક્તિની વાત સમજાવી છે અને વધુમાં વધુ અવતારના કારણ અવતારી પોતે જ છે એમ પણ સમજાવી દીધું છે!" પ્રેમસખી તો આ સાંભળતાં જ પ્રભુના સ્વરૂપમાં લીન થઈ ગયા. શ્રીજીનાં લીલા ચરિત્રો સંભારતાં ને સાંભળતાં તેમના રૂંવાડે રૂંવાડે રોમાંચ વ્યાપી જતો ને પ્રેમભાવમાં શ્રીજીસ્વરૂપમાં એવા તો લીન થઈ જતા કે દેહ, સ્થાન, સમય કે દેશકાળનું પણ ભાન તેમને રહેતું નહિ.

કાવ્યકૃતિ : (રાગ: ગરબી)

**પદ ૧**

**આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;**
**બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ. ૧**
**નીરખ્યા નેણાં ભરી રે, હરિવર સુંદર શ્રી ઘનશ્યામ;**

શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ. ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતાં રે, અંગે સજિયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોવા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાધ્યું મોળિડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

પદ ૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સનેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંહ્યે કપૂરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર. ૫

હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગ્યા અગણિત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

## પદ ૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સહુને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું ના તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સહુ નરનારી;
મેં તો તમ આગળ રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮

હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

### પદ ૪

વળી સૌ સાંભળો રે, મારી વારતા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સૌ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, કીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતાં શોભે હરિવરવેશ. ૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદકંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદે થયા રે, કળિમાં કરવા જનનાં કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

આસ્વાદ :

આ પદની પ્રસ્તુત ચોસરમાં પ્રેમાનંદ સ્વામી તેમના અન્ય પદની જેમ પદલાલિત્ય તેમજ પ્રેમભક્તિનું માધુર્ય

યથાવત્ સાચવે છે. શ્રીહરિને પોતાના આસને* પધારતા જોઈને પ્રેમસખીના પ્રેમોત્કટ હૈયામાં ભાવાવેગની જે ભરતી ઊમટે છે તેને પોતે ખાળી નહિ શકવાથી એમની પ્રેમોન્મત્ત થયેલી વાણી વૈખરીમાં વ્યક્ત થઈ જાય છે, ત્યારે એ અનાયાસે ગાઈ ઊઠે છે–

**'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ'**

અહીં શ્રી સહજાનંદ સ્વામીના દર્શનમાત્રથી જાગૃત થતાં વિવિધ ભાવ સંવેદનો ખૂબ સુંદર રીતે વ્યક્ત થયાં છે.

પ્રાણ પિયુ શ્રી સહજાનંદ સ્વામીની અલૌકિક રૂપમાધુરી પર પ્રેમાનંદના પ્રાણ વારી ગયા છે, તેથી જ 'હરિવર સુંદર શ્રી ઘનશ્યામ'ને એ માત્ર જોતા નથી, આંખો દ્વારા પીએ છે. 'નીરખ્યાં નેણાં ભરી રે' અને પીએ છે પણ કેટલાં? આંખો ભરી ભરી ને! શ્રીહરિ તો શોભાનો સાગર છે, એમના અલૌકિક રૂપસૌંદર્ય પાસે તો કરોડો કામદેવ પણ વામણાં લાગે! કવિનું હૃદય સહેજે જ શ્રી સહજાનંદ સ્વામીના રૂપલાવણ્યમાં આકર્ષાય છે અને એ વિવિધ રાગાત્મક ભાવસંવેદનો વ્યક્ત કરે છે. એ સર્વે આધ્યાત્મિક હોવા છતાં, લૌકિક દૃષ્ટિએ માનવસહજ અને સ્વાભાવિક લાગે છે.

**'ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;**
**લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર.'**

જાતે ગૂંથેલો ગુલાબનો હાર શ્રીહરિને પહેરાવી એમના વારણાં લઈ પ્રેમસખી શ્રીચરણમાં વારંવાર પ્રણામ કરે છે. કવિની દાસ્યભક્તિનો ઉત્તમ ઉન્મેષ અહીં અભિવ્યક્ત થાય છે. શ્રીહરિની પ્રેમભરી આગતા સ્વાગતા કરી પ્રેમાનંદ સ્વામી પ્રભુને કુશળ સમાચાર પૂછે છે:

* સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુની રહેવાની જગ્યાને 'આસન' કહે છે.

**'કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર'**

મહારાજ તો પ્રેમીભક્તનો ભાવભક્તિભર્યો હૃદયઉન્માદ જોઈ પ્રેમપૂર્વક તેમને આલિંગન આપી આસન ગ્રહણ કરે છે. મહારાજની સામે એમના ચરણમાં બેસીને કવિ શ્રીજીની મૂર્તિને–એમના રસશૃંગારને અંતરની આંખેથી નિહાળીને એનું માહાત્મ્યપૂર્ણ સૂક્ષ્મ વર્ણન કરે છે.

પ્રેમસખીની ભક્તિમાં માહાત્મ્ય અને જ્ઞાનનો અદ્‌ભુત સમન્વય સધાયો છે. શ્રીહરિના અનુપમ રૂપસૌંદર્યને નિહાળીને એ એમાં ફક્ત મગ્ન થઈને વિરમી નથી જતા, એ અલૌકિક દર્શનનો મહિમા તે યથાર્થ સમજે છે અને ધન્યતાપૂર્વક એને ગાય પણ છે :

**'સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય...'**

કવિમાં માહાત્મ્યાસક્તિ પૂર્ણપણે વિકાસ પામી છે, પણ તે એકલી ગુણયુક્ત નથી. એમાં શક્તિ, પરમ ઐશ્વર્ય, સ્વરૂપનિષ્ઠા વગેરે ભળે છે. પ્રગટ પરમાત્મા સ્વામિનારાયણના અલૌકિક ઐશ્વર્યયુક્ત અપાર મહિમાગાનમાં કવિની જ્ઞાનાસક્તિની ઝલક ઝાંખી પડતી નથી.* પદનું સમાપન પણ કવિ કૃતજ્ઞતાના ભાવ સાથે જ કરે છે:

**'પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ...'**

બીજા પદનો પ્રારંભ કવિ 'સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ....' એમ કહીને શ્રીહરિની દિવ્ય મૂર્તિની શૃંગાર શોભાના વધુ રસમય વર્ણનથી કરે છે.

શ્રીજીમહારાજની મૂર્તિનું અનુસંધાન થતાં પ્રેમસખીના અંતરમાં સ્નેહભાવની ભરતી આવે છે. આ પ્રકારનાં પ્રણયસંવેદનોની તીવ્ર અનુભૂતિ કવિની ભક્તિ સાધનાના મૂળમાં રહેલી છે. તેથી જ એમનાં કાવ્યોમાં ભક્તિભાવભીનાં

---

* પ્રેમસખી પ્રેમાનંદ– ડૉ. હરિપ્રસાદ ઠક્કર

પ્રણયસ્પંદનોની વ્યંજના ઝિલાઈ છે.

**'જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર....'**

પ્રેમસખીએ અંતરની આંખે શ્રીજીને જેવા નીરખ્યા હતા તેવા જ પ્રામાણિકપણે વર્ણવ્યા છે.

શ્રીજીમહારાજે કંઠમાં બરાસ કપૂરના સુગંધીદાર હાર પહેર્યા છે, પાઘમાં તોરા ખોસ્યા છે, બન્ને હાથે કપૂર સુશોભિત બેરખા ને કડાં પહેર્યાં છે. શ્રીહરિનાં સર્વે અંગમાંથી અત્તરની મદમસ્ત ફોરમ ફૂટી રહી છે. એમના આ અદ્‌ભુત શણગાર ને શોભા જોઈને સર્વેના ચિત્ત એમના અલૌકિક સ્વરૂપમાં ચોંટી જાય છે.

**'હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;**
**રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ...'**

મહારાજ તો કરુણાનિધાન છે, એમની પ્રત્યેક ચેષ્ટા જેવી કે એમનું હસવું, બોલવું, એમનાં લટકાં– બધું જ પ્રેમી ભક્તોના સુખ આનંદ માટે જ હોય છે!

કવિ કહે છે કે એ રસરૂપ મૂર્તિને મારે કેટકેટલી ઉપમાઓ દેવી? હું તો ઠીક, શેષજી પણ એનો પાર પામી શકે તેમ નથી. રસરાજ શૃંગાર જાણે સ્વયં મૂર્તિમાન આવ્યો હોય એમ કવિને મહારાજની મૂર્તિ નીરખીને લાગે છે.

**'ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસશૃંગાર...'**

આ પદમાં કવિની પ્રણયોર્મિનાં સ્પંદનો તથા શ્રીહરિના રસશૃંગારનાં વિવિધ ભાવચિત્રો ખૂબ માર્મિક અને સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે આલેખાયાં છે. કવિની અદ્‌ભુત ભાવાલેખન શક્તિનો અહીં પરચો મળે છે.

અહીં પ્રેમસખી શ્રીહરિના રૂપ-શણગારના રસિક રૂપનિરૂપણમાં એવા ખોવાઈ જાય છે કે આગળ એમની વાચા મૌનના મહાસાગરમાં વિલીન થઈ જાય છે. પ્રભુની મૂર્તિમાં ભળી

ગયા પછી ભક્ત રહે છે જ ક્યાં? પછી તો ભક્ત દ્વારા ભગવાન જ બોલે છે, ભગવાન જ લખે છે, એની સર્વ ક્રિયાઓનો દોરીસંચાર પછી તો પ્રભુ જ કરે છે. પ્રેમાનંદ તો મહારાજની મૂર્તિમાં રસબસ થઈ ગયા, પછી એમના દ્વારા જે બોલે છે, લખે છે તે બીજું કોઈ નહિ પણ સ્વયં મહારાજ જ છે! એટલે જ ત્રીજા પદની શરૂઆત આ પ્રમાણે થઈ છે-

**'બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન...'**

હવે શ્રીહરિ સ્વયં એક મૂળભૂત વાત સર્વે સંતહરિભક્તોને સમજાવે છે:

**'મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુક્ત;**
**સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત...'**

'હે ભક્તો! મારી મૂર્તિ અને મારી મૂર્તિના સંબંધે કરીને મારા લોક, ભોગ ને મુક્ત સર્વે દિવ્ય છે. સર્વ સામર્થી, શક્તિ અને ગુણેયુક્ત મારું ધામ છે, જેનું નામ અક્ષરધામ છે! અસંખ્ય સૂર્યચંદ્ર જેના તેજ પાસે ઝંખવાય એવું એ તેજોમય છે, એ શીતળ સૌમ્ય તેજ અનુપમ છે. એવા દિવ્ય તેજોમય અક્ષરધામમાં હું સદાય સાકાર દ્વિભુજ સ્વરૂપે રહું છું. મારા દર્શન દેવોને પણ દુર્લભ છે. મારો મહિમા અપાર છે. જીવ, ઈશ્વર, માયા, કાળ, પ્રધાન પુરુષ સહુ મારે વશ વર્તે છે અને એ સહુનો પ્રેરક ભગવાન હું જ છું! અગણિત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય મારી પ્રેરણાને કારણે જ થાય છે.* મારી મરજી સિવાય અનંત

* "અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે, ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે, પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષરૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે.... પછી તે પ્રકૃતિ પુરુષથકી પ્રધાનપુરુષ થયા ને તે પ્રધાનપુરુષ થકી મહતત્ત્વ થયું, ને મહતત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર થયો." આ રીતે સર્વના કારણ ભગવાન સ્વામિનારાયણ છે. વચનામૃત- (ગઢડા પ્ર. પ્ર. ૪૧)

બ્રહ્માંડોમાં કોઈથી કાંઈ ન થઈ શકે. આ સત્ય રહસ્ય મેં તમારી પાસે મૂક્યું છે એ સમજજો અને એટલું તો નિશ્ચે સ્વીકારજો કે હું તમારા બધા માટે જ આ લોકમાં મનુષ્ય દેહ ધરીને આવ્યો છું! ભક્તને સુખદુઃખ આવે છે તે પરમાત્માની ઇચ્છાએ આવે છે, કારણ કે કાળ, કર્મ ને માયા તો શ્રીહરિને વશ વર્તે છે. ભગવાનને જ સર્વ કર્તાહર્તા જાણનાર દૃઢ નિશ્ચયી ભક્તને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ ચાલતો નથી.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણચંદ્રે અર્જુનને કહ્યું છે કે 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરી મારે એકને શરણે આવ, હું તને સર્વ પાપ થકી મુકાવીશ.' આવું જ અભય વરદાન ભગવાન શ્રી સ્વામિનારાયણ ચોથા પદમાં આપતા કહે છે:

**'વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;**
**પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ...'**

આત્યંતિક મોક્ષનું હાર્દ સમજાવતો આ હિતકારી સુખરૂપ સિદ્ધાંત સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપ છે. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયનું હાર્દ આ સિદ્ધાંતમાં સમાયેલું છે. શ્રીહરિ આટલી પ્રસ્તાવના કરી આગળ કહે છે:

**'સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;**
**તો મને સેવજો રે, તમે શુદ્ધભાવે થઈ નિષ્કામ.'**

શુદ્ધભાવે અર્થાત્ બ્રહ્મરૂપની ભાવના કરીને પ્રભુ પ્રસન્નતા સિવાય અન્ય કામના રહિત નિષ્કામ ભક્તિ જ મોક્ષદાયી છે. ભક્તિ પણ વૈરાગ્યથી પરિપુષ્ટ થાય છે, તેથી શ્રીહરિ આગળ કહે છે:

**'સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ;**
**તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ.'**

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ માયિક પંચવિષયમાં

અનાસક્તિયોગ કેળવવો અને સ્નેહી-સ્વજનોમાંથી આસક્તિ તોડી પરમાત્મામાં જ પ્રીતિ જોડી દેવી તે જ સાચો વૈરાગ્ય છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે કેઃ 'જે પુરુષની ઇંદ્રિયો શબ્દાદિક વિષયમાં આસક્ત હોય તે પુરુષ ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહિ.*

ભગવાન સ્વામિનારાયણ સિવાય જગતના સર્વ આકારો માયિક ને મિથ્યા છે, એવી સમજણ કેળવી એ સર્વમાંથી આસક્તિ તોડી સમજણેયુક્ત વૈરાગ્ય કેળવી, શ્રીજીમહારાજે બાંધેલી જે ધર્મમર્યાદા, એકાદશ નિયમાદિ પાળવાં અને એકમાત્ર સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની જ ભક્તિ કરવી એ જ સાચી ભક્તિ છે. તેથી જ શ્રીહરિ અંતે આશીર્વચન દેતાં કહે છે કેઃ

**'સૌ તમે પાળજો રે, સર્વે દઢ કરી મારા નેમ,**
**તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ.'**

'સંત હરિભક્તને રે દીધો શિક્ષાનો ઉપદેશ'– આ ઉપદેશ દેવાની શ્રીહરિની રીત નિરાળી છે. તેથી જ પ્રેમસખી શ્રીહરિની અમૃતવાણીને શશીયરની અમીવર્ષા સાથે સરખાવે છે. અંતમાં પદનો મહિમા સ્થાપતાં કવિ કહે છેઃ

**'આ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;**
**પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર.'**

સંપ્રદાયના નિત્ય નિયમમાં આ ચોસરનાં ચારે પદોનો સમાવેશ વિશેષ પ્રકારે કરાયો છે અને સર્વે સત્સંગીઓના ઘરમાં પણ આ પદો ખૂબ ભાવપૂર્વક ગવાય છે.

---

* શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો (ટિપ્પણી સહિત)- શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન પ્રકાશિત, પૃષ્ઠ-૧૬૧, વાત ૩૨૮.

## ૩૫. પ્રાણ સનેહી ઘરું આવો અબ પિયરા...

'અરે! આજે આવી નિરવ શાંતિ કેમ છે દરબારમાં? બધા કેમ ઉદાસ દેખાય છે? મહારાજ ક્યાં છે?' ગઢડા આવેલા એક હરિભક્તે દાદાના દરબારનું ગમગીન વાતાવરણ જોઈ પાસે ઊભેલા એક હરિભક્તને આશ્ચર્યવત્ પૂછ્યું. પેલા ભક્તે ઊંડો નિશ્વાસ નાખી ધીરે સાદે કહ્યું: 'ખબર નહિ કેમ. શ્રીજીમહારાજ આજે બહુ ઉદાસ થઈ ગયા છે! કાંઈ જમતા નથી, પીતા નથી ને કોઈ સાથે બોલતા પણ નથી. સર્વેનાં અંતર પડીકે બંધાણાં છે!'

સં. ૧૮૮૬ના પોષ સુદ બીજથી મહારાજે ગઢડામાં મંદવાડ ગ્રહણ કર્યો ને દરેક વસ્તુમાંથી વૃત્તિ પાછી ખેંચી લીધી. મહારાજે ઉદાસીનતા ગ્રહણ કરી ખાવા પીવાનું ઓછું કરી નાખ્યું. શરીર સુકાતું ચાલ્યું. સર્વે સંત હરિભક્તોના મનમાં ચિંતા પેઠી. મહારાજ ગઢડાથી બહાર ક્યાંય જતા નહિ. રાત દિવસ અક્ષર ઓરડીમાં ઢોલિયા પર માથે ચાદર ઓઢીને મહારાજ સૂઈ રહેતા. સ. ગુ. નિત્યાનંદ સ્વામીની દેખરેખ નીચે ત્રીસ સાધુ દિવસના અને ત્રીસ સાધુ રાતના ખડે પગે મહારાજની સેવામાં રહેતા.

એ વખતે સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ હતા, મહારાજે એમને ત્યાંથી ગઢડા બોલાવ્યા. જૂનાગઢથી ગઢડા આવી બ્રહ્મમુનિ સીધા અક્ષર ઓરડીમાં મહારાજ પાસે આવ્યા. મહારાજને ચરણ સ્પર્શ કરી સ્વામી ભેટ્યા. મહારાજનું શરીર અત્યંત કૃશ થઈ ગયેલું, એ જોઈ સ્વામી પોક મૂકીને રડી પડ્યા અને નીચે બેસી ગયા. બ્રહ્મમુનિના માથે હાથ ફેરવતાં મહારાજે કહ્યું: "સ્વામી! આ શોક શા માટે? અમને તમે કેવા જાણો છો? અમારે ક્યાં આવવું

ને જવું છે? અમે તો સત્સંગમાં સદાય પ્રગટ જ છીએ અને રહીશું!" મહારાજે સ્વામીને ઉઠાડ્યા ને ફરી ખૂબ પ્રેમથી ભેટ્યા. શ્રીહરિના દિવ્ય સ્પર્શથી સ્વામીનો સઘળો શોક દૂર થઈ ગયો અને એ સ્વસ્થ થઈ ગયા. એ દિવસથી બ્રહ્મમુનિ શ્રીજીમહારાજની અંગત તહેનાતમાં રહેવા લાગ્યા.

મહારાજે ધીરે ધીરે પોતાની માંદગીને ગંભીર સ્વરૂપ દેવા માંડ્યું. શરીરમાં ખૂબ જ અશક્તિ આવી ગઈ હતી. તેથી દેહક્રિયા પણ સેવા કરનારા સંતોની મદદથી કરી શકતા. અન્ન ઉપર એમને અતિશય અરુચિ થઈ ગઈ હતી. દૂધ અને રાબ પણ સંતોના અતિ આગ્રહ બાદ સહેજ હોઠે અડાડી આપી દેતા. મહારાજની આ લીલા જોઈ સમસ્ત સત્સંગ સમાજમાં એક પ્રકારની ગ્લાનિ વ્યાપી ગઈ હતી. પ્રત્યેક સંત હરિભક્તોનાં અંતર અહોનિશ રડ્યાં કરતાં ને મહારાજ સ્વસ્થ થઈ જાય તે માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કર્યા કરતાં. વૈશાખનો ધોમ ધખતો હતો. અક્ષર ઓરડીની ચારે તરફ ખસની ટટ્ટીઓ બાંધી સંતો એના ઉપર પાણીનો છંટકાવ કર્યા જ કરતા. છતાંય મહારાજ કહેતા 'અમને ખૂબ જ બળતરા થાય છે' સેવામાં રહેલા સંતો મહારાજના આ શબ્દો સાંભળી રડી પડતા. બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તો અખંડ મહારાજની સમીપે જ બેસી રહેતા. મહારાજની આ માનુષી લીલા જોઈ એમનાં નેત્રો વારંવાર સજળ થતાં. શ્રીહરિના વિયોગના વિચારમાત્રથી બ્રહ્માનંદ સ્વામીનું અંતર દ્રવી ઊઠતું. ચોધાર આંસુએ એ મહારાજનાં ચરણ પકડી ગાતા– 'હાં રે નહિ મેલું મારા નેણાંની આગેથી નહિ મેલું.' કવિની આવી અપ્રતિમ પ્રીતિ જોઈને મહારાજ ઢોલિયામાં બેઠા થઈ સ્વામીને પોતાની પાસે બેસાડી આશ્વાસન આપતા કે "સ્વામી! ધીરજ ધરો, અમે હમણાં ધામમાં નહિ જઈએ."

મહારાજને થયું કે જો બ્રહ્માનંદ સ્વામી અહીં હાજર હશે તો અમને ધામમાં નહિ જવા દે. તેથી એમની પ્રેરણાથી થોડા દિવસ થયા હશે ત્યાં તો જૂનાગઢથી સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીનો પત્ર આવ્યો કે 'સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને અહીં તરત જ મોકલશો. એમના વિના અહીં મંદિરનું બાંધકામ પૂરું થાય એમ નથી.' એ પત્ર વંચાવી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું: "સ્વામી! તમે આ પ્રસંગે જૂનાગઢ જરૂર જાઓ. નહિ તો મંદિર અધૂરું રહેશે."

મહારાજની આ આજ્ઞા સાંભળી બ્રહ્માનંદ સ્વામીને જાણે વીજળી પડી હોય તેવો આંચકો લાગ્યો. એ વિચારમાં પડી ગયા, મહારાજને આ સ્થિતિમાં મૂકીને કેમ જવાય? પણ ન જાઉં તો એમની આજ્ઞા લોપાય! મહારાજે લગભગ બે માસ સુધી એમને પોતાની અંગત સેવામાં રાખ્યા હતા. અત્યંત પ્રસન્નતા બતાવી વારંવાર મહારાજ પોતાનો પ્રસાદીનો થાળ એમને આપતા, હેતપૂર્વક આલિંગન આપતા અને એકાંતે અનેક મર્મની વાતો પણ કરતા. આટલું બધું સુખ બે મહિના સુધી મહારાજે આપ્યું અને હવે એમની આજ્ઞા ન પળાય તો મહારાજની પ્રસન્નતા ન રહે! આમ વિચાર કરતા સ્વામી એમના ઉતારે આવ્યા, ખૂબ મનોમંથનને અંતે એમને એક ઔષધ યાદ આવ્યું.

પોતે જ્યારે જૂનાગઢ મંદિર બંધાવતા હતા ત્યારે એક દિવસ પોતાના શિષ્ય સંતો સાથે દામોદરકુંડ તરફ નહાવા ગયેલા. ત્યાંથી ગીરનાર તરફ વિચરણ કરતા કરતા તેઓ ગીરની એક ઊંડી ખીણમાં પહોંચી ગયા, જ્યાં અનેક પ્રકારની ઔષધ વનસ્પતિઓ એમને જોવા મળી. બ્રહ્માનંદ સ્વામી એક કુશળ વૈદ્ય હતા ને વનસ્પતિના ઉચ્ચકક્ષાના જાણકાર હતા. સંશોધન કરતાં ત્યાંથી એમને સંજીવની ઔષધિ મળી આવેલી, જે એમણે પોતાની

પાસે સાચવી રાખેલી. આજે એ સંજીવની યાદ આવતા એમના અંતરમાં આશાનું કિરણ પ્રગટ્યું. તત્કાળ એ અમોઘ ઔષધિ કાઢી તેની દૂધમાં કાંજી બનાવી એક નાની કટોરીમાં ભરી તેઓ અક્ષર ઓરડીમાં મહારાજ પાસે લાવ્યા. ત્યાં સ. ગુ. મુક્તાનંદ સ્વામી અને મૂળજી બ્રહ્મચારી બેઠા હતા. તેમને સ્વામીએ વાત કરી કે આ કાંજીમાં એવું અમૂલ્ય ઔષધ છે કે ગમે તેવી બિમારી હોય તો પણ આ કાંજી પીવાથી મટી જાય જ! માટે આ ઔષધ મહારાજને પીવડાવીએ તો જલ્દી સાજા થાય.

મુક્તાનંદ સ્વામીએ કાંજીની કટોરી હાથમાં લઈ મહારાજ પાસે જઈ એમને જગાડી પ્રાર્થના કરી કે 'મહારાજ! કૃપા કરીને આમાંથી થોડી કાંજી ગ્રહણ કરો.' મહારાજ તો અંતર્યામી! એ જાણી ગયેલા કે બ્રહ્મમુનિ સંજીવની ઔષધિ નાખીને આ કાંજી બનાવી લાવ્યા છે. મુક્તાનંદ સ્વામીનું વચન રાખવા માટે મહારાજે કટોરી હાથમાં લઈ સહેજ હોઠે અડાડીને ઢોલિયા નીચે પોતાને હાથે મૂકી દીધી અને હોઠને તરત જ રૂમાલથી લૂછી નાખ્યા.* આ જોઈને બ્રહ્માનંદ સ્વામી તો સમજી ગયા કે હવે મહારાજ ઝાઝો વખત નહિ રહે. એમને દિલગીર હૈયે ઊભેલા જોઈને મહારાજે ફરી યાદ કરાવ્યું: "સ્વામી! તમો આજે જ જૂનાગઢ જાઓ." એ દિવસે મહારાજે પોતાનો પ્રસાદીનો થાળ બ્રહ્મમુનિને આપીને જૂનાગઢ જવા માટે વિદાય આપી. મહારાજને દંડવત્ પ્રણામ કરીને સ્વામી ચાલ્યા.

સ્વામી ગઢડાને સીમાડે ગયા ત્યાં હરણ ડાબા ઊતર્યાં, એ જોઈને સ્વામી એમના શિષ્યમંડળને કહે 'પાછા વળો આજે શુકન સારા નથી થાતાં.' સ્વામી પાછા ગઢપુર આવી અક્ષરઓરડીમાં જઈ મહારાજને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. બ્રહ્મમુનિને પાછા

* શ્રી બ્રહ્મસંહિતા (પ્ર. ૫, અ. ૫)

આવેલા જોઈને અશક્ત હોવા છતાં મહારાજ એકદમ ઊભા થઈ ગયા ને સ્વામીને બાથમાં લઈ ખૂબ પ્રેમપૂર્વક છાતી સરસા ચાંપી મળ્યા અને પછી એમને છાતીમાં ચરણાર્વિંદ આપી આશ્વાસન આપતા બોલ્યાઃ 'સ્વામી દિલગીર થાવ મા! અમે તો સદાય તમારા ભેળા જ છીએ. તમો હવે જૂનાગઢ જલ્દી જાઓ.'

બ્રહ્મમુનિની આંખોનાં આંસુ કેમે કરીને નહોતા સુકાતાં! એ ભારે ધર્મસંકટમાં મુકાયા હતા. એક બાજુ શ્રીહરિનો ચિરકાલિન વિયોગ ને બીજી બાજુ શ્રીજીઆજ્ઞા! એમનું અંતર પોકારતું કે પ્રભુ! આ અગ્નિપરીક્ષા રહેવા દો! બ્રહ્માનંદ સ્વામીને સ્વસ્થ કરવા મહારાજે તેમને ગુલાબનો હાર પહેરાવી, પોતાનો પ્રસાદીનો ગૂઢો રેંટો આપી, તેમના માથે પોતાના બન્ને હાથ મૂકીને પછી તેમનો વાંસો થાબડ્યો. આથી સ્વામીને જરા હિંમત આવી. મહારાજને ફરી દંડવત્ પ્રણામ કરી તેમની મૂર્તિને નીરખતા નીરખતા પાછે પગલે ચાલી સ્વામી અક્ષર ઓરડીની બહાર નીકળ્યા ને અક્ષર ઓરડીના આંગણામાં આવી ત્યાંથી ફરી મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. એમનું અંતર કેમે કરીને મહારાજને મૂકીને જવા માટે માનતું નહોતું, પણ શ્રીજીઆજ્ઞાએ એમ કર્યા વગર ચાલે એમ નહોતું. અંતે બ્રહ્માનંદ સ્વામી એમના શિષ્યમંડળ સાથે ભારે હૈયે અને વ્યથિત મને ગઢડા છોડી જૂનાગઢ જવા રવાના થયા.*

સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીના ગયા બાદ લગભગ દશેક દિવસે સં. ૧૮૮૬ના જેઠ મહિનાની શુક્લ પક્ષની દશમને મંગળવારે મધ્યાહ્ન સમયે મહારાજે દેહોત્સવ કર્યો.

સૌ સંતો તથા હરિભક્તોને મહારાજ ધામમાં ગયાના સમાચાર મળતાં જાણે વજ્રાઘાત થયો હોય એવા મહારાજના

* સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી ૧૮૮૬ના જેઠ સુદ ચોથને દિવસે જૂનાગઢ પહોંચ્યા હતા એમ સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખ નોંધે છે.

આ પ્રાણઘાતક વિયોગે સૌનાં અંતર ભાંગી નાખ્યાં. અક્ષર ઓરડી અને દાદાનો દરબાર ભક્તજનોના હૃદયવિદારક રૂદન અને આર્તનાદથી ધ્રૂજી ઊઠ્યા. આખુંય ગઢડું આ અસહ્ય દુઃખના કારમા આઘાતથી ગ્રસ્ત થયેલા ભક્તજનોના છાતીફાટ આક્રંદથી શોકમાં ડૂબી ગયું! સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ સૌને સાંત્વના આપી શાંત કર્યા. લક્ષ્મીવાડીમાં મહારાજના દેહનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યા બાદ સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ ભગુજીને જૂનાગઢ બ્રહ્માનંદ સ્વામીને બોલાવવા માટે મોકલ્યા.

જૂનાગઢમાં બ્રહ્માનંદ સ્વામી મંદિરના ઘુમટ આગળ ધાબામાં કડિયાઓ પાસે કામ કરાવી રહ્યા હતા. એ વખતે એમણે દૂરથી ભગુજીને કાળાં વસ્ત્રોમાં ઊંટ ઉપર આવતા જોયા. એ તરત જ બધું સમજી ગયા ને નીચે ઊતરતાં કડિયાને બૂમ પાડીને કીધું, 'રત્ના! એ પાણો હવે ચોડજે મા, કપટીએ કપટ કર્યું છે.' આંસુ નીગળતે નયને એમણે ભગુજી પાસેથી સર્વે સમાચાર જાણ્યા ને પછી સ્નાન કરી એ દિવસે ઉપવાસ કર્યો. બીજે દિવસે જૂનાગઢના મંદિરની છેલ્લી વિદાય લઈ એ દેવાનંદ સ્વામીની સાથે ગઢપુર તરફ રવાના થયા.

ગઢપુર આવીને બ્રહ્મમુનિ દાદા ખાચરના દરબારમાં સ. ગુ. ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. મુક્તાનંદ સ્વામી તથા સ.ગુ. નિત્યાનંદ સ્વામીને મળ્યા. સજળ નયને સ્વામીએ સદ્‌ગુરુ ગોપાળાનંદ મુનિને આજીજીપૂર્વક કહ્યું: 'સ્વામી! મારા આવતા પહેલાં મારા પ્રાણાધારનાં અગ્નિસંસ્કાર કરી નાંખ્યા તે ઠીક ન કર્યું. હું એમને અક્ષરધામમાંથી પાછા બોલાવીને બેઠા કરત, પણ શરીર ગયા પછી હવે શો ઉપાય?'

યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ એમને શાંત કરતાં કહ્યું: 'સ્વામી! મહારાજ તો સત્સંગમાં સદાય પ્રગટ જ છે.'

પછી સ્વામી અક્ષર ઓરડીમાં ગયા ત્યારે મહારાજ વિના સૂની સૂની અક્ષર ઓરડી જોઈ વિરહાતુર થઈને છાતીફાટ રડ્યા અને પછી ત્યાંથી ચોધાર આંસુએ રડતા રડતા ગોપીનાથજીના મંદિર ઉપર દર્શન કરવા સારુ પગથિયાં ચડવા લાગ્યા. મહારાજના ચિર વિયોગે વ્યાકુળ બનેલું એ સંવેદનશીલ કવિહૃદય મંદિરની રૂપચોકીમાં ગોપીનાથજીની મૂર્તિ આગળ અશ્રુભરી આંખે પ્રગલ્ભસ્વરે ગાઈ ઊઠ્યું:

'પ્રાણ સનેહી ઘરું આવો અબ પિયરા,
હીયરા ધીર ધરત નહિ મેરા'

વિપ્રલંભ વિરહ વિભાવનાના આ પદના કરુણગાન સાથે સૌના આશ્ચર્ય વચ્ચે ગોપીનાથજીની મૂર્તિમાંથી શ્રીજીમહારાજ દિવ્યસ્વરૂપે પ્રગટ થઈને સ્વામીને સામા આવીને ભેટ્યા અને પુષ્પનો સુગંધિત હાર પહેરાવી એમના વિરહતાપને શાંત કર્યો.*

કાવ્યકૃતિ : (રાગઃ પરજ)

પ્રાણ સનેહી ઘરું આવો અબ પિયરા,
હીયરા ધીર ધરત નહિ મેરા. ટેક.
દરસ બિના દિલ દાહ ન બૂઝત,
નહિ સૂજત કછુ કાજ અનેરા. ૧
રસિક પિયા ઘનશ્યામ મનોહર,
રજની દિવસ રહો દગનેરા. ૨
ચાતક નિરંતર ચિત્તમેં,
તલખત નામ રટત હરિ તેરા. ૩
બ્રહ્માનંદ ઉરનેહ વધારન,
ભવજલ તારન હો તુમ બેરા. ૪

* શ્રીહરિચરિત્ર ચિંતામણિ (ભાગ-૨, વાત-૩૨૮).

આસ્વાદ :

સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓમાં બ્રહ્માનંદ સ્વામીનું સ્થાન વિશિષ્ટ છે. શ્રી સહજાનંદ સ્વામીના સંતો સાથેના વાર્તાલાપમાં એકવાર બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું હતુંઃ 'પ્રભો! આમ તો નિર્બળ છું, પરંતુ આપના બળે છંદ, છપ્પયમાં મને કોઈ પહોંચી શકે એમ નથી. મારાં પદોમાં જે પ્રાસ સાથે ઝડઝમક છે, લાલિત્ય છે, તે અન્ય કવિ ન લાવી શકે.' બ્રહ્માનંદ સ્વામીનાં બધાં પદો ગેય હોવાથી એનું સ્વરૂપ સંગીતના સૂર તથા લયથી બંધાયેલું છે. પ્રેમાનંદ સ્વામીનાં પદોની જેમ એમાં રાગવૈવિધ્ય પુષ્કળ પ્રમાણમાં છે અને વિવિધ રાગરાગિણીઓમાં ભાવોન્મેષ સાથે સંગીતનો સમન્વય થયેલો છે.

વિયોગમાં પ્રેમને કારણે ચિત્તની સ્થિતિ અનુરાગમયી બની પૂર્વે માણેલ સંયોગશૃંગારની સ્મૃતિમાં લીન રહે એને વિપ્રલંભ શૃંગારની પ્રેમવૈચિત્ર્યની સ્થિતિ કહે છે. એક રીતે આ પૂર્વાનુરાગ દશા જ છે. વિરહાવસ્થા નિરૂપતા બ્રહ્માનંદ સ્વામીના પ્રસ્તુત પદમાં વિરહનું એક મહત્ત્વપૂર્ણ નિરૂપણ થયેલું છે. કવિની સમગ્ર અક્ષરસાધનાનો વિશેષ વૈભવ વિયોગવ્યંજનામાં અહીં અભિવ્યક્ત થયેલો જોવા મળે છે. તેથી જ એમની આ વિયોગાત્મક કવિતા પ્રણયસાધનાની કવિતા બની છે!

પ્રેમને પુષ્ટ કરનાર વિરહાનુભૂતિ પણ ઈશ્વરભક્તિનું મહત્ત્વનું અંગ મનાય છે. પ્રેમની પૂર્ણતા પ્રાપ્ત કરવા પ્રેમીભક્ત પ્રભુના વિયોગમાં વિરહિણી બનીને એમની પ્રતીક્ષા કરે છે, વિલાપ કરે છે અને હૃદયની તીવ્ર આરજૂથી ઝંખે છે. વિરહાગ્નિમાં તપ્ત બની માનસિક વ્યથા અનુભવતો ભક્ત પરમ વિરહાસક્તિની માર્મિક અનુભૂતિ વ્યક્ત કરે છે. ખરેખર તો પ્રભુપ્રેમની ઉત્કૃષ્ટ સ્થિતિ આવી પરમ વિરહાસક્તિમાં જ અનુભવાય છે, કારણ કે

પરમ વિરહાસક્તિ એ પ્રેમની અંતિમ અને મહત્ત્વની અવસ્થા છે. સાચા પ્રેમની અંતર્ગત વિરહ સદાયે સમાયેલો હોય જ છે!

**'પ્રાણ સનેહી ઘરું આવો અબ પિયરા,**
**હીયરા ધીર ધરત નહિ મેરા;**
**દરસ બિના દિલ દાહ ન બૂઝત,**
**નહિ સૂજત કછુ કાજ અનેરા.'**

બ્રહ્માનંદ સ્વામીનું અંતર આજે પ્રાણપ્યારા પ્રિયતમ શ્રી સહજાનંદ સ્વામીના વિયોગે વ્યાકુળ બન્યું છે. વિરહાસક્તિના અંતિમે એમનો જીવ અધીરો બને છે. પ્રાણેશ્વરનાં દર્શન વિના હવે દિલની દાહ બુઝાય એમ નથી. વ્યથિત હૃદયે કવિને કાંઈ જ સૂઝતું નથી. એથી જ કવિ રસિક પિયા મનોહર મૂર્તિ ઘનશ્યામ પ્રભુને અંતઃકરણપૂર્વક આજીજી કરે છે કે પ્રભુ! આપ અહોનિશ મારી સામે રહો–પ્રત્યક્ષ રહો. મારું આતુર હૈયું ચાતકની જેમ આપનાં દર્શનની આશમાં તલસ્યા કરે છે, તમારા નામની માળા જપ્યા કરે છે. માટે કૃપાળુ! હવે દર્શન દઈ મારા વ્યાકુળ હૃદયને આનંદિત કરો. મહારાજ! આ સંસારસાગર તરવા માટે આપ જ નૈયારૂપ છો. આપના આશ્રય વિના ભવસાગર પાર કરવો દુર્લભ જ નહિ, અશક્ય જ છે!

બ્રહ્મમુનિની પ્રસ્તુત વિરહવિભાવનામાં કરુણાત્મક વિયોગશૃંગારની વ્યાપકતા જોવા મળે છે. પદ ગેયતત્ત્વથી સભર છે.



શ્રીજીમહારાજ સ્વધામ પધારતા, સત્સંગરૂપી વટવૃક્ષને અકાળે પાનખર આવી હોય એવો સર્વને વજ્રાઘાત થયો. છતાંય એ વિરાટ વટવૃક્ષ સર્વ સત્સંગીજનો માટે ઓથ છે. એના થડની ઓથે શ્રીજીનાં સંભારણાં સાથે પ્રેમસખી જ્યારે ભાવલીન બની ગયા ત્યારે અનાયાસે અનરાધાર વહેતાં નયનનીરમાં ભીંજાઈને એમનું ભાવુક હૃદય રડી ઊઠ્યું:

'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'

## ૩૬. સજની શ્રીજી મુજને સાંભર્યા રે....

સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને દિવસે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા. પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યમાં અનિમેષ નેત્રે પ્રભુની રસરૂપ મૂર્તિનો આસ્વાદ જેણે સતત પંદર વર્ષ સુધી રસ-લોભી ભ્રમરની પેઠે અનન્યભાવે માણ્યો હોય એ પ્રેમસખી પછી એ રસિક પ્રિયતમ વિના કેવી રીતે રહી શકે? પ્રભુના ચીરકાલિન વિયોગમાં વિરહાકુળ પ્રેમાનંદ સજળનેત્રે શ્રીજીને સંભાર્યા કરતા. એમનું વ્યથિત હૈયું હંમેશાં ગાયા કરતું —'પ્યારે બિસરત નાહિ બિસારે.' એ પ્રિય મૂર્તિ તો વીસરી વિસરાતી નથી. એના સાંનિધ્ય વિના હવે પળવાર પણ ગોઠતું નથી. રહેવાય નહિ અને સહેવાય નહિ એવી એ સ્થિતિ હતી. શ્રીજીમહારાજના સામિપ્યમાં ગાળેલી એ યાદગાર ક્ષણોના સ્મરણમાં જ સ્વામી દિવસો ટૂંકા કરતા હતા.

એમ કરતાં સં. ૧૮૮૭ના કાર્તિકી સમૈયાનો પ્રસંગ આવ્યો. હજારો સત્સંગીઓ સમૈયા પર વડતાલ આવ્યા હતા. સ્વામી પણ એ પ્રસંગે ગઢડાથી વડતાલ આવેલા. લગભગ પંદરથી વીસ હજાર સત્સંગીઓનો સમુદાય મળેલો હતો. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે આ પ્રસંગે મંદિર અને સભામંડપ વચ્ચેના ચોકમાં વચ્ચોવચ્ચ મોટી પાટ મુકાવી સભા ભરી હતી. શ્રીહરિના અંતર્ધાન થયા પછીનો આ પહેલો સમૈયો હતો. સૌ શોકમગ્ન હતા. કોણ કોને સાંત્વન આપે? સભામાં ધ. ધૂ. આચાર્ય મહારાજશ્રીએ પ્રેમાનંદ સ્વામીને કહ્યું: 'સ્વામી! મેં સાંભળ્યું છે કે જ્યારથી શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા છે ત્યારથી આપે સારંગી કે સિતારને સ્પર્શ સુદ્ધાં નથી કર્યો, પણ આજે સર્વે હરિભક્તોને

દિલાસો દેવાની જરૂર છે. એ તમારા વિના, સ્વામી! કોણ કરી શકશે? માટે એમના અંતરમાં ગરભાયેલા દુઃખનું તમે સંગીતના સૂરો રેલાવીને ભાન કરાવો, એમની અંતરતમ વ્યથાને વાચા આપો તો જ એમનાં હૈયાં રૂદનનાં અશ્રુમાં ભિંજાઈને હળવાં થશે.'

આચાર્યશ્રીના આગ્રહમાં સંતો પણ ભળ્યા. સૌએ સાથે મળીને સ્વામીને ખૂબ સમજાવ્યા ત્યારે શોકમગ્ન બનેલા એ સંત ઊભા થયા. શ્રી રઘુવીરજી મહારાજે એમના હાથમાં સારંગી આપી. બીજા એક સંતે સિતાર લીધી. શોકમગ્ન સભામાં પળવારમાં સર્વના અંતરને મુખરિત કરતી સારંગી રડી ઊઠી. સ્વામીએ ખરજમાં હૈયાને ઊલેચીને ગાવા માંડ્યું:

**'સજની શ્રીજી મુજને સાંભર્યા રે,**
**હૈડે હરખ રહ્યો ઊભરાય.**
**સજની શ્રીજી મુજને સાંભર્યા રે.'**

સભામાં સાંભળનાર સૌ સજ્જડ થઈ ગયા! આ તે કેવા સંત? એના હૈયાના ભાવ કેવા? આમને તો શ્રીજી સાંભરતા જ હૈયે હર્ષ વ્યાપે છે. આ તો પ્રેમની પરાકાષ્ઠા કહેવાય!

શ્રીજીની યાદ આવતાં અંતરમાં આનંદ ઊભરાય છે અને મન દર્શન માટે વ્યાકુળ બને છે. પણ હાય! પ્રભુ ક્યાં? પ્રભુના વિયોગના વિચારે ફરી મન રડી ઊઠે છે.

**'નેણે આંસુની ધારા વહે રે,**
**વિરહે મનડું વ્યાકુળ થાય.'**

વિયોગાવસ્થામાં પ્રિયતમનું સ્મરણ જ વિરહના દુઃખની એક માત્ર દવા છે. વિરહાગ્નિમાં બળતા હૃદયને એનાથી કાંઈક શાતા મળે છે. એટલે કવિ ફરી શ્રીજીના સ્વરૂપનું તથા એમના રસ શૃંગારનું સ્મરણ કરી દુઃખી હૈયાને સાંત્વન આપતા આગળ ગાય છે:

**'સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ;**
**સુંદર કરતાં લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરખાં વેણ.**
**શી કહું શોભા અંગોઅંગ તણી રે, નીરખી લાજે કોટિક કામ;**
**હસતા હસતા હેત વધારતા રે, એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ.'**

પણ અંતે તો એ છબીને જોવા માટે એમનું હૈયું તડપ્યા જ કરે છે.

**'એ હરિ મળવાને હૈડું તપે રે...'**

સભા આખી પ્રેમસખી સાથે વિરહાશ્રુના ઘૂઘવતા વારિમાં વહી ગઈ. આ પ્રસંગે હાજર રહેલ એક સત્સંગીએ પોતે નજરે નિહાળેલી આ પ્રસંગની અસરકારકતાને શ્રી ઈશ્વરદાસ મશરૂવાલાએ 'પ્રેમાનંદ સ્વામીના જીવન ચરિત્રની ઝાંખી' નામના લેખમાં આ પ્રમાણે આલેખી છેઃ

'તેમના સુમધુર કંઠમાંથી નીકળતા છાતીને ફાડી નાખનારાં આ વિરહનાં પદોએ, જેમ જેમ સ્વામીના સૂરની ગતિ વધતી ગઈ તેમ તેમ ત્યાં બેઠેલા અને ઊભેલા શ્રોતાઓનાં હૃદય ચિરાવા લાગ્યાં અને અશ્રુની ધારા બેય ચક્ષુ દ્વારા વહેવા લાગી. હાજર રહેલાં આબાલ વૃદ્ધજનોમાંથી કોઈનાં પણ નેત્રો અશ્રુ સાર્યા વગરનાં રહેલાં નહિ. અને ચારે પદ પૂર્ણ કરતાં પહેલાં જ સ્વામી તો નિશ્ચેષ્ટ થઈને ધરણી ઉપર ઢળી પડ્યા હતા.[૧]

ત્યારબાદ આ ગરબીઓ પ્રેમસખીએ અમદાવાદ મંદિરમાં પણ પ્રસંગોપાત ગાઈ હતી અને ત્યાં એકઠા થયેલા હજારો સત્સંગીઓનાં નેત્રોમાંથી અશ્રુ પ્રવાહ વહ્યો હતો. એની સ્વાનુભૂત નોંધ કવીશ્વર દલપતરામે લીધી છે.[૨]

૧. 'પ્રેમાનંદ સ્વામીના જીવનચરિત્રની ઝાંખી' લે. અ. નિ. ઈશ્વરદાસ મશરૂવાલા.
૨. 'બુદ્ધિપ્રકાશ'– ૧૮૬૧ની ફાઈલ.

કાવ્યકૃતિ :

સજની શ્રીજી મુજને સાંભર્યા રે,
હૈડે હરખ રહ્યો ઊભરાય.સજની૦ ટેક
નેણે આંસુની ધારા વહે રે,
વિરહે મનડું વ્યાકુળ થાય. સજની૦ ૧
સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે,
સુંદર કમળ સરીખાં નેણ;
સુંદર કરતાં લટકાં હાથનાં રે,
સુંદર અમૃત સરખાં વેણ. સજની૦ ૨
શી કહું શોભા અંગોઅંગ તણી રે,
નીરખી લાજે કોટિક કામ;
હસતા હસતા હેત વધારતા રે,
એવા સુખનીધિ શ્રી ઘનશ્યામ. સજની૦ ૩
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે,
અંબર જરકસિયા કોઈ વાર;
ગુચ્છ કલંગી તોરા ખોસતાં રે,
ગજરા બાજુ ગુલાબી હાર. સજની૦ ૪
એ છબી જોવા તલપે આંખડી રે,
મધુરાં વચન સાંભળવા કાન;
એ હરિ મળવાને હૈડું તપે રે,
પ્રેમાનંદના જીવન પ્રાણ. સજની૦ ૫

આસ્વાદ :

પ્રેમીભક્ત કવિ પ્રેમાનંદ સ્વામી શ્રીજીમહારાજના વિયોગે વિરહાકુળ થઈ અંતરના આવેગને જ્યારે ખાળી નથી શકતા ત્યારે એમની વિરહવ્યથાને વાચા ફૂટે છે અને રચાય

છે એક કરુણ પ્રશસ્તિ ગાન!

**'સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઊભરાય;**
**નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય.'**

શ્રીજીમહારાજની વિરહની વસમી વ્યથાને હળવી કરવા કવિ એ હૃદયસ્થ મૂર્તિને સંભારે છે, એ મૂર્તિ સાથે સંકળાયેલી સઘળી ચીજોને સંભારે છે અને એ બધાને સંભારી તેની સાથે જડાયેલી શ્રીજીમહારાજની ચેષ્ટાઓને પોતાના સ્મૃતિજળનો અર્ઘ્ય અર્પે છે. શ્રીજીના સ્મરણમાત્રથી જ કવિના હૈયે હરખ ઊભરાય છે, પણ બીજી જ પળે વિરહના વાસ્તવ ભાન સાથે જ કવિના નેત્રે આંસુઓની ધારા વહે છે અને એમનું અંતર વ્યાકુળ બને છે. વિરહી પ્રેમી દ્વારા અનુભવાતી દ્વિવિધ ભાવોર્મિઓને કવિએ બે જ પંક્તિમાં કેવી ચોટદાર અભિવ્યક્તિ આપી છે!

વિરહની આગને અંતરમાં જ સમાવીને કવિ ફરી હરિસ્મરણમાં જ મનને વાળે છે.

**'સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ;**
**સુંદર કરતાં લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરીખાં વેણ.'**

પ્રભુના સ્વરૂપ-સ્મરણની સાથે સાથે પ્રભુનો રસશૃંગાર તથા ચેષ્ટાઓ પણ કવિને અનાયાસે યાદ આવી જાય છે.

**'સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે...'**

શ્રીજીમહારાજ મોટેભાગે શ્વેત વસ્ત્રો જ ધારણ કરતા હતા, કોઈક વાર ભક્તોના અત્યાગ્રહને વશ થઈને અંબર જરકસિયા વસ્ત્રો પહેરતાં. આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ ખાસિયતો પણ પ્રેમસખી આ પ્રસંગે ભૂલતા નથી.

'શ્રીજીમહારાજ'ની 'સુંદર મૂર્તિ'ના મધુર સ્મરણ પછી પણ પ્રેમાનંદ સ્વામીની આતુર આંખડી એ છબીના દર્શનની

અભિલાષા ઝંખ્યા કરે છે.

**'એ છબી જોવા તલપે આંખડી રે, મધુરાં વચન સાંભળવા કાન,**
**એ હરિ મળવાને હૈડું તપે રે, પ્રેમાનંદના જીવનપ્રાણ.'**

કવિના હૈયાફાટ વેદનાસિક્ત સ્વરો પથ્થરને પણ પિગળાવે એવા છે.

સામાન્ય રીતે પ્રિયપાત્રનું મૃત્યુ થતાં એનો વિરહ શુદ્ધ કરુણમાં પરિણમે છે. પરંતુ મરણોત્તર મિલનની આશા રહે તો એ કરુણાત્મક વિયોગ શૃંગાર ગણાય છે. પ્રસ્તુત વિજોગની ગરબીમાં પ્રેમસખી શ્રી સહજાનંદજીના અંતર્ધાન પછીના મિલનની અભિલાષા સેવે છે એટલે એ કરુણાત્મક વિયોગ શૃંગાર ગણાય.* પ્રસ્તુત વિજોગની ગરબી સંપ્રદાયમાં ખૂબ જ જાણીતી છે.

---

* પ્રેમસખી પ્રેમાનંદ- લે. શ્રી હરિપ્રસાદ ઠક્કર.

# ૩૭. મેલ્યાં એકલડાં અલબેલ...

"ગઢવી ! તમે માનો કે ના માનો પણ આ કળિકાળમાં ય ભગવાન પ્રગટે છે હોં !!"

"અજો પટેલ, એમ વાતોનાં વડાં કરવા રે'વા દો બાપલા ! અમે રહ્યા ચારણ ભાટ.... એમ લોલમ્ લોલ ન માનીએ હોં !"

"ભલે...એમ સાંભળીને ન માનો, પણ આંખે જોઈને તો માનશો ને? અટાણે સહજાનંદ સ્વામી સંતો સાથે મેમકા પધાર્યા છે, હાલો મારી ભેળા ને નજરે નિહાળી લો એ પ્રગટ પરમાત્માને !"

સંવત ૧૮૬૦માં શ્રીજીમહારાજ લીમલી ગામના મૂળજી શેઠ તથા મુક્તાનંદ સ્વામી આદિ સંતો સાથે મેમકા પધાર્યા હતા, ત્યારે મેંથાણના અજો પટેલ પોતાના મિત્ર ગજાદાન ગઢવી સાથે મેમકા આવ્યા.* ગઢવીએ માથે આંટાવાળી સોનેરી પાઘડી અને અંગે રજવાડી પોષાક પહેર્યો હતો. બંને મિત્રો મેમકા પહોંચ્યા ત્યારે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે ત્યાં નહાવા પધાર્યા હતા. ગઢવીને મહારાજને મળવાની આતુરતા ઘણી હતી. તેથી તેઓ નદીએ ગયા. મહારાજ એ વખતે દિશાએ જઈને આવતા હતા ત્યાં રસ્તામાં અજોભાઈ ને ગજા ગઢવીને મહારાજનાં દર્શન થયાં. મહારાજની મોહક ચાલ જોઈને ગજા ગઢવીનું હૈયું હરખી ઊઠ્યું. ચિત્ત ચોરની ચટકતી ચાલે એ ચારણના ચિત્તને ચોરી લીધું. એમના અંતરમાં પ્રકાશ થયો: આવી ચાલ કોઈ મનુષ્યની ક્યારેય ન હોઈ શકે, નક્કી આ ભગવાન છે. એમનું કવિ હૃદય ગાઈ

* સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતો (વાત નં.૯)

ઊઠ્યું: "ચીતડું રે ચોર્યું છે ચટકતી ચાલમાં રે..." મહારાજ કૂવા પાસે આવ્યા અને ત્યાં હાથ ધોઈ સ્નાન કરવા બેઠા. ત્યાં તો મૂળજી શેઠે ગજા ગઢવીની ઓળખાણ આપતા મહારાજને કહ્યું: "મહારાજ ! અજો પટેલ સાથે આ ગઢવી આપના દર્શને આવ્યા છે." મહારાજે ગઢવી તરફ એક દૃષ્ટિ ફેંકી પૂછ્યું: "ક્યાં રહેવું?"

"વીરમગામ પાસેના હેબતપુર ગામે..." ગઢવીએ હાથ જોડી જવાબ આપ્યો.

"તમારું નામ?" મહારાજે ફરી પૂછ્યું.

"ગજાદાન દાદાભાઈ ગઢવી..." આટલું કહી ગઢવીએ ગદ્‌ગદ કંઠે મહારાજને પ્રાર્થના કરતા કહ્યું: "મહારાજ ! આ દાસના હૈયે હડેડાટ કરતો આપના ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો છે.... પ્રભુ! કૃપા કરીને મને આપના આશ્રિત તરીકે સ્વીકારો... નાથ!" ગઢવીનાં બંને નેત્રો નિતરી રહ્યાં હતાં. મહારાજે સ્નાન કરતા કરતા જ ગઢવીને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

ગજા ગઢવી 'ટાપરિયા' શાખના ચારણ હતા. તેઓ ધ્રાંગધ્રા રાજ્યના દશોંદી હતા. બાલ્યકાળથી જ ગજાદાનમાં જન્મજાત કવિત્વ શક્તિ તથા સંગીત પ્રત્યેની અદમ્ય અભિરૂચિ હતા. ધ્રાંગધ્રાના રાજા રણમલસિંહજીએ ગજાદાનને એમની કિશોર અવસ્થામાં ઠેઠ ભૂજ પિંગળનો અભ્યાસ કરવા માટે મોકલ્યા હતા. પરિણામે યૌવનની ઓસરીમાં પેસતા જ ગજા ગઢવી એક સિદ્ધહસ્ત શીઘ્ર કવિ બની ચૂક્યા હતા. તેઓ માત્ર કવિ જ નહિ, ઉત્તમ ગાયક પણ હતા.

મેમકાની ધરતી પર નવયુવાન ગજાને મહારાજની માધુરી મૂરતનો છંદ લાગ્યો. એમનું કવિ હૃદય અહોનિશ ગાયા કરતું:

"બતીયાં સુનત સમ ઘનશ્યામ તુમ્હારી,
હાંરે પિયા મોહ લગત મેરી મતિયાંમે રે...."

અને એક દિવસ એ શૂરવીર ભાટે ભરયુવાનીમાં ઘરબાર, સુખસંપત્તિ, ગામગરાસ, માનમોભો સંધુય ચટક રંગીલી ચાલવાળા છોગાળા છેલ ઉપર ન્યોછાવર કરી ભગવી કંથા ધારણ કરી. એ ટાણે એમના અંતરમાં થતાં પૂર્ણ આનંદના આવિષ્કારને જોઈને શ્રીહરિએ એમનું ત્યાગાશ્રમનું નામ 'પૂર્ણાનંદ સ્વામી' રાખ્યું.

સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં પૂર્ણાનંદ નામે ચાર સંતોનો ઉલ્લેખ છે. સંત કવિ મંજુકેશાનંદ 'નંદમાલા'માં નોંધે છે:

"પૂર્ણાનંદ મહંત પુનિત, જેને શ્રીહરિમાં બહુ પ્રીત,
પૂર્ણાનંદ બીજા બેઉ, એક ત્યાગી ધ્યાનિ બીજા તેઉ."

ઉપરોક્ત ત્રણ સિવાય એક પૂર્ણાનંદ નામે સન્યાસી સંત પણ થઈ ગયા. કવિ અને ગવૈયા પૂર્ણાનંદ સ્વામીની ઓળખ અહીં મંજુકેશાનંદ સ્વામીએ જેને શ્રીહરિમાં બહુ પ્રીત છે એવા પુનિત મહંત તરીકે આપી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ ધર્મગ્રંથ 'સત્સંગિજીવન'માં સદ્‌ગુરુ શતાનંદ સ્વામી પ્રથમ પંક્તિના નંદ સંતો શ્રીહરિની વિવિધ પ્રકારે કેવી સેવા કરતા તેનું વિવરણ કરે છે તેમાં પૂર્ણાનંદ સ્વામીનો ઉલ્લેખ આ પ્રમાણે થાય છે: "પૂર્ણાનંદ નામના કવિ પ્રાકૃત પ્રબંધો રચતા હતા."[1] સંપ્રદાયના અદ્વિતીય ભક્તિગ્રંથ 'સત્સંગિભૂષણ'માં સદ્‌ગુરુ વાસુદેવાનંદ બ્રહ્મચારી લખે છે: "એક વાર શ્રીહરિએ મુક્તાનંદાદિ સંતોના પૂર્વજન્મનાં નામો કહેલાં તેમાં સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામીનું નામ પ્રિયવ્રત આપ્યું હતું."[2] સત્સંગિભૂષણમાં એક ઉલ્લેખ એવો પણ છે કે મહારાજને હંમેશાં ચંદન ચર્ચવાની સેવા પૂર્ણાનંદ મુનિ કરતા હતા.

૧. સત્સંગિજીવન (તૃતીય પ્રકરણ / દ્વિતીય અધ્યાય)
૨. સત્સંગિભૂષણ (તૃતીય અંશ / અધ્યાય ૪૧).

એક વાર ગઢપુરમાં શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બાર ઓરડામાં બેઠા હતા. મહારાજે ઓરડાને દરવાજે આડો પડદો બંધાવ્યો હતો અને પાર્ષદોને આજ્ઞા કરી હતી કે મારી રજા સિવાય કોઈને અંદર આવવા ન દેવા. એવામાં સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામી ઝાલાવાડ દેશથી ફરતા ફરતા મહારાજનાં દર્શને ગઢપુર આવ્યા. ઘણા સમયથી શ્રીહરિનાં દર્શન થયાં નહોતાં તેથી પ્રેમી કવિ હૈયામાં દર્શનની ઉત્કટ પ્યાસ જાગી હતી. વિરહની અકથ્ય વેદનાને વેંઢારતા સ્વામી શ્રીજીનાં દર્શને ગયા ત્યારે પાર્ષદોએ મહારાજની આજ્ઞા પ્રમાણે અંદર જવાની ના પાડી. સ્વામીના ઉદ્વેગનો પાર ન રહ્યો. તેઓ સિતાર લઈ દરવાજા બહાર ત્યાં જ બેસી ગયા અને તેમના અંતરમાં ઘરભાયેલી વિરહ વિભાવના પરજ રાગમાં સંગીતના સૂરો સાથે રેલાવા લાગી:

**"તારા વિરહને બાણે વિંધાણી, જાણી રે મુને માર્યા હરિજી**
**આવી અચાનક ઊરમાં જો મુજને તાકીને ચોડેલ તાણી**
**છાતલડીમાં છેદ કર્યા તમે, મુજ પર મેર્ય ન આણી...."**

સ્વામીનો આર્તનાદ સાંભળી શ્રીહરિ સ્વયં ઓરડાની બહાર દોડી આવ્યા અને પ્રેમીભક્ત પૂર્ણાનંદ સ્વામીને પ્રેમપૂર્વક ભેટી પડ્યા.*

સ્વામીશ્રીનો કંઠ ઘણો જ સુંદર હતો. સં. ૧૮૭૪માં શ્રીહરિ ધરમપુર પધાર્યા ત્યારે પૂર્ણાનંદ સ્વામી પણ એમના સંતમંડળમાં સાથે હતા. રાજમાતા કુશળકુંવરબાના દરબારમાં શ્રીહરિની આજ્ઞાથી મુક્ત મુનિ, પ્રેમસખી, દેવાનંદ સ્વામી ઇત્યાદિ સંગીતજ્ઞ સંતો સાથે પૂર્ણાનંદ સ્વામીએ પણ પોતાનાં કીર્તનો રજૂ કર્તાં હતાં.

એક વાર શ્રીજીમહારાજ લીંમડી પધાર્યા હતા. મહારાજ સાથેના સંતમંડળમાં પૂર્ણાનંદ સ્વામી પણ હતા. સ્વામીને એ

* શ્રી સ્વામિનારાયણ સંહિતા (ચિંતામણિ : ૯૦).

વખતે ગળામાં અસહ્ય દુ:ખાવો થતો હતો. મહારાજે લીંમડીના વૈદ્યને બોલાવી ઉપાય પૂછ્યો. વૈદ્યરાજે કહ્યું: "ગાયના ઘીના કોગળા કરાવો તો સ્વામીને સારું થાય." મહારાજે આજ્ઞા કરી કે સ્વામીને કોગળા કરવા માટે દરરોજ સાત શેર ગાયનું ઘી આપવું. એક મહિનો ઘીના કોગળા કરવાથી સ્વામીને ગળામાં સારું થઈ ગયું.

સં. ૧૮૮૨ની સાલમાં એક વાર શ્રીજીમહારાજ અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવના મંદિરની આગળ પાટ ઉપર ગાદી-તકિયા બિછાવીને બિરાજમાન થયા હતા. મહારાજે એ વખતે મસ્તકે છોગાવાળી કસુંબી રંગની નવલ પેચાળી પાઘ બાંધી હતી. પાઘમાં ગુલાબના સુગંધિત તોરા ઝૂકી રહ્યા હતા. શ્રીહરિના ગળામાં ગુલાબના સુકુસુમિત હાર તથા કાન ઉપર ગુલાબના સુવાસિત ગુચ્છ શોભી રહ્યા હતા. મહારાજના મુખારવિંદ આગળ સંતો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સંતોના એ મંડળમાં મોખરે સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામી બેઠા હતા. એ વખતે એમણે મહારાજની પાઘના છોગામાંથી પ્રકાશની સેરો ઊંચે આકાશ તરફ ઊડતી નિહાળી. મહારાજે સભામાં આજ્ઞા કરી કે, સંતો ! કીર્તન ગાઓ. તરત જ પૂર્ણાનંદ સ્વામીએ પરજ રાગમાં પોતાના એ અલૌકિક અનુભવને વ્યક્ત કરતા ગાયું:

**"છોગલિયું તારું છેલ રે, છોગલિયું તારું છેલ રે,**
**રૂડું રસિલું શોભતું પિયા પ્રેમી રે જનને પ્યારું,**
**પૂર્ણાનંદ કહે છોગલે મોહ્યું છે મનડું મારું રે...."**

આ કીર્તન સાંભળી શ્રીજીમહારાજ પૂર્ણાનંદ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા ને વર આપતા કહ્યું: "પૂર્ણાનંદ ! તમોને અંતકાળે આ છોગાવાળો જ તેડવા આવશે."

સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીના મંડળના

સાધુ હતા. મહાકવિ ન્હાનાલાલ એમના પુસ્તક 'કવિશ્વર દલપતરામ' (ભાગ : ૧)માં લખે છે: "મૂળીમાં બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં બે પ્રધાન ને પ્રતાપી શિષ્યો હતા. એક જાજવલ્યમાન્ પૂર્ણાનંદ સ્વામી અને બીજા નિર્માની દેવાનંદ સ્વામી. દેવાનંદ સ્વામીના શિષ્ય દલપતરામ કહે છે કે પૂર્ણાનંદ સ્વામી પ્રતાપી પુરુષ હતા."

સં.૧૮૮૪ની સાલમાં મહારાજે કરમડમાં અન્નકુટ મહોત્સવ ઉજવ્યો હતો. કરમડથી નીકળી શ્રીહરિ શિયાણી થઈને દેવળિયા આવ્યા. દેવળિયા અને તાવી ગામ વચ્ચેના રસ્તે એક ડોળી નામની તલાવડી આવી. મહારાજે ત્યાં વતું કરાવી તલાવડીમાં સ્નાન કર્યું અને પછી તળાવને તીરે સંતોની સભા ભરીને બેઠા. એવામાં ત્યાં પૂર્ણાનંદ સ્વામી અને નિર્વિકારાનંદ સ્વામી આવ્યા. પોતે સદ્‌ગુરુ હોવાથી પોતાને યોગ્ય આગળ સ્થાન ખાલી ન દેખાતા તે બંને મુનિઓ મૂક વદને પાછળ ઊભા રહ્યા. મહારાજે એ બંનેને પાછળ ઊભેલા જોઈ સભામાં કહ્યું: "સંતો, તમે માનની સાક્ષાત્ મૂર્તિઓ જોઈ છે? ના જોઈ હોય તો જુઓ આ પાછળ ઊભા એ બે મુનિઓ માનની સાક્ષાત્ મૂર્તિઓ છે." એમ કહી મહારાજે માનનું ખંડન કરતા આગળ કહ્યું: "ઘણા દુ:ખની વાત છે કે જેમણે માન મૂકવું જોઈએ એ સંતો આજે માન માગી રહ્યા છે. કામ, ક્રોધ ઇત્યાદિ દોષો તો કોઈ વખત પણ જિતાય પણ માન તો ક્યારેય જિતાય એમ નથી. માની હોય તે સત્સંગમાં નભી શકે નહિ, એ જ્યારે ત્યારે પણ વિમુખ થાય જ !"*

સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને દિવસે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા. મહારાજના પાર્થિવ દેહનો લક્ષ્મીવાડીએ

* હરિ લીલામૃતમ્ (કળશ ૮ / વિશ્રામ ૫૫)

અગ્નિસંસ્કાર કરીને મોટા ભાગના સંત હરિભક્તો નાહીધોઈને મંદિરે ગયા. પરંતુ પૂર્ણાનંદ સ્વામી એમના મંડળ સાથે રાત્રે વાડીમાં જ રહ્યા. એ શોકના સંતાપથી ભરેલી કાજળ કાળી રાત્રિએ મહારાજની ચિતા પાસે બેસીને સ્વામીએ વિરહાકુળ સજળ નેત્રે અને હૃદય વિદારક રૂદન સાથે ગાવા માંડ્યું:

"મેલ્યા એકલડા અલબેલ, કેમ રેવાશે રે,
છોગા વાલા મનોહર છેલ, શી ગત્ય થાશે રે.
.....ભાસે અમને આ સર્વે મસાણ
કેમ રેવાશે રે,
જુઓ તમ વિના જીવન પ્રાણ, શી ગત્ય થાશે રે."

અધરાતે ચિતામાંથી પ્રગટી મહારાજે દર્શન દીધાં અને કહ્યું: "પૂર્ણાનંદ ! તમે પણ મને મૂવો સમજો છો? હું તો સદા પ્રગટ અખંડ અવિનાશી પરમાત્મા છું. તમારો અતિ વિરહ જોઈને મેં તમને દર્શન દીધાં છે. જેમ આ ચિતાનો અગ્નિ મને તેમ જ મારાં વસ્ત્રોને સ્પર્શ કરવા શક્તિમાન નથી તેમ તમને પણ આ જગતની માયા બાધ નહિ કરે એવા મારા આશિષ છે." આટલું કહી મહારાજ અંતર્ધ્યાન થઈ ગયા.

કાવ્યકૃતિ :

મેલ્યા એકલડા અલબેલ, કેમ રેવાશે રે;
છોગા વાલા મનોહર છેલ, શી ગત્ય થાશે રે. ૧
અમને સુનો લાગે સંસાર, કેમ રેવાશે રે;
પિયા તમ વિના પ્રાણ આધાર, શી ગત્ય થાશે રે. ૨
ભાસે અમને આ સર્વે મસાણ, કેમ રેવાશે રે;
જુઓ તમ વિના જીવનપ્રાણ, શી ગત્ય થાશે રે. ૩
માવા મંદિર ખાવા ધાય, કેમ રેવાશે રે;
પૂર્ણાનંદ કહે પ્રાણ ન જાય, શી ગત્ય થાશે રે. ૪

આસ્વાદ :

શ્રીજીમહારાજ સ્વધામ પધારતા એમના વિયોગે વિરહાગ્નિથી વ્યથિત પ્રેમી ભક્ત હૃદયની અંતરવ્યથાને અહીં વાચા આપવામાં આવી છે.

વિરહની ઉત્કટ અવસ્થામાં કવિ અંતરની અટારીએ અસહ્ય એકાંત અનુભવે છે. 'કેમ રેવાશે રે' અને 'શી ગત્ય થાશે રે' એ બે શબ્દપ્રયોગો દ્વારા કવિ પોતાની હૃદય વિદારક અંતરવ્યથાને બહુ ચોટદાર રીતે વ્યક્ત કરે છે. વિરહની આ ભાવાત્મક અવસ્થામાં પૂર્ણાનંદ સ્વામી પ્રભુના છોગાવાળા છેલ છબીલા મનોહર સ્વરૂપમાં તન્મય બને છે. પરમાત્માના પ્રત્યક્ષ સંબંધ વિનાનો સમગ્ર સંસાર કવિને સૂનો અને સ્મશાનવત્ લાગે છે. પ્રભુ તો જીવનનો આધાર છે, જીવનનો પ્રાણ છે! કવિની વિરહ વ્યથા હવે એની ચરમ સીમાએ પહોંચે છે. મંદિર એટલે પરમાત્માનું નિવાસસ્થાન, પરંતુ એમાં ઠાકોરજી જ ન હોય તો? શ્રીજીના સાંનિધ્ય વિના કવિને મંદિરનો માહોલ પણ ભેંકાર લાગે છે. એ છોગાવાળા છેલનાં દર્શનની ઉત્કટ આશામાં કવિના પ્રાણ અટક્યા છે.

પ્રેમલક્ષણા ભક્તિનો પ્રાણ શૃંગાર રસ છે! સંયોગ અને વિયોગ એ શૃંગારની બે પ્રેરક અવસ્થાઓ છે. પ્રિયતમના સંયોગે પાંગરતો પ્રેમ તેના વિયોગે વૃદ્ધિ પામે છે. પ્રભુના વિયોગે એમની ઉત્કટ યાદમાં વિશેષ પ્રકારનું આંતરિક એકાંત ભોગવવું એને જ વિરહ કહે છે. વિરહમાં મનની એક ભાવાત્મક સ્થિતિ બને છે. એ સ્થિતિમાં મન પ્રિયતમ પ્રભુના અંતરસ્થ સ્વરૂપમાં વધુ ને વધુ રસલીન બને છે. પરિણામે વિરહના વિષાદને સ્થાને અંતરમાં પરમાત્મા પ્રત્યેના પ્રગાઢ પ્રેમનો આનંદાત્મક અનુભવ થાય છે. આ આનંદની તન્મય અવસ્થામાં ભક્ત અને ભગવાન વચ્ચે દિવ્ય અનુસંધાન થાય છે જેને વિપ્રયોગ કહેવામાં આવે છે. ભક્તિની

પરાકાષ્ઠા તેમ જ ધ્યાનની નિગૂઢ અવસ્થાને અંતે આવતી આ અવસ્થામાં વધુ ને વધુ મગ્ન બનતા ભક્ત પરમાત્માનો દિવ્ય કૃપાપ્રસાદ પામી એમના પરમ સાધર્મ્યપણાને પામે છે!

ગુજરાતી સાહિત્યમાં એમ કહેવાય છે કે ગરબી તો દયારામની જ અને છંદો તો બ્રહ્માનંદ સ્વામીના જ! એ જ રીતે પરજ રાગ માટે એમ કહી શકાય કે પરજ રાગ તો પૂર્ણાનંદ સ્વામીનો જ! સ્વામીએ પરજ રાગમાં અસંખ્ય કાવ્યો રચ્યાં છે. આ રાગ બહુ જ લંબાવીને ગાવાનો હોય છે અને ભાટ ચારણો તેમની શૈલીમાં એ બહુ સારી રીતે ગાઈ શકે છે. પૂર્ણાનંદ સ્વામીના કંઠે પરજ રાગમાં કીર્તન સાંભળવા એ એક લ્હાવો ગણાતો.

# સ. ગુ. દેવાનંદ સ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી સમકાલીન પરમહંસોમાં દેવાનંદ નામે ચાર સંતો થઈ ગયા.

(૧) **સંન્યાસી** દેવાનંદ સ્વામી– આ સંન્યાસી દેવાનંદ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. સં. ૧૮૫૬ના શ્રાવણ માસમાં જ્યારે શ્રીજીમહારાજ નીલકંઠવર્ણીરૂપે લોજ ગામે પ્રથમ સ. ગુ. મુક્તાનંદ સ્વામીને મળ્યા ત્યારે આ દેવાનંદ સંન્યાસી ત્યાં મુક્તાનંદ સ્વામી સાથે રહેતા હતા. મહારાજ સત્સંગમાં આવ્યા પછી આ દેવાનંદ સંન્યાસી મહારાજના અનન્ય આશ્રિત થઈને સદાય એમની સાથે રહેતા હતા. અમદાવાદના સૂબાએ મહારાજને પોતાને ત્યાં બોલાવી તેલના ટાંકા ઉપર ગાદી નાંખી બેસાડવાનું કપટ કર્યું હતું ત્યારે આ દેવાનંદ શ્રીહરિ સાથે જ હતા, મહારાજની ટકોરને લીધે જ સૂબાને ભસ્મસાત્ કરી નાખે તેવો તેમનો પુણ્યપ્રકોપ શાંત રહ્યો હતો.

(૨) **ગવૈયા** દેવાનંદ સ્વામી– ચારણ જ્ઞાતિના આ સંતને મહારાજે જૂનાગઢમાં દીક્ષા આપી હતી. તેઓ કુશળ ગવૈયા હતા. ધર્મપુરમાં મહારાણી કુશળકુંવરબાના દરબારમાં તેમણે જ શાસ્ત્રીય સંગીત સહિત કીર્તનો ગાયાં હતાં. સૂરતમાં અરદેશર કોટવાલના બંગલે પણ આ જ દેવાનંદે ગાન કરીને સર્વને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયના તેઓ પ્રથમ કક્ષાના શાસ્ત્રીય ગાયક હતા. જો કે તેઓ કવિ નહોતા, પણ સૂરદાસ, મીરા, તુલસીદાસ, નરસિંહ મહેતા તથા સંપ્રદાયના અન્ય પ્રમાણિત કવિઓનાં કાવ્યો ગાતા હતા.

(૩) **કવિ** દેવાનંદ સ્વામી– સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય અને પાછળથી મૂળી મંદિરના મહંત બનેલા આ સ્વામી દેવાનંદ પણ ગઢવી હતા. તેઓ કવિ હતા, સાથે સાથે ગાયક પણ હતા.

સ. ગુ. મંજુકેશાનંદ સ્વામીએ 'નંદમાળા'માં લખ્યું છે કે:

**'દેવાનંદ ગવૈયા ઉદાર,**
**દેવાનંદ કવિ બીજા સાર.**
**દેવાનંદ રૂડા સરસ્વતિ રે,**
**જેની હરિ માંહે નિત્ય મતિ રે.'**

આથી તો સાબિત થઈ જ જાય છે કે ગવૈયા દેવાનંદ સ્વામી અને કવિ દેવાનંદ સ્વામી એક નહિ પણ અલગ અલગ સંતો હતા.

(૪) **બ્રહ્મચારી દેવાનંદ સ્વામી**– આ ઉપરાંત સંપ્રદાયમાં દેવાનંદ બ્રહ્મચારી નામે પણ નિર્માની સંત થઈ ગયા.

# ગવૈયા સંત કવિઓ

સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીજી-સમકાલીન પરમહંસોનું સંગીતક્ષેત્રમાં અપાર વૈવિધ્ય હતું. એ વૈવિધ્યની વિશદ્ છણાવટ સંતકવિ આધારનંદ સ્વામીએ 'હરિચરિત્રામૃત સાગર'માં નીચે પ્રમાણે કરી છે.

(૧) "સૌથી પહેલાં સત્સંગમાં મુક્તમુનિ પદની રચના કરતા હતા. પછી બ્રહ્મમુનિ અને પછી નિષ્કુળાનંદ મુનિએ પદ રચવાં માંડ્યાં. નિષ્કુળાનંદ મુનિને વૈરાગ્ય હોવાથી એક પણ વાજિંત્ર આવડતું નહિ." (૧૦/૪૭)

(૨) "સભામાં મુક્તમુનિ પોતાનાં પદ બોલતા હોય ત્યાં સુધી બ્રહ્મમુનિ પોતાનું પદ બોલતા નહિ. એવી અદબ રાખતા. મુક્તમુનિ આજ્ઞા કરે ત્યારે પોતાનું પદ બોલતા, એવી જ રીતે પ્રેમાનંદ મુનિ બ્રહ્મમુનિની મર્યાદા રાખતા." (૨૮/૬૨)

(૩) "શ્રીહરિએ સંતને ગાન કરવાની આજ્ઞા કરી. જેથી મુક્તમુનિ ને બ્રહ્મમુનિ સરોદા, દૂકડ વગાડવા લાગ્યા. બ્રહ્મમુનિ મુક્તમુનિ પાસે શીખ્યા હતા. પ્રેમાનંદ પણ દૂકડ વગાડતા. દેવાનંદ મુનિને ગાતા આવડતું. તેમને પહેલાંનો અભ્યાસ હતો. બીજા મુનિઓ તેમની પાસે શીખ્યા હતા. જ્ઞાનાનંદ સિતાર વગાડતા હતા. સુખાનંદ મોરચંગા વગાડતા હતા. દેવાનંદ તંબૂરો લઈને ગાતા. નિર્વિકારાનંદ અને હર્યાનંદ તાલ બજાવતા. પ્રથમ મુક્તમુનિએ હોળીનાં પદ ગાયાં. બ્રહ્મમુનિએ પણ પછી ગાયાં. પ્રેમાનંદ અને જ્ઞાનાનંદે પણ હોળીનાં પદ ગાઈ રંગ મચાવ્યો." (૧૦/૩૫)

(૪) "સુખાનંદ મુનિ સિતાર સારી વગાડતા હતા. શ્રીહરિએ સંતોને ગાયન કરવાનું કહેતાં પ્રેમાનંદ મુનિએ દૂકડ લીધા. દયાનંદ

સ્વામીએ તંબૂરો લીધો અને મુક્ત મુનિએ તથા બ્રહ્મમુનિએ યુગન અને મુગન નામના મોરયંત્ર બજાવ્યાં. સુખાનંદ સ્વામી ક્યારેક બંસી પણ બજાવતા. સંતોએ મલ્હાર રાગ ગાયો એટલે વાદળાં થયાં, પછી બીજો રાગ ગવડાવ્યો ત્યારે વાદળાં વીખરાઈ ગયાં. આ જોઈ સહુ વિસ્મય પામ્યા." (૬/૩૩)

(૫) "પૂર્ણાનંદ સ્વામી પરજ રાગના નિષ્ણાત હતા." ..... "મુક્તમુનિ પદ ગાય ત્યારે મુખ ઉપર લાલ રંગ ઢળે છે, ગવૈયા દેવાનંદ મુનિ ગાય ત્યારે રાગ મૂર્તિમાન પ્રગટ થાય છે.... બ્રહ્મમુનિ ગાતા ત્યારે મેઘના પ્રત્યે મોરની જેમ હુલસે છે ને પ્રેમાનંદ મુનિ ગાય ત્યારે શ્રીહરિ સાથે તાન તોડતા, જ્યારે નિષ્કુળાનંદ મુનિ ગાય ત્યારે સાંભળનારાને સંસાર ગમે નહિ અને વનવાસ પ્રિય લાગે. તથા ચરણે ચરણે માયિક સુખ અગ્નિ સમાન લાગે. સૌ સૌની કૃતિમાં પોતપોતાની રુચિ દેખાડતા." (૮/૬)

# સ્વયંભૂ સંગીત

સર્વ પ્રકારની લલિત કળાઓ જેવી કે સંગીત, સાહિત્ય, નૃત્ય, શિલ્પસ્થાપત્ય ઇત્યાદિ સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીજીસમકાલીન નંદસંતોને સુસાધ્ય હતી, કારણ કે એ કલાઓનું ઉદ્‌ગમ એમની પાસે હતું. એ ઉદ્‌ગમ એટલે સ્વયમ્ ભગવાન શ્રી સ્વામિનારાયણ! જગતભરની સમસ્ત કલા શ્રીજીમહારાજને આશ્રયે રહેલી હતી. મહારાજ કોઈ પાસે સંગીતવિદ્યા શીખ્યા નહોતા, પરંતુ સંગીતનું એમને સ્વયંસ્ફૂરિત જ્ઞાન હતું.

એક વખત કારિયાણા ગામના પ્રેમી સત્સંગી ભક્ત કાળા મકવાણાનું વાંસળીવાદન સાંભળીને તેના ઉપર અતિ પ્રસન્ન થઈ મહારાજે કાળા મકવાણાને વરદાન માગવા કહ્યું ત્યારે એણે કહ્યું: "મહારાજ! મેં તો આ લોકનું સંગીત વાંસળી દ્વારા રજુ કર્યું, પણ આપ જો વાંસળી વગાડો, તો દિવ્ય સંગીતના સુર સાંભળવાનો એનેરો લાભ મળે." આ સાંભળીને શ્રી સહજાનંદ સ્વામી સહુને સાથે લઈ ત્યાંની કાળુભાર નદીને કિનારે ગયા અને કાળા મકવાણાની વાંસળી લઈ પોતે પગની આંટી ચડાવી વાંસળીમાંથી અદ્‌ભુત સંગીત વહેવડાવ્યું. આ દિવ્ય સ્વરોથી જાણે કાળુભાર નદીનાં નીર થંભી ગયાં અને નદીનાં જળચરોને પણ સમાધિ લાગી ગઈ. સાથે આવેલા સર્વ સખાઓને પણ આ દિવ્ય સંગીતથી સમાધિ થઈ ગઈ અને એ સમાધિમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય તેજોમય દર્શન થયાં.. આ પ્રસંગે સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ 'વાલે વજાડી છે' વાંસળી રે, કાળંદ્રીને તીર' એ કીર્તનની રચના કરી હતી.

પરિશિષ્ટ—૪

# પૂનમિયો કૂવો

શ્રીજીમહારાજે ગઢડામાં દાદા ખાચરના આથમણા બારના ઓરડાની પાછળ એક કૂવો ગળાવ્યો હતો. તેમાં પૂનમને દિવસે પાણી આવ્યું તેથી તે કૂવાનું નામ 'પૂનમિયો કૂવો' પાડ્યું. ને તે વખતે મહારાજે બ્રાહ્મણ જમાડ્યા. તેમાં ચાર વિદ્વાન બ્રાહ્મણ હતા. તેમને મહારાજે કહ્યું કે, "આ કૂવામાં ગંગાજી આવ્યાં છે" ત્યારે તે બ્રાહ્મણો કહે 'મહારાજ! ગંગાજી અહીં આવે નહિ.' મહારાજ કહે, "તમે કૂવામાં જુઓ. ગંગાજી છે કે નથી?" પછી એ ચારેય જણે કૂવામાં જોયું તો ગંગાજી મૂર્તિમાન સ્ત્રીરૂપે દેખાયાં. આશ્ચર્યથી દિગ્મૂઢ થઈને ચાર જણે હાથ જોડીને મહારાજને કહ્યું: 'હા, મહારાજ! ગંગાજી છે.'

સ. ગુ. પ્રેમાનંદ સ્વામી ગઢડામાં આ પૂનમિયા કૂવા પાસે આથમણા બારની બે ઓરડીમાં રહેતા હતા.

(સંદર્ભ : શ્રીહરિચરિત્ર ચિંતામણિ- વાત : ૮૫)

પરિશિષ્ટ—૫

# ચૌલાદેવીનું મૃદંગ

માળવાના કલારસિક રાજા ભોજરાજના સમયમાં અવંતિનગરી કલાનું ધામ હતી. એમ કહેવાય છે કે ત્યાં મહાકાલેશ્વર શંકરના પુત્ર ગણપતિ નિર્મિત એક મહામૃદંગ વંશપરંપરાથી પ્રાપ્ત હતું. એ મૃદંગ એવડું મોટું હતું કે વચ્ચે બેસીને બન્ને હાથ બે બાજુ પ્રસારતાં પણ તેના દક્ષિણ અને વામ વિભાગને એક સાથે સ્પર્શ કરી શકાય નહિ. આ મૃદંગ તે સમયમાં પણ કોઈ વગાડી શકતું નહિ. માળવાના સંગીતકારો બધે વિજય પ્રાપ્ત કરતા કરતા તે વખતના ગુજરાતના પાટનગર પાટણ આવ્યા હતા. પાટણના રાજવી ભીમદેવ સોલંકીને એ સંગીતકારોએ પડકાર કર્યો કે એ મૃદંગ વગાડી શકે એવું કોઈ દરબારમાં હોય તો વગાડે, નહિ તો વિજયપત્ર પર સહી કરી આપે. રાણી ચૌલાદેવીએ આ પડકાર ઝીલી લીધો, કારણ કે ચૌલાદેવી પોતે એક કુશળ મૃદંગવાદક હતી. એણે મૃદંગને પોતાની આગળ બરોબર ગોઠવ્યું અને પોતે નૃત્યકાર હોવાને લીધે કટિભંગમુદ્રા વડે લળી લળીને બન્ને હાથે મૃદંગને તાલબદ્ધ વગાડી બતાવ્યું. સભામાં જયજયકાર થઈ ગયો અને સંગીતકલામાં ગુજરાતનું સર્વશ્રેષ્ઠપણું સ્વીકારાયું.

આ વાતને અનેક સૈકાઓ વીત્યા, તે દરમિયાન આ મૃદંગને વગાડવાની કોઈ હિંમત કરી શકતું નહિ. કાલક્રમે એ મહામૃદંગ મુસ્લિમ સંગીતકારોના તાબામાં આવ્યું. એ લોકો પણ એ પદ્ધતિસર વગાડનાર કલાકારની શોધમાં ઘણા પ્રાંતોમાં ફરી વળ્યા પણ એમને એવો કોઈ વાદક મળ્યો નહિ. એટલે નિરાશ થયા. કોઈએ એમને કહ્યું કે ગુજરાતમાં સ્વામિનારાયણના પરમહંસો આ મહામૃદંગ વગાડી શકશે. એટલે એ સંગીતકારો શ્રીજીમહારાજની શોધ કરતા

ગોહિલવાડમાં ગઢપુર ગામે આવી પહોંચ્યા અને પૂછ્યું કે "આપના સાધુઓમાંથી કોઈ આ મૃદંગ વગાડશે?" શ્રી સહજાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને એ મૃદંગ વગાડવાની આજ્ઞા કરી, પણ બ્રહ્માનંદ સ્વામીનું શરીર સ્થૂળ હોવાને કારણે તેઓ આ આજ્ઞા સાંભળી મૂંઝાઈ ગયા. બીજે દિવસે સવારે મૃદંગ લઈ આવવાનું આમંત્રણ શ્રીજીમહારાજે પેલા માળવાના સંગીતકારોને આપી દીધું હતું.

સાડા સાતસો વર્ષ પછી સ્વામિનારાયણના સંત ચૌલાદેવીનું મૃદંગ વગાડશે એ વાત સાંભળીને ઘણા સંગીતપ્રેમીઓ હાજર થઈ ગયા અને મોટી સભા ભરાઈ. બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજની પ્રેરણાથી પોતાનો સઘળો ક્ષોભ દૂર કરીને પૂર્ણ વિશ્વાસથી સભામાં આવ્યા. સભામાં તેમણે લાકડાના બે થાંભલા ઊભા કરાવ્યા અને બન્નેને જોડતું એક લાકડું આડું બંધાવ્યું. પછી તેની વચ્ચે મૃદંગને ત્રાંસુ રાખીને દક્ષિણ ભાગને ઘોડાના વાળથી તથા વામ ભાગને દોરીથી બાંધ્યો અને મહામૃદંગને જમીનથી સહેજ ઊંચું ઝૂલતું રાખ્યું.

બ્રહ્માનંદ સ્વામી મૃદંગ વચ્ચે આવે તેમ બેઠા અને પેલા મુસલમાન ગવૈયાઓને રાગ ગાવા કહ્યું. ત્યાર પછી પેલા મૃદંગ પર સ્વામીએ સંગત આપવા માંડી. બ્રહ્માનંદ સ્વામી ડોલતા જાય અને ઝૂલતા મૃદંગને વગાડતા જાય! બન્ને હાથ મૃદંગ પર એવી રીતે થાપટ લગાવે કે તાલ જરા પણ બદલાય નહિ. ગવૈયાઓએ ઘણી અટપટી રીતે ગાવા માંડ્યું પણ બ્રહ્માનંદ સ્વામી જરા પણ તાલ ચૂક્યા નહિ. માળવાના મુસલમાન સંગીતકારો ઘણા જ ખુશ થઈ ગયા અને શ્રીજીમહારાજના તથા બ્રહ્મમુનિના પગમાં પડ્યા. શ્રીજીએ બ્રહ્મમુનિને નિમિત્ત બનાવી ગુજરાતનું અને સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધાર્યું.

---

# શબ્દાર્થબોધ

૧. રશ્મિ – કિરણ, તેજની શિખા
આરતભરી – વ્યથાભરી
વિસંવાદ – વિરોધ, પ્રતિકૂળતા
અનુજ્ઞા – અનુમતિ, પરવાનગી
સોયલી – સુલભ, સરળ
પ્રગાઢ – અત્યંત ગાઢ
બળવંત – બળવાન, ઐશ્વર્યવાન,
શીશ – માથું (અહીં 'સર્વસ્વ' એવો અર્થ લેવો.)
દ્વિજકુળ – બ્રાહ્મણકુળ
નૌતમ – નવીન
શાશ્વતગામિની – અનંતકાળ પર્યન્ત ટકે એવી, નિત્ય
આરતભર્યા – વ્યથિત, પીડિત
અભિવ્યક્તિ – પ્રકટીકરણ
રવમાધુર્ય – કાવ્યનું ગર્ભિત સંગીત-માધુર્ય
ગેયતા – કાવ્યનું ગાઈ શકાય તેવું તત્ત્વ

૨. સ્વેષ્ટ – પોતાના પ્રિય, પોતાના ઈષ્ટ
રસાત્મક – રસરૂપ, રસપૂર્ણ
અભિવ્યક્ત – સ્પષ્ટ કરેલું, સ્ફુટ કરેલું
આવિષ્કાર – પ્રગટીકરણ, સાક્ષાત્કાર
દીપ્તિ – પ્રકાશ, કાંતિ, ઝળહળાટ
ફંદ – સંસારનો પાશ, ફાંસો
અક્ષરબ્રહ્મ – અક્ષરધામ (ભગવાન સ્વામિનારાયણનું ધામ)
લહે – પામે

ભવ – મહાદેવ
નિગમ – વેદ, શાસ્ત્રો
કલ્પનાતીત – કલ્પનાથી પરનું
ભાવોર્મિનો આવિષ્કાર – ભાવોર્મિનું પ્રગટીકરણ
પ્રણયસભર દીપ્તિ – પ્રેમની ઉજ્જવલ અભિવ્યક્તિ
અનુભૂતિ – અનુભવ
ગેયતાવર્ધક – કાવ્યનું ગેયતત્ત્વ વધારનાર
રંજકતા – કાવ્યનું આનંદપ્રેરક તત્ત્વ

૩. અનિમેષ – એકીટશે
ઉત્કટ – પ્રબળ, શ્રેષ્ઠ, ઉત્તમ
મુખરિત – વાચાળ, વ્યક્ત
અડી – ઘાંટી, અવરોધ
દુગ્ધા – પીડા
પરિતોષ – સંતોષ

૪. અભિરુચિ – હોંશ, કોડ
પ્રેમાર્દ્ર – પ્રેમથી તરબોળ, પ્રેમથી ભરેલું
ચોખાળી – ધોઈને
ધૃત – ઘી
વિશદ – સ્પષ્ટ
લયાનુસારી – લયને અનુસરતું
ઉર્મિનો દ્યોતક – ઉર્મિ દર્શાવનાર

૫. નિર્લેપ – અનાસક્ત, ન લોપાયેલું
પ્લાવિત – તરબોળ
જ્ઞાનચક્ષુ – જ્ઞાનરૂપી આંખ, ઊંડી સમજ-શક્તિ
અલફી – બાંય વગરનો આગળથી ખુલ્લો ઝભ્ભો, ફકીરની બાંય વગરની કફની
માધુકરી – ઘેર ઘેર ફરી માગવામાં આવતી ભિક્ષા

ચારી – પ્રીતિ, લગાવ

નરતન – મનુષ્યજન્મ

નામ રૂ ઠામ – નામ અને ઠામ

(અહીં 'અરૂ'ને બદલે 'રૂ' શબ્દ વાપર્યો છે.)

વૈયક્તિક – વ્યક્તિગત

વિનિયોગ – પ્રયોગ

૬. હારુ – સારુ, માટે (એના હારુ – એના માટે)

ભાવાર્દ્ર – ભાવથી ભરેલું, પ્રેમથી ભરેલું

પેખતો – જોતો, દેખતો

તદ્‌વિદો – નિષ્ણાતો

આભાપ્રભા – તેજ, કાંતિ, મુખની કાંતિ

દ્રગ – આંખ, ચક્ષુ, નેત્ર

પરાવાણી – પરમાત્માની વાણી

પાવરો – ઘોડાનું ખાણ, ચંદી

બોલની – વાણી

જીયરા – જીવ

તોસેં – તારામાં

બતિયાં – વાતો

છતિયા ઊલટ ગઈ – કાળજું કોરાઈ ગયું

તનસૂધ – દેહભાન

બાવરી – ઘેલી, ભાવવિભોર

સાવ – સઘળું, જગત

કલાઉન્મેષો – કલાની અભિવ્યક્તિ

કમનીય – સુંદર

ઉપાલંભ – રોષભર્યો ઠપકો

આક્રોશ – આક્ષેપ

૭. આજ્ઞાકારિત્વ – આજ્ઞા પ્રમાણે કામ કરવાપણું

ઉત્કૃષ્ટ – સર્વશ્રેષ્ઠ
મેધાવી – તીવ્ર બુદ્ધિવાળું
અંકન – આલેખન
સુશ્લિષ્ટ – ઘાટીલું, સારી રીતે જોડાઈને રહેલું
આકૃષ્ટ – આકર્ષેલું, ખેંચેલું
સુધ – ભાન, જગત પ્રત્યેની સભાનતા
સલૂણો – સલાવણ્ય, સુંદર
રંગભીની – રંગથી તરબોળ
દરશ પરસસે – દર્શન અને સ્પર્શથી
આવિર્ભાવ – પ્રગટીકરણ
અભિમુખતા – સન્મુખતા

૮. અનુપ્રાસ – એ નામના શબ્દાલંકારોનો સમૂહ, વર્ણ સગાઈ
આર્ષવાણી – દૈવી વાણી, ઋષિવાણી
સુખકંદ – સુખનું કારણ
મનમોદ – આનંદ
બોલનિ – વાણી
વામ શ્રવણ – ડાબો કાન
વાધે – લાગે
શ્રી – સુખ-સમૃદ્ધિ
કુટિલાઈ – કુટિલતા
અવિચ્છિન્ન – અખંડ
ભાવ ભંગિમા – ભાવ નિદર્શનની ચાતુરી

૯. અનુરાગ – અનુરક્તિ, પ્રેમાસક્તિ
રોચક – રુચિકર, ગમે તેવું
ઉન્મેષ – સ્ફુરણ
સાંવરો – શામળિયો, શ્રીહરિ
ચહુકોરી – ચારે બાજુ

બરજોરી – જબરદસ્તીથી

રાજત – શોભે છે

જ્યું – જેમ

ભક્તભીર – ભક્તોની ભીડ

સુર – દેવતા

તોરી – તોરથી, ખુમારીથી

મેન – મદન, કામદેવ

રતિ – પ્રીતિ

અનરાધાર – મૂશળધાર

બંદિશ – તરજ, ગાવાની ઢબ

૧૦. સ્તંભાવવાને – અટકાવવાને

અનુભૂતિ – અનુભવ

અભિમત – માન્ય કરેલું, સ્વીકારેલું

નિર્વિકલ્પ – વિકલ્પ વિનાનું, જ્ઞાતા-જ્ઞેય ભેદ વિનાનું (ધ્યાન)

એકાંતિક – અનન્ય, એકને જ વળગી રહેનાર (Absolute)

કબુ – ક્યારેય

સ્તવન – સ્તુતિ

વિક્તિ – વર્ણન, છણાવટ

પરત્રિયા – પરસ્ત્રી

મિતભાષી – પ્રમાણસર બોલનારું

૧૧. તારતમ્યતાએ – ઓછા વત્તાપણું

ન્યારી ન્યારી – ભિન્ન ભિન્ન

અંબર – (૧) આકાશ
(૨) વસ્ત્ર (અહીં 'આકાશ' અર્થ સમજવો)

સ્વતંતર – સ્વતંત્ર

એકલિયું પદ – સામાન્યતઃ કીર્તનમાં ચાર કે તેથી વધુ પદ હોય છે, જે કીર્તનમાં એક જ પદ હોય તેને એકલિયું કહે છે.

૧૨. અષાઢી સંવત – આષાઢ સુદ એકમથી શરૂ થતું નવું વર્ષ
દરવેશ – દેશદેશ ફરનારો યાચક ફકીર
ભાજન – પાત્ર, માધ્યમ
અધમઓધારણ – પતિત જીવોનું કલ્યાણ કરનાર
વૈરાગ્યમૂલક – વાસનાનો ક્ષય જેના મૂળમાં છે તેવું, મૂળરૂપ વૈરાગ્ય
કીરતાર – ભગવાન
ડેરા – પડાવ, ધામા
બેરા – નૈયા
મેટત – ટળે છે
પ્રેમાદ્વૈત – પ્રેમના માધ્યમ દ્વારા સધાતું અદ્વૈત જોડાણ
પ્રભાવક – પ્રભાવવાળું
નિષ્પન્ન – ફલિત
ઉપકારક – સહાયક, ઉપયોગમાં આવે તેવું
૧૩. જંઘા – સાથળ
જાનું – ઘૂંટણ, ગોઠણ
ભૃકુટિ – ભમ્મર
ગુણમૂલક – ગુણનાં મૂળવાળું
ચાળા – અઘટિત ચેષ્ટાઓ
જુગલ – યુગલ, ઉભય, બન્ને
ચિબુક – હડપચી
પ્રાસાદિક – સાંભળવાની કે વાંચતાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય તેવું
પ્રગલ્ભપણે – ગંભીરપણે (Seriously)
૧૪. આહ્‌લાદ – મનની પ્રફુલ્લતા, આનંદ હર્ષ
રમણની – રમવાની
તાદાત્મ્ય – એકાત્મતા, એકરૂપતા, અભિન્નતા

તન્મયતા – તલ્લીનતા, એકાગ્રતા
અવિચ્છિન્ન – અખંડિત, અવિભક્ત
ભાવાત્મક – ભાવરૂપ, ભાવપૂર્ણ
આત્મસત્તારૂપ – પોતાને દેહરૂપ ન માનતા આત્મારૂપે વર્તવું તે
ચહુ કોરે – ચારે બાજુ
હેરે – ધ્યાનથી દેખે (To observe)
પર્યવસાન – અંત
ઇજન – નિમંત્રણ

૧૫. ગત – ચાલ, ગતિ
નવપલ્લવ – નવો કોર આવ્યો હોય તેવું વૃક્ષ
દામિની – વીજળી (Lightening)
કામિની – સુંદર યુવાન સ્ત્રી
બાદુર – વાદળાં
દાદુર – દેડકાં
ચાત્રક – ચાતક
અવની – પૃથ્વી ('જગતના લોકો' એવો અર્થ અહીં અભિપ્રેત છે)
રવાનુસારી – ધ્વનિને અનુસરતું
નાદમાધુર્ય – વર્ણોમાંથી પ્રગટતા સંગીતનું માધુર્ય
વર્ણાવૃત્તિમૂલક તેમજ
શબ્દાવૃત્તિમૂલક અનુપ્રાસ – એક પ્રકારના શબ્દાલંકારો
નાદસૌંદર્ય – વર્ણોમાંથી નિષ્પન્ન થતા ધ્વનિનું સૌંદર્ય

૧૬. ઉન્મત્ત – મદને લીધે છકેલું, મદાંધ
દયાર્દ્ર – દયાથી ભરેલું, દયાથી તરબોળ
શશિ – ચંદ્ર
આભરણ – આભૂષણો
નિપટ – એકદમ

સ્વતંતર – સ્વતંત્ર
શશિકર – ચંદ્રનાં કિરણો
અશરણ શરણ – પ્રભુ (નિરાધારના આધાર પરમાત્મા છે)
ઓજસભરી – બળવાન, પ્રતિભાવાન
મૂર્ધન્ય – મુખ્ય

૧૭. સંસારાબ્ધિ – સંસાર સાગર
સ્વકેન્દ્રી – ફક્ત પોતાના જ હિત અંગે જે વિચારે છે તે
જીવન – પ્રિયતમ ('સનેહી' અને 'મીત' કરતાં પણ વધુ પ્રેમોત્કટતા બતાવતો શબ્દ)
કંદર્પ – કામદેવ
રૂપમાધુરી – સ્વરૂપમાધુર્ય
રૂપરસિકતા – સ્વરૂપલાલિત્ય

૧૮. સમ્યક્ભાવ – સારી રીતનો ભાવ, સારો ભાવ
સ્નેહસિક્ત – સ્નેહથી છાંટેલું, સ્નેહથી સિંચેલું
કોડ – હોંશ (Long cherished hopes)
અબળા - સ્ત્રી. નિર્બળ (સ્ત્રીઓ માટે આ શબ્દ વપરાય છે, જે નિ:સહાયતા સૂચવે છે)
મહેર – મહેરબાની, કૃપા
અભિસારિકા – સંકેત પ્રમાણે પ્રિયતમને મળવા જતી સ્ત્રી
અભિપ્સા – અભિલાષા, તીવ્ર ઇચ્છા
આસ્વાદ્ય – ચાખવા જેવું, સ્વાદ લેવા જેવું

૧૯. મનીષા – ઇચ્છા, મરજી
ઉપાલંભ – રોષપૂર્ણ ઠપકો
દરદ – પ્રેમનું, વિરહની વ્યથાનું દર્દ
ચકચૂર – મત્ત, મસ્ત, લીન
ભાવાભિવ્યક્તિ – ભાવનું પ્રગટીકરણ

૨૦. આરાધના – પૂજા અર્ચન ઇત્યાદિ ભક્તિ સાધના

મિષે – નિમિત્તે, બહાને

કર – હાથ

કુઠાર – પ્રહાર

મુશળ – સખત, વજ્રાઘાત

લબાર – લબાડ, લંપટ

શ્વપચ – ચંડાળ

શબ્દસૌષ્ઠવ – શબ્દ સૌંદર્ય

પદલાલિત્ય – પદસૌંદર્ય

૨૧. કૃતાર્થભાવ – જેનું કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું છે તેવો ભાવ

બેન – વાંસળી, બંસરી, વેણુ

બરજત – વારતાં, અટકાવતાં

બેગાની – પરાઈ, અજાણી

માઝે – મારા

થાકી – તારી

રૂપાસક્તિ – પ્રભુમાં પ્રેમ બે રીતે જન્મે છે:

(૧) પ્રભુના આધિપત્યનું અપાર ને અલૌકિક ઐશ્વર્યદર્શન કરીને તે દ્વારા, અને

(૨) પ્રભુના લાલિત્ય અને માધુર્યનું દર્શન કરીને.

પ્રથમ દ્વારા જે પ્રકારની આસક્તિ (તીવ્ર પ્રીતિ જન્મે છે તેને ગુણમાહાત્મ્યાસક્તિ કહે છે.

દ્વિતીય દ્વારા જે પ્રેમ જન્મે છે તેને રૂપાસક્તિ કંહે છે.

૨૨. પર્યવસાન – અંત

સાર સબનકો – સમષ્ટિનો સાર

હાડ ચામ – હાડકાં-ચામડાં

નરમ ગરમ હોના – વ્યાકુળ કે ગુસ્સે થવું

પ્રોના – પરોવવું
સમષ્ટિ – સમગ્રતા, સમુદાય
પર્યાય – સમાનાર્થ શબ્દ

૨૩. વાત્સલ્ય- વહાલ, હેત
વાગ્દત્તા – જેના સગપણ વિષે વચન અપાઈ ગયું છે તેવી કન્યા
થીર – સ્થિર
કારજ – કાર્ય
સીધું – સિદ્ધ થયું
ઉદ્‌બોધનાત્મક – જાગૃતિ લાવનારું

૨૪. સંગીતજ્ઞ – સંગીત-વિદ્‌, સંગીતનું જ્ઞાન ધરાવનાર
શાગિર્દ – સહાયક, મદદગાર, શિષ્ય, ચેલો
સુકૂન – નિરાંત, મનની શાંતિ, ચેન
રેખતા રાગ – ગઝલની ચાલને રેખતા કહે છે.
અભિપ્સા – ઇચ્છા, વાંછના
રૂહાની – (રૂહ-આત્મા) આત્માનું
પ્રચૂર – ઘણું, પુષ્કળ

(૧) આશકોંદી – પ્રેમીઓની, ભક્તોની
મહોબત – પ્રીતિ
ખાવંદ – પતિ, પ્રિયતમ
યારી – પ્રીતિ
માશૂક - પ્રિયતમા (સૂફી કવિઓ પરમાત્માને માશૂક અને પોતાને તેના આશક તરીકે આલેખતા.)
સુરત – એકધ્યાન, દૃઢપ્રીતિ, લગની

(૨) દીખલા – દેખાડ
દિદાર – દર્શન મુખ

મહેબુબ – પ્રિયતમ
નજારા – નજર, કૃપાકટાક્ષ
તકસીર – ભૂલ, દોષ
મુલાખાત – મુલાકાત
સ્વાનુભૂત – પોતાના અનુભવનું
ભક્તિસંકીર્તનાત્મક – ભક્તિપૂર્વકના સંકીર્તનવાળું
૨૫. મોળિયું – કસબી ફેંટો, પાઘ
મોરિયું – અહીં 'શોભ્યું' એવા અર્થમાં
મધુકર – ભમરો
કરણે – કાને
કાજુ – સારાં, રમણીય
કપોળ – ગાલ
રાગાત્મક – રાગયુક્ત, આસક્તિયુક્ત
વ્યંજના – વ્યંગ્યાર્થનો બોધ કરવાની શબ્દની શક્તિ
૨૬. ગુણાનુરાગી – બીજાના સદ્‌ગુણો તરફ પ્રેમ ધરાવનાર
અભિજ્ઞ – નિપુણ
રોચન – મનોહર
આત્મલક્ષી – પોતા તરફ જ ધ્યાન આપી રહેલું
પ્રોજ્જવલતા – ખૂબ ઊજળું, ઝળહળતું
પરિપુષ્ટ – સારી રીતે પોષણ પામેલું
નીલ કલેવર – શ્યામ શરીરવાળા
પટપીત – પીતામ્બર, પીળું વસ્ત્ર
મીત – મિત્ર
ભાવાત્મક અભિવ્યક્તિ – ભાવભરી રજૂઆત
પૂર્વાનુરાગ – પ્રથમ દર્શન યા દર્શન દ્વારા વિના માત્ર ગુણશ્રવણ
દ્વારા પરસ્પર જન્મેલો અનુરાગ કોઈ કારણવશાત્

મિલનમાં નહિ પરિણમવાથી ઉભયના હૃદયમાં જે પ્રેમપૂર્ણ અધીરતા જન્મે છે એને 'પૂર્વાનુરાગ' કહે છે.

આ પૂર્વાનુરાગ વાસ્તવમાં વિપ્રલંભ શૃંગારના ચાર પ્રકારોમાંનો એક પ્રકાર છે. પૂર્વાનુરાગ ચાર રીતે જાગે છે: પ્રત્યક્ષદર્શન, ચિત્રદર્શન, સ્વપ્નદર્શન અને શ્રવણદર્શનથી.

૨૭. નિર્વ્યાજ – કોઈ પણ જાતના સ્વાર્થ વિનાનું, સાલસ, સરળ
મત્સર – અદેખાપણું, અદેખાઈ
માનુની – સ્ત્રી
ટેક – ખોટા સ્વભાવ
ઋજુતા – કોમળતા
સુગેય – સારી રીતે ગાઈ શકાય તેવું.

૨૮. નીર્નિમેષ – અનિમેષ
વાંટુ – રાહ
(નેણામાં રાખવા એટલે અખંડ સ્મૃતિમાં રાખવા)
પ્રાપ્તવ્ય – પ્રાપ્ત કરવા યોગ્ય
શાશ્વત – નિત્ય

૨૯. તદ્રૂપ – અભિન્ન, તદાકાર
સુરત – ચહેરો
મુસકની – સ્મિતભરી પ્રસન્નતા
બસ – વશ
આત્મસાત – એકરૂપ
આસ્વાદ – જાણવું તે, સાહિત્ય વિવેચના

૩૦. બેરખો – અઢાર પારાની નાની માળા
શીઘ્ર – તત્કાળ
સુંબી – લાલ રંગનું કસુંબાના ફૂલ જેવા રંગનું

તૂર – શરણાઈ
મૂલ્યદર્શી – મહત્તા બતાવતું
વિકળ – વ્યાકુળ
સમષ્ટિ – સમુદાય
આર્ત – પીડિત, દુઃખી
પાઘ – પાઘડી
કલંગી – કલગી
મોળીડું – મોળિયું, પાઘ
ફોર – સુવાસ, ફોરમ
ગુચ્છ – ગોટા
ઠોર – ઠેકાણે
પેચ – આંટા, વળ
ઘેલીતૂર – ગાંડીતૂર
પ્રેમાસ્પદ – પ્રેમપાત્ર
મધુકર – ભમરો
આકંઠ ઉપભોગ – પર્યાપ્ત માત્રામાં ભોગ
આવર્તન – વારંવાર ફરી ફરી આવવું તે
૩૧. લાલિત્ય – સૌંદર્ય
મરમી – મર્મ (તાત્પર્ય) જાણનાર
૩૨. જાદવા – શ્રીકૃષ્ણ (અહીં શ્રીજીમહારાજ)
પરવશ – પરાધિન, અસહાય
નજારો – દેખાવ, દૃશ્ય
પરસ્પરાવલંબિત – અન્યોન્ય એકબીજા ઉપર આધારિત
૩૩. સંકીર્તન – ગાન સાથેનું ભજન, ગીતવાળી આરાધના
વર્ણ્યવસ્તુ – નિરૂપણ કરવા માટેનો મૂળ પ્રસંગ, મૂળ વાત
યોગક્ષેમ – જીવનનિર્વાહ
પદાતી – પગે ચાલનારા

કેસર, બેરી, બોદલી, ફૂલમાળ, તાજણ, તીખી, વાંગળી વગેરે કાઠીઓની ઘોડીઓના નામ છે.

મરાળ – હંસ

પ્રિયતમાદપિ પ્રિયતર – સૌથી પ્રિય હોય એવી વ્યક્તિઓમાં પણ અધિક પ્રિય

૩૪. ગુણાનુવાદ – સદ્‌ગુણો કહી બતાવવાની ક્રિયા

પ્રેમાસ્પદ – સ્નેહનું પાત્ર

સુરંગી – સારી જાતના રંગનું

સાહ્યો – ગ્રહ્યો, લીધો

રસશૃંગાર – આનંદ જેનો સ્થાયી ભાવ છે તેવો કાવ્યનો એક રસ

અભિરામ – મનમોહક

નેમ – નિયમ

ક્ષેમ – સુખ શાંતિ, સલામતી

ઉડુગણ – તારાઓનો સમૂહ

વૈખરી – ચાર વાણીઓમાંની માનવની વ્યક્ત વાણી

બિરદ – ટેક, યશ, મોભો

બલિહારી – ખૂબી, વાહવાહ

અવિચળ – ચળે નહિ એવી, અડગ

અનળ – એક કલ્પિત પંખી

અહિ – સાપ

રોવારી – રોવડાવી

જોયે – જોઈએ

સવારી – સવાર, પ્રાતઃ (પ્રાસ માટે 'સવારી' કર્યું છે)

રૂપક - એક અર્થાલંકાર જેમાં ઉપમેયને ઉપમાન સાથે તદ્રૂપ કે અભિન્ન બતાવી વર્ણન કરેલું હોય છે.

ઈયત્તા – પરિમાણ

૩૫. વારણાં – દુઃખડા

મોળીડું – પાઘ

નિહાલ – ન્યાલ

રાગાત્મક – રાગયુક્ત, પ્રેમયુક્ત

ઉન્મેષ – સ્ફુરણ

હૃદય ઉન્માદ – પ્રેમની ઘેલછા

વ્યંજના – વ્યંગ્યાર્થનો બોધ કરવાની શબ્દની શક્તિ

સૂક્ષ્માતિસૂક્ષ્મ – અત્યંત સૂક્ષ્મ

શશીયર – ચંદ્ર

પ્રણયસ્પંદનો – પ્રેમની ઊર્મિને કારણે ઉદ્‌ભવતું હૃદયનું કંપન, (Thrillings caused by love)

૩૬. માનુષી – મનુષ્ય સંબંધી, માણસને લગતું

સંજીવની – મરેલાંને પુનર્જીવન આપનારી ઔષધિ કે વિદ્યા

અમોઘ – સચોટ, અચૂક

હૃદયવિદારક – હૃદય ચીરાવાની સ્થિતિ

વિરહાતુર – વિયોગને લીધે ગાભરું બની ગયેલું

લાલિત્ય – કાંતિ, સૌંદર્ય, રમણિયતા

સંયોગશૃંગાર – શૃંગારરસના બે ભેદમાંનો નાયક-નાયિકાના સાંનિધ્યના આસ્વાદને લગતો પ્રકાર

ઘરું – ઘરે

હીયરા – હૈયું

ધીર – ધીરજ

દરસ – દર્શન

કછુ – કોઈ

દગનેશ – દૃષ્ટિ સામે, નજર સમક્ષ

બેરા – જીવનનૈયા

ભાવોન્મેષ – ભાવનું સ્ફુરણ

ઝડઝમક – એક શબ્દાલંકાર જેમાં હત્ત્યનુપ્રાસ અને શ્રુત્યનુપ્રાસ બન્ને મળેલા હોય છે.

વિયોગવ્યંજના – વિયોગ-વ્યથાની ગૂઢ અભિવ્યક્તિ

વિરહાસક્તિ – વિરહાસક્તિ એ પ્રેમની અંતિમ અને મહત્ત્વની અવસ્થા છે, એમાં પ્રેમીભક્ત પ્રેમની પૂર્ણતા પ્રાપ્ત થાય ત્યાં સુધી વિરહાગ્નિમાં તપ્ત બની માનસિક વ્યથા અનુભવે છે.

વિરહ વિભાવના – વિરહ આલેખન

વિપ્રલંભ શૃંગાર – કાવ્ય વાંચતા કે સાંભળતા સ્થાયી ભાવોનો ઉદ્રેક થતાં જે આનંદ અનુભવાય છે એને સાહિત્યમાં 'રસ' કહે છે. રસશાસ્ત્રના મતપ્રમાણે શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, અદ્ભુત, બીભત્સ અને શાંત એમ નવ રસ છે. શૃંગાર એ સર્વ રસનો રાજા છે. પ્રિય-પ્રિયતમનો વિયોગ થતાં પ્રેમી જે વિરહાસક્તિ અનુભવે છે એનું વર્ણન કવિ કાવ્યમાં વિપ્રલંભ શૃંગાર દ્વારા કરે છે. (વિપ્રલંભ-વિયોગ)

પ્રેમવૈચિત્ર્ય – પ્રેમને કારણે પરિણમતી પ્રેમીની વિચિત્ર મનોદશા વિયોગમાં પ્રેમને કારણે ચિત્તની સ્થિતિ અનુરાગમયી બની પૂર્વે માણેલ સંયોગ શૃંગારની સ્મૃતિમાં લીન રહે એને વિપ્રલંભશૃંગારની પ્રેમવૈચિત્ર્યની સ્થિતિ કહે છે.

વેદનાસક્તિ – વેદનાથી પ્લાવિત, વેદનામય

કરુણાત્મક વિયોગ શૃંગાર - વિપ્રલંભ શૃંગારનો આ એક પ્રકાર

છે. સામાન્ય રીતે પ્રિયપાત્રનું મૃત્યુ થતાં એનો વિરહ શુદ્ધ કરુણામાં પરિણમે છે. પરંતુ મરણોત્તર મિલનની આશા રહે તો એ કરુણાત્મક વિયોગ શૃંગાર તથા શુદ્ધ કરુણ રસ વચ્ચે કોઈ નિશ્ચિત ભેદરેખા દોરવી અત્યંત મુશ્કેલ છે.

૩૭. સજની – પ્રિયસખી

શ્રીજી – સહજાનંદ સ્વામી

અંબર – રેશમી વસ્ત્ર

પ્રશસ્તિગાન – પ્રશંસાની કવિતા

# સંદર્ભગ્રંથ સૂચિ

(૧) અક્ષરાનંદ સ્વામીની વાતો – પ્ર.બ્ર. કૃષ્ણાનંદ, ગઢપુર
(૨) અદ્ભુતાનંદ સ્વામીની વાતો – સંપા૦ હરિજીવનદાસ શાસ્ત્રી
(૩) કવીશ્વર દલપતરામ ભા. ૧ – કવિ ન્હાનાલાલ
(૪) કીર્તનાવલિ – પ્ર. સત્સંગ સાહિત્ય કાર્યાલય, રાજકોટ
(૫) કીર્તનસારસંગ્રહ ભા. ૧-૨ – સંપા૦ હરિજીવનદાસ શાસ્ત્રી
(૬) કીર્તનસંગ્રહ – સ્વામિનારાયણ મંદિર, વડતાલ
(૭) કીર્તનરત્નમાલા – પ્ર. શ્રી નિત્યાનંદ સાહિત્ય મંદિર, અમદાવાદ
(૮) નિષ્કુળાનંદ કાવ્ય – સંપા૦ હરિજીવનદાસ શાસ્ત્રી
(૯) નિષ્કુળાનંદ- એક અધ્યયન – ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી
(૧૦) નિર્ગુણદાસ સ્વામીની વાતો – પ્ર. કૃષ્ણવલ્લભદાસ સ્વામી, અમદાવાદ
(૧૧) પ્રેમાનંદ કાવ્ય ભા. ૧-૨ – સંપા૦ ઈશ્વરદાસ ઇચ્છારામ મશરૂવાલા
(૧૨) પ્રેમસખી પ્રેમાનંદ – ડૉ. હરિપ્રસાદ ઠક્કર
(૧૩) બૃહદ્‌કાવ્યદોહન ભા. ૧ થી ૮ – સંપા૦ ઇચ્છારામ દેસાઈ
(૧૪) બ્રહ્માનંદ કાવ્ય – સંપા૦ રાજકવિ માવદાનજી રત્નુ
(૧૫) બ્રહ્મસંહિતા – સંપા૦ રાજકવિ માવદાનજી રત્નુ
(૧૬) દેવાનંદ કાવ્ય – સંપા૦ શાસ્ત્રી નારાયણ સેવાદાસજી
(૧૭) ભક્તચિંતામણિ – નિષ્કુળાનંદ સ્વામી
(૧૮) ભાયાત્માનંદ સ્વામીની વાતો – પ્ર. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ
(૧૯) ભગવાન સ્વામિનારાયણ – ગોરધનદાસ કાપડિયા
(૨૦) ભગવાન સ્વામિનારાયણ – હર્ષદરાય દવે

(૨૧) મંજુકેશાનંદ કાવ્ય – સંપા૦ કૃષ્ણસ્વરૂપદાસ શાસ્ત્રી
(૨૨) મુક્તાનંદ કાવ્યમ્ – સંપા૦ હરિજીવનદાસ શાસ્ત્રી
(૨૩) મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ (ખં. ૫) – સંપા. ક. મા. મુનશી
(૨૪) વચનામૃત (૨૭૩) – સંપા૦ સ્વયંપ્રકાશદાસ શાસ્ત્રી
(૨૫) વડોદરાનું સત્સંગદર્શન – રમેશચંદ્ર પંડ્યા
(૨૬) શિક્ષાપત્રી (સમશ્લોકી) – કવિ ન્હાનાલાલ
(૨૭) શ્રી સ્વામિનારાયણ સંહિતા – પૂ. સ્વામી દેવચરણદાસજી, મૂળી
(૨૮) શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ – શાસ્ત્રી મૂળજીભાઈ રામનાથ
(૨૯) શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર – બ્ર. આત્માનંદ સ્વામી
(૩૦) સહજાનંદ સ્વામી – કિશોરલાલ મશરૂવાલા
(૩૧) સાહિત્ય અને વિવેચન ભાગ-૨ – કે.હ. ધ્રુવ
(૩૨) સ્વામિનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ – સ્વયંપ્રકાશદાસ શાસ્ત્રી
(૩૩) સ્વામી સહજાનંદ – મણિલાલ ભાલજા
(૩૪) સંતસાહિત્યનો સ્વાધ્યાય - ડૉ. હરિપ્રસાદ ઠક્કર
(૩૫) સત્સંગી જીવન ભા. ૧ થી ૫ – શતાનંદ સ્વામી
(૩૬) શ્રીહરિચરિત્રામૃત સાગર – આધારાનંદ સ્વામી
(૩૭) શ્રીહરિલીલામૃત ભા. ૧-૨ – આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ
(૩૮) શ્રીહરિચરિત્ર ચિંતામણિ – દયાનંદ સ્વામી
(૩૯) શ્રીહરિચરિત્રામૃત – કૃષ્ણાનંદ સ્વામી
(૪૦) શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ (ભા. ૧-૨-૩) – સ્વામી રૂગનાથચરણદાસજી
(૪૧) Gujarat and its literature – K. M. Munshi

## સ્વામિનારાયણ સંત-કવિતા

'ફૂલ જેમ સુગંધથી પરખાય, સંપ્રદાય એમ એની કવિતાથી પરખાય. આ યુગના કોઈપણ નવ સંપ્રદાયમાં હજી નથી જન્મી એવી અને એટલી સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતા છે. દયાનંદનાં તનમનાટ, તાલાવેલી, ઉછળાટ ને આવેગ એમાં તાદૃશ્ય ખડાં છે. નરસિંહના ભરવેગ ભાવપૂર, મીરાંનું લાડસોહામણું લાવણ્ય, ભોજાના ચાબખા, અખાના હથોડા, ધીરાની કાફીઓ, રત્નાના મહિના, રાજેનો તલસાટ : કવિતાના એ સૌ રસ પ્રકારો સ્વમિનારાયણીય કવિતા ભંડારે ભરેલા છે.'

— મહાકવિ ન્હાનાલાલ

(સમશ્લોકી શિક્ષાપત્રી– પ્રસ્તાવના– પૃ.૨૪)

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે—

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવાએકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.